ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પદ્મનંદી પંચવિંશતિ પ્રવચન

(ભાગ–૩)

(શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ વિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના દાનોપદેશના, આલોચના અને ૠષભજિન સ્તોત્ર અધિકારો પર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવંત
૨૦૭૫

વીર સંવત
૨૫૪૫

ઈ. સન
૨૦૧૯

**પ્રકાશન**
તા. ૭-૬-૨૦૧૯, જેઠ સુદ પાંચમ, શ્રુતપંચમી,
પ્રથમ શ્રુતસ્કંધ ષટ્ખંડાગમની પૂર્ણાહુતિ દિન અને
(શ્રી ૧૦૦૮ મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર,
લોણાવાલાનો પાંચમો વાર્ષિક પ્રતિષ્ઠા દિન)

**પ્રાપ્તિ સ્થાન**
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦.
વી. એલ. મહેતા માર્ગ, વિલે પાર્લા, મુંબઈ-૪૦૦૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

શ્રીમદ્ ભગવત્ પદ્મનંદી આચાર્યદેવ એક મહાન સમર્થ યોગીરાજ વન જંગલમાં વિચરનાર અજોડ સંત હતા. છઠ્ઠે–સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદમાં ઝુલનારા મહાન આચાર્ય ભગવંતને વિકલ્પાત્મક દશામાં જિનેન્દ્ર દર્શન, સ્તુતિ–સ્તોત્ર રચના, શાસ્ત્ર રચના ઈત્યાદિના ભાવ આવે છે. છઠ્ઠે ગુણસ્થાને વર્તતી વિકલ્પાત્મક દશા અધ્યાત્મના દષ્ટિકોણથી મલિન દશા છે, પરંતુ વિચારણીય વિષય એ છે કે જેમના વિકલ્પાત્મક અંશના નિમિત્તે મહાન પરમાગમોની રચના થાય અને તે પરમાગમના નિમિત્તે અનેક ભવ્ય જીવોનું આત્મ કલ્યાણ સધાયને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય, તો તેમની અંતરંગ અખંડ અભેદ સ્વરૂપ સાથે તાદાત્મ્ય થઈને ચાલતી નિર્વિકલ્પ પરિણતિના દર્શનથી તથા તેમની સ્તુતિ વંદનાથી ભવ્ય જીવોનું આત્મ કલ્યાણ ન સધાય એમ કેમ બને? માટે સદાય વંદનીય એવા પ્રત્યેક આચાર્ય ભગવંત પૂજનીય છે.

શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના રચયિતા શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ છે. જિન શાસનની પરંપરા આચાર્ય પટ્ટાવલીમાં તેઓશ્રીનું અગ્રિમ સ્થાન રહ્યું છે. આચાર્ય ભગવાને આ ગ્રંથમાં ૨૬ અધિકારો લખ્યા છે. પરંતુ નામ પદ્મનંદિ પંચવિંશતિ આપવામાં આવેલ છે. ગ્રંથમાં તેઓશ્રીએ સરળ તથા રોચક શૈલીમાં શ્રાવકોનું કર્તવ્ય આદિ વિષયને સ્પષ્ટ કર્યા છે. મોક્ષમાર્ગની પ્રત્યેક ભૂમિકામાં વર્તતા સાધક જીવોને તદ્ભૂમિકાને યોગ્ય કેવા વ્યવહારિક વિકલ્પ હોય છે તેનો નિર્દેશ શાસ્ત્રમાં જોવા મળે છે. જો તે ભૂમિકાને યોગ્ય વિકલ્પ ન હોય અને નિમ્ન પ્રકારના વિકલ્પ વર્તતા હોય તો ત્યાં તે ભૂમિકામાં નિશ્ચયનો કોઈ વિષય વિદ્યમાન છે એ તપાસ કરવાની રહેતી નથી. કારણ કે જેના વ્યવહારમાં ભૂલ છે તેને કોઈ નિશ્ચયની ભૂમિકા હોય એ હોઈ શકે નહિ.

મહાન આચાર્યો તથા શ્રાવકોને મર્યાદિત વિકલ્પ કેવા હોય તેના નિરૂપણ ઉપરથી તેનાથી પણ નીચેની કોટિમાં વર્તતા મુમુક્ષુને તો અમુક પ્રકારના વિકલ્પો કે અભિપ્રાય હોય નહિ તે સમજી શકવા યોગ્ય છે. માટે પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે કે ગ્રંથનો વિષય વ્યવહારિક વિષય છે એમ સમજીને ગૌણ કરવા યોગ્ય નથી. પરંતુ જેટલો પ્રયોજનભૂત વિષય સ્વયંને લાગુ પડતો હોય તેટલો અંગીકાર કરી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર થવા યોગ્ય છે. બાકીનો ઉચ્ચ કોટિનો મોક્ષમાર્ગનો વિષય ભાવનાનો વિષય રહે છે.

દિગંબર ગ્રંથો વર્તમાન સમાજમાં ઉપલબ્ધ હતા. પરંતુ વર્તમાન હુંડાવસર્પિણી કાળના નામે પ્રસિદ્ધ કાળમાં તેનો ઉકેલ કરનાર કોઈ હતું નહિ. સર્વ જીવો સાંપ્રદાયિક બાહ્ય પ્રવૃત્તિમાં તથા રૂઢિગત ક્રિયાઓ કરીને ધર્મ કરીએ છીએ એવા મિથ્યા ભ્રમમાં રાચતા હતા. મિથ્યાત્વ

એ એક એવો અંધકાર છે કે જીવને અનંત કાળથી સાચી દિશા સૂઝી નથી અને માર્ગે ચડવાનું થયું નથી. પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતના ૬૦ નંબરના વચનામૃત અનુસાર જીવ ક્યાંકને ક્યાંક અટક્યો છે અને ફળસ્વરૂપે પરિભ્રમણ ચાલુ રહ્યું છે. અનેક વાર જિનેન્દ્ર ભગવાન, સાચા સંત મુનિ ભગવંત તથા સત્પુરુષોનો સમાગમ થયો છે પરંતુ આત્મહિત સધાયું નથી એ પણ એક નક્કર હકીકત છે.

ભલે પ્રવર્તમાન કાળ ગમે તેટલો હુંડાવસર્પિણી કાળ ગણાતો હોય અને ઘણા લાંબા કાળ પરાવર્તનમાં લાંબા સમયે આવતો હોય પરંતુ મિથ્યાત્વ અંધકારમાં સાચી દિશામાં પ્રયાણ કરવા માટે પૂજ્ય કહાન ગુરુદેવશ્રી—મહાન સંત મહાવિદેહથી ભરતમાં પધારીને અનેક ભવ્ય જીવોનું કલ્યાણ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો સાતિશય યોગ આવા નિકૃષ્ટ કાળમાં થવો એ એક મહાન સૌભાગ્યની વાત છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા અને દીર્ઘકાલીન પ્રવચનગંગાના સ્તોત્રનું પાન કરવાનો અવસર આ કાળના મુમુક્ષુઓને પ્રાપ્ત થયું એ મહાન સૌભાગ્ય છે. અનંત કાળમાં અનેક કારણોને અવલંબીને જીવ પરિભ્રમણ ટાળી નથી શક્યો, પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દિવ્ય દેશના એવી છે કે જીવને ક્યાંય અટકવા ન દે અને પ્રત્યક્ષ વીતરાગ સ્વસંવેદજ્ઞાનની પ્રાપ્તિ કરાવી પૂર્ણ સર્વજ્ઞ વીતરાગદશા પર્યંત પહોંચાડી દે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાનું રસપાન કરવું એ જીવનની એક આનંદાત્મક ઘડી છે. પૂજ્ય ગુરુદેવશ્રી કલ્યાણસ્વરૂપ અને મંગળસ્વરૂપ છે, તેઓશ્રીની વાણી પણ તેવી જ હોયને! શ્રુતપંચમીના પવિત્ર દિને અને શ્રી ૧૦૦૮ મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર, લોણાવાલાના પાંચમા વાર્ષિક પ્રતિષ્ઠા દિને પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ પુસ્તકમાં દાન અધિકાર, આલોચના અધિકાર તથા ઋષભજિન સ્તોત્ર  અધિકાર ઉપરના વિભિન્ન પ્રવચનો પ્રકાશિત કરવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. તેઓશ્રીની દિવ્ય દેશનાને ગ્રંથારૂઢ કરી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર અર્પિત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનું આ પ્રસંગે સ્મરણ કરીએ છીએ. પશ્ચાત્ દિવ્ય વીતરાગ વાણીને સી.ડી., ડીવીડી તથા વેબસાઈટ (**www.vitragvani.com**)ના માધ્યમથી જન જન સુધી પહોંચાડવાના ઉમદા કાર્યનું સૌભાગ્ય શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા મુંબઈને સંપ્રાપ્ત થયું. આ જ પ્રવચનોને ગ્રંથારૂઢ કરવાનું પણ વિશેષ સૌભાગ્ય ટ્રસ્ટને પ્રાપ્ત થયું છે. તેથી આ પ્રસંગે પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના વિભિન્ન સમયે થયેલા પ્રવચનો ઉપલબ્ધ છે તેમને એકત્રિત કરી પ્રસ્તુત પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને

પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ ભરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી તથા ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય વિભિન્ન મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મ કલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલેપાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષિતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ‘શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ...’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી

તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નંબર (*) | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ (૭૭૭) | --- | (દાન અધિકાર) ગાથા-૬, ૭ | ૦૧ |
| ૦૨ (૭૭૮) | --- | (દાન અધિકાર) ગાથા-૬ થી ૯ | ૧૧ |
| ૦૩ (૭૭૯) | --- | (દાન અધિકાર) ગાથા-૨૦ | ૨૬ |
| ૦૪ (૭૮૦) | ૨૪.૮.૧૯૬૦ | (આલોચના અધિકાર) ગાથા-૧ થી ૩૩ | ૪૨ |
| ૦૫ (૭૮૧) | ૪.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧ | ૫૭ |
| ૦૬ (૭૮૨) | ૫.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૨ | ૭૩ |
| ૦૭ (૭૮૩) | ૬.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૨ થી ૪ | ૮૮ |
| ૦૮ (૭૮૪) | ૭.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૪ થી ૭ | ૧૦૪ |
| ૦૯ (૭૮૫) | ૮.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૭ થી ૧૨ | ૧૧૯ |
| ૧૦ (૭૮૬) | ૯.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૨ થી ૧૬ | ૧૩૪ |
| ૧૧ (૭૮૭) | ૧૦.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૬ થી ૧૯ | ૧૪૯ |
| ૧૨ (૭૮૮) | ૧૧.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૯ થી ૨૨ | ૧૬૪ |
| ૧૩ (૭૮૯) | ૧૨.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૨૨ થી ૨૫ | ૧૮૦ |
| ૧૪ (૭૯૦) | ૧૩.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૨૫ થી ૨૮ | ૧૯૫ |
| ૧૫ (૭૯૧) | ૧૪.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૨૯, ૩૦ | ૨૧૧ |
| ૧૬ (૭૯૨) | ૧૫.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૩૦ થી ૩૩ | ૨૧૯ |
| ૧૭ (૭૯૩) | ૧૬.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૩૩ થી ૩૬ | ૨૩૫ |
| ૧૮ (૭૯૪) | ૧૭.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૩૬ થી ૪૦ | ૨૫૨ |
| ૧૯ (૭૯૫) | ૨૦.૫.૧૯૬૪ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૪૦ થી ૪૫ | ૨૬૭ |
| ૨૦ (૭૯૬) | ૧૦.૨.૧૯૬૯ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧ | ૨૮૪ |
| ૨૧ (૭૯૮) | ૧૪.૨.૧૯૬૯ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૩, ૧૪ | ૨૯૯ |
| ૨૨ (૭૯૯) | ૧૬.૨.૧૯૬૯ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૪, ૧૫ | ૩૧૪ |

| પ્રવચન નંબર | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૨૩ (૮૦૧) | ૧૭.૨.૧૯૬૯ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૮ થી ૨૨ | ૩૨૦ |
| ૨૪ (૮૦૨) | ---- | ઋષભજિન સ્તોત્ર ગાથા-૮ થી ૧૫ | ૩૩૬ |
| ૨૫ (૮૦૩) | ---- | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૯, ૨૦ | ૩૫૪ |



(*) www.vitragvani.com **પ્રમાણે**




**શ્રીમદ્ ભગવત્પદ્મનંદી આચાર્યદેવ**

ॐ

श्री वीतरागाय नमः

# પદ્મનંદી પંચવિંશતિ પ્રવચન

(ભાગ–૩)

(શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ વિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના દાનોપદેશના, આલોચના, અને ઋષભજિન સ્તોત્ર અધિકારો પર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

**નોંધ :– પ્રવચન નં. ૭૭૫ તથા ૭૭૬ અવાજ અસ્પષ્ટ હોવાને કારણે લેવામાં આવેલ નથી.**

## દાન અધિકાર, ગાથા–૬, ૭ પ્રવચન–૭૭૭

... વનવાસી સંતોએ જંગલમાં, જગતના પાપના ઉદ્ધાર માટે કરૂણાબુદ્ધિથી કર્યું છે. કેટલાકને એ વાત સાધારણ લાગે પણ ખરેખર દાન, દાનના પ્રકાર અને જેને દેવું એ કોણ છે, દેનાર હું કોણ છું, કઈ ચીજ દેવા લાયક છે અને એ ચીજનું શું ફળ છે, એવું જેને વાસ્તવિક ભાન નથી, એના દાનમાં રાગની મંદતા કદાચિત્ (હોય)... બાપુજી! ભાઈએ દસ લાખ ખોયા છે. આપવા છે કે નહિ? કોણે ... કીધું? નહિ આપુ. પેલો કરોડપતિ છે. બાપુ! એક વાત કરું તમને? દસ લાખ એના ગયા કે તમારા ગયા? સાંભળો! તમને સીત્તેર થયા. હવે તમે કાંઈ સાથે લઈ જવાના નહોતા. સોંપવા હતા કોને? છોકરાને. એને નેવુ લાખ સોંપો. પૈસા તમારા છે કે એના? ફેરવો ને દૃષ્ટિ, મફતના શેના મંડ્યા છો? બરાબર છે?

એ.. નવરંગભાઈ! આમાં મારે પાછો બીજો સિદ્ધાંત કહેવો છે હજી. દસ લાખ તો ગયેલા છોકરાના, ઈ બરાબર છે, ગયા ઈ તો બરાબર ગયા. હવે ઓલાને કીધું, મારા કરોડમાં દસ લાખ ગયા. ... ભાન નથી. બાપુજી! એનો મિત્ર કહે છે, હોં! ઓલો તો આવી શકે નહિ, બાપ કડક હોય ને.. છોકરા ઉપર સરખાઈનો કરે. બાપુજી! અત્યારે રહેવા દો, દસ લાખ ... કોના ગયા? કારણ કે તમારે તો સાથે લઈ જવાના નથી. આ બે વર્ષે એને સોંપવા હતા ને? કરોડ સોંપવા હતા ને? નેવુ લાખ સોંપજો. દસ લાખ એના ગયા કે તમારા? વાત તો તારી સાચી, બાપા! એ દસ લાખ ખોયા એનો જે ખેદ થતો હતો, ફડાક દૃષ્ટિ ફેરવી નાખી, મારા નહિ, હોં! એના ગયા. સંતોષ થઈ ગયો. વિરજીભાઈ! ન્યાય સમજાય છે આમાં?

જેને પ્રતિકૂળ સંયોગ આવીને ઊભો છે, દસ લાખ ગયા, એ દસ લાખ મારા ગયા એમ માનતો ત્યારે ખેદ થતો. પણ મારા નહિ. હું તો એક વર્ષ-બે વર્ષ જીવવાનો છું, સીત્તેર તો થયા છે. ... એમ કહે છે ને આપણે કાઠિયાવાડમાં? .. ફાડવાનો છે. દસ લાખ તો એના ગયા. ... આવો પ્રતિકૂળ સંયોગ આવીને ઊભો એમાં જેને દસ લાખ મારા ગયા કે એના ગયા એમ સમાધાન કરતાં આત્માને આવડે છે, દસ લાખ મારા નહિ, એના ગયા. હું તો બરાબર છું. જેને પ્રતિકૂળ સંયોગમાં તૃષ્ણામાં સમાધાન કરતાં આવડે છે, એના આત્માની અંદર પ્રતિકૂળતાની અનંતતા હોય તો સમાધાન કરીને જ્ઞાતા-દૃષ્ટા રહેવાની એનામાં તાકાત છે. સમજાય છે કાંઈ? વાત એવી ગળે ઉતરવી કઠણ, હોં!

એટલે આચાર્ય મહારાજ કહે છે, ભાઈ! તને કોઈ પૂર્વના પુણ્ય હોય અને એને લઈને લક્ષ્મી મળી હોય (તો) રાગ ઘટાડ, રાગ ઘટાડ. તૃષ્ણા ઘટાડ. દાનાદિમાં ધર્મની પ્રભાવના, સાચા દેવ એના પરમાત્મા, ગુરુ, શાસ્ત્ર આદિ, ભક્તિ, પૂજામાં કાંઈક ખર્ચ અને રાગ મોળો પાડ. રાગ ઘટાડ તો તને ખ્યાલમાં આવશે કે રાગ ઘટવાની .... રાગ ઘટાડી શકું તો રાગનો અભાવ કરીને આત્મા જ્ઞાતા-દૃષ્ટાની અવિકારી દશા પ્રાપ્ત કરી શકે છે. એમ દૃષ્ટિ કરવાનો અવસર જો તો તને થાશે. સમજાણું આમાં?

આચાર્ય ઈ કહે છે, અહો! આ જગતના ગૃહસ્થાશ્રમમાં રહેલાં પ્રાણીને આખો દિ' પાપ, પાપ ને પાપ, એમાંથી ઉગરવાનો આરો હોય તો ધર્મદાન, રાગની મંદતા એ એક પાપથી બચવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. और भी आचार्य दानकी महिमाको कहते हैं.

नानाजनाश्रितपरिग्रहसम्भृतायाः
सत्पात्रदानविधिरेव गृहस्थतायाः।
हेतुः परः शुभगतेर्विषमे भवेऽस्मिन्
नावः समुद्र इव कर्मठकर्णधारः।।६।।

સંસ્કૃત શ્લોક છે. જંગલમાં તાડપત્રમાં લખાયેલા છે. ૯૦૦ વર્ષ પહેલાં. ભાઈ! તું આત્મા

છો ને. જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ તારું સ્વરૂપ છે. શાશ્વત રહેનારું જ્ઞાન અને આનંદ તારો અંતર સ્વભાવ છે. આ શરીર, વાણી, મન તો પૃથક્ છે. હવે પુણ્ય ને પાપના તારામાં ભાવ થાય, એમાં પાપભાવ થાય એ તો તીવ્ર દુઃખદાયક છે. અને પુણ્યભાવ જરી થાય, દાન-દયા આદિનો તો એ મંદ ભાવ રાગનો છે. છે તો આકુળતા ઈ પણ, પણ તીવ્ર આકુળતા ટાળવા માટે આ મંદ આકુળતા એમાં આવ્યા વિના રહેતી નથી. મૂળમાં તો એ મંદ આકુળતા પણ ટાળીને આત્માની દૃષ્ટિ કરીને આત્માની શાંતિ મેળવે તો તેને ધર્મ થાય. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે, **'જિસકા ખેવટિયા ચતુર હૈ,...'** ખેવટિયા એટલે? આ નાવાનો નાવડિયો, નાવાનો નાવડિયો જે ચતુર છે, **'ઐસે અથાહ સમુદ્રમેં પડી હુઈ નાવ...'** અથાગ દરિયામાં પડેલી નાવ, **'જિસ પ્રકાર મનુષ્યકો તત્કાલ પાર કર દેતી હૈ;...'** નાવડિયો સારો જોઈએ, નાવ સારી જોઈએ. સમુદ્રને કાંઠે લઈ જાય. **'ઉસી પ્રકાર...'** એ દૃષ્ટાંત થયો. **'ઈસ ભયંકર સંસારમેં...'** અનાદિ કાળથી રાગ-દ્વેષ, વિકાર.. આ બાયડી મારી, છોકરા મારા, ધંધા મારા, આ મારા, આ મારા એવી મમતાના પાપના ભાવમાં અનેક **'જનોંકે આધીન...'** લક્ષ્મી આદિ, સ્ત્રી-પુત્ર આદિ **'જો પરિગ્રહ, ઉસસે સહિત ઈસ ગૃહસ્થપનેમેં રહે હુએ મનુષ્યકે લિયે શ્રેષ્ઠ પાત્રકે લક્ષ્યસે હુઈ દાન-વિધિ હી શુભ ગતિકો દેને વાલી હોતી હૈ.'** સાચા, સારા ધન-લક્ષ્મી અને સાચા સત્પાત્રે દાન, એ ગૃહસ્થાશ્રમમાં ઉગરવાની એક નાવા છે. આ જો ન હોય તો આચાર્ય કહે છે, એ ગૃહસ્થાશ્રમને ઊંડા પાણીમાં જલાંજલિ આપીને બોળી દેજે. ફૂલચંદભાઈ!

જો ગૃહસ્થાશ્રમની અંદરના પાપભાવમાં દાન, દયા, ભક્તિ, પૂજા આદિમાં રાગ મંદ કરીને પરિણામ શુભ ન થાય અને દાનાદિનો ભાવ ન હોય તો એવા ગૃહસ્થાશ્રમને ઊંડા પાણીમાં શ્રદ્ધાંજલિ આપજે કે બૂડી જા, ભાઈ! એમાં ક્યાંય ઉગરવાના આરા છે નહિ. આચાર્યે આગળ દાખલો આપ્યો છે, પહેલા અધિકારની અંદર.

કહે છે, અહો..! ભયંકર સંસારમાં શ્રેષ્ઠ પાત્રમાં દીધેલું દાન તે **'શુભ ગતિકો દેને વાલી હોતી હૈ. ઈસલિયે ભવ્ય જીવોંકો ગૃહસ્થાશ્રમમેં રહ કર અવશ્ય દાન દેના ચાહિયે.'** એક વાત છે કે સવારની સંધ્યા કહેવાય છે અને સાંજની સંધ્યા કહેવાય છે. સંધ્યા તો બેય રાતડમાં ગણાય. સવારની સંધ્યા પણ રાતડમાં ગણાય છે, સાંજની સંધ્યા રાતડમાં (ગણાય છે). રાતડ થાય છે ને? પણ સાંજની રાતડની પાછળ ધબો નમાહા છે. અને સવારની રાતડ પછી સૂર્ય ઊગે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન ચિદાનંદમૂર્તિ આત્મા શુદ્ધ ભગવાન સ્વરૂપ છે, એવું જેને અંદર ભાન થયું, એ ભાનવાળાને પાપના પરિણામ જો હોય, પાપના-હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના, કમાવું ને આ ... એમ કરીને બધા પાપના અભિમાન (કરે છે) એ તો સાંજની સંધ્યા જેવી રાગની સંધ્યા છે. એ સંધ્યા ખીલેલી તો દેખાય છે રાતડ, પણ પાછળ સૂર્યનો ધબો નમાહા છે.

એમ આત્માને સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટની આબરૂમાં જે રાગ થાય એ રાગ સાંજની રાતડ જેવો છે. પાછળ ધબો નમાહા થવાનું છે. સમજાય છે કાંઈ? પણ જેને સાચા સત્દેવ, ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે પ્રેમ અને એની ભક્તિ ઉછળતાં જે દાનાદિમાં રાગની મંદતા થાય (એ) છે તો રાતડ, છે તો રાગ, પણ પાછળ દૃષ્ટિ છે કે જ્ઞાનીઓએ રાગને ટાળવાની વાત કરી છે. એવા જ્ઞાનીની ભક્તિ કરતાં એ રાગ રહિતની દૃષ્ટિ સ્વભાવમાં છે, એ રાગ છે તો ખરો, સવારની સંધ્યાની રાતડ જેવો પણ એ રાગ ટળીને પછી પાછળ ચૈતન્યસૂર્ય ખીલવાનો અવસર મળે છે. ચંદુભાઈ! સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

કહે છે, એક વાર તું સચ્ચિદાનંદ પ્રભુની વાત તો સાંભળ. તારા ઘરની વાતું તેં કોઈ દિ' કાન દઈને સાંભળી નથી. એવો ભગવાન આત્મા, એનો જેને પ્રેમ થાય, એને બતાવનારા ઉપર પ્રેમ આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એ પ્રેમમાં, કહે છે કે આપી લક્ષ્મી. એક જણો દાન લેવા આવ્યો, દાન. દાન લેવા આવ્યો કે ભાઈ, તમે કરોડપતિ છો તો કાંઈક આપો આમાં. હવે જો એમ કહે કે નથી દેવું તો તો સીધો જવાબ. પણ ન દેવું હોય એ વાંક શું કાઢે? કે તમે વ્યવસ્થાપક બરાબર સારા લાગતા નથી. હવે ગાળ દીધા વિના દેવું હોય તો દે ને, બાપુ! તમેં ... જે છે ને.. આ બધા છે, બધા જોયેલા છે, હોં! તમને આપવાનો ભાવ તો થાય, અમારે શુભ ખાતે નીકળેલા છે. લાખ, બે લાખ શુભ ખાતાના પડ્યા છે. શુભ ખાતા કાઢે ને? ... એટલે છે તો ખરા, દેવાનો ભાવ (છે) પણ તમે વ્યવસ્થાપક સરખા નથી. એની વ્યવસ્થા સરખી નથી. અમારો એક માણસ ભેગો ભળે તો તમારી વ્યવસ્થા (સુધરે). ભાઈસા'બ! ગાળ દઈને અમારી ઉપર... ના પાડ ને કે નથી દેવા. દેવું નથી અને વાંક કાઢીને આ પ્રમાણે દેવાનો ભાવ નથી. સમજાણું કાંઈ?

અરે..! તને લક્ષ્મી પ્રત્યેની તીવ્ર મમતા હોય એ રાગ મોળો પાડીને બાપુ! દયા, દાનમાં, ભક્તિ, પૂજામાં ધર્મનો લાભ, બાહ્યમાં .. પ્રભાવના થતી હોય તો આપવું. બસ, હવે એનું શું થશે, એણે કેમ બીજાએ કર્યું એના ઉપર તારા ફળની વસ્તુ નથી. છે? એણે ભાવ કર્યો. મરવા ટાણે એક મૃત્યુકાળ હોય. લાખ, બે-પાંચ-પચાસ લાખ ભેગા કર્યા હોય. એને એમ થાય કે અરે..! પૂર્વના પુણ્ય હતા એ બળીને આ પૈસા મળ્યા, હોં! દુનિયા એમ માને છે કે આપણને મળ્યા. શાસ્ત્રકાર કહે છે કે લોન આવી હતી તે બળી ત્યારે મળ્યા છે. શું કહે છે? ફૂલચંદભાઈ! વિરજીભાઈ! વાતું બધી ફેરફારવાળી છે જગતથી. લોન આવી હોય ને અંદર લાખ રૂપિયાની. પછી વટાવતા સો ... કોથળી આવે ને? ના. કોથળી ટળી.

એમ પૈસા મળવા કાળે પૂર્વના પુણ્યની નોટ લઈને આવ્યો છે અંદરમાં, એ નોટ જ્યારે ખરે છે ત્યારે પૈસા મળે છે. આ કહે છે કે મળે છે, જ્ઞાની કહે છે કે ટળે છે. સાંભળને! તારા ગડિયાના મેળમાં મેળ નથી. સમજાણું કાંઈ?

ધર્મી જીવને કે સાચા દાનના અર્થીને મારી લક્ષ્મી કોણ કેમ.. મને ભાવ છે કે આ

પ્રમાણે હું રાગ મંદ કરીને આપું છું. પછી વ્યવસ્થાના કરનાર કોણ થાય, કોણ નહિ એના ઉપર આનું ફળ નથી. ફળ તો પોતાના ભાવમાં પડ્યું છે. રાગ .. કર્યો એનું પુણ્ય બંધાણું છે. અને એ પુણ્ય એને બહારમાં અનુકૂળ સામગ્રીનું કારણ થશે. મરવા ટાણે એ માણસને એમ થયું કે લાખ મારી પાસે છે. અરે..રે..! પુણ્ય બળ્યા અને .. હોં! મેં કાંઈ ન કર્યું. મરતાં (કહે છે), ભાઈ લખુ! લખુ છોકરાનું નામ હોય ને? લખુ. આ પાંચ લાખ... છેલ્લે લવો બંધ થવાનું ટાણું હોય. વાચા બંધ થાય છે ને છેલ્લી. ત્યારે ભાઈસાહેબને ભાવ આવ્યા. લખુ! આ પાંચ લાખ, પાંચ લાખ.. એમ બોલ્યો. ઓલો સમજ્યો કે આ બધા બેઠા છે ને ચોખ્ખું કરશે તો .. પડશે. બાપુ! પૈસા અત્યારે યાદ ન કરાય. અત્યારે ભગવાનનું સ્મરણ કરો, ભગવાનનું સ્મરણ કરો. ઓલો સાંભળે છે, અંદરમાં ખ્યાલ છે, હોં! લવા બંધ થઈ ગયા, વાચા બંધ થઈ ગઈ. જડ જડ માટી. અત્યારે બોલાય છે એ આત્માનો અધિકાર હોય તો એ વખતે પણ બોલવું જોઈએ. લવો બંધ થઈ ગયો. એ જડ છે, માટી છે. અવાજ બંધ થઈ ગયો. ... નથી કહેતા મરતા છેલ્લે ટાણે? આ કાનના અંગારા કહે છે ને? બાપા! અત્યારે ન યાદ થાય. આને કહેવું (અને) લવો બંધ થઈ ગયો. પણ હું એમ કહેતો નથી. હું તો કહું છું કે આ પાંચ લાખ દઈ દે અહીંયાં ખર્ચવામાં. બળી ગયા મારા પુણ્ય અને મેં કાંઈ કર્યું નથી. હવે? પેલો ભલે ના પાડે, પણ અહીં પાંચ લાખ દેવાનો ભાવ-રાગ મંદ હતો એનું ફળ એને છે. સમજાય છે કાંઈ? ઓલો સાંભળે ને દે ને મશ્કરીમાં ઉડાવે એ એના ઘરે રહ્યો. વિરજીભાઈ! સમજાય છે આમાં કાંઈ?

પોતાના ભાવના ફળમાં પોતા પાસે છે. એ કોઈ આપે તો ફળ મળે અને ન આપે તો ન મળે એમ છે નહિ. અને પેલાએ સાંભળ્યું લ્યો ને. છોકરો કહે, હા બાપુ! આપશું. તમે તમારે જીવ ઠેકાણે રાખજો. એમ કહે છે ને? જીવ ક્યાંક વળગ્યો લાગે છે, એમ કહે. જીવ વળગ્યો લાગે છે, હોં! જીવ નીકળતો નથી. વળગ્યો શું, આયુષ્ય પૂરું ન થયું હોય. તને ખબર નથી. દેહની મુદત છે. દેહની મુદત છે, કેટલો કાળ રહેવું એમાં સેકંડ પણ વધે નહિ, ઘટે નહિ. દેહની મુદત છે. આત્માને અને દેહને સંયોગમાં રહેવાની મુદ્દત લઈને આવ્યો છે. એ મુદ્દતનો કાળ આવે ત્યારે દેહ છૂટી જાય. ઈન્દ્ર, નરેન્દ્ર ઉપરથી ઉતરે તો એને રાખવા કોઈ સમર્થ નથી. એ સમયે છૂટી જશે, ફડાક દઈને. આમ જ્યાં છૂટવાનો કાળ હોય તો જોડેવાળા બધા વાતું કરે. કહ્યું હતું ને? ન્યાં કહ્યું હતું ને?

બનારસીદાસ. બનારસીદાસ એક પંડિત થઈ ગયા. ઢુંઢારી. પહેલા બહુ શ્રૃંગારમાં (હતા). બનારસીદાસ, ભાઈ! પંડિતજી! બનારસીદાસ શ્રૃંગારી બહુ પુસ્તકો બનાવેલા. પછી એને સત્સમાગમ મળ્યો. ગૃહસ્થાશ્રમમાં આત્માનું ભાન થયું. અહો..! અમે તો આનંદ છીએ, જ્ઞાન છીએ. અમારું સ્વરૂપ જ શુદ્ધ છે. આ રાગાદિ ઉઠે છે ખરા. અમારી નબળાઈનું સ્વરૂપ છે. એ અમારા અંતરના તત્ત્વનું સ્વરૂપ નથી. ભાન થયું, આનંદમાં ઝુલે, શાંતિમાં. પણ

ગૃહસ્થાશ્રમમાં હતા. હજી બાયડી, છોકરા હતા. એટલો રાગ હતો. મરવાનો કાળ આવ્યો, મરવાનો-દેહ છૂટવાનો. જોવાવાળા તો બધાને જોવે એવા ભેગા થયા હોય ને. બધા મરતા હોય ત્યારે ભેગા થાય એમ આની પાસે ભેગા થયેલા. દેહ છૂટતા કંઈક વાર લાગે છે. લોકો માંહોમાંહે વાતું કરે, પંડિતજીનો દેહ છૂટતો નથી. જીવ ક્યાંક વળગ્યો લાગે છે. ફૂલચંદભાઈ! પંડિતજીનો જીવ ક્યાંક વળગ્યો લાગે છે, નીકળતો નથી. પેલો સાંભળે છે. વાચા બંધ થઈ ગઈ. હાથ જરી આમ રહી ગયેલો. અરે..! શું કરે છે આ લોકો? બીજાના જીવ પણ આયુષ્યની સ્થિતિ પ્રમાણે રહે છે. એનો જીવ વળગેલો હોય છે માટે નથી છૂટતો એમ નથી. આ પણ મારે માટે ખતવે છે.

હું જ્ઞાનસ્વરૂપી આત્મા (છું). પછી આમ જરી ઈશારો કર્યો. સ્લેટ લાવો. વાચા નહિ. સ્લેટમાં લખ્યું. બનારસીદાસ ૩૫૦ વર્ષ પહેલાં શ્રૃંગારી પુરુષ હતા. બહુ શ્રૃંગારની કવિતા બનાવેલી. હિન્દુસ્તાનમાં આગ્રામાં થયેલા. આગ્રા છે ને આગ્રા? એમાંથી પછી આત્મામાં ઉતર્યા. ઓહો..! સમયસાર નાટક બનાવ્યું છે. એવું બનાવ્યું કાવ્ય અને કવિ. અધ્યાત્મ દૃષ્ટિ અને અધ્યાત્મ કવિ. મરવા કાળે આ લોકો આ ખતવે છે. અરેરે..! ધર્મની ગ્લાનિ થશે. આમ ઈશારો કરીને કહે છે. 'જ્ઞાન કુતકા હાથ, મારી અરિ મોહના, ચલે બનારસીદાસ, ફેર નહિ આવના.' અમે જ્ઞાનનું હથિયાર અંદર પકડ્યું છે. અમે જ્ઞાનાનંદ સ્વરૂપ છીએ. અમે આ વિકલ્પ ને દેહાદિ અમારો સ્વભાવ નથી. અમે આનંદના ચિદાનંદ પ્રભુને અંદરમાં પકડ્યો છે. 'જ્ઞાન કુતકા હાથ, મારી અરિ મોહના' ભ્રમણાજાળને અમે મારી નાખી છે. અમે ચિદાનંદ આત્મા છીએ. જ્ઞાતા-દૃષ્ટા છીએ, જગતના ખેલ-તમાસા દેખનાર છીએ. અમે જગતમાં એકમેક થઈએ નહિ. રાગની વિકલ્પ વૃત્તિ ઉઠે એમાં એક નથી. એવા જુવાન અવસ્થામાં, ... અવસ્થામાં દેહ છૂટવાનો કાળ. 'ચલે બનારસીદાસ..' આ સંગ અને આ માણસો. જે ધર્મીજીવની અંતર દૃષ્ટિ કેવી હોય એને કળતા ન આવડે. બીજામાં જીવ રહી જાય એમ મારે માટે કલ્પે. અરે..! દુનિયા દોરંગી છે. સત્‌ને સમજતી નથી.

'જ્ઞાન કુતકા હાથ,...' અમે જ્ઞાનસ્વરૂપે છીએ. માટીના આ એક એક પરમાણુથી ભિન્ન છીએ. અંદર પુણ્ય અને પાપની વૃત્તિ ઉઠે છે, વિકારની લાગણીઓ એ કૃત્રિમ અમારો અપરાધ છે. અપરાધ વિનાનું અમારું નિરપરાધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એના ભાનમાં છીએ, એના ભાનમાં છીએ. એના ગોદમાં છીએ, એની સાવધાનીમાં છીએ, એના આશ્રયે પડ્યા છીએ. સમજાણું કાંઈ? આ ધર્મ દૃષ્ટિ. દેહ છૂટી ગયો, પંડિતમરણે દેહ છૂટી ગયો. સમાધિ-શાંતિ. લોકોને ધર્મ શું છે અને શાંતિનું મરણ શું (એની ખબર નથી). મરવા ટાણે ઘણાં કહે, કરો, આ આમ કરો, આમ કરો. સમાધિ મરણ કરો. ... મૂકે છે ને હેઠે? જીવતો મૂકે હેઠે, હોં! ખાટલે સૂવે તો શું કહેવાય છે? જીવતર બગડશે. બગડશે નહિ, તારો ખાટલો બગડશે એમ કહે ને? એ મેલો થાય. એનું જીવતર બગડી જશે, એને હેઠે ઉતારો, હેઠે. અરે..! પણ જીવતો

છે એને દુઃખ થાય છે. સમજાય છે? ભાન તો નથી કાંઈ. અમે દેહ નહિ, વાણી નહિ, મન નહિ. અમે તો જ્ઞાનાનંદ સ્વરૂપ છીએ એવું જેને અંતર ભાન નથી (એ) મરવા ટાણે ટાંટિયા તરફડ કરી કરીને મરી જશે. ઓલા પણ હેઠે ઉતારી નાખશે. ... ધૂળમાં પણ.. સાંભળને! અંતરમાં કરને કાંઈક. ભગવાન આત્મા જ્ઞાનના આનંદમાં પંડિતજી પડ્યા હતા. એને મરણ કાળે, લોકોની આ દશા સાંભળીને (એમ થાય છે), અરે..! સંસાર. જગતને સત્ય ધર્મની શું સ્થિતિ છે, એની ખબર નથી અને બહારથી આ બધું કલ્પીને માપ કાઢે છે.

અહીં આચાર્ય કહે છે, જુઓ! ત્યાં એણે આત્માનું દાન આપ્યું. ભારે વાત, ભાઈ! અને એ કાળે-મૃત્યુ કાળે કોઈ રાગની મંદતાથી પાંચ લાખ, દસ લાખ આપવાનો ભાવ થાય અને ઓલો ન આપે, છોકરાએ સાંભળ્યું હોય (અને એમ કહે), બાપુ! આપશું. પછી ન આપે તો પણ આના ભાવમાં રાગ મંદ કરીને જે પુણ્ય બંધાણું એ પુણ્ય ફરે એવું નથી. અને આ કદાચિત્ ભાવમાં કાંઈક કાંઈક લથપથ થયો ને પછી થયો કે ના, ના. એટલા બધા નહિ. કહેવું હતું ત્યાં વાચા બંધ થઈ ગઈ. એમાં પાછળ છોકરાએ પાંચ લાખ આપ્યા (તો) એનું ફળ આને કાંઈ નથી. કારણ કે એનો ભાવ પાછો અંદર ફરી ગયો. પહેલા કાંઈક કીધું. વેગમાં આવ્યો, બધા બેઠા હતા ને બધા વખતે શું કહે છે? તમારે નથી કહેતા? છેવટે દાન, પુણ્ય કર્યું? એમ કહે છે ને મરવા ટાણે? છેલ્લી સ્થિતિએ દાન, પુણ્ય કરીને છૂટ્યા છે. પેલાને તો ભાન પણ ન હોય. પેલો તો ક્યાંય પડ્યો હોય અસાધ્યમાં. પણ સાધ્ય હોય અને કાને પડે, ભાવ એના હોય રાગની મંદતાના-પુણ્યના, બીજાને કારણે બીજા કહે કે ન કરે એની સાથે તારા ફળને સંબંધ નથી.

અહીં કહે છે, અરે..! શ્રેષ્ઠ પાત્રમાં દીધેલું દાન તે આત્માના પાપથી ઉદ્ધારવાનું એક કારણ છે. પ્રાપ્ત કરેલું ધન દાન કરવાથી જ સફળ થાય છે. મુનિઓ જંગલમાં વાતું કરે છે. જંગલમાં હતા. તાડપત્ર ઉપર લખાયેલું છે, ૯૦૦ વર્ષ પહેલા. મળેલું ધન..

आयासकोटिभिरूपार्जितमङ्गजेभ्यो,
यज्जीवितादपि निजाद्दयितं जनानाम्।
वित्तस्य तस्य सुगति; खलु दानमेकं
अन्या विपत्तय इति प्रवदन्ति सन्तः।।७।।

કહે છે, બીજી એક વાત, માણસ એમ કહે છે, ઈ તો ઝાઝા હોય તો કાંઈક રાગ ઘટાડી શકીએ. અમારી પાસે પાંચ લાખ, દસ લાખ (નથી). હવે પાંચ-દસ લાખ શું, પચાસ છે કે નહિ? પચાસ રૂપિયા. તો એમાંથી પાંચની તૃષ્ણા ઘટાડી શકાય છે. ઝાઝા હોય તો ઝાઝા આપી શકે અને તૃષ્ણા ઓછી કરી શકે એવો કાંઈ નિયમ નથી. બરાબર છે? પ્રેમચંદભાઈ!

એક જણો બહારમાં દાની હતો. દાની બહુ હતા. આમ ખાનગી દાન આપનારો. ઓલા લેવા ગયા. કાંઈક કામ હશે બે, પાંચ લાખનું, તો એની પાસે લેવા ગયા. પચાસ હજાર,

દસ હજાર ભરે તો ઘણું. ... લેવા ગયા ત્યાં પેલો બીડી પીતો હતો. બીડી પીતો હતો. બીડી પીતા પીતા પેલી સળી રહી ગઈ ને અડધી, ઈ પાછી ખોખામાં નાખી. બીડી પીતા આખી તો ન પીધી હોય. ઓલાને વહેમ પડ્યો કે આની પાસે દાન લાવ્યો અને આ હજી અડધી બળી અને અડધી ખોખામાં પાછી નાખે છે. અડધી (વધી) હોય ને બીડી પીતા પીતા? અને દીવાસળીનું કાંઈક પડ્યું હોય ને, શું આ તમારે બીડીનું નાખે છે ને? રાખ નાખે ને? એશ ટ્રે. હા, એ કાંઈક પડ્યું હતું એનામાં આમ નાખતો હતો અને (વધેલી) ઓલામાં નાખી. ઈ તો હવે તમારે (એશ ટ્રે) થઈ. ... સાધારણ નાખતા હોય. ઓલા દાન લેવા આવ્યા. એને થયું, આ અડધી સળી પાછી નાખે છે. પૂછ્યું, ભાઈ! શું કામ આવ્યા છો? ભાઈ! આ પ્રમાણે જરી કામની જરૂર પડી છે અને દાનમાં આટલા પૈસાની માંગણી (છે) અને આપ એક પહોંચતા માણસ છો. મારી પાસે કેટલું ધારો છો? એમ ઓલો પૂછે છે. મારી પાસે કેટલું લેવા ધારો છો? એને એમ કે, આની પાસે પચાસ હજાર માંગશું તો આપશે નહિ કાંઈ. અમે આશા તો આટલી રાખીએ છીએ કે દસ હજાર તમારી પાસેથી મળે. હુકમ કર્યો કે પચાસ હજારનો સેટ આપજો. પેલાને થયું, અડધી સળી અહીં રાખી ને આ...? ઈ તો મેં કારણસર રાખેલી. અહીંયાં ક્યાં નાખવી, બહાર નાખવા પછી જઈશ. એટલે ઓલામાં નાખી.

રાગ અને તૃષ્ણા દાનમાં ઘટાડનારની આવી ચેષ્ટાઓ દેખીને એની મમતા ઘટાડી નહિ શકે એમ કલ્પવું એ વ્યાજબી નથી. સમજાય છે કાંઈ? આવું હતું, હોં! બહુ ઉદાર ઘણો. કરોડપતિ માણસ. પચાસ હજાર (આને આપો). ... બે લાખ માંગ્યા હોત ને. તો બે લાખ આપત, હોં! પણ તારી દીવાસળીના અનુમાને એની દાનની વૃત્તિ કેવી છે એ તું કલ્પી શક્યો નહિ. ફૂલચંદભાઈ!

અહીં આચાર્ય મહારાજ કહે છે, આ બધું બનેલું છે, હોં! આ વાતું બધી બનેલી છે. આ તો ૭૧ વર્ષમાં ઘણું જોયું છે ને જગતનું. ચારે કોરની સ્થિતિ જગતમાં ક્યાંના ક્યાં રખડપાટી, કોણ આત્મા ને શું રાગ મંદ ને શું દાન ને શું દયા ને શું ભક્તિ, એના વિવેક વિના અવતાર અનંત કાળથી એમ ને એમ એળે ગયા. આચાર્ય મહારાજ કહે છે, '**નાના પ્રકાર...**' નાના એટલે હિન્દી ભાષામાં અનેક પ્રકારના '**દુઃખોંસે (ધન) પૈદા કિયા ગયા હૈ,...**' કહો, પૈસા દુઃખથી (કમાણો). સવારથી સાંજ મથ્યો હોય, બેઠો હોય ત્યાં. અને એમાં સારો ઘરાક આવ્યો હોય તો ચા-પાણી સાંજે પીવે ને બધું સાથે લઈ જાય. સવારનું ટંક પણ (સાંજે જમે). સરખો ઘરાક આવી ગયો હોય. ઘરાકી બરાબર એવી સરખી હોય કે.. તમારા ઉપર અમને ભરોસો છે. અને પાંચ હજારનો માલ જોઈએ છે. પેલો સમજે કે દીકરા, ફઈબા બહુ સારા આવ્યા છે. પાંચસો (રૂપિયા) કલાક, બે કલાકમાં મળશે. પેલો કહે, સારો માલ આપજે હોં! પેલો કહે, ફઈબા માટે ઉપરના ભાગમાં સાડલો હોય મોળો,

પણ ઉપલા ભાગમાં છે. ઉપલો પાછો મોળો હોય. પેલી ખુશી થઈ જાય. ભાઈ તરીકે આપણને રાખ્યા અને સારું આપ્યું. એવા ટાણે બે કલાકમાં પાંચસો પેદા થતા હોય, સવારનું ટંક ચૂકી જાય. બે ટંક ભેગા સાંજે થઈ જાય. કહે છે, આવી મહેનત કરીને.. પૈસા તો પુણ્યથી મળ્યા, પણ આવી મહેનત તેં કરી છે, ઘાંચીના બળદ જેવી. મેલાં લુગડાં, આ ફલાણાં ને ચાર-ચાર, છ-છ કલાક (મહેનત કરી). નાનાલાલભાઈ કહેતા, નાનાલાલ કાળીદાસ. રાજકોટવાળા જસાણી કરોડપતિ. જસાણી છે ને? અમે અઢાર કલાક મહારાજ કામ કર્યા છે, હોં! અત્યારે બે .. ભેગા (થયા છે). .. છે ને, ગૃહસ્થ માણસ છે. નાનાલાલ કાળીદાસ જસાણી, રાજકોટ. ઝવેરાતની દુકાન છે ને, મુંબઈમાં. આ ૫૬ની સાલમાં ગયો હતો, .. છ મહિના ઘરના રોટલા ખાધા હતા. પછી છ મહિના પછીનો પગાર. અત્યારે .. દેખાય છે. કોઈ એમ કહેતું હોય કે આત્માના ડહાપણથી મળતું હોય તો આ મારો દાખલો. સમજાણું કાંઈ?

અહીં કહે છે.. અઢાર કલાક સુધી, હોં! લખવું પડતું ને એવું કરવું પડતું. એનાથી મળ્યું છે એમ અહીં નથી કહેવું. આચાર્ય કહે છે, ઘણાં દુઃખો, બાપા! જુઓને! દેશ છોડીને પરદેશમાં આફ્રિકામાં ગયા છે બધા. માસી ને માસા ને બધું કુટુંબ પડ્યું હોય, ન્યાં જાય રળવા. એમાંથી કાંઈક પાંચ-દસ લાખ લાવે (અને માને કે) અમે પેદા કર્યું છે અને અમે આ.. અરે..! ભગવાન! સાંભળને બાપુ! એ સોગઠી ગોઠવાઈ ગઈ, હોં! પૂર્વના પુણ્યને લઈને. પણ જે ખેદ થયો છે દુઃખનો એ ક્લેશતા આ રળવા ને આ રળવા.. એવા દુઃખોથી જે ધન પેદા કર્યું છે, **'જો ધન, નાના પ્રકારકે દુઃખોંસે પૈદા કિયા ગયા હૈ,...'** એટલે પુણ્યને લઈને ધન-પૈસે મળ્યો છે એ **'અપને પુત્રોંસે તથા જીવનસે ભી અધિક પ્યારા હૈ,...'** પુત્રથી (વધારે) વ્હાલું છે. દીકરાએ દસ ખોયા તો કહે, નહિ આપુ. પછી વળી કીધું, ઠીક તારા ગયા, મારે શું છે? પુત્રથી વ્હાલું.

એક જણાને.. શું કહેવાય તમારું? ખોદે છે ને? પાયો. પાયો ખોદતા પચાસ વર્ષ પહેલાની વાત છે. પેલા કાઠી લોકો થતા ને? સોનાનો મહોર.. શું કહેવાય? પચાસ હજારનો નીકળ્યો. સાધારણ માણસ હતા. આ તો ૫૦-૬૦ વર્ષની વાત છે. હેઠેથી નીકળ્યું. એમાં સોનાના પાંદડા. છોકરીએ સોનાનું પાદડું લીધું હશે. ... છોકરાને બાંધીને માર્યો. નીકળ્યા પચાસ હજાર ક્યાંકથી. એમાંથી પેલાએ લીધું એમાં (માર્યો ને) મરી ગયો છોકરો. કેમ તેં લીધું આ સોનું? ... લેવા-દેવાની ક્રિયા એની એણે કરી. આ મળ્યા મફતના... એવા લોભીને કંજૂસ માણસ. દીકરા કરતાં પણ પૈસાનો પ્રેમ વધારે. એમ થયું કે નહિ આ? પ્રેમચંદભાઈ! સાંભળ્યું છે કે નહિ? બધા દાખલા છે. નામ, ઠામ, ગામ સહિત છે. માર્યો લાકડા સાથે બાંધીને. એને મારી નાખવાનો તો ભાવ નહિ. પણ ફરીને આવું કરે નહિ.

કહે છે, દીકરા કરતાં લક્ષ્મી વ્હાલી? બાયડી કરતાં લક્ષ્મી વ્હાલી? આ લક્ષ્મી માટે તેં

પાપ કરેલા અને ખેદ વેઠ્યો, '**ઉસ ધનકી યદિ અચ્છી ગતિ હૈ...**' લક્ષ્મીની જો શુભ પરિણામ અને પુણ્યની ગતિ હોય તો '**કેવલ દાન હી હૈ...**' દાનમાં ખર્ચવું તે જ લક્ષ્મીની એક શુભ ગતિ છે, બીજી કોઈ ગતિ છે નહિ. સમજાણું કાંઈ? આચાર્ય મહારાજ મુનિ કહે છે, હોં! નિર્ગ્રંથ મુનિ જંગલમાં વસેલા દિગંબર સંત હતા. એક મોરપીંછી અને કમંડળ. ભીક્ષા માટે જંગલમાંથી આવે ને હાથમાં લેતા. ... ૯૦૦ વર્ષ પહેલાં પદ્મનંદી મહાસંત મુનિ દિગંબર આત્માના આનંદમાં ઝુલતા, ઝુલણે ઝુલતા હતા. એક હજી સર્વજ્ઞ પૂર્ણ પદ પ્રાપ્ત નહિ થયેલું. રાગ જરી આવ્યો કે અરે..! દુનિયાને કરુણાથી ... રાગ મંદ કરવાના દાનની ક્રિયાની વાત કરું છું. આ લખાય ગયા શાસ્ત્રોના પાના. પાનાના કર્તા અમે નહિ, અમે તો આત્મા છીએ. એ જડની ક્રિયા જડથી થાય છે, અમારાથી થતી નથી. અમારામાં જે શુભરાગ આવ્યો એ છૂટી ગયો. હું તો જ્ઞાતા છું.

એવી અંતર દૃષ્ટિ અને ભાનવાળા મુનિઓ કહે છે, અરે..! તને મળેલી લક્ષ્મી, એની ગતિ એક હોય તો દાન જ છે, હોં! રાગ ઘટાડીને દાન કરવું, તૃષ્ણા ઘટાડીને દયા, દાન, ભક્તિ, પૂજા, પ્રભાવના (કરવી). '**વહ ધન, દાનસે સફલ હોતા હૈ, કિન્તુ દાનકે અતિરિક્ત દિયા હુઆ વહ ધન, વિપત્તિકા હી કારણ હૈ, ઐસા સજ્જન પુરુષ કહતે હૈં. ઈસલિયે ભવ્ય જીવોંકો અપના કમાયા હુઆ ધન, દાનમેં હી ખર્ચ કરના ચાહિયે.**' આ છોકરા માટે રાખે ઈ દાન નહિ હોય? છોકરાને દે ને? દાન એટલે દેવું. દાનનો અર્થ દેવું થાય છે. છોકરાને દે ઈ દાન છે કે નહિ? પુણ્ય હશે કે નહિ એમાં? ધૂળમાંય નથી, એ તો તૃષ્ણાથી રાખે છે. રાગ ઘટાડી, (ભલે) પાંચ રૂપિયા હો, એક રૂપિયો, આઠ આના, ચાર આના પણ જેને મમતા ઘટાડવી છે, મમતા ઘટાડવાનો ભાવ છે એ ગમે તે ઘટાડી શકે છે. એ દાનની ગતિ મનુષ્યપણામાં આવીને આત્માના પ્રેમાળ જીવને આવા દાનનો પ્રેમ આવ્યા વિના રહે નહિ. તો એ દાન શુભગતિનું કારણ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દાન અધિકાર, ગાથા-૭ થી ૯**
**પ્રવચન-૭૭૮**

.. રાગની મંદતાથી કોઈ ઉપયોગ કરે તો એને પુણ્યબંધન થાય અને એ પુણ્યને લઈને સ્વર્ગાદિના સુખો એટલે બાહ્ય જગત જેને સુખ કહે છે, એવી એને પ્રાપ્તિ થાય. પણ જેમાં દૃષ્ટિ એ રાગ અને રાગના ફળ ઉપર પડી છે એને પાપાનુબંધી પુણ્ય બંધાય. એટલે? આત્મા શુદ્ધ અખંડ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે, એવી જેને અંતર રુચિ અને દૃષ્ટિ થઈ છે, એને જે આ દાનાદિના ભાવનો રાગ મંદનો ભાવ થાય, એને શાસ્ત્રકાર પુણ્યાનુબંધી પુણ્ય કહે છે. એટલે કે જે પુણ્યનું ફળ એને આવે પણ તેમાં એની રુચિ અને દૃષ્ટિ ન હોવાથી એ ફળમાં એને મદ અને અહંકાર નહિ થતાં સ્વભાવની ચૈતન્ય દૃષ્ટિ રહીને એ પુણ્યની સામગ્રીને જાણનાર-દેખનાર રહી અને કંઈ રાગાદિ મંદ આવે તો તેને પણ જાણે છે કે આ મારું સ્વરૂપ નથી. એવી રીતે જે જ્ઞાનીને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય એને અહીંયાં દાન તરીકે કહેવામાં આવ્યું છે.

આત્મા જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ છું, જ્ઞાતા-દૃષ્ટા છું, એક રાગનો કણ પણ મારું કર્તવ્ય નથી તો વસ્તુ દેવી-લેવી એ મારા અધિકારની વાત નથી, એવી જેને દૃષ્ટિ થઈ છે એને જે સાચા ધર્માત્મા, સાચા સર્વજ્ઞદેવ, સાચા સાધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ, એની એ સમ્યગ્દૃષ્ટિને પીછાન અને ઓળખાણ હોય છે. એને લઈને જે એની ભક્તિ અને સાધર્મી પ્રત્યે પ્રેમ થઈને જે દાનાદિનો ભાવ થાય, એ અલ્પ બંધનનું કારણ તો ખરું પણ ભવિષ્યમાં એ રાગની દૃષ્ટિ એને નહિ હોવાથી, રાગનો અભાવ કરીને તે મુક્તિને પામશે. સમજાય છે કાંઈ?

એ દાન સાત્ત્વિક એટલે આત્માના જ્ઞાનના ભાનની ભૂમિકામાં અને તે જેને દાન આપે છે તે ધર્માત્મા કોણ છે, જેને આહાર આપું તે જ્ઞાની કઈ હદ નામ કેવ સ્વભાવને સમજેલા હોય અને જેને પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવના મંદિર, પ્રતિમા વગેરેનું બહુમાન જેને અંતરમાં થયું હોય, અંતરમાં જેને દૃષ્ટિનો વિકાસ જ્ઞાનનો થયો હોય, એ જે દાનમાં .. અને ઉલ્લાસ કરીને જે રાગ મંદ કરે છે એને ભવિષ્યમાં એના ફળ તરીકે અનુકૂળ સામગ્રી મળે પણ એનું અભિમાન થશે નહિ. અને આત્માના ભાન વિના રાગના અભિમાન વડે દાનાદિની ક્રિયામાં જોડાય તો પુણ્યથી વૈભવ મળે પણ વૈભવથી મદ થઈને... કોઠારી! સમજાય છે કાંઈ? જયચંદભાઈ! શું આ સમજાય છે આ? એને મદ ચડશે. પૂર્વના કોઈ પુણ્યના ફળ તરીકે શુભરાગ અને કષાય મંદ કર્યો હોય, એના ફળ વૈભવ મળે. પણ અહીંયાં એણે રાગનું અભિમાન કર્યું છે કે રાગ મારી ચીજ છે. એના ફળ તરીકે સામગ્રી મળે તે વૈભવથી તેને મદ ચડશે. અમે પૈસાવાળા, અમે કુટુંબવાળા, અમે સુંદર શરીરવાળા, અમે આ અનુકૂળતાની સામગ્રીના ભોક્તા, એમ અભિમાન કરીને એ નીચા પાપ બાંધી અને વળી એ દુર્ગતિમાં જાશે. સમજાય

છે કાંઈ? ભગવાનજીભાઈ! આ બીજી જાતનું દાન છે.

સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે, એવા પરમાત્માને જે અંતર દૃષ્ટિથી ઓળખે એ ભગવાનને એમ કહે કે હે પરમાત્મા! આપ તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે દેનારા છો. લ્યો, દે નહિ ને? પંડિતજી! અષ્ટ પાહુડમાં કુંદકુંદાચાર્યે દેવની વ્યાખ્યા કરી છે. દેવ કોણ? કે જે દે તે દેવ. શું દે છે? લક્ષ્મી આપે, વિષય આપે,.. સમજાણું? પુણ્ય આપે અને મોક્ષ આપે. ભગવાનજીભાઈ! શું વળી આ હશે? દદાપિ તે દેવ. એઈ..! ... ન્યાં કેમ બેઠા? પછી તમારા ... દેવ-દે તેને દેવ કહીએ. દે કોને? પણ જે સર્વજ્ઞ પરમાત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન જેને પ્રગટ થયું, એવા દેવો, એવા દેવ પ્રત્યે જેને રુચિ થઈ છે, એને આત્મા જ્ઞાનસ્વરૂપ છું, રાગ ને જડથી પર છું એવી દૃષ્ટિ થઈ હોય તો ભગવાનની વ્યવહારે એને શ્રદ્ધા કહેવામાં આવે. આવી દૃષ્ટિની જેને ખબર નથી એને દેવ નિમિત્ત તરીકે પણ કાંઈ આપતા નથી. નિમિત્ત તરીકે સર્વજ્ઞ પરમાત્મા આત્માને મોક્ષ આપે. એટલે? એ મોક્ષ સમજાવે છે કે તારું આત્માનું સ્વરૂપ પુણ્ય-પાપના રાગ રહિત છે તેને તું ઓળખ. એમાં દૃષ્ટિ કર તો તને પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ થશે. એ વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં ક્યાંય થતી નથી. સમજાણું કાંઈ?

હમણાં દાખલો આપ્યો હતો ત્યાં, પહેલા પણ આપીએ છીએ. કહ્યું હતું ને ત્યાં? પોર અમે ગયા હતા. ... કાલે કહ્યું હતું. .. ભાઈ હતા ને? જયચંદભાઈ! તોરી છે, તોરી. વડિયા પાસે તોરી (છે). ત્યાં તોરી ગયા અને દિવસે વ્યાખ્યાન થયું. માણસો ઘણાં. એ તો આવે ને, નામની પ્રસિદ્ધિ એટલે માણસ ભેગા તો ખુબ થયા. સમજે, ન સમજે જુદી વાત છે. એમાં કણબી લોકો તો બહાર હતા. દિવસે તો આવી શક્યા નહિ. રાત્રે આવ્યા. એક મહારાજ આત્માની વાત બહુ ઊંચી કરે છે અને અધ્યાત્મિક છે. લાવને આપણે જઈએ. એની પાસે અગાધગતિ નામનું પુસ્તક હતું. એની પાસે એક અગાધગતિ નામનું પુસ્તક હતું. એનો અર્થ એને ન આવડે. એ વાંચતા, વાંચતા, વાંચતા એને કંઈ ઘડ બેઠી નહિ એટલે (થયું), મહારાજ આવ્યા છે, લાવ એને પૂછવા જઈએ. રાત્રે આવ્યા. કીધું, વાંચો, શું છે એમાં?

એમાં એવું આવેલું કે ભગવાનનું નામ જપે, ભક્તિ કરે, સ્મરણ કરે, પૂજા કરે, દાન કરે, વ્યવહાર કરે, ... કરે દેવ-ગુરુ આદિની અને વ્રત પાળે, તપ કરે, તીર્થ કરે તો એનું ફળ અહીં છે. એવું લખાણ એકદમ આવ્યું અંદરથી. અહીં છે, અહીં છે એમ અંદરથી આવ્યું. કીધું, શું કહે છે આ? એ લોકોને અર્થ સૂઝે નહિ. એટલે એમાં એ લખેલું કે જેટલા ભાવ દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, પૂજા ભાવ હોય એ ભાવનું અહીં ફળ છે. અહીં એટલે એને સંસાર ફળશે એમ અંદર લખ્યું હતું. પંડિતજી! એક અગાધગતિ નામનું પુસ્તક લખ્યું હશે કોઈક માણસે ઘણાં વર્ષ પહેલાં. એ લોકો બિચારા વાંચતા હતા. ન બેસે ઘડ,

અહીં છે, અહીં છે (એટલે શું)? એમાં પછી પાછળથી ચોખ્ખું (આવે છે), એ આત્મા... 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. એ આત્મા કોણ છે અને કોણ પરમાત્મા સર્વજ્ઞદેવ આ જગતમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા અને એનો સેવક કઈ રીતે થઈ શકું એની જેને ખબર નથી અને જેને આત્મા રાગ રહિત જ્ઞાનાનંદ સ્વરૂપની અંતર અનુભવ, પ્રતીત અને સમ્યગ્દર્શન નથી એ જીવો આત્માના ભાન વિના...

જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી,
શું કર્યું તપ અને જપ કરવા થકી, શું કર્યું પૂજા અને દાન દેવા થકી.

જયચંદભાઈ! ઝીણી વાતું તો છે, બાપુ! એ રાગની મંદતા હોય તો એના એટલા લખાણમાં બહુ નામ હતા, ઘણાં. વ્રત, તપ, જપ, નામ સ્મરણ, ભક્તિ,.. પુસ્તકનું નામ અગાધગતિ. ઘણાં કણબીઓ રાત્રે આવ્યા. કણબી સમજો છો ને? કૃષિકાર-કિસાન.. કિસાન. ખેતી કરે ને? ખેડૂત લોકો. કીધું, બાપુ! જુઓ એમાં વાંચો-આ ગાથામાં. કરતાં કરતાં એટલું લખાણ... કે .. ફાટ ફાટ કરી નાખ્યો. જેટલો અંદર .. જગતની ક્રિયાઓમાં રાગનો ભાવ થાય એ બધોય આ ભવમાં ફળશે. ભવ એટલે સંસાર. એને ગતિ મળશે. એને અગાધગતિ આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન નહિ થાય. ભગવાનજીભાઈ! એમાં લખેલું, હોં! એમાં.

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કહેતા આવે છે. પણ જગતને એ વાતની ઘડ બેસતી નથી કે એ વાત જ સાચી છે અને બીજી સાચી નથી એટલી શ્રદ્ધા પણ કરતો નથી. એ શ્રદ્ધા જે આત્માની આ રીતે કરે તો ભગવાને એને મોક્ષ આપ્યો એમ કહેવામાં આવે છે. ભગવાને મોક્ષના દાન આપ્યા. ભગવાન આપતા નથી, હોં! ભગવાન આપે તો તો એકને આપે તો બધાને આપે તો કરવું રહે નહિ અને બધાનું કલ્યાણ થઈ જાય. એટલે ભગવાન બધાનું કરી દે? ના, ના. એમ નહિ હોય? વિરજીભાઈ! તો ભગવાન શું કામના આપે નહિ તો પછી? પૈસાવાળા પૈસા આપે અને આ કાંઈ ન આપે મોટા ભગવાન થઈને? આપે શું, સાંભળને! એ વસ્તુનું સ્વરૂપ નથી. જેણે ત્રણ કાળ ત્રણ લોક એક સેકંડના અસંખ્ય ભાગમાં જાણ્યા (અને) કહ્યું કે જો ભાઈ! તારી ચીજ શુદ્ધ આનંદ છે, અંદર જ્ઞાનાનંદ, એની દૃષ્ટિ અને રુચિ કર્યા વિના તારા જેટલા ભાવો પુણ્યના, દયા, દાન, વ્રત, તપ કરીને મરી જા, તો (પણ) તારી મુક્તિ અને ધર્મ ત્રણ કાળમાં થતો નથી.

એમ જે ભગવાને ફરમાવ્યું, એ પ્રમાણે જે દૃષ્ટિ કરે અને ઠરે, ભગવાને એને મોક્ષ આપ્યો એમ કહેવામાં આવે છે. અને એવી દૃષ્ટિની ભૂમિકામાં આ દાનનો અધિકાર જે ચાલે છે, એવા રાગની મંદતાના પુણ્યભાવ કરે તો એને ભગવાને પુણ્ય આપ્યું (એમ કહેવાય), કેમકે ભગવાને ઓળખાવ્યું કે જો તારા સ્વભાવની દૃષ્ટિ રાખી અને રાગની મંદતાનો ભાવ તને દયા, દાન, કરૂણા, કોમળતા, પ્રભાવના આદિમાં હોય તો એ ભાવને અમે પુણ્ય કહીએ છીએ. એવું જ્ઞાન ભગવાને સમજાવ્યું માટે ભગવાને પુણ્ય આપ્યું એમ નિમિત્તથી કહેવામાં

આવે છે. અને એ પુણ્યને લઈને પૈસા મળે એટલે પુણ્યને જ્ઞાનીએ ઓળખાવ્યું અને એના ફળ તરીકે પૈસા (મળે) એટલે જ્ઞાનીએ પૈસા આપ્યા કહેવામાં આવે છે. નિમિત્ત તરીકે વાત છે. અને એ પૈસાથી મળે ભોગ. એ ભોગ પણ જાણે જ્ઞાનીએ આપ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે છે. આવું લખાણ છે, ભગવાનજીભાઈ! આ કુંદકુંદાચાર્યનું, હોં! આરે..! ભારે કઠણ.

અષ્ટપાહુડની અંદર... અષ્ટપાહુડ-અષ્ટપ્રાભૃત શાસ્ત્ર છે. દદાતિ ઈતિ દેવ. ભગવાન આત્મા આત્માને મોક્ષ આપે, પુણ્ય આપે, લક્ષ્મી આપે અને ભોગ (આપે). એટલે? નિમિત્ત તરીકે એણે જે આત્માને સમજાવ્યો એ સમજે એને આ ચારે અંદર મળે છે. છતાં તેને પુણ્યનો ભાવ, પુણ્યના ફળ તરીકે અર્થ-પૈસા અને પૈસાના ફળ તરીકે ભોગ, એ ત્રણેની રુચિ સમ્યગ્દૃષ્ટિ ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? ઈશ્વરચંદજી! વળી એક કોર (કહે), ભગવાન કાંઈ ન દે અને એક કોર (કહે) ભગવાન બધું દે. આ કઈ જાતની શૈલી? દેવાની વાત નથી એ તો પોતે તેને સમજે ત્યારે ભગવાને દીધું એમ આરોપ દેવામાં આવે. એ તો નિમિત્તના કથનો શાસ્ત્રમાં એટલા ઘણાં આવે.

એમ આત્મા.. અહીં આચાર્યદેવ કહે છે, અરે..! આત્મા! તને સાચા દાનની વિધિની ખબર નથી. સાચું દાન આપણે પહેલું પરમ દિ' કહ્યું હતું. શાસ્ત્રમાં એક સંપ્રદાન આવે છે. આત્મા ચૈતન્યજ્યોત છે એની રાગ ને પુણ્યના વિકલ્પથી પૃથક્ થઈને એની દૃષ્ટિ અને અનુભવ કરીને જે નિર્મળ દશા પ્રગટ કરીને નિર્મળ દશા આત્મામાં રાખવી એને ભગવાન સત્ય અને સમ્યક્ દાન અને નિશ્ચય દાન કહે છે. કે જે દાનનું ફળ મોક્ષ છે. ફૂલચંદભાઈ! વ્યાખ્યા જ બીજી આખી. ઊંધા એકડા ઘૂંટ્યા હોય ને એમાં વાત જ ઝટ દઈને બેસે નહિ. હજી સત્ય આ છે એમ શ્રદ્ધા તો કરે, વિશ્વાસ તો લાવે કે બીજી કોઈ ચીજ હોઈ શકે નહિ. વિશ્વાસ કર કે આત્મા જ્ઞાનાનંદમાં એકાગ્ર થાય તો તેને સમ્યગ્દર્શન થાય અને ધર્મ થાય. એ વિના ધર્મ અને દાન થાય નહિ. સાચું દાન પ્રગટ કર્યા વિના વ્યવહાર દાન એને હોઈ શકે નહિ. સમજાય છે આમાં? એવી શ્રદ્ધા અને જ્ઞાન પહેલું કરે તો બીજે રસ્તે ધર્મ હોઈ શકે નહિ, શાંતિ મળે નહિ, સમ્યગ્દર્શન કોઈ બીજી રીતે થાય નહિ.

એમ ભાન કર્યા પછી એનો સાત્ત્વિક દાન દેવાનો ભાવ કેવો હોય, આ એનું વર્ણન ચાલે છે. ભગવાનજીભાઈ! આ એનું ચાલે છે. કાલે બધા દાખલા વ્યવહારના આપ્યા હતા એ બધા ધર્મીજીવના આપ્યા હતા. અરે..! કાલે દાખલા આપ્યો નહોતા બધા? કરોડમાં દસ લાખ ખોયા અને પેલાએ સમાધાન કર્યું. ઈ સમાધાનમાં તાકાત આત્મામાં (છે), એમ સિદ્ધ કર્યું હતું. ઈ વાત નથી. સમજાણું કાંઈ? દાખલો આપ્યો હતો ને કાલે? યાદ હશે. કાલે આપ્યો હતો. યાદ છે કે નહિ? લાલજીભાઈ! દાખલો નહોતો આપ્યો? કરોડમાં દસ લાખ ખોયા છોકરાએ. એ તો સમજાય એવો દાખલો છે. ઘરે લઈ જવાય-સમજાય એવો છે.

ફૂલચંદભાઈ! છોકરો દસ લાખ ખોઈ આવ્યો. કરોડની મુડી, આપુ નહિ એક પાય, (એમ) કહે. ખોઈ આવ્યો. મિત્ર જઈને કહે છે, બાપુ! આપોને. મરી જશે, હોં! ગળે ફાંસો (ખાઈને). જેને આપવા છે એ મરી જશે તો કોને આપવા? તમારે કરોડ દેવા હતા, નેવુ લાખ આપજો. તમારા ગયા છે કે એના? ભાન છે તમને? સીત્તેર વર્ષથી... હમણાં એંસી થયા તમને. એને ત્રીસ થયા છે. તમારે સાથે નથી જવાના. એને કરોડ આપતા હતા. કોઈ સાથે લઈ જાય છે કાંઈ? એ બધા લોચા-લોચા મમતા કરીને પડ્યા રહે. બાપ દીકરાને આપે, દીકરો દીકરાને આપે, એમ ને એમ રહે. મૂળગી મુડી સાચવીને રાખે. એમાં કાંઈ ઘટાડવા ને રાગ મંદ કરીને દેવું એ તો કો'ક વિરલા જીવને (બને). તો કહે છે કે, તારે છોકરાને કરોડ દેવા હતા, દસ લાખ ખોયા તો એના ગયા કે તારા? નેવુ લાખ દેજે. એના ગયા. ફેરવ દૃષ્ટિ. એનો મિત્ર (કહે છે). વાત સાચી લાગે છે. મારા ગયા હતા તો મોકાણ ચાલતી હતી. એના ગયા (એમ માનું) તો મને સમાધાન થાય છે. બરાબર છે? એમાં ન્યાય હતો ઈ. એમ વ્યવહારની વાત નહોતી કરી. પણ પકડાય નહિ ને.

આત્માના જ્ઞાનસ્વભાવમાં એટલી તાકાત છે કે એક પ્રતિકૂળતા એવી આવે તો તે પ્રતિકૂળતાના પ્રસંગમાં શાંતિ, જ્ઞાન સમાધાન કરીને રહી શકે એવી એનામાં તાકાત છે. પ્રતિકૂળ સંયોગ તો એવો ને એવો છે. એમ શરીરમાં રોગ આવે, નિંદા-પ્રશંસા આવે, એક પ્રતિકૂળતા સામે જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું, મને મારા સ્વરૂપમાં અસહનશીલતા હોઈ શકે જ નહિ. હું તો જાણનાર-દેખનાર છું. આ દસ લાખ ગયા એના, એમ મેં સમાધાન કર્યું. એ સમાધાન મારા જ્ઞાનની તાકાત છે. એ જ્ઞાનની તાકાતમાં અનંતી પ્રતિકૂળતા આવે તોપણ સંતોષ રાખીને જ્ઞાતા રહી શકું એ મારામાં તાકાત છે. એવી જેને શ્રદ્ધા (થઈ છે), ઈ શ્રદ્ધા માટે દાખલો આપ્યો હતો. આમ તો બધાય સમાધાન કરે છોકરાનું ને ફલાણાનું ને ઢીકણાનું. સમજાણું કાંઈ?

મારો આત્મા એક પણ પ્રતિકૂળતાને કાળે આમ સમાધાન કરી શકે છે. મારામાં તાકાત છે કે શરીરમાં રોગ આવે, શરીર સડ્યું જાય, છૂટી જાય તો હું એક ચૈતન્ય છું. એ પરપદાર્થ પ્રત્યે મારી ચીજને મારામાં ભાવતો નથી, એનામાં હું ભાવતો નથી. એમ જેને અંતર દૃષ્ટિ (થઈને) આવી પ્રતિકૂળતા (સમયે સંતોષ રાખે છે). લૌકિક સંતોષ નહિ. અંતર મારું સ્વરૂપ જ જ્ઞાન છે, જાણવું એ મારું કાર્ય છે. સંતોષ આવી ગયો એમાં. કોઈનું કરું ને આ કરું ને તે કરું એ મારા સ્વભાવમાં નથી. એવી દૃષ્ટિ થઈ. શરીર જતાં પણ અશરીરી જ્ઞાનનો ભાવ રાખી શરીર છોડી દે છે. છૂટી જાય છે. છૂટી જાય એને પંડિતમરણ કહેવામાં આવે છે.

જેમ એક પ્રતિકૂળતા છૂટતાં સંતોષ કર્યો (એવી રીતે) બધી પ્રતિકૂળતા હો, મારી ચીજમાં નથી. હું તો એક સચ્ચિદાનંદ સ્વરૂપ છું. સત્ સત્ સત્ જ્ઞાન ને આનંદવાળો મારો આત્મા છે. એવું જેને ભાન થાય (તેને) શરીરના છૂટવા કાળે પણ શાંતિમાં મરણ થઈ એકાવતારી

થઈને પંડિત થઈને મરે. સમજાય છે? ચુનીભાઈ! સાચું હશે આ? આ પલાખું એને બેસવું કઠણ પડે છે.

આચાર્યદેવ તો અહીં સાતમી ગાથામાં કહે છે, પૈસામાં રાગ ઘટાડવો એટલી વાત અહીં નથી, પણ જે આત્મા વસ્તુમાં રાગ ઘટાડવાની જેનામાં તાકાત છે, એ આત્મા જ રાગના અભાવસ્વભાવવાળો છે એમ દૃષ્ટિ થાય અને રાગ ઘટાડે તેને વ્યવહારદાન અને પુણ્યનું કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ તો બધા ઘણાં રાગ ઓછો કરીને આપે, એની અહીં વાત નથી. એના આત્મામાં, અરે..! હું રાગની તીવ્રતા લોભ, કંજુસાઈને ઘટાડી અને કષાય નામ લોભની મંદતા કરું છું તો એ મારી ચીજ આત્મા છે, એ મંદતા કરે છે (તો) એનો અભાવ કરી શકે છે. અને અભાવ કરી શકે એવી હું ચીજ છું. હું રાગ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ, દેહ નહિ. એનો અભાવ કરી શકે એવો આત્મા છું. એવી સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિ થાય અને પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ માટે આહાર આદિ દાન, લક્ષ્મી આદિનું દાન, રાગની મંદતા કરે એ લોકોત્તર પુણ્ય, પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જે. એની એને રુચિ ને આશ્રય ને આધાર હોતો નથી. આ એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? સમજમેં આતા હૈ? ડૉક્ટર! ડૉક્ટર ક્યાં, ઈ તો વકીલ છે. તમારે ડૉક્ટર તો આવ્યા નથી ને? ...ચંદજી! વકીલ હતો, વકીલ.

જુઓ! શું કહે છે? સાતમી ગાથા આપણે આવી ગઈ. અરે.. આત્મા! આ બાહ્યની લક્ષ્મી મેળવવાના ખેદમાં તારી દૃષ્ટિ (છે) કે સંયોગો-આ કપડા, દાગીના કે અમુક ધૂળધાણી મેળવવામાં જે તારો રાગ (થાય છે) અને તને ખેદ (થાય છે), એ લક્ષ્મી અને એ વસ્તુનો સદ્ઉપયોગ હોય તો ધર્માત્મા ધર્મી અને જ્ઞાની અને જ્ઞાનીની પ્રભાવનામાં એનો સદ્ઉપયોગ થાય તો એ લક્ષ્મીની સદ્ગતિ અને શુભગતિ કહેવાય, બીજી કોઈ શુભગતિ કહેવાતી નથી.

અહીં છેલ્લે (કહે છે), **'ઈસલિયે ભવ્ય જીવોંકો અપના કમાયા હુઆ ધન, દાનમેં હી ખર્ચ કરના ચાહિયે.'** ઈ છેલ્લી લીટી. સાતમી ગાથા કાલે આવી ગઈ હતી. આઠમી.

**भुक्त्यादिभिः प्रतिदिनं गृहिणो न सम्यक्–**
**नष्टा रमापि पुनरेति कदाचिदत्र।**
**सत्पात्रदानविधिना तु गताप्युदेति,**
**क्षेत्रस्थ बीजमिव कोटुगुणं वटस्य।।८।।**

શું કહે છે? જુઓ! સંતોએ જંગલમાં વાત કરી છે. મફતમાં નિરર્થક વાત કરી નથી. આત્માનું મસ્તપણું! મુનિપણું એટલે તો આમ આનંદકંદમાં ઝુલતો હોય છે. મુનિ એટલે કે આમ આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદના રસમાં ઝુલતો હોય છે. એ અતીન્દ્રિય આનંદનો રસ, એ ઈન્દ્રના ઈન્દ્રાસનને આમ તરણા જેવા મનાવે છે. એવી જેને આત્મજ્ઞાનપૂર્વક ચારિત્રદશાની રમણતા હોય એને શાસ્ત્રકાર મુનિ કહેવામાં (આવે છે), એને મુનિ કહે છે.

એવી પણ જેને મુનિની ખબર નથી અને બીજી રીતે મુનિ અને દેવના સ્વરૂપને માને એની દષ્ટિમાં વિપરીતતા છે. કાંતિભાઈ!

અહીં કહે છે, '**ગૃહસ્થકે દ્વારા જિસ લક્ષ્મીકા ભોગાદિસે નાશ હોતા હૈ,...**' જે લક્ષ્મીનો ભોગ, સ્ત્રી, પુત્ર, દીકરા, દીકરી માટે (થાય છે), '**વહ લક્ષ્મી કદાપિ લૌટકર નહીં આતી;...**' એ લક્ષ્મી પાછી ફરીને આવતી નથી. એ તો ભોગવીને પાપ થયું, એ લક્ષ્મી તો ગઈ-નાશ થઈ ગઈ. એ લક્ષ્મીનો મંદ રાગથી... સમજાણું કાંઈ? શું કહે છે? ધર્મીજીવને ધર્મનું ભાન, સ્વભાવની દષ્ટિ અને અનુભવ હોય અને પૂર્વના પુણ્યને લક્ષ્મી મળી હોય તો એ.... જે લક્ષ્મીનો ભોગ, વેપાર, ધંધા, ખોટમાં જે લક્ષ્મીનો નાશ એમાં ફરીને લક્ષ્મી આવે નહિ.

'**પરંતુ જો લક્ષ્મી, મુનિ આદિ ઉત્તમ પાત્રોંકે દાન દેનેમેં ખર્ચ હોતી હૈ,...**' આચાર્ય તો ઈ વાત કરે છે. ધર્માત્મા મુનિ આત્મજ્ઞાની, જેને આનંદકંદનો અંદર વિકાસ થઈ ગયો છે, એવા સમ્યગ્દર્શન સહિત જેને રાગના એક કણનો પણ અંદર આદર નથી, એવા સમ્યગ્દષ્ટિ સહિત મુનિ જેને અંતર દશામાં લીનતા પ્રગટી છે, એવા મુનિ અથવા શ્રાવક સમકિતી, ધર્મી સમકિતી આત્મજ્ઞાની શ્રાવક, આ વાડાની વાત નથી, હોં! મૂળ તત્ત્વની વાતછે જરી, એવા શ્રાવકનો કે મુનિને.... શ્રાવક એ સંપ્રદાયની ચીજ નથી. અંતરની ચીજને રાગ અને દેહથી ભિન્ન જાણી અને સ્વરૂપની દષ્ટિની અંદરમાં લીનતા કરે એને શ્રવણ કરી, વિવેક કરીને જ્ઞાનની ક્રિયા કરે તેને શ્રાવક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ... સમજાણું કાંઈ? શું કહ્યું?

'**મુનિ આદિ ઉત્તમ પાત્રોંકે દાન દેનેમેં ખર્ચ હોતી હૈ, વહ લક્ષ્મી, ભૂમિમેં સ્થિત વટવૃક્ષકે બીજકે સમાન કોટિ ગુની હોતી હૈ...**' સમજાણું કાંઈ? આ લક્ષ્મી અપાવવા માટે વાત નથી. કહે છે કે જેને અંતરમાં રાગની મંદતા કરી અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં જેણે ખર્ચ કર્યો છે એને રાગ જોતો નથી, માટે તેને રાગના પુણ્યમાં એવું ફળ મળશે કે જેમ વડનું બીજ ક્રોડ ગુણા બીજ ફળે છે, એક બીજમાં ક્રોડો (વડ થાય), એમ ધર્મીના પુણ્ય એટલા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કે દાન આદિમાં કે ઉત્તમ પાત્ર(ના દાનમાં થાય છે).

ભરત ચક્રવર્તી હતા. સાંભળ્યું છે? ભગવાન ઋષભદેવના પુત્ર. સમ્યક્દષ્ટિ ક્ષાયિક સમકિતી. ગૃહસ્થાશ્રમમાં છન્નુ હજાર સ્ત્રી ઘરે. બત્રીસ હજાર કન્યા અને ચોસઠ હજાર પુત્ર. નવ જેને નિધાન (હોય) અને સોળ હજાર દેવ જેની સેવામાં (હોય). ઋષભદેવ ભગવાનના પહેલાં પુત્ર ભરત ચક્રવર્તી. બીજા બાહુબળ. જે ૫૭ ફૂટની મૂર્તિ શ્રવણબેલગોલમાં ડુંગર ઉપર નિરાધાર, હજાર વર્ષથી બનાવેલી રાજાએ બનાવેલી છે. નવમી અજાયબી કહેવાય છે. હિન્દુસ્તાનના નેતાઓ અને બહારના દેશના નેતાઓ પણ ત્યાં જોવા આવે છે. એ બાહુબળજી નાના હતા

અને મોટા હતા ભરત. એ ભરતને ઘરે એટલી ઋદ્ધિ હતી (કે) છ ખંડ, નવ (નિધાન), છન્નુ હજાર સ્ત્રી અને બોંત્તેર હજાર નગર, અડતાળીસ હજાર પાટણ, એક કરોડ ગામ,... છન્નુ કરોડ ગામ, છન્નુ કરોડ ગામ. અંતરમાં એવું ભાન હતું, અરે..! આ ચીજ અમે ક્યાં છીએ. અમે હોય તો અમારાથી જુદી કેમ પડે? અમે તો જ્ઞાનાનંદ શુદ્ધ છીએ ને. એને એક રાગનો પણ અહંકાર નથી. પરપદાર્થની કોઈપણ ક્રિયાનો અહંકાર નથી. એવા ક્ષાયિક સમકિતી ભરત એકવાર આહાર કરતાં ભાવના કરે છે. ઓહો..! આજ આ કોળિયા પેટમાં જાય છે,... ક્ષાયિક સમકિતી! ભગવાનજીભાઈ!

ક્ષાયિક સમકિતી સમજાય છે? એ ભવમાં કેવળ લેવના. છેલ્લો દેહ હતો. કેવળ લઈને મોક્ષ જવાના. મોક્ષ ગયા. ભરત ચક્રવર્તી, બાહુબળ એ ભવે મોક્ષ ગયા છે. આત્માનું ભાન (થયું છે). દેહના પરમાણુથી ગોળો ભિન્ન છે એમ અંતરમાં સમ્યક્નું ભાન કર્યું છે. દેહનો ગોળો, એમ આ કાર્મણનો ગોળો રજકણના પિંડો એનું એક તૈજસ શરીર અંદર બીજું છે, જે આ ગરમી થાય, એનાથી મારી ચીજ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ ધ્રુવ, હું શુદ્ધ નિર્મળાનંદ છું એમ અંદર ભાન હતું. પણ હજી ગૃહસ્થાશ્રમ હતો એટલે રાગ હતો.

એટલે એક વાર ભોજન કરે છે તો વિચાર આવે છે, અરે..! ભોજન કરવા પહેલાં કોઈ મુનિ મળે, કોઈ ધર્માત્મા (મળે અને) આ કોળિયા એની પાસે જાય. એ તો દેહની ક્રિયા (છે), એના વિકલ્પની ભાવના (છે). એવી ભાવના. એ તો મોટા ચક્રવર્તી એટલે જેની સોળ હજાર દેવ સેવા કરે અને જેના શરીર એકલા... સોનાની વીટીઓ, સોનાની વીટી કરતાં પણ મહા ઊંચા. સોળ હજાર દેવ સેવા કરે ઈ કેવા હશે! આહાર વખતે આમ ભાવના ભાવે છે.

ત્યાં એક મુનિ ઉપરથી જાતા હતા. એ મુનિને વિચાર થયો કે લાવને ઉતરું અયોધ્યામાં. એ અયોધ્યામાં ભરત ચક્રવર્તીનો મહેલ હતો. ન્યાં કુદરતે આવીને બહાર ઊભા રહ્યા. ઉપર જતાં (વિકલ્પ આવ્યો). જેને લબ્ધિવંત મુનિ કહે છે, ઘણી લબ્ધિ હોય છે. પ્રાબ્ધિક, દેહ ઉપરથી ચાલે. એને આહારનું ટાણું હતું, રાગ-વિકલ્પ ઉઠ્યો કે અહીં ઉતરું. પોતે મોઢાઆગળ ભરત ચક્રવર્તી દરવાજા પાસે ઊભા છે. ઓહો..! કોઈ મુનિ (પધારે). ત્યાં પેલા ઉતર્યા ઉપરથી કુદરતે. પધારો.. પધારો.. પધારો.. પધારો! મુનિની દશા ... હોય છે. ઝીણી વાતું છે, બાપા! મુનિ એટલે પરમેશ્વર! 'માણસ હોના મુશ્કિલ હૈ તો સાધુ કહાંસે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ'. સમ્યગ્દર્શન થયું તો અંદર પરમાત્માનું ઘર પામી ગયો. આહાહા..! પરમાત્માના ઘરમાં પ્રવેશ કર્યો અંદરમાં. અખંડાનંદ પ્રભુ છું. એને વિકલ્પ રહિત, રાગ રહિત થઈને અંદરમાં પેઠો અને ભાન થયું એ સમ્યગ્દર્શન ગૃહસ્થાશ્રમમાં ભરત ચક્રવર્તીને હતું. એને આ ૯૬ હજાર સ્ત્રીના વૈભવને ઘટાડે તો આમ થાય ને ઢીકણું (કરે) તો આમ થાય, એઈ..! હેમચંદભાઈ! આટલી ઉપાધિ કાંઈક ઓછી કરે તો થાય. આ બધું હતું. તમારે ત્યાં ૯૬ કરોડ નળિયા

પણ નથી. ૯૬ કરોડ જેને ઘરે ગામ. ભગવાનજીભાઈ! કેટલાક એમ કહે છે કે આ બધું ઘટાડે ને (તો થાય). ઘટાડે.... સાંભળને!

અંતરના સ્વભાવમાં મારી ચીજમાં જ્યાં રાગ અને પુણ્ય ને પાપ જ નથી, આ ચીજ નથી તો મારી ચીજમાં ઘટાડવું શું? હું તો પૂર્ણાનંદ છું. એવી દૃષ્ટિ થઈ (તો) બધાનો અભાવ દૃષ્ટિમાં થઈ ગયો. બધું મારામાં નથી. છતાં હજી રાગ ભાગ છે, માને છે કે રાગ સ્વભાવમાં નથી. પણ મારી અપરાધ દશા જરી રાગની થાય છે. એ બધી ચીજોમાં પણ આત્મજ્ઞાન જાળવી રાખે છે. એવી દશા ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. સમજાણું કાંઈ?

ઈ દાખલો આવે છે ને એક? ઈ મુનિને પછી અંદર લઈ જાય છે. પધારો.. પધારો.. પધારો..! ઈ તો દૈવી પુરુષ છે, દૈવી પુરુષ! જેની સોળ હજાર તો દેવ સેવા કરે છે. બે હજાર દેવ તો બે બાજુમાં ઊભા હોય છે. એને કહે છે ને? શું કહેવાય? અંગરક્ષક દેવો. ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. અમે આ નહિ, હોં! અમે તો જ્યાં છીએ ત્યાં જગતનો પ્રવેશ નથી, જગતનો ભાગ નથી અને જ્યાં જગત છે ત્યાં અમે નથી. એવી દૃષ્ટિ પહેલી સંસારમાં ગૃહસ્થાશ્રમમાં થાય છે ત્યારે તે ધર્મને પંથે પડે એમ કહેવામાં આવે છે. એ મુનિને લઈ જાય છે, આહાર આપે છે. ધન્ય અવતાર! ધન્મ મારો જન્મ આજે (થયો)! મારે ઘરે કલ્પવૃક્ષ થયા. ભગવાનજીભાઈ! આ સમકિતી. એને ખબર છે, ભગવાને કીધું છે કે આ દેહ છેલ્લો છે. હવે બીજો દેહ, ભરત! તારે બીજો દેહ ધારવાનો નથી. આજ દેહે ચરમશરીર છે, છેલ્લું શરીર છે. તારે દૃષ્ટિ અંતરમાં ગઈ છે અને સ્વરૂપની સ્થિરતા આ ભવમાં આનંદકંદમાં ઘુસીને કેવળજ્ઞાન આ ભવમાં તું પામવાનો છો. એવા સમકિતીને પણ દાન દેવાનો ઉલ્લાસ આવે છે. આહા..! ધન્ય અવતાર! મારે ઘરે આજે કલ્પવૃક્ષ આવ્યું. ચિંતામણિ રત્ન મને ફળ્યું. કામધેનુ ગાય મારે ઘરે આવી. એવા પ્રભાવથી, પ્રમોદથી ભાવ (આવે છે), એને પુણ્યાનુબંધી પુણ્ય ભગવાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

સંસારમાં એવી સ્થિતિ હતી. એક ફેરી વાત આવે છે એનામાં. કથામાં આવે છે. આપણે છોકરાઓએ નાટક પણ એકવાર પાડ્યું હતું. ભરત ચક્રવર્તી ગામમાં ફરતા હતા. એમાં કોઈ એક માણસ હશે એને એમ થયું કે આ બધા આવા રાજ ને પાટ અને કહે છે કે અમે જ્ઞાની, અમે વૈરાગી. ભરત ઘરમાં વૈરાગી, ભરત ઘરમાં વૈરાગી. એક જણ ગામમાં વાત કરે છે અને ભરતે સાંભળી લીધી. લ્યો, આટલી ઋદ્ધિ, શરીરની સુંદરતા અને જેમાં બેસે એ હીરાના સિંહાસન. એ બેઠો હોય (ત્યારે) વાઘ જેવો લાગે, સિંહ જેવો. શરીરની સુંદરતા અને પુણ્યની પ્રકૃતિ. અને વૈભવ તે પાર નહિ. એની એક જણાએ રાજમાં ટીકા કરી કે ભરત કહે છે કે અમે જ્ઞાની અને વૈરાગી છીએ. આ બધું તો છે એને ઘરે અને (કહે છે) વૈરાગી. સાંભળ્યું. બોલાવ્યો એને. એને ખબર નથી કે આ સાંભળી ગયો છે. એને બોલાવ્યો. જુઓ! આજે તમને એક તેલનો વાટકો આપું છું. ભરત કહે છે. તેલનું છાલિયું, હોં! શીશી–

બીશી નાના મોઢાની હોય તો ન ઢોળાય. છાલિયું થાય છે ને આપણે? છાલિયા.. છાલિયાને શું કહે છે તમારે? કટોરા. પહોળા કટોરા. પહોળો કટોરો (લીધો) અને એમાં તેલ ભર્યું અને કહ્યું કે આખા ગામમાં શણગાર કર્યો છે મોટો. અને શણગારમાં આખી અયોધ્યાને મેં શણગારી છે. આ તેલનો કચોળો લઈ જજો અને જો બિંદુ (નીચે) પડશે ને તો પાછળ ઉઘાડી તલવારવાળો સિપાહી ઊભો છે. માથું કાપશે. પેલો કહે, ભારે વાત! ... આમ ઢળે નહિ. આખા ગામમાં અયોધ્યામાં શણગાર કરેલા. એ ફરીને આમ આવ્યો. ભરતે પૂછ્યું, કેમ ભાઈ, શું જોયું? અરે..! મા-બાપ! કાંઈ જોયું નથી. આ તેલ ઉપર મારી નજર હતી. ગામને શણગાર્યું છે ને. ... ગામમાં, આ ઠેકાણે આ કર્યું હતું. મને કાંઈ ખબર નથી. મારી નજર તો અહીં હતી, આ તેલનો કચોળો ન ઢોળાય. એક બિંદુ પડે (નહિ).

બાપુ! એમ અમારી નજરું આ રાગની અંદર (નથી), આત્મા ઉપર છે, ભાઈ! તને ખબર ન પડે. સમજાય છે કાંઈ? ભરત ચક્રવર્તી. આમ ભાળે છે. રાજા મોટો ચક્રવર્તી રાજા. ચક્રવર્તી એટલે, આ તો બધા ભિખારા રાજા છે. રાજા જ કે દિ' હતા? પેલા તો પુણ્યના પુતળા અને એ ચક્રવર્તીની સોળ હજાર દેવ સેવા કરે. આત્માની દૃષ્ટિ અંદરથી ખસતી નથી. ક્યાંય માહાત્મ્ય આવતું નથી. એ રાગનો પુણ્યનો કણ આવે (એનું) માહાત્મ્ય આવતું નથી. દેહના રજકણો ઉપર માહાત્મ્ય આવતું નથી, સિંહાસનમાં બેઠો એનું માહાત્મ્ય આવતું નથી. એક જ્ઞાનાનંદના માહાત્મ્યની દૃષ્ટિમાં બાપા! તને તેલનો કચોળો ન ઢોળાય એવી દૃષ્ટિ હતી ને, બાપા! વિરજીભાઈ! પેલાને કહે છે. બાપુ! અમારી દૃષ્ટિ ક્યાં છે એ તને ન ખબર પડે, ભાઈ! અમે સંસારમાં રહ્યા છતાં, ગૃહસ્થાશ્રમમાં રહ્યા, પણ અમારી નજરું ચૈતન્ય ચિંતામણિ અંદર છે એના માહાત્મ્યમાં પડી છે. આ ક્રિયામાં અને રાગમાં અમારી માહાત્મ્ય દૃષ્ટિ છે નહિ. સમજાય છે કાંઈ?

એવા ધર્માત્માને જ્યારે... કહે છે, અહો..! મુનિ આદિ સત્પાત્રોને દાન દેવામાં જે લક્ષ્મીનો ખર્ચ થાય છે, '**વહ લક્ષ્મી, ભૂમિમેં સ્થિત વટવૃક્ષકે સમાન કોટિ ગુની હોતી હૈ અર્થાત્ જો મનુષ્ય, લક્ષ્મી પાકર નિરભિમાન હોકર...**' નિરભિમાન હોકર. અભિમાન નહિ. એ ક્યાં મારી ચીજ છે, એ તો પરવસ્તુ છે, પરવસ્તુ જાય છે. એમ નિરભિમાની થઈને લક્ષ્મી આદિ, દાનાદિ (આપીને) મુનિઓને સહાયક થવું, દાન આપવું, ઔષધ દેવું અને જ્ઞાનદાન દેવા. સર્વજ્ઞ ભગવાને ત્રિલોકનાથે જે સમ્યગ્જ્ઞાન કહ્યું એનું વ્યાખ્યાન કરવું. એના પુસ્તકો રચવા અને એ સત્ય સમ્યક્ પુસ્તકોનો પ્રચાર કેમ થાય, એવો વિકલ્પ જે આવે એને જ્ઞાનદાન કહેવામાં આવે છે. ઔષધને ઔષધદાન દેવાનો ભાવ, આહારદાન.. સમજાય છે કાંઈ? અને ચોથું અભયદાન.

દાન પ્રકાર ચાર છે. આહાર. એક ટંક પૂરતો ખોરાકનો ભાવ. અભય-જીવત દાન. કોઈ પ્રાણીને ન મારવો એવો શુભરાગ. ધર્મદૃષ્ટિ સહિતની અહીં સાત્ત્વિક પ્રકૃતિની વ્યાખ્યા છે.

અને ઔષધદાન. એ રોગ ... ટાળે. જ્ઞાનદાન-જન્મ, જરા, મરણ અનાદિ કાળના (થાય છે), તે સાચું જ્ઞાન આપે તો એનું જ્ઞાન થતાં એને જન્મ-મરણ ટળી જાય. એવા જ્ઞાનદાનને આપનાર, કહે છે કે, એવા મુનિઓ, એવા ધર્માત્મા એને મારો એક પણ કોળિયો જાય તો કહે છે કે મારા ભાવમાં તેનું ફળ ક્રોડ ગુણું ફળે. એમ આચાર્ય નિર્ગ્રંથ મુનિ દિગંબર જંગલ-વનવાસી કહે છે. એ કઈ ભૂમિકામાં રહીને કહે છે? અંતર રમણતા આનંદમાં થઈ (છે). આ વાણી પરમાણુ માટી માટીના કામ કરે છે.

એમ અંતર ભાનનો વિશ્વાસ કરનાર ગૃહસ્થાશ્રમમાં રહેલો પણ ધર્માત્માને દાનાદિ આપે તો ક્રોડ ગુણું ફળે. '**તો ઉસકો અવશ્ય મુનિ આદિ પાત્રોંકો દાન દેના ચાહિયે.**' હવે દાખલો આપે છે. '**જિસ પ્રકાર કારીગર...**'

**यो दत्तवानिह मुमुक्षुजनाय भुक्तिं,**
**भक्त्याश्रितः शिवपथे न धृतः से एव।**
**आत्माऽपि तेन विदधत्सुरसद्म नूनं,**
**उच्चेः पदंव्रजति तत्सहितोऽपि शिल्पी।।९।।**

શું દાખલો આપે છે? કારીગર-સુથાર.. સુથાર. સુથાર કહતે હૈં? ક્યા કહતે હૈં? સુથાર. એક માળ, બે માળ, ત્રણ માળ, ચાર માળ, પાંચ માળ (હોય) એમાં લાકડા મારવા જાય ને? ખીલા. તો જેટલો ઊંચો એ પ્રમાણે ખીલો મારવા જાય. એ પણ ઊંચો થતો જાય. શું કીધું? જેટલો માળ ઊંચો થાય, એને લાકડા મારે ને? પાટીયા કે વાંસડા. જેટલા માળ ઊંચા એટલું સુથારને પણ ઊંચું થવું પડે. ઊંચો થાય.

'**જિસ પ્રકાર કારીગર જૈસે-જૈસે ઊંચા મકાન બનાતા જાતા હૈ, વૈસે-વૈસે આપ ભી ઊંચા હોતા ચલા જાતા હૈ;...**' એમ થાય કે નહિ? આઠ માળ બાંધવા હોય તો પહેલે માળે આઠમા માળની કારીગરી ઉપર કરી શકતો હશે? ધ્યાન રાખજો દાખલો અહીં. અહીં તો દાખલો આપે છે. જેમ-જેમ ઊંચું-ઊંચું મકાન થાય તેમ કારીગર સુતાર કે કોઈ સોનીને માથે સોનું જડવું હોય, સમજાય છે? મોટા રાજા હોય તો હાથીદાંતને માથે સોના ઘડે. તો કહે છે, જેટલું મકાન ઊંચું તેટલો એ ઊંચો થાય છે.

'**ઉસી પ્રકાર જો મનુષ્ય, મોક્ષકી ઈચ્છા કરનેવાલે મનુષ્યકો...**' ધર્મીજીવ, ઊંચો આત્મા જેનો થયો, સમ્યગ્દષ્ટિ (થયો) એવાઓને જે દાન (આપે છે), અને એનાથી ઊંચે વધીને ચારિત્ર-સ્વરૂપની રમણતા વધી ગઈ છે એને જે દાન આપે તે, જેમ ઓલો ઊંચો (જાય) છે એમ દેનાર પણ ઊંચો જાય છે. ઊંચી ગતિને પામે છે. સમજાય છે કાંઈ? શું કહે છે આ? એને-જ્ઞાનીને પાત્રદાનની પરીક્ષા હોય છે, એમ કહે છે. આ પાત્ર છે, આ કુપાત્ર છે, આ અપાત્ર છે. પાત્ર, અપાત્ર અને કુપાત્રની ધર્મીજીવને ખબર હોય છે. જેને આત્માની શ્રદ્ધા પ્રગટી હોય, સમ્યગ્દર્શન હોય તે પાત્ર છે. વિરૂદ્ધ માન્યતાવાળા હોય અને

ત્યાગી હોય તો પણ તે અપાત્ર છે. અને કુપાત્ર છે, જે તદ્દન વિરૂદ્ધ માન્યતા અને વ્રતાદિ કાંઈ નથી એ તદ્દન કુપાત્ર છે. એવી ધર્મીજીવને, સત્યના શોધકને, સત્ય પંથના પ્રવાહે પડેલાને સત્‌ના પંથે કોણ છે, ક્યાં છે, કેમ છે એમ શોધીને જે એને મદદ કરે છે, એમ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદને પામ્યા તેની પ્રભાવના આદિમાં ભાવ કરે, જેટલો ઊંચો સામો (પાત્ર) એના ભાનવાળો પણ તેટલા ઊંચા ભાવને પામે છે. પંડિતજી!

મુનિ દાખલો આપે છે.

यो दत्तवानिह मुमुक्षुजनाय भुक्तिं,
भक्त्याश्रितः शिवपथे न धृतः से एव।
आत्माऽपि तेन विदधत्सुरसद्म नूनं,
उच्चेः पदंव्रजति तत्सहितोऽपि शिल्पी।।९।।

સમજાય છે કાંઈ? અહીં તો પાછો વિવેક બતાવ્યો એને. દુનિયા પણ કહે છે, 'ધર્મ હાટે ન વેંચાય...' શું કહે છે? 'ધર્મ વાડીએ ન નિપજે'. બોલે છે તો ઘણી ભાષા. હેમચંદભાઈ! કેટલા વર્ષથી ગોખી રાખી હશે. 'ધર્મ વાડીએ ન નિપજે, ધર્મ હાટે ન વેંચાય, ધર્મ વિવેકે નિપજે, જો કરીએ તો થાય.' આવે છે કે નહિ? નેમચંદભાઈ! ગડિયામાં તો આવે છે. ધર્મ કાંઈ કોઈ વાડનો માલ નથી, ધર્મ કોઈ દુકાને વેંચાતો નથી. ધર્મ વિવેકે નિપજે. વિવેક એટલે શું? સત્-અસત્‌નું ભાન થાય. સમજાણું કાંઈ?

એક ફેરી શ્રીમદ્દે મનુષ્યનો પાઠ લખ્યો, મનુષ્ય ભવનો પાઠ. મોક્ષમાળામાં છે. મનુષ્યભવનો પાઠ લખ્યો, સોળ વર્ષે. શ્રીમદ્ રાજચંદ્ર સાત વર્ષે જાતિસ્મરણ (થયું). સોળ વર્ષે મનુષ્ય ભવનો એક પાઠ લખ્યો. ૧૦૮ પાઠ લખીને મોક્ષમાળા નામ આપ્યું. પાઠ લખતાં, લખતાં, લખતાં એમ લખ્યું સોળ વર્ષે, અરે..! ભાઈ! તને આ પાંચ ઈન્દ્રિય મળી, આ હાથ-પગ મળ્યા માટે તું માણસ? માટે તું માણસ? ના. કેમ? કે એવા પાંચ ઈન્દ્રિય ને શરીર ને પગ ને હાથ તો વાંદરાને પણ મળ્યા છે. વાંદરા સમજે? બંદર. બંદરકો ભી મિલા હૈ. સોળ વર્ષની ઉંમર. સોળ વર્ષ તો દેહની ઉંમર છે, આત્માને ક્યાં ઉમર (છે)? આત્મા ઝબકીને ઉઠ્યો અંદરથી, કોઈ પણ ...માં આઠ વર્ષે કેવળજ્ઞાન પામી શકે છે. આઠ વર્ષે કેવળજ્ઞાન આત્મા પામે. બાળક-દેહ. દેહ અને આત્માને શું સંબંધ? સોળ વર્ષે કહે છે કે, તું મનુષ્ય છો? પાંચ ઈન્દ્રિય અને હાથ-પાગ મળ્યા એ તો વાંદરાને પણ છે. તો એ રીતે મનુષ્ય કહેવાય તો વાંદરાને એક પૂંછડું વધારે છે તો મોટો માણસ એને કહેવો જોઈએ. ..ભાઈ! શું કહ્યું સમજાણું? જો પાંચ ઈન્દ્રિય અને આને જો માણસ કહીએ તો એના કરતાં વાંદરાને એક પૂછડું લાંબુ મળ્યું, મોટો માણસ એને કહેવો જોઈએ. ના, ના. એને માણસ ન કહેવાય.

માણસ કોને કહેવો? આહાહા..! પછી એક લીટી મૂકી છે એમાં. સોળ વર્ષે એક આખો મોટો પાઠ છે. એવા એવા ૧૦૮ પાઠ છે. ત્યારે માણસ કોને કહેવો? આ સત્-અસત્‌નો

વિવેક કરે તેને મનુષ્ય કહીએ. આટલો એક ટૂકડો મૂક્યો છે. ભગવાનજીભાઈ! (મોક્ષમાળામાં). શું પણ છે ઈ પદમાં એટલામાં! સત્-અસત્. દેહ, વાણી, મન બધાં અસત્ નાશવાન છે. એક હું અવિનાશી ચૈતન્ય છું. અંદર પુણ્ય અને પાપનો વિકલ્પ ઊઠે એ પણ નાશવાન છે. હું શુદ્ધ ચિદાનંદ અવિનાશી છું. એમ વિકાર અને શરીરથી પૃથક્ આત્માનો વિવેક કરે, સત્ અને અસત્ જુદાં જાણે, એને અમે માણસ કહીએ, બાકી માણસ કહેતાં નથી. મનુષ્ય, મનુષ્ય સ્વરૂપે મૃગા ચરંતિ. સોળ વર્ષે આવું કહે છે. એઈ..! કેટલી વાર વાંચ્યું હશે એ તો. હેમચંદભાઈ! શું કીધું? સોળ વર્ષે કહે છે, સમજી શકાય આઠ વર્ષે. આ કહે છે કે અમને સમજાય નહિ, હોં! હમણાં સમજાય નહિ, હમણાં બેસે નહિ. ત્યારે ક્યારે? હમણાં નહિ. હમણાં નહિ એમાં હમણાં ક્યારે આવે? આવે કોઈ દિ'?

આવે છે ને? વાણિયાનો દાખલો નથી આવતો? વાણિયા આજે જમે, બારોટ કાલે. વાણિયા આજ અને બારોટ કાલ. બારોટ આવે કાલ. શું લખ્યું છે? વાણિયા આજ અને બારોટ કાલ. તારી કાલ આવે નહિ અને તારું જમણ થાય નહિ. આવે છે, ભગવાનજીભાઈ! દુકાને આમ લખી રાખેલું. વાણિયા આજ અને બારોટ કાલ. વાણિયા આજ અને બારોટ કાલ. બારોટ જાણે, કાલે આપણો વારો આવશે. શું લખ્યું છે આમાં? આજના વાણિયા અને કાલના બારોટ. આજના બારોટ કોઈ દિ' થાય નહિ.

એમ હમણાં નહિ, હમણાં નહિ, હમણાં નહિ. એ હમણાંમાં હમણાં થાય નહિ, પછીમાં કોઈ દિ' ધર્મ થાય નહિ. સમજાય છે કાંઈ? ... અનુભવ કર્યા નહિ અને આવું બધું કરે, એમાં કાંઈ વળે નહિ. બહુ આકરી વાત, ભાઈ! 'વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાઈ દિયો.' પદ્માસન આમ. એ તો જડની ક્રિયા છે. એમાં રાગ મંદ પડે તો પુણ્યબંધન થઈ જાય. ધર્મ થાય નહિ. 'વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાઈ દિયો, મન પૌન નિરોધ...' આ કુંભક ને રેચક ને પવનને રોક્યો ને આમ કર્યું ને ખેંચ્યું ને. એ ક્રિયા આવે છે યોગની. કુંભક (એટલે) અંદર પૂરવું. રેચક (એટલે) કાઢવું, પૂરક (એટલે) બરાબર પૂરી રાખવું સરખું. એવા એના શ્વાસની ક્રિયાઓ આમ બરાબર (કરે). અનંત વાર કરી. સમજાય છે કાંઈ?

'હઠ યોગ પ્રયોગ સુતાર ભયો' બરાબર આમ તાર લગાવીને. ... બાપુ! હજી તાર બીજા છે. આ ચીજ બીજી છે. ઈ પૂછે છે કેટલાક. પર્વતભાઈ છે અહીં. ડૉક્ટર નહિ? પર્વતભાઈ છે. આવ્યા છે? ક્યાં (છે)? વાત તો તે દિ' પરમ દિ' યાદ કર્યા હતા. ઈ ત્યાં પોરબંદરમાં ડૉક્ટર હતા ને. ખાસ રસ લેનારા છે. આજ અત્યારે આવ્યા કે કાલે આવ્યા હતા અહીં? આવ્યા હતા? ઠીક. ... ઓલામાં છે ને? ગાંડાની ઈસ્પિતાલ. આ ગાંડાની ઈસ્પિતાલની દવા ચાલે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા કહે છે, અરે..! ભાઈ! આ શરીર, વાણી,

મન તો મારા પણ અંદર પુણ્યનો, દયા-દાનનો ભાવ થાય ખરો, પણ એ મારી ચીજની અંતર ચીજ છે, (એમ) માને એને ભગવાન ગાંડા કહે છે. ગાંડા સમજો છો? તમારી ભાષામાં પાગલ. અમારી ભાષામાં એને ગાંડા કહે છે. હિન્દુસ્તાની ભાષામાં તમારે પાગલ, પાગલ કહે છે ને? પાગલ. ડૉક્ટર! પાગલ હો ગયા હૈ.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા કહે છે, અરે..! આત્મા! એ રાગની ક્રિયા તને ઉત્પન્ન થાય, તને ભાન નથી, એ ધર્મ નથી. રાગ ઉત્પન્ન થાય છે. 'મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ યોગ પ્રયોગ સુતાર ભયો. જપ ભેદ...' ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. બસ, ચોવીસ કલાક જાપ (કરે). કેટલાકને માળા ફર્યા જ કરતી હોય. માળા, હોં! મગજ ક્યાંય (ચાલતું હોય). પણ આ તો મગજ પણ ક્યાંય ન જાતું હોય, બરાબર એમાં પરોવાયેલું હોય. ણમો અરિહંતાણં. ૐ..ૐ..ૐ..ૐ..ૐ..ૐ.. પણ ૐ..ૐ..નો જાપ પણ રાગ છે. સમજાય છે કાંઈ? એવા 'જપ ભેદ જપે, તપ ત્યોં હી તપે'. એટલી તપસ્યાઓ કરી. શરીર આમ જીર્ણ થઈ ગયા. બાર-બાર મહિના સુધી રોટલા ન ખાય, પાણી ન પીવે. લોકો જાણે કે ભારે તપસી! બાપા! એ તપની વ્યાખ્યા જુદી છે, ભાઈ! તને એની ખબર નથી.

ભગવાન આનંદકંદ અંદર દૃષ્ટિમાં આનંદનો રસ લઈ અને અંતરમાં લીનતા થાય અને ઈચ્છા ઉત્પન્ન ન થાય, તેવી દશાને તપસ્યા કહે છે. એ તપ અને સમ્યગ્જ્ઞાનના ભાન વિના, આવા ભાન વિના, કહે છે કે અનંત વાર શું કર્યું? આ બધું કર્યું.

મન પૌન નિરોધ સ્વબોધ કિયા, હઠ યોગ પ્રયોગ સુતાર ભયો.
જપ ભેદ જપે, તપ ત્યોં હી તપે, ઉરસે હી ઉદાસી લહી સબસે,
સબ શાસ્ત્રનકે..

શાસ્ત્ર ભણ્યો. વાદ ને વિવાદ (કર્યા). આ સાચું અને આ ખોટું. કલ્પનાની ઝાળ (ઊભી કરી). અરે.. ભગવાન! એ તો કલ્પના છે, બાપુ! સત્ય કાંઈક બીજું છે. 'સબ શાસ્ત્રનકે નય..' ન્યાય ધાર્યા. કોર્ટમાં વકીલ જેમ કહે છે ને કે આમ કાયદો હોય. ફલાણી કોર્ટનો આ નિયમ હોય. આ કાયદે આમ થાય. એમ શાસ્ત્રના ભણતરો અનંત વાર કરી ચૂક્યો પણ...

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે
વહ સાધન બાર અનંત કિયો, તદ્‌પિ કછુ હાથ હજુ ન પર્યો.

ભગવાનજીભાઈ! કોણ કહે છે આ? જુઓ! ભગવાન કહે છે, હોં! શ્રીમદ્ કહે છે. એમના અંતર દૃષ્ટિની વાત કરે છે. સર્વજ્ઞ ભગવાન પણ એમ કહે છે. ભારે વાતું, ભાઈ!

વહ સાધન બાર અનંત કિયો, તદ્‌પિ કછુ હાથ હજુ ન પર્યો,
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.

આ જેટલા સાધનો કર્યા એનાથી કાંઈક બીજું સાધન અંતરમાં છે. સદ્‌ગુરુ જ્ઞાની મળ્યા

વિના તેની કળા અને દૃષ્ટિ અંતરની ખબર પડે નહિ. સમજાણું કાંઈ? દવાઓ હોય ને? દવાઓ. આ બધી દવા હોય ને? ડૉક્ટર! રોગી હોય ઘણાં અને દવાઓ ઘણી. રોગી એની મેળાએ રોગને પરખ્યા વિના દવા પીવા માંડે (તો) મરી જાય. કઈ દવા આને લાગુ પડે અને કઈ જાતનો તને રોગ છે? એ રોગની ખબર ન મળે અને આ ઉપર કઈ દવા (લેવી) એની ખબર ન મળે. એ દવાના પીનારા મરી જાય.

એમ અનાદિ કાળનો અજ્ઞાન-રોગ શું છે? અને એ અજ્ઞાન-રોગ ઉપર કઈ જ્ઞાનકળાની દવા લાગુ પડે એ જ્ઞાની ડૉક્ટર વિના એની મેળાએ કરવા જાય (તો) મરી જાય. સમજાય છે કાંઈ? એમ હશે ને? પર્વતભાઈ! પેલો કહે, મને રોગ છે, સાહેબ! જા લઈ દવા. એમ કહેતા હશો? લઈ લ્યો એમાંથી. શીશી પડી છે, ગોળીઓ પડી છે, પ્રવાહ પડ્યો (છે). પ્રવાહ એટલે પેલી પ્રવાહી દવા હોય ને અંદર? જો! આ જાતનો તને રોગ છે, હોં! આ જાતની દવા ને આ જાતની દવા હોય.

એમ ધર્મી જ્ઞાની એને મળ્યા વિના અજ્ઞાનીઓ અનંત વાર મળ્યા અને એને ચડાવ્યા બીજે રસ્તે કે તને આમાં ધર્મ થશે. ભાઈ! એ રસ્તા ન્યારા છે, પ્રભુ!

(પ્રવચન અપૂર્ણ છે...)



**દાન અધિકાર ગાથા-૨૦**
**પ્રવચન-૭૭૯**

ભગવાન આત્માનું સર્વજ્ઞપદ પાર્શ્વનાથ ભગવાનને થયું. ત્યારે તેના એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનમાં જણાણા. એને સર્વજ્ઞ કહે છે. સર્વ-જ્ઞ. આ જ્ઞાનકલ્યાણકનો દિવસ છે. આત્મા એકલો જ્ઞાનપુંજ અંદર ધ્રુવ તત્ત્વ છે. એની અંદરની એકાગ્રતા દ્વારા જેને સંપૂર્ણ એકાગ્ર થઈને કેવલજ્ઞાન જ્યોતિ એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાન-અરીસામાં સ્વ-પર પૂર્ણ જણાણા, એ સર્વજ્ઞ ભગવાને જગતના તત્ત્વો જોઈ, જાણી અને જગતના હિતને માટે તત્ત્વનો ઉપદેશ કર્યો.

આચાર્ય મહારાજ કહે છે,... પણ એ સર્વજ્ઞપદ જ હજી બેસવું કઠણ. જગતના પ્રાણીને આ આત્મા સર્વજ્ઞ થઈ શકે? સાધારણ પ્રાણી હોય પાંચ હજારની મુડીવાળો, તો પાંચ લાખ, દસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ થઈ શકે એમ માને. .. ભાઈ! પાંચ હજારની મુડીવાળો દસ કરોડ ને પચાસ કરોડ ને અબજ રૂપિયાવાળો માને. ..ભાઈ! એ પૂર્વના પુણ્યના ફળ તરીકે અધિક પદ છે એવા પદને તો દુનિયા માની રહી છે. પણ આત્માના અંતરના પવિત્રતાના સ્વભાવની લીનતા દ્વારા જે પૂર્ણ પવિત્રતા અને પૂર્ણ જ્ઞાન પ્રગટે એને અંતરમાં કાળજામાં એ વાત બેસતી નથી. સમજાય છે કાંઈ?

શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આપ્યો છે કે કોઈ ચોખ્ખી આંખવાળો માણસ ૧૦૮ ધોળા બગલા ઉપર આકાશમાં ચાલતા હોય. એ ચોખ્ખી આંખવાળો (જોવે છે). એ પણ બગલા ઉડતા. ઉડતા બગલાની સંખ્યાના પ્રમાણને આંખની ચોખ્ખાઈવાળો એ ગણે પણ છે, વર્ણને જોવે, ગણે, સંખ્યા અને આકાશમાં ઉડતા ક્રમે ક્રમે ગતિ કરતા પણ જાણે. અને ૧૦૮ છે તેમ એનામાં નક્કી થાય. સમજાય છે કાંઈ? પણ એ દેખતા માણસને આંધળો માણસ જન્મઅંધ એમ કહે કે તું કહે છે એમ ૧૦૮ બગલા આકાશમાં ઉડતા એ સાચા નથી. પણ સાચા નથી એનું કંઈ પ્રમાણ છે તારી પાસે? આકાશમાં ઉડતા (બગલાને) તારો હાથ અડતો નથી. સ્પર્શ અડે તો તો ખબર પડે. સમજાય છે? આંધળો હતો એને કહ્યું કે આ ચોખા અને દૂધ તને ખાવા આપીએ છીએ. દૂધ કેવું? દૂધ ધોળું (છે, એમ) બીજો કહે છે. ધોળું કેવું? બગલાની પાંખ જેવું. બગલો કેવો? પછી એને આડો હાથ રાખીને બતાવ્યું કે જો આવો. ત્યારે આંધળો હાથ અડાડીને કહે છે, એ બગલું ગળે ન ઉતરે હોં મારે. હિંમતલાલભાઈ! પણ તેં ધોળા બગલાનો આકાર પૂછ્યો એને મેં કહ્યો. પણ ધોળો રંગ તારા આંધળાને ખબર પડે નહિ. ધોળું દૂધ કેવું? કે બગલાની પાંખ જેવું અમે તને કહ્યું. હવે તેં પૂછ્યું કે, બગલો કેવો? કે બગલો આવો કહ્યું. એ કાંઈ તારી આંખનો વિષય નથી. તારે તો આંખ નથી.

અને તું કહે કે આવો બગલો મારે ગળે ન ઉતરે. પણ એ ગળે ઉતરવાની વાત અહીં ક્યાં છે. એનો ધોળો રંગ અમારે બતાવવો હતો. એમાં તેં બગલાનું પૂછ્યું. શામજીભાઈ!

એમ કેટલાક આંધળા આંખની ચોખ્ખાઈવાળા આકાશમાં ઉડતા પંખીને-બગલાને આમ ગણે. ચોખ્ખી આંખ હોય તો ગણતરીથી બરાબર ગણે. એક, બે, ત્રણ, ચાર.. આંધળો કહે કે તારી વાત ખોટી છે. ખોટીનું કાંઈ કારણ? તું બગલના રંગને ભાળતો નથી. આકાશમાં તારો હાથ અડતો નથી અને ઉડતાની સંખ્યામાં તારી નજર ઠરતી નથી. નજર જ નથી ત્યાં ઠરે ક્યાંથી? હવે .. આંખની ચોખ્ખાઈવાળા પાસે આંધળો જેમ દોડ કરે છે ને હોડ કરે ને સંદેહ કરે છે, એમ જેને આત્મામાં એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક સર્વજ્ઞપણાની દશાથી જણાણા એણે જાણ્યું અને જે કહ્યું એ જેને એ આંખ ઉઘડી નથી, એવા અજ્ઞાની એની સાથે હોડ કરે કે તમે દેખ્યું એ સાચું નથી. શાંતિભાઈ! તને ખબર નથી બગલા ક્યાં જાય છે, કેટલા ઉડે (છે) અને તું મારી સાથે-ચોખ્ખી આંખવાળા સાથે હોડ કરે છે.

એમ સર્વજ્ઞ પરમાત્મા દેહની અંદરમાં બિરાજતો પ્રભુ ચૈતન્ય, અંતરના સ્વભાવથી ઝબકી ઉઠે છે. એમ તો એકવાર વાત નહોતી કરી? કે પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષની વાત એક સેકંડમાં યાદ આવે, કાલની વાત જેમ યાદ આવે એમ સાંઈઠ વર્ષની વાત યાદ આવે. એ કોની તાકાત છે? જડની તાકાત છે? અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પ-રાગ ઉઠે એની તાકાત છે? એ તાકાત જ્ઞાનસ્વભાવની વર્તમાન પ્રગટ દશાના અંશની છે. પ્રગટ દશાના અંશની છે. એનું ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે છે એ તો સર્વજ્ઞપદથી ભરેલું અંદર તત્ત્વ છે.

એ એક સમયની અવસ્થામાં પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષની વાત આમ યાદ કરતાં ફડાક યાદ આવે કે આમ હોય. અરે..! જેને પચાસ-પચાસ, સાંઈઠ વર્ષની વાત યાદ આવે એ જરી જો રાગ અને પુણ્યનો વિકલ્પ કે વિકારનો ભાવ દૂર કરી અને આત્માના જ્ઞાન ધ્રુવ સ્વભાવમાં એકાગ્ર થાય તો એને ત્રણ કાળ ત્રણ લોકનું સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય. સમજાય છે કાંઈ?

એક માણસ દસ-દસ હજાર પુસ્તક ભણ્યો હોય. દસ-દસ હજાર. લાલન હતા ને? આપણે અહીં લાલન નહોતા? શું નામ હતું? ... નામ હતું. પંડિત લાલન. નામ બીજું હતું. લાલન તો .. હતું. ... લાલન અમારે બાર-બાર મહિના સોનગઢ રહેતા. ૯૫ વર્ષે (સંવત) ૨૦૦૯ની સાલમાં માગશર સુદ-૧ અહીં આ ગામમાં ગુજરી ગયા. આ ગામમાં. ખબર છે ને, બધી ખબર છે. તીથીની ખબર છે, માગશર સુદ-૧. ૨૦૦૯ની સાલ. સમજાણું કાંઈ? એ સોળ વર્ષની ઉંમરથી અભ્યાસ કરતા. ૯૫ વર્ષ સુધી અભ્યાસ (કર્યો). મારે બીજો સિદ્ધાંત કહેવો છે, હોં! દસ-દસ હજાર પુસ્તકો વાંચેલો. આત્મામાં કાંઈ એનો તોલ લાગતો હશે? દરબાર! આ તમારા પથરાનો તોલ લાગે હોં! ઉપાડવામાં, પેલા મજૂરને. દસ-દસ હજાર. પણ વાંચેલું

ઘણું, હોં! ઈ હતો ખીચડો ઈ જુદી વાત છે. પણ એણે વાંચેલું ઘણું, ઘણું વાંચેલું. ત્યાં ખૂબ રહેતા. પછી કહ્યું કે, પણ આ તમે ધાર્યું એમાં ફેર છે. પછી રોવે. વળી ખીચડો. ખીચડો સમજાણું? આપણે પોષ મહિનામાં નથી ખીચડો કરતા? મગ ને ચોખા ને બાજરો ને ... એ તો ચોખાની હોય. પણ આ તો દાણા ને જરી કાંકરા ભેગા નાખે. પછી વાત સમજ્યા.. મારી બહુ ભૂલ થઈ. મારે બીજું કહેવું છે.

દસ-દસ શાસ્ત્રો અને પુસ્તકો ભણે છતાં એક માખીના ટાંગા જેટલો તોલ ન થાય, એ ચીજ કઈ છે? સમજાય છે? ભગવાન આત્મા અરૂપી છે. દસ-દસ હજાર પુસ્તકો... આ તો હજી ૯૫ વર્ષની ઉંમર હતી, પણ જ્યાં કરોડો વર્ષનું, અબજો વર્ષનું આયુષ્ય હતું ત્યારે એની ધારણામાં એટલું હોય છે કે જગતના પદાર્થો, એના ક્ષેત્રો, એની અવસ્થા, એના કાળ, એના ભાવ એટલો ખ્યાલ હોવા છતાં એનો તોલ થાતો હશે આત્મામાં? મનસુખભાઈ! બસ! એ આત્મા અરૂપી છે. એટલો જ્ઞાનનો વિકાસ હોવા છતાં માખીના ટાંગા જેટલો તોલ હોતો નથી. અને તે સો-સો વર્ષની વાત યાદ કરવાની તાકાત વર્તમાન પ્રગટ દશામાં સંઘરીને પડ્યો છે, છતાં તેનો તોલ હોતો નથી. સમજાય છે કાંઈ?

અને તે આત્મા વિકાર જે કરે છે, ધ્યાન રાખજો જરી, પહેલી વાત યાદગીરીની સિદ્ધ કરી. બીજી અરૂપી છે એમાં તોલ નથી એમ સિદ્ધ કરી. ત્રીજી, આત્મા વિકાર વિનાનો છે એનું સ્વરૂપ સિદ્ધ થાય છે. વિકાર જુવાન અવસ્થામાં પચીસ-પચીસ, ત્રીસ-ત્રીસ, ચાલીસ વર્ષની ઉંમરમાં સાંઢડા જેવા શરીર ને એમાં કાંઈક પાંચ-પચીસ લાખ પૈસા હોય, પાંચ-પચાસ હજાર (હોય તો) હું પહોળો ને શેરી સાંકડી. એ વખતે કાંઈક.. ...ભાઈ! હું પહોળો ને શેરી સાંકડી, સમજાય છે કે નહિ? અમારે ગુજરાતમાં કાઠિયાવાડમાં કહેવત છે. ઓહો..હો..! હાથ આમ લાંબા થઈ જાય અને આસપાસના ગરીબ ગરબાઓને (કહે), ખાલી કરો. કેમ? અમારે આઠ દીકરા છે. અને સફારશ એની પોગે. કોર્ટમાં કંઈ ગરીબરની સફારશ પોગતી હશે? ખાલી કરો. અમે પહોળા થઈ ગયા હવે. એક છોકરો .. આઠ. હવે આઠ ઓરડા જોવે, આઠ મકાન જોવે. હું પહોળો, શેરી થઈ ગઈ સાંકડી. એવા ફાટ-ફાટમાં જે પાપ કર્યા હોય, વિષય ભોગ વાસના લંપટીપણા કાળા કેર કર્યા હોય, એ જ્યાં વૃદ્ધાવસ્થા આવે (ત્યારે) એ વાત યાદ આવે, વાત યાદ આવે પણ એ વિકાર કર્યો હોય એ અત્યારે ન આવે. સમજાણું? કેમકે વિકાર એનું મૂળ સ્વરૂપ નથી. વિકાર તો નવો કરે તો થાય છે. એના સ્વભાવમાં વિકાર નથી. એંસી વર્ષની ઉંમરે ગયા કાળના વિકારને આમ યાદ કરતો.. આહાહા..! દેહના ટાણા અંતના આવ્યા. ગયા કાળમાં કાળા કેર પાપ કર્યા. આંખ્યું વીંચવાના ટાણા (આવ્યા). આહા..! વિકાર.. આમ કર્યું હતું, આમ થયું હતું એનું સ્મરણ આવે, જ્ઞાન આવે પણ એ વિકાર આવે નહિ. કેમકે વિકાર કરે તો આવે અને વિકાર ન કરે તો ન આવે. ..ભાઈ! બરાબર હશે? શું ત્રણ વાત સિદ્ધ કરી?

એક તો આત્મા યાદગીરી અલ્પ કાળમાં સો-સો વર્ષને યાદ કરે અને તે લાખ-લાખ પુસ્તક ભણ્યો હોય છતાં તોલ ન થાય માટે અરૂપી છે. ત્રીજું, એ વિકાર થયો હોય જુવાની અવસ્થામાં, વૃદ્ધાવસ્થા ટાણે યાદ કરે-સ્મરણ કરે (કે) આમ હતું, આમ હતું, આમ હતું. પણ અત્યારે વિકારનો પ્રસંગ નથી. શરીર યુવાન નથી. સમજાય છે કાંઈ? એટલે એમાં ત્રણ વાત સિદ્ધ થઈ કે આત્મા અરૂપી છે, આત્મા તોલ વિનાનો છે, આત્મા અલ્પ કાળમાં સ્મૃતિને કરી શકે એવો છે. અને તે આત્મા વિકારના કાળે વિકાર કરતો અને અત્યારે હવે યાદ કરે, આહા..! અરે..! જિંદગી પૂરી (થઈ ગઈ), ક્યાં જાશું હવે? અમે આત્મા તો છીએ. દેહ છૂટવાના ભણકાર વાગ્યા.

આવે છે ને? પેલા ભજનમાં પણ આવે છે. 'હંસલો નાનો ને દેવળ જૂનું થયું' દરબાર! સાંભળ્યું છે ભજન? 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું થયું,' આ દેવળ જીર્ણ થયું હવે. ૬૦-૬૫-૭૦-૮૦ થયા પણ હંસલો નાનો ને નાનો. ઈ તો મારો બાળ ને બાળ. રાગ ને દ્વેષ ને વિકાર કર્યા જ કરે બાળકપણે. પણ એ વૃદ્ધાવસ્થાના કાળમાં યુવાનીના વિકારો યાદ આવતાં વીતી યુવાનીના વિકાર ન આવે અત્યારે. કેમ? કે વિકાર તો નવો કરે તો થાય છે. વિકાર એના સ્વભાવની ખાણમાં નથી. એટલે કે આત્માનો અંતર સ્વભાવ અરૂપી બહુ યાદ કરે તેવો અને વિકાર રહિત એવો (છે). ન્યાય સમજાણો આમાં કાંઈ?

એવા આત્માની અંદરમાં એકાગ્ર થઈને જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોક જોયા, એના પાસે આંધળા અજ્ઞાનીઓ હોડ કરે. જેમ દેખતો માણસ બગલાની હારને દેખીને ૧૦૮ છે એમ કહે. આંધળો કહે કે તું કહે એમ નથી. શી રીતે તું કહે એમ નથી? તારી નજર પણ ન પોગે, હાથ ન પોગે, સ્પર્શ ન પોગે. આંધળાને સપના પણ આંધળા આવે. પૂછી જોજો કો'ક આંધળાને. સપના કંઈ રંગ ભાળ્યો? રંગ ભાળ્યો સપનામાં? ભાઈસા'બ! જેવું દિવસે દેખીએ તેવું સપનું આવે, આમ જઈએ છીએ. રંગના સપના આંધળાને ન હોય. એને ગંધ અને સ્પર્શના સપના હોય. રંગના ન હોય.

એમ ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ યાદ અને તાકાતવાળો અને પૂર્ણ સ્વભાવની સંપદાવાળો, એનો જેને અંદર રંગ લાગ્યો અને રંગ લાગીને જેણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું એ સર્વજ્ઞે જગતના તત્ત્વો જોઈને કહ્યા. અજ્ઞાની એની સાથે હોડ કરે, એમ ન હોય. પણ તેં રંગ જોયો નથી ને કોઈ દિ', આંધળા! જગતના તત્ત્વો શું છે, તારા જ્ઞાનની વિકાસ દશા શું છે, એની તો તને ખબર નથી અને સર્વજ્ઞો કહે છે એની તું ના પાડે છો. આંધળો દેખતા સાથે હોડ કરવા જેવી વાત છે. સમજાય છે કાંઈ? મેઘજીભાઈ!

સર્વજ્ઞ પરમાત્મા.. આ તો પાર્શ્વનાથ ભગવાનના જ્ઞાનકલ્યાણકનો દિવસ છે. સર્વજ્ઞ થયા છે આજે. પૂર્ણ ત્રિકાળ જ્ઞાન (પ્રગટ થયું છે). કાલે મોક્ષ (કલ્યાણકનો) દિવસ થઈને પ્રતિષ્ઠા છે. પંચ કલ્યાણકની વિધિ સ્વર્ગના ઈન્દ્રો પણ મનુષ્યપણામાં જ્યારે ઉજવાય ત્યારે ઈન્દ્રો

પણ હાજર હોય છે. અહીં તો પુણ્ય ન મળે તો ઈન્દ્ર ક્યાંથી આવે? એક સારો રાજા પણ પુણ્ય વિના ઘરે આવી શકે નહિ. એટલા પુણ્ય નથી કે મોટો રાજા ઘરે આવે એનું વાસ્તુ થાતું હોય તો. એ તો વળી મોટા પુણ્ય હોય .. બે-પાંચ લાખના મકાન કર્યા હોય ને પાંચ-દસ હજાર વાસ્તુમાં ખર્ચતો હોય તો રાજાને બોલાવે. પણ એ પુણ્ય હોય તો આવે. એટલા પુણ્ય નથી કે ઈન્દ્રો ઉપરથી ઉતરે. પહેલાંના કાળમાં મનુષ્યો ભગવાન સર્વજ્ઞદેવની પૂજા અને મહિમા અને તેની ભક્તિ કરતાં તે પૂજાના કાળમાં ઈન્દ્રો પણ આવીને હાજર રહેતા.

અહીં કહે છે કે સર્વજ્ઞ ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા, વાણીમાં આવ્યું, અરે.. આત્મા! તારો સ્વભાવ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય આનંદ છે. એક વાત. તારાથી શરીર, વાણી, મન જુદાં તે જડ છે, અજીવ છે. તું જીવ સ્વભાવ છો, એ તારામાં પૂર્ણ સર્વજ્ઞ અને આનંદની પ્રાપ્તિ કરવાની તાકાત છે. એને અમે જીવ કહીએ છીએ. અને શરીર, વાણી ને કર્મ તેને અજીવ કહેવામાં આવે છે. તારામાં રાગની લોભની મંદતામાં દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપના ભાવ થાય તેને સર્વજ્ઞ પરમાત્મા પુણ્યતત્ત્વ કહેવામાં આવે છે. અને જીવની દશામાં હિંસા, જૂઠ, ચોરી, વિષય ભોગ વાસના તત્ત્વ થાય એને સર્વજ્ઞ પરમાત્મા પાપતત્ત્વ કહે છે. જીવ થયો, અજીવ થયા, પુણ્ય અને પાપ.

સર્વજ્ઞ ભગવાને પુણ્ય અને પાપના બે તત્ત્વને મેળવીને એને આસ્રવ તત્ત્વ (કહ્યું) છે. આસ્રવ એટલે જેના વડે નવા આવરણ આવે એવા ભાવની દશાને ભગવાન આસ્રવ કહે છે. એ આસ્રવ રહિત સ્વભાવની અંતર દૃષ્ટિ કરતાં શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપની એકાગ્રતા થતાં એ આનંદ અને શાંતિની દશાનો અવિકારી અંશ પ્રગટ થાય એને સર્વજ્ઞ ભગવાન સંવર અને નિર્જરા કહે છે. સંવર, નિર્જરા શાસ્ત્રભાષા છે. તમારી ભાષાએ કહીએ તો શુદ્ધિને-રાગના અભાવની શુદ્ધિને કર્મના અભાવનું કારણ કહેવામાં આવે છે. અને નિર્જરા એટલે આત્માનું ભાન થઈને જે શુદ્ધિ ચૈતન્યની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ તે શુદ્ધિની વૃદ્ધિ થાય તેને ભગવાન નિર્જરા કહે છે. નિર્જરા એટલે રાગનું ખરવું અને કર્મનું ઝરવું એવી અંતરની દશાને ભગવાન નિર્જરા કહે છે. એ આત્મા પોતાના સ્વભાવને જેટલો ભૂલી અને પુણ્ય-પાપમાં અટકે છે એને ભગવાન બંધતત્ત્વ કહે છે. અને એ બંધનો અભાવ કરીને આત્મા પૂર્ણ જ્ઞાનને પામે એને સર્વજ્ઞ પરમાત્મા મોક્ષતત્ત્વ કહે છે. સમજાય છે કાંઈ? આ નવ તત્ત્વો.

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું. અંદરમાં ચૈતન્યસૂર્ય પ્રગટ થઈ ગયો એણે આ નવ ભાવનું સ્વરૂપ વર્ણન કર્યું. તત્ત્વ કહો કે ભાવ કહો. સમજાય છે આમાં કાંઈ? હવે એ નવના કાર્યો જુદાં, માર્ગ જુદાં, ફળ જુદાં. ઝીણી વાત તો બહુ, હોં! દરબાર! પેલા માર્ગ કરતાં આ માર્ગ જ જુદી જાતનો લાગે છે. પેલા રૂપિયા-બુપિયા પુણ્યને લઈને બહારથી ભેગા થઈ જાય, હોં! પણ આ...

કહે છે, આમ પૈસા પેદા થયા ને ફલાણા આ કર્યા ને મેઘજીભાઈએ અહીંથી કર્યા ને ઢીકણાએ અહીંથી કર્યા. ક્યાં ગયા ભગવાનજીભાઈ? છે ને, અહીં બેઠા છે. ભેગા-બેગા કર્યા નથી કોઈએ, હોં! હરામ. એણે એનું રાગતત્ત્વ છે ને? પાપનો વિકલ્પ એ કર્યો હતો. એને ભગવાન પાપતત્ત્વ કહે છે. આવ્યું એને અજીવતત્ત્વ કહે છે. એ તો જડ છે, અજીવ છે. અને એ પાપતત્ત્વમાં રાગ ઘટાડી અને દાન, દયા આદિમાં ધર્મના શુભ ખાતામાં ભાવ કરવો એને ભગવાન પુણ્યતત્ત્વ કહે છે. એ પુણ્ય અને પાપ તત્ત્વની રુચિ છોડી અને અંતરના સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રતીત અને અનુભવ કરવો એને ભગવાન કર્મના અભાવના કારણરૂપ કહે છે. અંશે શુદ્ધિ અને અંશે શુદ્ધિની વૃદ્ધિ કહે છે. અને પૂર્ણ એકાગ્ર થઈને પૂર્ણ અરાગી દશા પ્રગટ થવી તેને ભગવાન આત્માની પૂર્ણ શુદ્ધ મોક્ષ દશા કહે છે.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. શ્રીમદ્દે ૨૯ વર્ષે ૧૪૨ શ્લોક બનાવ્યા છે. શ્રીમદ્ રાજચંદ્ર થયા છે ને? વવાણિયા. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ હતું. પૂર્વ ભવનું ભાન સાત વર્ષની ઉંમરે, હોં! વવાણિયામાં એક મડદું બાળવા લઈ જતા (હતા), જોડેના પાડોશીને. બાળકને પ્રેમ હોય ને સાધારણ રીતે. પાડોશી ઉપર અને પાડોશીને એના ઉપર પ્રેમ હતો. પાડોશી મરી ગયો. નાની સાત વર્ષની ઉંમર. આમ પૂછ્યું, બાપુજી! એના દાદા હતા. મોટા બાપના બાપ. આ શું છે? છોકરાને ભૂલવવા માટે કહ્યું, ચાલ્યો જા અહીંથી, તારું કામ નહિ. પેલો મરી ગયો એમ કહેતાં એને ત્રાસ થાય તો? છે ને તમારી બધી? નાના છોકરાને ન ભળવા દેવાય. નીકળી જા અહીંથી. વડિલોની બધી... બહાર નિકળી ગયા. પણ વિચક્ષણ માણસ. પૂર્વના સંસ્કાર લઈને આવેલ. એ મડદું બાંધ્યું. આ શું કરે છે? લઈ ગયા વવાણિયામાં બહાર મસાણ ખાતે. નાનું છોકરું. ત્યાં તો જવાય નહિ, બાપે ના પાડી હતી. એક બાવળ હતો નાનો. એમાં એક ડાળ નીકળેલી બાવળમાંથી અડધો હાથ ઊંચી. ડાળ ઉપર પગ મૂકીને આમ જોવે છે. શું છે આ? જોવે છે તો આ શું? આમાંથી કોઈ તત્ત્વ નિકળી ગયું. ... બાળે છે. એમ સાત વર્ષની ઉંમરે વિચાર આવતાં અંદરમાં રાગ મંદ થઈને આ ભવ પહેલા ક્યાં હતો, એનું ભાન બાવળની ડાળ ઉપર ચડતાં સાત વર્ષની ઉંમરે એટલે કે સંવત ૧૯૩૧ની સાલમાં જાતિસ્મરણ થયું. અને પછી સોળ વર્ષે આખી મોક્ષમાળા-૧૦૮ પાઠ બનાવ્યા. સમજાય છે કાંઈ? અને જ્યારે એને ૨૯ વર્ષની ઉંમર થઈ ત્યારે એક આ આત્મસિદ્ધિ બનાવી. ૧૪૨ ગુજરાતી (પદ લખ્યા). એમાં આ એક પદ મૂક્યું.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રંથ.

નિર્ગ્રંથ ભગવાન વીતરાગી, ગ્રંથ નામ જેના રાગ-દ્વેષ ગળી ગયા છે અને અવિકારી દશા જેની પૂર્ણ સર્વજ્ઞપદપણે પ્રગટ થઈ છે, એવા નિર્ગ્રંથ પરમાત્માએ એમ કહ્યું છે કે આ આત્માની પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય તેને ભગવાન મોક્ષ કહે છે. સમજાય છે કાંઈ? સમજમેં આતા

હૈ હિન્દી લોગોંકો? આત્માની પરમ શુદ્ધતા શક્તિ રૂપે પરિપૂર્ણ પડી છે. એની પૂર્ણ પ્રગટતાને ભગવાન મોક્ષ કહે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.' એવી પૂર્ણ શુદ્ધ દશાની જે કારણે પ્રાપ્તિ થાય છે, તેવું અંતર કારણ સ્વભાવની દૃષ્ટિ, લીનતા થવી એ પૂર્ણ શુદ્ધતાનું કારણ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

'સમજાવ્યો સંક્ષેપમાં...' મનસુખભાઈ! ... છે ને? આ તો ૨૯ વર્ષની વાત છે, હોં! સમજાવ્યો. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ વાણીમાં સમજાવ્યું. 'સકળ માર્ગ નિર્ગ્રંથ..' સકળ નિર્ગ્રંથ રાગ-દ્વેષ રહિત પોતાના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં રમણતા કરતાં પૂર્ણ દશા થઈ તો પૂર્ણ દશા દ્વારા ભગવાને ઉપદેશ આપ્યો. આજે કેવળજ્ઞાનનો દિવસ છે. ભગવાન કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળે છે. ઈચ્છા નહિ, ૐ ધ્વનિ અંદર (ઊઠે છે). આપણે બોલીએ એમ વાણી ન હોય એને. સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ? પૂર્ણ દશા હુયી. ૐ ધ્વનિ (છૂટી). ઈચ્છા વિના પૂરે અંગમેંસે નિકલતી હૈ.

ઉસ ઉપદેશમેં ઐસા આયા કિ છહ પદાર્થ જગતમેં અનાદિઅનંત હૈં ઔર નૌ તત્ત્વ ઉસકા વિભાગ હોતા હૈ ઔર નૌ તત્ત્વકા કાર્ય કહો, માર્ગ ભિન્ન-ભિન્ન હૈ. અજીવકા કાર્ય અજીવસે હોતા હૈ. જીવસ્વભાવકા કાર્ય જ્ઞાતા-દૃષ્ટા હોકર ઉસકા કાર્ય હોતા હૈ. પાપતત્ત્વકા કાર્ય દુઃખરૂપ દશા તીવ્ર હોતી હૈ. પુણ્યકાર્યકી પુણ્યભાવકી દશા મંદ રાગરૂપ, મંદ દુઃખ રૂપી દશા હોતી હૈ. દોનોં મિલકર આસ્રવ હૈ, વહ દુઃખકી દશા હૈ. ઔર આત્મા ઉસમેં રુકતા હૈ (વહ) બંધદશા ભી દુઃખકા કારણ હૈ. ઔર આત્મા અંતર સ્વભાવમેં એકાકાર હોકર જો શાંતિ અંતરમેં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિકી પ્રાપ્તિ હોતી હૈ ઉસકો ભગવાન મોક્ષકા માર્ગ કહતે હૈં. ઉસકા કાર્ય નિર્મલ દશા પ્રગટ હોની વહ ઉસકા કાર્ય હૈ. નેમચંદભાઈ! નવનું કાર્ય કહ્યું. આ ખીચડો કરે છે ને? નવે તત્ત્વની ખબર ન મળે.

ભગવાન ત્રિલોકનાથ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમેં પ્રત્યેક પદાર્થકી અવસ્થા સમય-સમયમેં ઉત્પન્ન હોતી હૈ, પુરાની નાશ હોતી હૈ ઔર હમેશા ધ્રુવપને રહતા હૈ. ઐસા બોધ ભગવાનકો હુઆ. એક બાર આનંદઘનજીકા પદ કહા થા.

> થિરતા એક સમયમેં ઠાને, ઊપજે વિણસે તબહી,
> ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી,
> અવધુ નટનાગરકી બાજી, જાણે ન બામણ કાજી રે.. આતમ
> નટનાગરકી બાજી...

શામજીભાઈ! 'થિરતા એક સમયમેં ઠાને, ઊપજે વિણસે તબહી,' પ્રત્યેક પદાર્થ આત્મા ઔર પરમાણુ એક રજકણ-પોંઈંટ ટૂકડા આખિરકા હૈ, ભગવાન સર્વજ્ઞ પરમાત્માને દેખા હૈ, ફરમાયા હૈ, ઐસા હૈ. દેખા હૈ, ફરમાયા હૈ, ઐસા હૈ. જૈસે શક્કર હો. તો શક્કરકો દેખનેવાલા શક્કર દેખતા હૈ, શક્કર .. હૈ ઔર શક્કર વાણી નિકલતી હૈ કિ યે શક્કર હૈ. વાણી, જ્ઞાન

ઔર શક્કર તીન પદાર્થ હૈ. ઐસે જગતમેં જૈસા પદાર્થ થા, વૈસા જ્ઞાન હુઆ, ઐસી વાણી નિકલી. મનસુખભાઈ! વાણી. ચોપડામાં મેળ કરે છે કે નહિ વાણિયા? સાંજે નામુ લખે ને નામુ? ૭૩૭.૫૦ અહીં નિકળે છે. જુઓ જોઈ કોથળીમાં. કોથળીમાં ૭૩૫.૫૦ છે. બે ક્યાં ગયા? કોણ લઈ ગયું? છોકરાને પૂછ્યું. ચાર આના ટૂટતા હોય તો વાણિયા આઠ આનાનું ગ્યાસલેત બાળે. મેળ કેમ ન મળે? કોથળીમાં આટલા, અહીં લખાણ ૭૩૭.૫૦ છે, અહીં હાથમાં ૭૩૫.૫૦ કેમ? એમ મેળ વિનાનું હોય તો મેળ કરે છે કે કોઈ લઈ ગયું છે આમાંથી.

એમ ચૌદ બ્રહ્માંડની કોથળીમાં નવ તત્ત્વો અને ષટ્ દ્રવ્ય ભગવાન સર્વજ્ઞદેવે જેવા છે એવા જોયા છે. દેખા હૈ ઐસા કહા હૈ, ઉસમેં ફેરફાર હો તો કોથળીમેં ઐસા નામામેં નહીં હૈ ઔર નામામેં હૈ ઐસા કોથળીમેં નહીં હૈ. તો ઉસકી દૃષ્ટિમેં ફર્ક હૈ. કાંતિભાઈ! ક્યાં મેળ કરવો છે? દિવાળું કાઢવું હોય ઈ મેળ ન કરે. .. લઈ લે, .. ચોપડા મૂકી દે. .. નથી, બાપા! લ્યો. દરબાર! એમ કરે છે ને? પોગતા નથી. કોણ નામા મેળવે અહીં. કારણ કે પછી માંગશે ચોપડા. શાહુકારને દરકાર છે કે કેટલી મુડી છે, કેટલું લેણું છે, કેટલું દેણું છે, કેટલા આપણી પાસે જમે છે, મેળ કરીને સાવકારીપણું રાખવું છે.

એમ જગતમાં સર્વજ્ઞ પરમાત્માએ નવ પદાર્થ, નવ તત્ત્વો-બે પદાર્થ અને એની સાત અવસ્થા (જોઈ છે). જીવ અને જડ બે પદાર્થ છે. છે તો અનંત, જાતિએ બે (છે). એમાં સાત અવસ્થા છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. વચમાં નવેની વાત કરી ગયા છીએ. એ નવ. નવ તત્ત્વ જૈસે હૈં, વૈસે અંતરકી દૃષ્ટિસે માન લે તો આત્મામેં સમ્યગ્દર્શન હો જાતા હૈ. સમજાય છે કાંઈ? ખબર ન મળે (કે) નવ કોને કહેવા? નવના આંકડાની ખબર..

શ્રીમદ્દે લખ્યું છે. મોક્ષમાળા બનાવી છે ને સોળ વર્ષે (કહે છે), નવ તત્ત્વના નામવાળા પણ કોઈ થોડા હશે. આમ આંગળીની ટેરવીએ લખ્યું છે એમાં. સોળ વર્ષની ઉંમરે. નવ તત્ત્વના અર્થ સમજનારા તો આંગળીને ટેરવે ગણીએ એટલા હશે. એક ભાઈએ ના પાડી કે એટલા પણ નહિ હોય. વાત સાચી, હોં! ક્યાંય ખબરું ન મળે. કોને કહેવો આત્મા, કોને કહેવા જડ, કોને કહેવું પુણ્ય અને ક્યાં રહેતું હશે પાપ. અને તે પુણ્ય-પાપ શું છે અને એનો અભાવ અંતરમાં કેમ થાય અને ધર્મદશા કેમ થાય, એના નામ અને અર્થની પણ ખબર ન મળે. કાંતિભાઈ! મોક્ષમાળામાં એ પાઠ લખ્યો છે.

નવ તત્ત્વના નામ કોઈ આવડતા હોય તો સરખા અને એના અર્થ તો આંગળીને ટેરવે ગણીએ એટલાને આવડતા હોય અને એનું ભાવભાસન અંદરમાં વિરલ.. વિરલ.. વિરલ ભરતક્ષેત્રમાં થઈ ગયું છે. કેમ બરાબર છે? વકીલ! ઈન્દોરના વકીલ છે. કહો, સમજાય છે કાંઈ?

યે નૌ તત્ત્વ સર્વજ્ઞ ભગવાનને કહે, ઉસમેં એક-એક દ્રવ્ય જડ ઔર ચૈતન્ય એક સેકંડકે અસંખ્યકે ભાગમેં સ્થિરતા-પદાર્થ ધ્રુવ રહતા હૈ. 'થિરતા એક સમયમેં ઠાને, ઊપજે વિણસે તબહી,' નયી-નયી અવસ્થાસે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન હોતા હૈ ઔર ઉસી સમયમેં પૂર્વકી અવસ્થાકા નાશ હોતા હૈ. અંધેરાકા નાશ, પ્રકાશકી ઉત્પત્તિ. લોહા હોતા હૈ, લોહા. કાટકા જિસ સમયમેં નાશ, ઉસ સમયમેં પ્રકાશકી ઉત્પત્તિ. ઉસી સમય લોહેકા ધ્રુવપના (રહતા હૈ).

ઐસે પ્રત્યેક પરમાણુ ઔર આત્મા, સર્વજ્ઞ ભગવાનકી વાણીમેં નિકલા કિ પ્રત્યેક વસ્તુ અપની જાત રખકર, ધ્રુવતા રખકર નયી-નયી અવસ્થા ઉત્પન્ન હોતી હૈ ઔર પુરાની નાશ હોતી હૈ. દૂસરા તત્ત્વ દૂસરેકો કુછ અંદર કર સકે ઐસા વસ્તુકા સ્વભાવ તીન કાલ તીન લોકમેં હૈ નહીં. શામજીભાઈ! બરાબર હશે આ?

અહીં આચાર્ય મહારાજ... આપણે જરી દાનનો અધિકાર છે. ઈ દાન ભગવાને કહ્યું છે. સર્વજ્ઞ પરમાત્માને દાનકા અધિકાર લિયા હૈ. ક્યા કહતે હૈં? દેખો!

सत्पात्रदान-जनितोन्नत-पुण्यराशिः
एकत्र वा परजने नरनाथलक्ष्मीः।
आद्यात्परस्तदपि दुर्गत एव यस्मात्,
आगामिकालफलदायीन तस्य किंचित्।।२०।।

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આત્માના સ્વરૂપને શુદ્ધ અખંડાનંદની દૃષ્ટિના ધર્મની ભૂમિકામાં ભાનવાળાને રાગની મંદતામાં જે લક્ષ્મી આદિનો ઉપયોગ અને શુભખાતામાં ઉપયોગ જે રાગની મંદતાનો કરે છે એને ભગવાન વ્યવહારધર્મ કહેવામાં આવે છે. વ્યવહારધર્મ. નિશ્ચયધર્મ રાગ અને પુણ્યના વિકલ્પ રહિતની અંતર દૃષ્ટિ અને લીનતામાં આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવે). એ સ્વાદ કેવા હશે? ..ભાઈ! લાડવાના સ્વાદ સાંભળ્યા છે, દૂધપાકના સાંભળ્યા છે. દૂધપાક થાય છે ને? તમારે શું કહે છે? ખીર કહે છે? હા, તમારે ખીર કહે છે, અમારે અહીંયાં દૂધપાક કહે છે. ખીરમાં ચોખા ઘણા હોય છે, દૂધ થોડું હોય છે. અને દૂધપાકમાં દૂધ ઘણું હોય અને ચોખા એક શેરમાં એક રૂપિયાભાર (હોય). એવું સાંભળ્યું છે, હોં! આપણને કાંઈ ખબર નથી, અહીં ઘણાં વર્ષ થઈ ગયા. એટલું સાંભળ્યું છે કે એક શેર દૂધમાં એક રૂપિયાના ચોખા (હોય) તો એને દૂધપાક કહેવાય. અને દૂધમાં ચોખા ઝાઝા હોય તો ખીર કહેવાય. હજી દૂધપાક ખાય તો લે. ખાય. પછી કડાયાને ... કડાયાને, ... તાવેથો હોય ને લોઢાનો, આ સ્વાદ બહુ લાગે છે. પેલો કસ તો ... એમાં ... ધૂડમાં. એ સ્વાદ એનો નથી, પ્રભુ! તને ત્યાં રાગ આવે છે, બહુ સારો, એ રાગનો સ્વાદ તને આવે છે. માને છે કે આનો સ્વાદ (આવે છે).

એમ આત્મા રાગ અને પુણ્યના વિકલ્પની રુચિ છોડી અને આત્માના સ્વભાવની દૃષ્ટિનો સ્વાદ લે ત્યારે એને રાગ વિનાનો (અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે). પેલો રાગનો સ્વાદ

છે દૂધપાકમાં, આ રાગ વિનાનો અનાકુળતાનો સ્વાદ અંદરમાં આનંદનો અનુભવ આવવો એને ભગવાન સાચો નિશ્ચય પરમાર્થ ધર્મ કહેવામાં આવે છે. બરાબર છે? એ ધર્મની ભૂમિકાના કાળમાં કહે છે કે રાગની મંદતાનો પુણ્યધર્મ થાય. ધર્મ-ધર્મ શુભ ખાતે. શુભ ખાતા તો બહુ .. વેપાર માટે નથી કરતા? શુભ ખાતુ કાઢે. અને એ પણ શુભ ખાતાનો આંકડો રાખે અને ટાણા આવે એમાં ખર્ચે. પેલા જાણે કે કંઈક ..માંથી આપ્યું છે. હોય શુભ ખાતુ, એમાંથી આપવા હોય, હોં! ...ભાઈ! વાણિયાની બધી તેવડ છે ને. ... અંદર ઠરાવવું, બહારમાં આમ મનાવવું, બીજાને આમ મનાવવું.

અહીં તો આચાર્ય આગળ કહેશે, જે કોઈ પ્રાણી લક્ષ્મી અને જે કંઈ એને સાધન મળ્યા એને દેવના પ્રસંગના કાર્યમાં કદાચિત્ લોભ કરે નહિ અને ઓછું કરે તો એમાં પાપ ઓછું થઈ ગયું. પણ શુભ ખાતાના પ્રસંગમાં જે લોભને ખેંચે છે કે આટલું નહિ, આટલું કરું ને આટલું (કરું), ગળફા ગળી ગળીને કરે, હોં! વાણિયા પચાસ-પચાસ લાખ પડ્યા હોય તો ગળફા ગણે. બે હજાર આપશું કે પાંચ હજાર આપશું? તારા વ્યાજમાં.. શાસ્ત્ર તો એમ કહે છે, જેટલી સંપત્તિની એને બાર મહિનાની આવક હોય એને ભગવાન શાસ્ત્રકાર એમ કહે છે, ઓછામાં ઓછો દસમો ભાગ તો તેને દાનમાં બાર મહિને ખર્ચવો જોઈએ. મણિભાઈ! આકરું પડે, હોં! માણસને. ચાર લાખની પેદાશ હોય તો એનો દસમો ભાગ કેટલો થાતો હશે? ચાલીસ હજાર! ચાલીસ હજાર! ચાલીસ હજાર ખર્ચવા આકરા પડે.

શાસ્ત્રકાર સ્વામી કાર્તિકની અંદર સંસ્કૃત ટીકા છે. જે કોઈ ધર્મી નામ ધરાવે.. ધર્મ નામ ધરાવવામાં મોઢાઆગળ અગ્રેસર (રહે) અને ધર્મ ખાતામાં રાગ અને તૃષ્ણા ઘટાડવાના પ્રસંગ મળે તો વિચારીને ગણી-ગણીને ગણના ગણે. પેલાને પૂછે, કેમ હશે? તમારે કેટલું ખર્ચવું છે? એ પછી ગણીને મેળ ખાય કે એટલું પણ .. ગણાય જાય, વધારે પણ લખાય ન જાય, ઓલો ઓછું લખાવે અને વધારે (લખાય ન જાય), આવા તો ગળફા બધા (ગણે). છોકરા અને છોડીના લગ્ન કરવા હોય તો ગળફા કાંઈ ગણે નહિ. બરાબર (ખર્ચે). અને એમાં વેવાઈ મળ્યો હોય સત્તાપ્રિય પ્રકૃતિવાળો સરખો. સત્તાપ્રિય સમજો છો? સત્તાવાળો બરાબર મળ્યો હોય. સરખું મોઢું ન આપે તો ... આને સાથે સગપણ કર્યું, કાંઈ મળ્યું નહિ, .... આ બધા વાણિયામાં વાતું ચાલે છે, હોં!

અહીં અચાર્ય મહારાજ કહે છે, ધર્મ ખાતામાં જે લોભ કરે એને પુણ્યનો ધર્મ પ્રગટ થતો નથી. 'જિસ મનુષ્યકે પાસ તીનોં જગતકો વશ કરનેમેં મંત્રસ્વરૂપ દાન, વ્રતાદિસે ઉત્પન્ન હુઆ ધર્મ મૌજૂદ હૈ...' અહીં તો વ્યવહારધર્મ-પુણ્યધર્મની વાત છે, હોં! નિશ્ચયની વાત તો કરી. રાગ રહિત દૃષ્ટિ થઈ છે, પછી એને પુણ્યધર્મ થાય છે. તે મનુષ્યને ઉત્તમોત્તમ ગુણ, ઉત્તમોત્તમ સુખ, બહારના, ઉત્તમોત્તમ ઐશ્વર્ય નામ મોટાઈ, 'સબ અપનેઆપ આકર વશ હો જાતે હૈ. ઈસલિયે ઉત્તમોત્તમ ગુણકે અભિલાષીઓંકો દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનના

નામ સ્મરણ ભક્તિની અંદર પોતાની લક્ષ્મી અને શરીરમાં પણ રાગ ઘટાડીને મમતા ઘટાડવી જોઈએ કે જેને લઈને પુણ્યધર્મ થઈને ભવિષ્યમાં એને ભાથું કહેવાય, બહારનું ભાથું. શામજીભાઈ! જાય છે ને? ભાથુ લઈ નથી જતા? એક ગામથી બીજે ગામ જાય તો ભાથુ લઈ જાય. થોડું. રોટલો અને દાળ (લઈ જાય). દાળ તો ન લઈ આવે, રોટલો અને આથણું (લઈ જાય). છેવટે ઢેબરા સારા, એના કરતાં સારા હોય તો પેંડા અને ગાંઠિયા (લઈ જાય). પણ કાંઈક તો લઈ જાય સાથે ભાથું. અહીંથી જાવું છે ક્યાંય? કે છે અહીં પડાવ? તંબુ તાણ્યા લાગે છે અહીં ને અહીં સદાય શાશ્વત રહેવાના. ...ભાઈ! તંબુ હોય ને તંબુ? એમાં એક સળ ઓછો પડે તો ગોઠે નહિ. ... કરે છે ને? ખેતરમાં. એવા ખીલ્લી તાણીને કર્યા હોય. એમાં ખીલ્લી કાંઈક પોચી પડી ગઈ હોય, જમની મોળી હોય તો, આ સળ કેમ પડ્યો? સળ સમજાય છે? સળ. કરચલી પડે, કરચલી પડે. સળ કેમ પડ્યો? કાંઈક ખીલ્લીમાં મોળપ હશે. એક સળ ગોઠતો નથી ...

આ શરીરના પરમાણુ પલટી જશે. સળ શું, આખા એં.. એં.. થઈ જશે. પચ્ચીસ વર્ષે હાર્ટ ફેઈલ! સાંઈઠ વર્ષવાળાને થાય, સીત્તેરવાળાને થાય. આનું તો પાતળું શરીર હતું, ... જાડાવાળાને થાય. એમ વાતું કરે પછી. ... હમણાં કાંઈક સાંભળ્યું હતું. નાની ઉંમરનો બિચારો, ચાલીસ વર્ષનો. હાર્ટ ફેઈલ. આમ નિરોગી. ... ઈ તો આયુષ્યની પૂર્ણતા થાય (તો) ઈન્દ્રને ઉપરથી ઉતારીને દેવ-દેવલાની માનતા કરીને મરી જા (તો પણ) એક સમયમાત્ર પણ આયુષ્ય વધે એવું નથી. જ્યાં-ત્યાં ફોડે છે ને માથા. ભગવાન આ આપી દે ને ફલાણું આપી દે ને કો'ક બાવો આપી દે ને કો'ક મંત્ર-જંત્ર ને કાં દોરા-ધાગા (કરે). મૂઢને કાંઈ ખબર છે? એક પાઈ પણ તારા પુણ્ય વિના મળે એવી નથી. મરી જાય તોપણ મળે એવી નથી. પેલા કહે કે મારું લેજે તને પૈસા મળશે. ધૂળેય નહિ મળે, સાંભળને! એ બધા સ્વાર્થીના પૂતળા પોતાના ગુંજા ભરવા ને માન વધારવા વાતું કરી રહ્યા છે. વિરજીભાઈ!

અહીં ભગવાન કહે છે, અરે.. ભાઈ! તને આ સંપદા મળી, એમાં જો રાગની મંદતા ન કર અને આવા દાનના અધિકાર સાંભળીને જો તને ઠીક ન લાગે... ઘુવડને સૂર્યનો પ્રકાશ સારો ન લાગે. શું કીધું? આ ઘુવડ નથી થતા? ઘુવડ. ... એને અંજવાળું ન સારું લાગે. ...પડી ગયેલો એને સૂર્યનું કિરણ લાગ્યું. એની પાસે વાગોળ આવી, વાગોળ. વાગોળ થાય છે ને? પીપળે લટકે ઊંધે માથે. વાગોળ, કાનકડિયા અને ઘુવડ, ત્રણે સરખા હોય રાતને માટે. દિવસ કોઈ દિ' ભાળ્યો ન હોય. એક વખત વાગોળ આવીને કહે છે, આ દુનિયા કહે છે કે સૂરજ છે. હેઠે પડ્યો હતો ને કાંઈક ઊનું ઊનું લાગતું હતું. ... ઊનો ઊનો હોય તો ના નહિ. પણ સૂરજ ઊનો ન હોય, સૂરજ તો ધોળો સફેદ હોય. ઊનું લાગે ને પાંખમાં? આંખે તો ભાળી નથી આમ કે સૂર્ય કેવો હોય. વાગોળ કહે છે, કાંઈક કાંઈક લાગે છે, લોકો કહે છે (એવું). મને પણ લાગે છે. મારી પાંખ ઊની થાતી હતી. ઊનો-ઊનો હોય

તો ના નહિ. નેમચંદભાઈ! આંધળે આંધળા ત્રણે. વાગોળ પણ આંધળી, કાનકડિયા પણ આંધળો અને ઘુવડ પણ આંધળો. એ ઘુવડને જેમ સૂર્યનો પ્રકાશ સારો લાગે નહિ. મનસુખભાઈ! સમજાય છે કાંઈ? આમાં કહ્યું છે. આગળ ગાથામાં કહ્યું છે.

એમ અમે રાગ અને તૃષ્ણા ઘટાડવા પુણ્ય ખાતેના શુભ ધર્મના ભાવની વાત કરીએ એ કંજૂસને-એ ઘુવડને સૂર્યપ્રકાશ સારો ન લાગે, એમ આને સારો લાગતો નથી. ભગવાન પુણ્યતત્ત્વનું વર્ણન કરે તો આ જાતનું કરે છે. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવેલું કે આનું નામ પુણ્ય કહીએ. રાગ મંદ કરીને શુભખાતામાં ભાવ કરે તો એને પુણ્યતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક સેકંડના અસંખ્ય ભાગમાં એ નવી દશા કરે, જૂની દશા જાય, ધ્રુવપણે રહે. દરેક તત્ત્વનું-જડ અને ચૈતન્યનું એવું સ્વરૂપ છે. એમ દૃષ્ટિમાં જો આવે તો એને રાગ મંદ કરી, આત્મા તદ્દન રાગ વિનાની ચીજ છે, એવી જેને દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ બેઠી. એને રાગ તૃષ્ણા ઘટાડવાનો ભાવ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**એક મનુષ્ય તો ઉત્તમ પાત્રદાનસે પૈદા હુએ શ્રેષ્ઠ પુણ્યકા સંચય કરતા હૈ ઔર દૂસરા રાજ્ય-લક્ષ્મીકા અચ્છી તરહ ભોગ કરતા હૈ,...**' ખાય-પીને લહેર કરે છે. ભોગ. અને એક લક્ષ્મીનો દયા, દાન, ભક્તિ, પ્રભાવના, પૂજામાં ઉપયોગ કરે છે. બેય ઉપયોગ તો કરે છે. '**પરંતુ ઉન દોનોંમેં રાજ્ય-લક્ષ્મીકા ભોગ કરનેવાલા દૂસરા પુરુષ હી દરિદ્રી હૈ...**' ભિખારી છે, કહે છે. કેમકે પૂર્વના પુણ્ય ખાઈ જાય છે. ભવિષ્યમાં ભિખારી થવાનો છે. અને જે આત્મા દાન, દયા, ભક્તિ માટે રાગ મંદ કરીને પુણ્યનો ભાવ કરે છે તે વર્તમાન ભલે દરિદ્ર હોય પણ ભવિષ્યમાં એ લક્ષ્મીપતિ અને રાજપતિ થવાના છે. પેલો રાંકો થશે અને પેલો રાજા થાશે. બરાબર હશે? કાંતિભાઈ!

અહીં ઈ કહે છે, જુઓ! '**આગામી કાલમેં ઉસકો કિસી પ્રકારકી સંપત્તિ આદિકા ફલ નહીં મિલ સકતા,...**' જે કોઈ દાન, પૂજા, ભક્તિ, ભગવાન સર્વજ્ઞ પરમાત્માની મૂર્તિ, એની પૂજા, એની ભક્તિ, એના મંદિર ખાતે જે આપતા... આગળ બધા લખાણ છે. આપણે તો અહીં થોડું છે ને. રાત થોડી ને વેષ જાજા, એમ કહે છે ને? લખાણ તો ઘણી જાતના હોય, કાંઈ પૂરું થાય એવું છે એમાં. એ દાન, પૂજા, ભગવાનની ભક્તિમાં અને રાગ ઘટાડે છે, કહે છે કે એની સંપત્તિ એણે લેખે લગાડી છે. અને ભોગ ખાતર ખાય ને પીવ ને લહેર કરે તે ભવિષ્યમાં ભિખારી થવાના છે.

આગળ બીજી એક વાત કહે છે. એક ફેરી નાનાલાલભાઈ હતા. ગિરનાર. પાલીતાણા નહિ પેલી કારીગરી? ગિરનાર, ગિરનાર. પહેલી વખત (સંવત) ૧૯૯૬ની સાલમાં ગિરનાર ગયા. નાનાલાલભાઈ સાથે હતા. ઉપર કારીગરી બહુ (હતી). કારીગરી એવી કે એણે એ વખતમાં કારીગરીમાં ... એવી ઝીણી ધૂળ કાઢીને આપે એટલું રૂપું એને આપે. પત્થરની કારીગરીમાંથી એને કાઢી રૂપું આપે. પછી ત્યાં ૧૯૯૬માં વાત થઈ હતી.

મુમુક્ષુ :- આબુમેં?

ઉત્તર :- આબુમેં તો હૈ, મૈં તો યહાં ગિરનારકી બાત કરતા હૂં. આબુમેં તો હૈ, હમને સબ દેખા હૈ. આબુમેં તો બહુત હૈ. વહ તો બહુત કરોડકી હૈ. યહાં તો ગિરનારમેં થોડી કારીગરી (હૈ). આબુમેં તો બડી હૈ. બહુત હૈ. ગોખલા કરે ને? દેરાણી-જેઠાણીના. એ તો ગોખલા મોટા થાય. કરોડ-કરોડના. બધું જોયું છે. હિંદુસ્તાનમાં અઢાર હજાર માઈલ જોયું છે. સમજાય છે કાંઈ? શું કહેવું છે?

ત્યારે મેં એમ કહ્યું હતું, આ પૈસા ખર્ચે ખૂટે નહિ. વગર ખર્ચે પુણ્ય ખૂટે ખૂટી જશે. ચંદુભાઈ! સમજાય છે આમાં કાંઈ? સમજમેં આતા હૈ? પ્રવીણચંદ્રજી! ક્યા કહતે હૈં? લક્ષ્મી ખર્ચે ખૂટેતી નહિ. ખૂટતે નહિકો ક્યા કહતે હૈં? ખત્મ નહીં હોતી. ખર્ચ કરનેસે ખત્મ નહીં હોતી. પરંતુ બિન ખર્ચે ભી પૂર્વકા પુણ્ય ક્ષય હો ગયા, બિન ખર્ચે ખત્મ હો જાયેગી. સમજાય છે કાંઈ? લક્ષ્મી ખર્ચે ખૂટે નહિ, બાપા! એ તો પૂર્વના પુણ્ય હોય, મળે જ. કૂવાનું પાણી હોય ને? પાણી કૂવો કાઢે છે. અહીં બોટાદ પાસે જનડાનો કૂવો છે. બોટાદ પાસે. ... સોળ સમજે? ચાર બાજુ ચાર, એમ સોળ. પાણી અગાધ. એટલું અગાધ પાણી કે એક કૂવાની .. હતી એટલો કૂવો ખોદેલો. પાણી નિકળે નહિ. એક થોડો પત્થર રહી ગયેલો ચાર તસુ. એ કૂવામાં ચાર તસુ પત્થર રહી ગયેલો. ઘણું ખોદ્યું, કાયર થઈ ગયા. ઘણાં રૂપિયા ખર્ચ્યા. ખાલી મૂકીને ચાલ્યા ગયા. એમાં કોઈ એક જાન નિકળી, જાન-આ લગ્ન. સવારે પાણી પીવા વહેલા... અંધારુ હતું. નાખ્યા ઘડા ને પાણી. પાણી ન મળે. ખાલી કૂવો હતો. પછી માથે પથરા પડ્યા હતા દસ-દસ મણના, વીસ-વીસ મણના. અંદર જાય છે, પાણી નથી આવતું. જાનવાળા અંધારે એક પથરો માર્યો, અંદર નાખ્યો. ચાર-છ તસુએ એક પત્થર રહી ગયેલો. નીચે પાણી અગાધ. ઉપરથી પથરો જ્યાં પડ્યો, પેલા પથરાના કટકા થઈ ગયા. એટલું પાણી નીકળ્યું કે ... પણ પાણી ખૂટતું નથી. સમજાય છે કાંઈ? મનસુખભાઈ! આ તો દાખલો છે. બોટાદ પાસે જનડા, જનડા. જનડાનો કૂવો એમ કહેવાય છે.

આ ભગવાન આત્મા અંદર જ્ઞાનજળ અને આનંદથી એટલો ભર્યો છે. રાગને મંદ કરતાં, કરતાં, કરતાં હાથ ન આવે. થાક્યા પછી કે આ તો આત્મામાં કાંઈ લાગતું નથી. મોહનભાઈ! આ તો પ્રત્યક્ષ બનેલી વાત છે, હોં! પ્રત્યક્ષ બનેલી વાત છે. .. પત્થરની ઓલી રહી ગયેલી. જાનવાળાએ નાખ્યો પથરો. ... તડ હતી ને, મોટો પથરો પડ્યો તડ પડી ગઈ. પાણી ઉછળ્યું એકદમ. એમ ભગવાન આત્મા સર્વજ્ઞપદના સ્વભાવથી પૂર્ણ ભર્યો છે. એને આ રાગની મંદ કરતાં, મંદ-તીવ્ર કરતાં કરતાં ઘટાડે પણ આત્મા હાથ આવે નહિ. સૂઝ પડે (નહિ), આમાં કાંઈ આત્મા હાથ આવતો નથી. એક વાર અંદરમાં રાગ અને પુણ્યના વિકલ્પથી પાર થઈ અંદરની એકાકાર જો .. જનડાના કૂવા છે. આ ૧૯૮૫ના સાલની વાત નાગ્નેશમાં કરેલી. હરજીવન માસ્તર હતા. ... કીધું, આ જનડાના કૂવા આત્મા (છે). બેહદ અંદર ચૈતન્ય-

જળ પડ્યું છે એને રોકે છે કોણ? શુભ પુણ્ય ... નથી, શુભભાવની પણ દરકાર નથી, એને તો આત્માનો પત્તો ખાય નહિ. પણ શુભભાવ કરીને તેની રુચિમાં પડ્યો છે, શલ્ય પડ્યું છે અંતર ચૈતન્યમાં પ્રવેશ કરવામાં.

એકવાર કરેડિયા કરીને.. કરેડીયાને શું કહે છે? કરેડિયા સમજતે હો? નહિ સમજતે? પુરુષાર્થ કરકે. તમારી ભાષા અમને કાઠિયાવાડીમાં આવડે નહિ. ... થોડું હિન્દી અને થોડું ગુજરાતી, એમાં કાંઈ સરખું આવડે નહિ. કમર કસકર. કમર કસકર. કરેડિયા થઈને, એમ કહે છે ને? એકવાર ચૈતન્યમૂર્તિ પ્રભુ, રાગની તીવ્રતા હો તો પાપ છે. આવો ધર્મ જે ભગવાનની પૂજા, ભક્તિમાં રાગની મંદતા (થાય તે) પુણ્ય છે. અને પુણ્યથી પાર થઈને, દૃષ્ટિમાંથી કાઢી નાખીને ... થાય, તેનો પ્રેમ છોડીને ભગવાન જ્ઞાન-જળ નિધિ ચિદાનંદ પડ્યો છે એમાં પ્રવેશ કરે તો એને શાંતિના જળનો સ્વાદ આવે. અને ખ્યાલમાં આવે કે આ પૂર્ણ શાંતિનો પિંડ જ આત્મા છે. શામજીભાઈ!

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,<br>ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

હીજડા-પાવૈયા જેવા લડવા જાય એ પાછા ફરે. ... બાપા તારા. ખબર છે ને? .. ક્યાં ગયા? ભાઈ નથી? વિરજીભાઈ ક્યાં બેઠા છે? સમજાય છે? પાવૈયા હતા જામનગરમાં. પોલીસ મોટા રાખેલા. સાહેબ! તમે પોલીસને રાખ્યા, ખર્ચ દેવો પડે. માટે અમને રાખોને. લઠ જેવા પાવૈયા હોય. હોય હીજડા. તાકાત કેવી અંદરમાં શરીરમાં. તમે નહિ કરી શકો. પણ કરશું અમે? પોલીસના લુગડા પહેરાવ્યા બરાબર. એમાં રાજાએ આવીને ગાયું વાળી. એ વખતે એવું હતું. ગાયું વાળે. ગાયને લેવા જવી જોઈએ. સામે લડવું જોઈએ, નહિતર હારી જાય. ગાયું વાળી ને ગાયું લઈને જ્યાં આવ્યા, પણ આ ગાયું જાય છે. આ સામે લૂંડ પાડવા આવ્યા. તૈયાર થાવ, હીજડાઓને કહે છે. પોલીસ રાખ્યા હતા. લઠ જેવા મોટા. પેલા સામેવાળા તો બીના. આહાહા..! આ તો ભારે જબ્બર. એમાં કોઈ નદીનો ભેડો આવ્યો. ભેડો ઉતરતા એ પાવૈયાની ભાષા બોલ્યા. એની ભાષા. ... આ તો હીજડા લાગે છે. પાછા ફરો. પાછા ફર્યા ને ભાગ્યા. .. તારા ... ગીતડા ગાઈએ, બાપા! પુરુષમાં અમારા કામ નહિ, હોં! ક્યાં ગયા? વિરજીભાઈ છે કે નહિ? વિરજીભાઈએ કહ્યું હતું. આ બેઠા. ઈ વિરજીભાઈએ જ કીધું હતું. સમજાય છે કાંઈ?

એમ જેને આત્મા.. શાસ્ત્રકાર કહે છે, વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા કહે છે, પુણ્ય-પાપ, એવી વિકારની રુચિ પડી એ અંતરમાં જવા માટે નપુંસક અને હીજડા છે. આહાહા..! કનુભાઈ! આવે છે ક્યાંય? સમયસારમાં આવે છે. સમયસારમાં બે ઠેકાણે આવે છે. લાલચંદભાઈ! સમયસારમાં અજીવ અધિકારમાં બે ઠેકાણે આવે છે. એક પુણ્ય-પાપના અધિકારમાં, એક અજીવમાં.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ફરમાવે છે, અરે..! તારું ચૈતન્યઘન અંદર આનંદકંદ પડ્યું છે. પણ તારા પુણ્યના, પાપના પ્રેમના પ્રેમાળની દૃષ્ટિમાં એ ધન તને નજર પડતું નથી. માટે કહે છે કે જેને... હજી પાપ ઘટાડીને પુણ્ય કરવા એના ભાવની તાકાત નથી, એને પુણ્યના ભાવની રુચિ છોડીને અંદરમાં જાય, કહે છે કે મોટા મોટા સામાયિકના વ્રત લે, મહાવ્રત ધારણ કરે, નામ લે, પણ એને વિકારથી પાર જઈને ચૈતન્યમૂર્તિમાં દૃષ્ટિ કરવી, એને શાસ્ત્રભાષાએ સંસ્કૃતમાં ક્લિવ કહે છે. ક્લિવ-નપુંસક-પાવૈયા છે. એને વીર્ય ન હોય. ... થાય એવું વીર્ય હોય નહિ. એને ઇન્દ્રિય જાગૃત હોય નહિ.

એમ જેને ચૈતન્યસ્વભાવ અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે, વિકારની રુચિ છોડીને અંદરમાં જતો નથી, એને આત્માનું વીર્ય ... થતું નથી. એને આત્મપ્રજા, પ્રજા એટલે આત્માની શાંતિ એવી પ્રજા, તેને-હીજડાને પ્રગટ થતી નથી. એ.. જયંતિભાઈ! આ મોટા મોટા ધારાસભાના મેંબરો એવા હશે? કરોડોપતિ, દસ-દસ હજારના પગાર મહિને-મહિને હોય. આમ કોર્ટને ધ્રુજાવતા હોય, આ કાયદે આ છે ને આ કાયદા આમ છે. સાંભળ રે.. સાંભળ! કેમ વકીલ! કહે કે નકિ કોર્ટમાં? આ કલમનું આ છે, ૩૧૦ની કલમ અહીં લાગુ પડે. ૩૧૬ની અહીં લાગુ પડે ને ઢીકણાની અહીં લાગુ પડે. આપણને કાંઈ ખબર નથી. એવી બધી વાતું છે.

અફીણનો ગુનો થયો હતો અમારા (ઉપર). ખોટો. ખોટો થયો હતો, સોળ વર્ષની ઉંમરે. ૭૦૦ રૂપિયાનો ખર્ચ (થયો). અડધો (રૂપિયો) ન આપ્યો તો ૭૦૦નો ખર્ચ (થયો). (સંવત) ૧૯૬૩ની સાલની વાત છે. ખોટેખોટો. એ પછી કંઈ વાત કરતા (હતા), આ કલમ લાગુ પડે તો આટલી (સજા થાય). અર..ર..! આ વાણિયાએ ... કોઈ દિ' સાંભળ્યું ન હોય. ખોટેખોટો, હોં! વડોદરાનો મોટો .. હતો. ત્રણ હજારનો પગારદાર. તે દિ' ૧૯૬૩ની સાલમાં. ત્રણ હજાર. એણે આમ મોઢા જોયા અને કહે આ લોકો ગુનેગાર લાગતા નથી. કોણે કર્યું છે આ? ... પછી ત્યાં આવ્યો હતો. કેસ નોંધાવેલો એ ઠેકાણે કોર્ટ આવી. વડોદરાથી પાલેજ. પાલેજમાં અમે રહેતા. આ લોકો ... કોણે આવું કર્યું છે? આ ૬૩ની સાલની વાત છે. સત્તર વર્ષની ઉંમર હતી. ... ન્યાય કરે છે.

અહીં ભગવાન કહે છે, અરે..! તને ન્યાય કરતા આવડે છે? ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકાર ગુના વિનાની ચીજ છે અંદર, એની દૃષ્ટિ અંદરમાં કોર્ટમાં જા તો તને ખબર પડે કે આત્મા ઓહો..! પૂર્ણ શાંતરસથી ભરેલો છે, પૂર્ણ નિર્વિકારી છે. એવી દૃષ્ટિ થાય તેને આવા પુણ્યધર્મના ભાવ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? કહે છે, જે પાત્રને માટે લક્ષ્મીનો ઉપયોગ કરે છે,...

**'જિસ મનુષ્યકા ધન દાનકે લિયે નહીં હૈ,...'** શરીર, ઇન્દ્રિય દમન આદિ માટે બળ નથી, **'વ્રતકે લિયે નહીં હૈ ઔર શાસ્ત્ર, ઉત્તમ શાંતિકો પ્રાપ્ત કરનેકે લિયે નહીં હૈ, ઉસ મનુષ્યકા જન્મ સંસારકે જન્મ-મરણ આદિ અનેક દુઃખોંકો ભોગનેકા કારણ**

**મરણ કે લિયે હી હૈ.**' મરી જાય છે ત્યાં જઈને. આવે છે ને મોટો? નથી? સિકંદર. સિકંદરનું નથી આવતું? 'મારા મરણ પાછળ હકીમોને ઉપડાવજો...' સારા વરખાસન બહુ ખાધા છે એણે. આવે છે એમાં. એ ગાયન ઓ છે મોટું, ભાઈ! સિકંદરને? ખાલી હાથ રાખજો, જનાજામાં. 'મારો જનાજો એ હકીમોને કંધે ઉપડાવજો'. વરખાસન ખાધા પણ ટાણા આવ્યા ત્યારે રાખી શક્યા નહિ.

(પ્રવચન અપૂર્ણ છે).



**ભાદરવા સુદ-૨, બુધવાર તા. ૨૪-૮-૧૯૬૦, આલોચના અધિકાર, ગાથા-૧ થી ૩૩, પ્રવચન-૭૮૦**

... આચાર્ય દિગંબર સંત જંગલવાસી વનવાસી હતા. ભગવાનની સમીપે આ એક આલોચના કરી છે, આલોચના. આલોચના એટલે? આત્મ સ્વભાવને જોતાં દોષનો ત્યાગ થાય તેને આલોચના કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? દોષ અને નિર્દોષતા, બેના અવલોકનમાં દોષનો ત્યાગ અને સ્વભાવનો આદર, એવી સ્થિતિને આલોચના કહેવામાં આવે છે. અધ્યાત્મ આલોચના છે. નવમો અધિકાર છે. ૨૬ અધિકાર છે એમાં આ ૯મો અધિકાર છે. ગાથા ૩૩ છે.

'**શ્રી પદ્મનંદી આચાર્યદેવ આદિ મંગળથી આલોચના અધિકારની શરૂઆત કરે** છે.'

'**અર્થ :- હે જિનેશ! હે પ્રભુ! જો સજ્જનોનું મન, આંતર તથા બાહ્ય મળરહિત થઈને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે, જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ,...**' આપ દ્વારા પ્રગટ થયેલ '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને ઈચ્છિત વિષયની પ્રાપ્તિમાં વિઘ્ન શેનું હોય?**' નિર્વિઘ્ન શરૂઆત કરતાં પૂર્ણ પ્રાપ્તિની પ્રાર્થના કરે છે. મંગળિક કર્યું, મંગળિક.

બીજી ગાથા. કુદેવને માન્યા હોય તો દેવની ઓળખાણ દ્વારા તેનું આલોચન કરે છે. '**આચાર્યદેવ સ્તુતિ દ્વારા 'દેવ કોણ હોઈ શકે તથા કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય,' તે વર્ણવે છે.**'

'**અર્થ :-હે જિનેન્દ્રદેવ! સંસારના ત્યાગ અર્થે પરિગ્રહરહિતપણું,** રાગરહિતપણું...' અસ્તિથી વીતરાગભાવપણે. પેલા બે નાસ્તિથી અને આ અસ્તિથી, '**સર્વથા કર્મોનો નાશ અને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન, એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો.**' આ દેવપદવી પ્રાપ્તની ક્રમશઃ દશા બતાવી. એ સિવાય બીજાને દેવપણું હોઈ શકે નહિ. '**પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે.**' ત્રીજો.

'**સેવાનો દૃઢ નિશ્ચય અને પ્રભુ-સેવાનું માહાત્મ્ય :-**'

'**અર્થ :- હે ત્રૈલોક્યપતે! આપની સેવામાં જો મારો દૃઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસાર રૂપ વૈરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી, કેમકે જે મનુષ્યને**

**જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહ્ન-તાપ શું કરી શકે એમ છે? અર્થાત્ કાંઈ કરી શકે નહિ.'** બધું અધ્યાત્મ ઉતાર્યું છે. વિસ્તારથી તો એકવાર ઉતરી ગયું છે. આ તો એક કલાકમાં પૂરું કરવું છે ને.

ચોથો બોલ-ચોથી ગાથા. **'ભેદજ્ઞાન દ્વારા સાધકદશા ન-'**

**'અર્થ :- આ પદાર્થ...'** ચૈતન્ય આદિ **'સારરૂપ છે અને આ પદાર્થ...'** વિકાર આદિ **'અસારરૂપ છે. એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એકચિત્ત થઈ, જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો, અબાધિત અને ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે, તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવાન! આપ જ એક સારભૂત પદાર્થ છો...'** આપ અને વીતરાગી નિર્વિકલ્પ સ્વરૂપ એક જ સારભૂત છે, એ સિવાય બીજું સારભૂત નથી. **'અને આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.'**

**'હવે આચાર્યદેવ 'પૂર્ણ સાધ્ય' વર્ણવે છે :-'** આ સાધકપણાનું વર્ણન કર્યું. સાધક. સિદ્ધ મારું સ્વરૂપ એ જ મારે આદરણીય છે અને બીજું આદરણીય નથી. હવે સાધ્ય (વર્ણવે છે).

**અર્થ :- 'હે જિનેશ્વર! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે, સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે, આપને અનંત સુખ અને અનંત બળ છે તથા આપની પ્રભુતા નિર્મલતર છે, વળી આપનું શરીર...'** તીર્થંકરનું શરીર વર્ણવવું છે ને. પરમ ઔદારિક હોય છે, પરમ ઔદારિક. **'દેદીપ્યમાન છે;...'** પરમાત્મ સ્વભાવ આપનો દેદીપ્યમાન છે અને શરીર પણ આપનું દેદીપ્યમાન છે. એવી સ્થિતિ દેવને હોય, આવા દેવ સિવાય બીજાને હોઈ શકે નહિ. **'તેથી જો યોગીશ્વરોને સમ્યક્ યોગરૂપ નેત્ર દ્વારા આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું? શું ન દેખી લીધું? તથા તેઓએ શું ન પ્રાપ્ત કરી લીધું? અર્થાત્ સર્વ કરી લીધું.'**

છઠ્ઠો. **'પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન :-'** પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન.

**અર્થ :- 'હે જિનેન્દ્ર! આપને જે હું ત્રણ લોકના સ્વામી માનું છું. આપને જ જિન અર્થાત્ અષ્ટ કર્મના વિજેતા તથા મારા સ્વામી માનું છું. માત્ર આપને જ ભક્તિપૂર્વક મનસ્કાર કરું છું. સદા આપનું જ ધ્યાન કરું છું, આપની જ સેવા અને સ્તુતિ કરું છું અને કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું? જો કંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.'** અધ્યાત્મ આલોચના (છે). આ તો સંત મુનિ જંગલમાં હતા. દિગંબર મુનિ ભાવલિંગી સંત .. વિચરતા હતા. એમણે આ ભગવાનને સાક્ષી રાખીને (આલોચના કરે છે).

**'હવે આચાર્યદેવ 'આલોચના'નો આરંભ કરે છે :-'** આ તો હજી ભૂમિકા બાંધી. સર્વજ્ઞ આવા હોય અને સર્વજ્ઞ પ્રાપ્તિનો ક્રમ આવો હોય. હવે આલોચના શરૂ કરે છે.

**અર્થ :- 'હે જિનેશ્વર! મેં ભ્રાંતિથી મન, વચન અને કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યાં છે, સ્વયં કર્યા છે અને પાપ પરનારા અન્યોને અનુમોદ્યા છે તથા તેમાં મારી સંમતિ આપી છે. વળી વર્તમાનમાં હું મન, વચન અને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું અને પાપ કરનારા અન્યોને અનુમોદું છું, તેમ જ ભવિષ્યકાળમાં હું મન, વચન અને કાયા દ્વારા અન્ય પાસે...'** ... **'અન્ય પાસે પાપ કરાવશી, સ્વયં પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ-તે સમસ્ત પાપની આપની પાસે...'** ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા પાસે સમીપ બેસીને **'નિંદા-ગર્હા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.'** ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાની સમીપમાં બધા પાપોનું ... થાય છે. એનું નામ અહીંયાં આલોચના કહેવાય છે.

આઠમી. **'આચાર્યદેવ 'પ્રભુની અનંત જ્ઞાન-દર્શન શક્તિ વર્ણવતાં આત્મ-શુદ્ધિ અર્થે આત્મનિંદા કરે છે :-'**

**અર્થ :- 'હે જિનેન્દ્ર! જો આપ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રિકાલગોચર અનંત પર્યાયોયુક્ત લોકાલોકને સર્વજ્ઞ એક સાથે જાણો છો તથા દેખો છો, તો હે સ્વામિન્! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા? અર્થાત્ અવશ્યમેવ આપ જાણો છો;...'** લ્યો, પાપને ભગવાન જાણતા હશે? પાપ-પુણ્ય પર્યાય બધાની? દોષી જાણતા હશે બધાને? **'તેથી હું આત્મનિંદા કરતો કરતો...'** સ્વભાવ સન્મુખ વિકારના અભાવને કરતો કરતો **'આપની પાસે સ્વદોષોનું કથન (આલોચન)...'** દોષનો ત્યાગ **'કરું છું; અને તે કેવળ શુદ્ધ અર્થે જ કરું છું.'**

**'હવે આચાર્યદેવ ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્ય રહિત રાખવાનો બોધ આપે છે :-'**

**અર્થ :- 'હે પ્રભો! વ્યવહાર નયનો આશ્રય કરનાર અથવા મૂલગુણ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને...'** ભાવલિંગી સંત છે. **'જે દૂષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે,...'** ખ્યાલમાં છે **'તે દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાને આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમ કે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાના માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય-એ ત્રણ શલ્ય રહિત જ રાખવા જોઈએ.'** આ ત્રણ શલ્યનું આલોચન.

**'સ્વભાવની સાવધાની :-'** આ નવું આવ્યું છે એમાં મથાળા બાંધ્યા છે. નવું છે ઈ? ... હમણાં ખબર પડી.

**અર્થ :- 'હે ભગવાન! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ**

પ્રગટ તથા અપ્રગટ નાના પ્રકારના વિકલ્પો સહિત હોય છે.' વિકલ્પ નામ પુણ્ય-પાપના ભાવ, શુભાશુભભાવ.'વળી એ જીવ જેટલા પ્રકારના વિકલ્પો સહિત છે. તેટલા જ વિવિધ પ્રકારના દુઃખો સહિત પણ છે. પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી; તેથી તે સમસ્ત અસંખ્યાત લોકપ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.' જ્ઞાતા-દ્રષ્ટામાં ઢળવાથી જ એ બધા પુણ્ય-પાપના વિકલ્પોનો નાશ થાય છે. ગણી-ગણીને નાશ કરાતો નથી, એમ કહે છે. આ પાપ-પુણ્યના .. છોડું છું. સ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટામાં ઢળતાં અસંખ્ય પ્રકારના વિકલ્પોનો નાશ થાય છે.

'પરથી પરાઙ્ગમુખ થઈ સ્વની પ્રાપ્તિ :-' અગિયારમો શ્લોક.

અર્થ :- 'હે દેવ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત, સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા, ક્રોધાદિ કષાયરહિત, શાંત, એકાંતવાસી ભવ્ય જીવ, બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઈન્દ્રિયોને પાછા હઠાવી અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાંનિધ્ય (સમીપતા)ને પ્રાપ્ત કરે છે.' વિકારરહિત સ્વભાવની સમીપ આલોચન કરતાં અંતરમાં ... વિકારનો નાશ થાય છે.

'સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ-મોક્ષની પ્રાપ્તિ :- '

અર્થ :- 'હે અર્હત્ પ્રભુ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલા મહા પુણ્યથી જે મનુષ્ય, ત્રણ લોકના પૂજાર્હ (પૂજાને યોગ્ય) આપને પામ્યો છે તે મનુષ્યને, બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અલભ્ય એવું ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે. હે નાથ! હું શું કરું? આપનામાં એક ચિત્ત કર્યા છતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોઢે છે, એ મોટો ખેદ છે.' અંતર જ્યાં એકાગ્રતા કરવા જાઉં છું ત્યાં પર્યાયમાં જરી અસ્થિરતા થાય છે. આ એનું આલોચન અને એનો ત્યાગ કરવા માંગુ છું.

'મોક્ષાર્થ વીર્યનો વેગ :-'

અર્થ :- 'હે જિનેશ! આ સંસાર નાના પ્રકારના...' નાના એટલે અનેક પ્રકારના. 'દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે,...' સંપૂર્ણ .. ખુલાસો કર્યો. 'તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે...' મુનિ પોતે કહે છે 'સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો, તપોવન (તપથી પવિત્ર થયેલી ભૂમિ)માં વાસ કર્યો, સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યા, હજી સુધી તેવાં દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ સિદ્ધિ (મોક્ષ)ની પ્રાપ્તિ ન થઈ, કેમ કે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે.' માટે કેવળજ્ઞાન થતું નથી, એમ કહે છે. સ્વદ્રવ્યમાં રમતું નથી. જેટલો બાહ્ય પદાર્થના લક્ષે વિકલ્પ (ઊઠે) છે, જ્યાં ત્યાં ભટક્યા કરે છે, તે જીવ જ્ઞાનસ્વરૂપી આત્માનું... આત્માનું શું સ્વરૂપ એ વર્ણવ્યું.

**'જ્ઞાનસ્વરૂપી આત્માને વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુળ કર્યા કરે છે, જે ઇન્દ્રિયરૂપી ગામને વસાવે છે (અર્થાત્ આ મનની કૃપાથી ઇન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર છે, (અર્થાત્ મન આત્મારૂપ ગૃહમાં કર્મોને સદા લાવે છે), તે મન જ્યાં સુધી જીવિત રહે છે ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે! અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ.'** મનાતીત થઈને સ્થિર થાય ત્યારે કલ્યાણ થાય. મનનો જેટલો સંબંધ છે તેટલું બંધનું કારણ છે. મુનિઓને પણ હોય છે.

પંદરમી. **'મોહના નાશ માટે પ્રાર્થના :-'**

**અર્થ :- 'મારું મન, નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં...'** અહીં તો વાત આત્માની અંદર છે, હોં! ભગવાનનું નિમિત્તથી કથન છે. દિગંબર સંતોના કથનો બધા અધ્યાત્મ અને સ્વઆશ્રયે છે. વ્યવહારનો ક્યાંક વિકલ્પ ઊઠે તેનું કથન કરે. પણ અંતરમાં ચૈતન્ય આનંદકંદની વાતું મુખ્યપણે બધે ઠેકાણે વર્ણવી છે. આ પંચમઆરાના મુનિ વનમાં-જંગલમાં વસતા. પણ ભગવાન જાણે સામે બેઠા હોય (એવી રીતે વર્ણન કરે છે). આત્મા સામો છે ને, દૃષ્ટિમાં સામો (છે). હું પૂર્ણાનંદ પ્રભુ છું, એવી દૃષ્ટિના સમીપમાં આત્મા છે. એના દોષનું આલોચન કરીને દોષનો અભાવ કરવા માગે છે.

પ્રભુ! **'મારું મન, નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આત્મામાં લગાવ્યા છતાં પણ, મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે, આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે.'** મન ઘૂમ્યા કરે છે. મનને એમ છે કે જો અંદરમાં જઈશ તો મને મારી નાખશે. અંતરમાં જઈશ તો મનને મારી નાખશે. માટે બહાર ભમું તો જીવતો તો રહું. નવનીતભાઈ! વિકલ્પ જે બહારમાં ભમે છે ત્યાં ટકી તો રહું. અંદરમાં (જશે) તો મારી નાખશે વિકલ્પને. માટે મારે જીવવું છે એટલે ફરી રહ્યો છે. **'સમસ્ત બાહ્ય પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે.'**

**'હે સ્વામિન્! તો શું કરવું? કેમકે આ જગતમાં, મોહવશાત્ કોને મૃત્યુનો ભય નથી? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.'** સ્વભાવ સન્મુખ થઈને તેનો નાશ કરું. એને ભગવાન નષ્ટ કરે એમ કહેવા માગે છે.

**'સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે. એમ આચાર્ય દર્શાવે છે :-'**

**અર્થ :- 'જ્ઞાનાવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે.'** દ્રવ્યથી વાત લીધી છે. **'એ મોહના પ્રભાવથી...'** મારી પર્યાય એના તરફ ઢળે છે તે મોહનો પ્રભાવ છે એમ આરોપથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લખાણની શૈલી ક્યા નયની હોય એ સમજે નહિ (પછી) ઊંધા મારે. કર્મ દ્રવ્ય કંઈ આત્માને પ્રભાવ પાડતું

હશે? જડ કર્મની પર્યાય આત્માને પ્રભાવ પાડે? બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? લીધું છે જડ કર્મ, હોં! **'એ મોહના પ્રભાવથી...'** મારા પ્રભાવથી હોય કાંઈ વિકાર, એમ કહે છે. .. સહજાનંદની મૂર્તિ (છે), એના પ્રભાવથી વિકાર હોઈ શકે નહિ. આ તો નિમિત્તના લક્ષે થયો, નિમિત્તના પ્રભાવથી થયો એમ કહેવામાં આવે છે. **'અત્યંત બળવાન કર્મ છે. એ મોહના પ્રભાવથી આ મન જ્યાં ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે અને મરણથી ડરે છે.'**

**'જો આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે યા ન તો કોઈ મરે, કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે, તે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ જ દેખ્યું છે.'** પર્યાયની અપેક્ષાએ અનેક પ્રકાર (છે), વસ્તુ અપેક્ષાએ તો એક જ સ્વરૂપ છે. **'દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહિ,...'** દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ એકરૂપ છે, પર્યાયની અપેક્ષાએ અનેકરૂપ આપે જોઈ છે. **'તેથી હે જિનેન્દ્ર! આ મારા મોહને જ સર્વથા નષ્ટ કરો.'** લ્યો, ભગવાન નષ્ટ કરો, એમ કહે છે. એટલે હું નષ્ટ કરું એમ ભગવાનને કહે છે. કથનની શૈલી-વાણી એવી હોય છે, વ્યવહારનયની પ્રધાનતાથી.

મુમુક્ષુ :- ભગવાનની પાસે..

ઉત્તર :- ભગવાનની સ્તુતિમાં એમ જ કહે ને, હે નાથ! આપ ઉગારો, તારો પ્રભુ! હવે તારો. ... અવાજ તો આત્મા ઉપર છે. હે આત્મા! હવે રાગને ટાળીને તરી જા. એ વિના તારો કોઈ ઉપાય છે નહિ.

**'પર સંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી, એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના :-'**

**અર્થ :- 'વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળલહરીઓના સમૂહ સમાન, સર્વ કાળે તથા સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણ માત્રમાં વિનાશી છે. એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી, આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપર (પ્રવૃત્તિ)થી રહિત થઈ, હે જિનેન્દ્ર! આપના નિર્વિકાર પરમાનંદમય પરમબ્રહ્મસ્વરૂપમાં સ્થિત થવાને ઈચ્છા કરે છે.'** ઈચ્છે છે. સ્વરૂપમાં ઠરવાની ઈચ્છા-ભાવના કરે છે. રાગમાં રહેવાની મારી ભાવના છે નહિ. અલ્પ અસ્થિરતા આવી જાય (પણ) ભાવના એની નથી. ચૈતન્ય જ્ઞાતા આનંદમાં ઠરું એ મારી ભાવના છે.

**'શુભ અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના :-'**

**અર્થ :- 'જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ નાના પ્રકારના દુઃખોને અનુભવે છે, જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે;...'** આ ચોખ્ખું આલોચનામાં કહે છે. આ સમ્યક્દષ્ટિ મુનિ છઠ્ઠે ગુણસ્થાને એ પણ કહી રહ્યા છે. **'જે સમયે શુભ ઉપયોગ**

**વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે; અને તે પુણ્યથી જીવને સુખ...'** અનુકૂળ સંયોગની પ્રાપ્તિ **'થાય છે.'** એમ. સુખ એટલે અનુકૂળ સંયોગ. અંદર સુખની નહિ. સમજાણું કાંઈ?

**'તે બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બંનેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે.'** શુભ અને અશુભ, બેય પરિણામથી-ઉદયભાવથી સંસાર જ ઉત્પન્ન થાય છે. આવી વાત સીધી પણ હજી શ્રદ્ધામાં બેસાડતા વાર લાગે છે, કઠણ પડે છે કે આ નહિ. પુણ્ય તો ખરું, પુણ્ય તો ખરું. શુભભાવ તો સંવર અને નિર્જરા પરંપરાનું કારણ (છે). કહે છે, કર પ્રાયશ્ચિત હવે આ સમજીને. શુભ અને અશુભભાવથી તો સંસારની ઉત્પત્તિ છે. ભગવાન ચૈતન્યના આનંદની ઉત્પત્તિથી શાંતિની પ્રાપ્તિ છે. **'અર્થાત્ એ બંનેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિંતુ શુદ્ધોપયોગથી...'** લ્યો, શુદ્ધઉપયોગથી ચૈતન્ય પરમાનંદના શુદ્ધ વેપારથી ... **'અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે.'**

**'હે અર્હત્ પ્રભો! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો, પણ હું એ શુદ્ધોપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઈચ્છું છું.'** સ્વરૂપમાં જે દૃષ્ટિમાં આત્મા આવ્યો એમાં હું ઠરવા માંગુ છું અને જે રાગાદિ થાય એનો અભાવ કરી સ્વરૂપમાં ઠરવા માંગુ છું, નિવાસ કરવા માંગુ છું. જુઓ! આ આલોચનમાં આ વાત લીધી સત્ય વાત.

૧૯. **'આત્મસ્વરૂપનું નાસ્તિથી અને અસ્તિથી વર્ણન :-'**

**'અર્થ :- જે આત્મસ્વરૂપ-જ્યોતિ,...'** જે આત્મસ્વરૂપ-જ્યોતિ **'નથી તો સ્થિત અંદર...'** એટલે નથી તે મનમાં, કર્મ, શરીરમાં **'કે નથી સ્થિત બાહ્ય,...'** કે નથી બાહ્યમાં. **'તથી નથી તો સ્થિત દિશામાં...'** કોઈ દિશામાં આત્મા નથી, એ તો એના અસંખ્ય પ્રદેશના સમૂહમાં છે. **'નથી સ્થિત વિદિશામાં; તેમ જ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ;...'** ભગવાન આત્મા સ્થૂળ પણ નથી અને સૂક્ષ્મ પણ નથી. એ પરમાણુને લાગુ પડે. **'તે આત્મજ્યોતિ નથી પુલિંગ,...'** એ ચૈતન્યજ્યોત નથી પુરુષ લિંગે, **'નથી સ્ત્રીલિંગ કે નથી નપુંસકલિંગ પણ;...'** આ વેદના વિકારની કરે છે આલોચના. વેદનો વિકાર જે ઉદય થાય, પ્રભુ! એ મારા સ્વભાવમાં નથી, હોં! એ મારું સ્વરૂપ નથી. કેમ કે આત્મામાં ત્રણ લિંગ અને વેદના વિકારનો જ અભાવ છે.

**'વળી તે નથી ભારે કે નથી હલકો,...'** આત્મસ્વરૂપ-જ્યોતિ. **'તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, સંખ્યા,...'** આ સંખ્યા એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, દસ. એવી સંખ્યા પણ આત્મામાં છે નહિ. **'વચન,...'** આત્મામાં વચન નથી.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- આ અત્યારની વાત ચાલે છે, ક્યારથી શું? વાણી આત્મામાં કેવી? આત્માની ખાણમાં તો અનંત જ્ઞાન, આનંદ પડ્યો છે. વાણી તો જડ છે, એની ખાણમાં છે નહિ.

'**વર્ણથી રહિત છે, નિર્મળ છે અને સમ્યગ્જ્ઞાનદર્શનસ્વરૂપ મૂર્તિ છે;...**' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનસ્વરૂપ પ્રભુ આત્મા છે. '**તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું,...**' તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું. '**કિંતુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિથી હું ભિન્ન નથી.**' એનાથી જુદો નથી. પહેલાં કહ્યું એનાથી જુદો (છું). કર્મ, શરીર, વાણી, મન, વિકલ્પ આદિથી. પણ ચૈતન્યસ્વરૂપ જ્યોતિથી હું ભિન્ન નથી. અસ્તિ-નાસ્તિથી વાત કરી. પરથી ભિન્ન અને મારા સ્વભાવથી અભિન્ન. બધાથી આત્મા ભિન્ન. .. આદિ ત્રિકાળ સ્વભાવથી નહિ. ... ભિન્ન. જુઓ! આ ભેદજ્ઞાન. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રવંત મુનિ આ રીતે આત્માની અંદર આલોચના કરી રહ્યા છે.

'**ત્રિકાળી આત્માની શક્તિ :-**'

'**અર્થ :- હે ભગવાન! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વૈરી એવા દુષ્ટ કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો છે,...**' મારા સ્વરૂપમાં અને આપના સ્વરૂપમાં ભેદ છે નહિ. પણ કર્મના નિમિત્તના લક્ષે ઉપાધિ, ... આપ અને મારામાં ભેદ પાડ્યો છે. દુશ્મનને સંગે ચડ્યો તો આત્મા સજ્જનથી જુદો પડી ગયો, એમ કહે છે. '**પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ,...**' આ કર્મ અને આત્મા, બે દ્રવ્ય જુદાં મારા જ્ઞાનમાં આવે છે, એમ કહે છે. ખડા છીએ. આ ચૈતન્યપ્રભુ અને આ જડ બીજી ચીજ, જે મારામાં નથી. બેય ખડા છીએ.

'**તેથી તે દુષ્ટ કર્મને હઠાવી દૂર કરો; કેમ કે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે અને દુષ્ટોનો નાશ કરે.**' પ્રભુ અવતરે ત્યારે કહે છે ને, રાક્ષસોને મારે અને ભક્તોને સહાય કરે. એ નહિ. આ આત્મા સજ્જન છે એની વાત છે. આત્માનો એવો સ્વભાવ છે. સજ્જન નામ સત્ જન અંતરના અનંત ગુણોનો સમાજ, એની રક્ષા કરે અને દુષ્ટ નામ વિકારનો એ નાશ કરે. એ સજ્જનોનું કર્તવ્ય છે. કહો, સમજાણું કાંઈ આમાં? પેલા કહે ને, ભગવાન આવીને ભક્તોની ભીડ ભાંગે અને રાક્ષસોને (મારે). એ રાક્ષસ અને ભગવાન પોતે ને પોતે છે. હે સત્જન આત્મા! તારા અનંત ગુણનો સમાજ, એની રક્ષા તું કર અને વિકાર તે રાક્ષસ સમાન છે તેનો નાશ કર. એ સજ્જનોના આવા લક્ષણ અને કર્તવ્ય છે. કહો, સમજાણું?

૨૧. '**આત્માનું અવિકારી સ્વરૂપ :-**'

'**અર્થ :- હે ભગવન્! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળાં આકાશમાં હોવા છતાં પણ, જેમ આકાશના સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકતાં નથી,..**' જુઓ! આત્માના સ્વરૂપની સાથે આકાશને મેળવે છે. '**તેમ આધિ,...**' મનના વિકલ્પો, '**વ્યાધિ,...**' શરીરનો રોગ '**જરા, મરણ આદિ...**' શરીરની અવસ્થા આદિ '**પણ**

**મારા સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી,...'** વાદળાઓ, એના આકાર અને વિકાર આકાશને કાંઈ શકતા નથી. એમ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ કારણપ્રભુ, એને આ વિકાર ને આધિ, વ્યાધિ કાંઈ પણ દૂષણ કરી શકતા નથી. **'કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી, કેમકે એ સર્વ શરીરના વિકાર છે.'** એ આધિ, વ્યાધિ ને બધા શરીરના વિકાર છે. મનના સંકલ્પ, વિકલ્પ પણ બધા કાર્માણશરીરનો વિકાર છે. મારું નહિ. મારા ચૈતન્યનું ફળ એ નહિ. બેને જુદાં કરીને હું મારા આત્મામાં ઢળવા માંગુ છું. **'જડ છે; જ્યારે મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે.'**

૨૨. **'અર્થ :- જેમ માછલી પાણી વિનાની ભૂમિ પર પડતાં તરફડી દુઃખી થાય છે. તેમ હું પણ (આપની શીતલ છાયા વિના)...'** અંદરના નિર્વિકલ્પ શાંતિ અને આનંદ વિના **'નાના પ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળી ઝળી રહું છું.'** રાગમાં આવું છું તો બળી-ઝળી રહું છું એમ કહે છે. શીતળ ભગવાન આત્મામાં રહું છું ત્યારે શીતળતા છે. બહાર આવ્યો ને વિકલ્પ ઉઠ્યો પુણ્ય-પાપનો (એમાં) સળગી રહ્યું છું, કહે છે. **'બળી ઝળી રહું છું.'**

**'જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ...'** આત્માનો કરુણારસપૂર્ણ વીતરાગી ... **'અત્યંત શીતલ ચરણોમાં પ્રવિષ્ટ (પ્રવેશેલું) રહે છે ત્યાં સુધી હું પણ સુખી રહું છું.'** આત્મા નિર્વિકલ્પ શાંતિમાં રહે ત્યાં સુધી સુખી અને વિકલ્પ ઉઠ્યો દયા, દાન કે કામ, ક્રોધનો એ દુઃખી. પેલા કહે, એ બધાં સાધન છે. શુભભાવ એ સાધન છે. અહીં કહે છે, ના, ના. બહાર નિકળું છું ત્યાં દુઃખી થાઉં છું. જેમ એ માછલી પાણીમાંથી બહાર નીકળે (તો) તરફડે. વેળુમાં આવે તો તરફડે તો અગ્નિમાં તો શું થાય? એમ શુભભાવમાં આવે તો દુઃખ થાય, તો અશુભની શું વાત કરવી? એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભ પરિણામ થાય તો પણ આકુળતા છે, તો અશુભ પરિણામ, જેમ એ માછલી વેળુમાં આવે-એ શુભભાવમાં આવ્યું, અને અગ્નિમાં આવે એ અશુભમાં આવ્યું, એમ ઉપમા. એમ ચૈતન્યપ્રભુ વીતરાગી વિજ્ઞાનઘન શુભમાં આવે (તો) તરફડું છું, દુઃખી છું. અશુભમાં વધારે દુઃખી છે. સમજાણું કાંઈ?

**'હે નાથ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળે કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે.'** શુભભાવમાં બળે છે એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. .. કોણ કરતું'તું? ક્યાં? ક્યાં જાય અને ક્યાં આવે? ચૈતન્ય ભગવાન શાંતરસનો ફુવારો, એ ફુવારો છે. આવી ગયું ને? શીતળ ઘરમાં એક તો

ફુવારો હોય અને શીતળ ઘર હોય. ઠંડી, ઠંડી. એને જેઠનો તાપ ન લાગે. તેમ ભગવાન આત્મા શીતળસ્વરૂપ અને એમાં આશ્રય કરીને સ્થિર થયો એને કષાયના ઉદયો આતાપ આપી શકે નહિ. શીતળતા ...

**'હે ભગવાન! મારું મન, ઈન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે.'** જુઓ! અહીં બધું સિદ્ધ કરતા જાય છે. મન હોય, ઈન્દ્રિય હોય, ચૈતન્ય છે પણ અહીં સંબંધ કરે છે, એ બધું વીતરાગમાર્ગમાં જ હોય, બીજે હોઈ શકે નહિ. **'તેથી નાના પ્રકારના કર્મો આવી...'** વળી કર્મ આવી, પાછા. વિકાર... **'મારા આત્મા સાથે બંધાય છે; પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સદાકાલ સર્વ ક્ષેત્રે જુદો જ છું તથા તે કર્મો આપના ચૈતન્યથી જુદા જ છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો;...'** રાગ અને આત્માને ભિન્ન પાડવામાં ભેદજ્ઞાન જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. રાગાદિ, શુભાદિ, નિમિત્ત કોઈ કારણ નથી. **'તેથી હે શુદ્ધાત્મન્! હે જિનેન્દ્ર! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.'** આપમાં જ છે. ચૈતન્યમાં જ ખરેખર મારી સ્થિતિ જામી ગઈ છે.

૨૪. **'ધર્મીની અંતર્ભાવના :-'**

**'અર્થ :- હે આત્માન્! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ; તારે નથી તો દ્રવ્યથી (લક્ષ્મીથી) પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન તથા ઈન્દ્રિયોથી પણ કાંઈ કામ નથી. તેમ જ (દશ) પ્રાણોથી પણ પ્રયોજન નથી;...'** દસ પ્રાણ છે ને નીચે? મનની પણ મારે જરૂર નથી, એમ કહે છે. ... **'નાના પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી, કેમ કે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે.'** વિકલ્પો પુણ્ય-પાપ બધા જડ દ્રવ્યની દશા છે. આત્માના મૂળ સ્વરૂપમાં એ છે નહિ.

**'વળી તારાથી ભિન્ન છે તોપણ, બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે, તેથી શું તું દઢ બંધનથી બંધાઈશ નહિ? અવશ્ય બંધાઈશ.'** પુણ્ય-પાપનો આશ્રય લઈશે તો નવીન બંધન થયા વિના રહેશે નહિ. અબંધ સ્વભાવી ભગવાનનો આશ્રય લઈશ તો અબંધ પરિણામ ઉત્પન્ન થશે.

૨૫. **'ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ :-'**

**'અર્થ :- ધર્મદ્રવ્ય,...'** ધર્મદ્રવ્ય એટલે એક ધર્માસ્તિ પદાર્થ છે, હોં! **'અધર્મદ્રવ્ય,...'** એટલે અધર્માસ્તિ નામનો પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં છે. **'આકાશદ્રવ્ય,...'** લોકાલોક વ્યાપક છે. **'કાલદ્રવ્ય...'** લોકમાં અસંખ્ય પ્રદેશી એક એક દ્રવ્ય અસંખ્ય પડ્યા છે. **'આ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતાં નથી; કિંતુ એ ચારે દ્રવ્યો, ગતિ, સ્થિતિ આદિ કાર્યોમાં મન સહકારી છે, તેથી મારા સહાયક થઈને જ રહે છે;...'** મને

સહાયક થઈને રહે છે. ... હું ગતિ, સ્થિતિ કરું તો મને સહાય આપે છે, એમ કહે છે.

'**પરંતુ નોકર્મ (ત્રણ શરીર, છ પર્યાપ્તિ)...**' આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. '**અને કર્મ જેનું સ્વરૂપ છે, એવું તથા સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ મારું વૈરી છે,...**' નિશ્ચયથી તો વૈરી વિકાર છે. પણ વિકાર અને નિમિત્તને ભેગા ગણીને કર્મને વેરી કહેવામાં આવે છે. ચિદ્વિલાસમાં આવે છે ને? ભાઈ! નિશ્ચયથી જે જેનો વેરી એનામાં હોય, પરમાં હોઈ શકે નહિ. પણ અહીં તો બે દ્રવ્યદૃષ્ટિથી કથન છે ને. બેને જુદા પાડ્યા ફડાક દઈને. હું વેરી નહિ એટલે કર્મ વેરી છે, પ્રભુ! હવે એને મારવાને તૈયાર ... '**બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ મારું વૈરી છે, તેથી આ સમયે મેં તેના ભેદવિજ્ઞાનરૂપ તલવારથી...**' લ્યો, આ વેરી છે. '**ખંડખંડ ઊડાવી દીધા છે. (ખરો વૈરી તો પોતાનો અશુદ્ધભાવ છે).**' એ તો આપણે લખ્યું છે. ભાઈ! અશુદ્ધભાવ એનું નામ નિમિત્ત છે, એનો નાશ થયો એટલે કર્મ નાશ થયા વિના રહે નહિ. ૨૫ થઈ.

૨૬. '**અર્થ :- જીવોના નાના પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ અને કાલ-એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી, તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઊભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઈચ્છા રાખનાર સજ્જનોએ...**' સત્ જનોએ, સત્‌ના જનોએ '**તે રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.**'

૨૭. '**આનંદસ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન :-**' આનંદસ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન.

'**અર્થ :- હે મન! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો છે તેમનામાં રાગ-દ્વેષસ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોકટ બાંધે છે? જો તું આનંદરૂપ જલના સમુદ્રમાં શુદ્ધાત્માને પામી તેમાં નિવાસ કરીશ, તો તું નિર્વાણરૂપ વિસ્તીર્ણ સુખને અવશ્ય પ્રાપ્ત કરીશ.**' જરૂર પ્રાપ્ત કરીશ. '**એટલા માટે તારે આનંદસ્વરૂપ શુદ્ધ આત્મામાં જ નિવાસ કરવો જોઈએ અને તેનું જ ધ્યાન તથા મનન કરવું જોઈએ.**'

૨૮. '**અર્થ :- હે જિનેન્દ્ર! આપના ચરણકમળની કૃપાથી...**' આપના ચરણકમળની કૃપા એટલે વીતરાગના ચરણકમળ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ એના ચરણકમળ છે. '**પૂર્વોક્ત વાતોને સમ્યક્પ્રકારે મનમાં વિચારી...**' ... '**જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે તે જ સમયે, તેને દોષિત બનાવવાને ભયંકર વૈરી સામા પલ્લામાં હાજર છે.**' બે ત્રાજવા. એક ત્રાજવે જ્યાં આમ તોળવા જાઉં-અંદરમાં સ્થિર

(થવા જાઉં છું), ત્યાં બીજે ત્રાજવે વિકલ્પ-રાગ ઊઠે છે. **'હે ભગવાન! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.'** જ્ઞાતા-દૃષ્ટા એક સાક્ષી છે કે આ રાગ પર અને મારું સ્વરૂપ ભિન્ન છે. એમ એનો સાક્ષી તો ભગવાન આત્મા જ છે. એ સાક્ષીપણે બેને જુદા ભાસીને બે જુદા પડી જાય છે.

**'હવે વિકલ્પસ્વરૂપ ધ્યાન તો સંસારસ્વરૂપ છે...'** જુઓ! વિકલ્પરૂપ ધ્યાન પણ સંસારસ્વરૂપ છે. વિકલ્પરૂપ (અર્થાત્) રાગ-દ્વેષ યુક્ત, વિકાર યુક્ત. નિર્વિકારી આત્માનું.. શું લખ્યું છે? ક્યાં લખ્યું છે? બીજું છે. વિકલ્પરૂપ ધ્યાન સંસાર છે. બીજી તો વાત શું કરવી? આત્માના ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પમાં પડ્યો એ પણ સંસાર છે. આહાહા..! **'અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે :-'**

**'અર્થ :- દ્વૈત (સવિકલ્પ ધ્યાન) તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે અને અદ્વૈત...'** ચૈતન્યમૂર્તિમાં ગુણ-ગુણીનો ભેદ ઊઠે. હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, એવો વિકલ્પ ઊઠે એ સંસાર છે, ઉદયભાવ છે. **'અને અદ્વૈત (નિર્વિકલ્પ ધ્યાન)...'** સ્વરૂપની અંદરમાં જ્ઞાનની એકાગ્રતાની લીનતા, એ **'મોક્ષસ્વરૂપ છે.'** મોક્ષસ્વરૂપ જ છે એમ કીધું છે એને. જ્ઞાનને મોક્ષસ્વરૂપ કહી દીધું.

**'સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થતી અંત (ઉત્કૃષ્ટ) દશાનું આ સંક્ષેપથી કથન છે.'** શું કહ્યું? આ સર્વજ્ઞને સારમાં સાર કહેવું હોય તો આ વાત છે. જેટલો વિકલ્પ.. દયા, દાનની તો વાતેય નહિ, પણ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે સંસાર (છે). ... સ્વરૂપમાં નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને ઠરવું એ મોક્ષ છે. આખા બાર અંગમાં કહે છે સંક્ષેપમાં... છે ને? **'મોક્ષમાં પ્રાપ્ત થતી અંત (ઉત્કૃષ્ટ) દશાનું આ સંક્ષેપથી કથન છે.'** .. કથન કરવું હોય તો આ ... છે. **'જે મનુષ્ય, પૂર્વોક્ત બેમાંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી..'** દ્વૈત એટલે વિકલ્પથી ખસી અને **'અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે,...'** અદ્વૈત એટલે નિર્વિકલ્પ આત્માનું. એમ. હેઠે લખ્યું ઈ ને? **'અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે, તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે...'** લ્યો, એક જ મોક્ષનો માર્ગ કહ્યો, આમાં બે ન કહ્યા. વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે અને નિર્વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે (એમ નથી કહ્યું).

મુમુક્ષુ :-

ઉત્તર :- બીજા કોઈ શાસ્ત્રમાં... આવે ઈ કથનની પદ્ધતિ છે. વસ્તુ સ્વરૂપમાં છે નહિ. આટલું તો આલોચનામાં આચાર્યે વનમાં-તપોવનમાં બેઠા (લખ્યું છે). અહો..! ચૈતન્ય સ્વરૂપમાં ડોલે, એ નિર્વિકલ્પ દશા એક જ મોક્ષસ્વરૂપ છે, એ મોક્ષનું કારણ છે. અને જેટલો વિકલ્પ ઉઠે, વ્રતનો તો ક્યાંય રહી ગયો, અંદરમાં મનના સંગે ભેદરૂપ વિકલ્પ ઉઠે, સંસાર છે. આ સંક્ષેપમાં છેલ્લામાં છેલ્લું ભગવાનું આ કથન છે. સમજાણું? **'તે પુરુષ વ્યવહારનયથી બ્રહ્મા,**

**વિધાતા આદિ નમોથી સંબોધાય છે.'** આવું સ્વરૂપ નિર્વિકલ્પ થઈને પરમાત્મા થાય એને ગમે તે નામથી આને બોલાવવામાં આવે છે.

૩૦. **'અર્થ :- હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે...'** હવે છેલ્લી પોતાની દશાનું વર્ણન (કરે છે). **'તે ચારિત્ર તો આ વિષમ કલિકાલમાં (દુષમ પંચમકાલમાં) મારા જેવા મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે,...'** મુનિ આચાર્ય છે, હોં! પણ કહે છે કે હે નાથ! આપે કહી એ નિરતિચાર ચારિત્રની દશા ઘણી કઠિનતાથી ધારણ કરી શકું છું. હજાર વર્ષ પહેલાંની વાત મુનિ કહે છે. **'પરંતુ પૂર્વોપાર્જિત પુણ્યોથી આપમાં મારી જે દૃઢ ભક્તિ છે...'** અખંડ શુદ્ધ લાખ, ક્રોડ .. રાખીને અંતરથી વિનય કર્યો છે. મારો સ્વભાવ તદ્દન નિર્વિકલ્પ વીતરાગી વિજ્ઞાનઘન છે. હે પ્રભુ! એ મારી દૃઢ ભક્તિ છે.

**'તે ભક્તિ જ, હે જિન! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ.'** ચારિત્ર તો તમે કહ્યું એટલું આ કાળમાં મારાથી... .. ચારિત્રવંત છે છતાં (આમ કહે છે). **'હે જિન! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ.' 'મને સંસારસમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે.'** બીજામાં તાકાત છે નહિ.

**'મોક્ષપદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના :-'**

**'અર્થ :- આ સંસારમાં ભ્રમણ કરી મેં ઈન્દ્રપણું, નિગોદપણું...'** ઈન્દ્રપણું એટલે ઐશ્વર્યપણું. આ ઈન્દ્ર નહિ. **'અને બંને વચ્ચેની સમસ્ત પ્રકારની યોનિઓ...'** ઊપજવાના સ્થાનો પણ **'અનંતવાર પ્રાપ્ત કરી છે, તેથી એ પદવીઓમાંથી કોઈ પણ પદવી મારા માટે અપૂર્વ નથી;...'** શું કહે છે? છેલ્લી સ્થિતિ મરણ ટાણે પણ સ્વર્ગમાં તો ઊપજશે, ખ્યાલ છે. હું પંચમઆરાનો સાધુ છું, મને કેવળજ્ઞાન આ ભવમાં થશે નહિ. એમ કહે છે. એટલે વિકલ્પ તો છે, પુણ્યબંધન થશે, સ્વર્ગમાં જશે, પણ પ્રભુ! એ પદો મારે માટે કોઈ નવા નથી. સમજાણું કાંઈ? એ અપૂર્વ નથી. પૂર્વે નહિ મળેલા એ નથી. મને ભલે મળે પણ મારે જોતા નથી. પોકાર કરતા અહીંથી જાય છે સ્વર્ગમાં. પંચમઆરાના સંત છે, દર્શન-જ્ઞાન-ચારિત્રના આરાધક છે. પણ જાણે છે કે મને પૂર્ણતા નહિ થાય. અને વિકલ્પ દ્વારા પુણ્ય બંધાઈને સ્વર્ગમાં જાશું. પ્રભુ! પણ એ પદ અમારે કાંઈ અપૂર્વ નથી, હોં! નાથ! એની આલોચના અત્યારથી કરતા જાય છે.

**'કિંતુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના ઐક્યની પદવી જે અપૂર્વ છે...'** ત્રણની એકતા, પૂર્ણ એકતા. જોયું! સ્વર્ગ નહિ, ઈન્દ્ર નહિ, કાંઈ નહિ. અમારા દર્શન, જ્ઞાન, ચારિત્રની ત્રણની એકતા તે હજુ સુધી મળી નથી. એકતા થયે મોક્ષ થયા વિના રહે નહિ. એટલી ત્રુટ પડે છે, એકતા નથી, પ્રભુ! **'તેથી હે દેવ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.'** મારે

બીજું કાંઈ જોતું નથી. અંતરમાં ચારિત્રથી લીન થઈને ત્રણની એકતા પામવી એ મારી ભાવના છે. બાકી કોઈ સ્વર્ગમાં જાવું ને આ જાવું ને કે ઈન્દ્રપણું મળે... સમજાય છે? અને ત્યાંથી પાછી મોટી કોઈ રાજની પદવી મળે, એ બધું અમારે પ્રભુ! નવું નથી, હોં! અંતરમાં મારા સ્વરૂપની એકતા થવી એ જ અમારે માટે નવી છે. એ એમને પૂર્ણ કરો, એવી મારી પ્રાર્થના છે.

**'મુમુક્ષુની મોક્ષપ્રાપ્તિ માટે દઢતા :-'**

**'અર્થ :- બાહ્ય (અતિશય આદિ) તથા અભ્યંતર (કેવળજ્ઞાન, કેવલજ્ઞાનદર્શન આદિ) લક્ષ્મીથી શોભિત શ્રી વીરનાથ ભગવાને...'** આમ એમના ગુરુ પણ વીર છે અને આમ વીર ભગવાન મહાવીર પરમાત્માએ **'પોતાના પ્રસન્ન ચિત્તથી...'** અહો..! જુઓ! શું કહે છે? ભગવાને, મારા ગુરુએ અને તીર્થંકરોએ... પાંચમી ગાથામાં આવે છે ને? સમયસારમાં કુંદકુંદાચાર્ય કહે છે કે અમારા ગુરુએ પ્રસન્ન ચિત્ત થઈને અમારા ઉપર અનુગ્રહ કર્યો. અમે પાત્ર હતા એમ ન બોલે ઈ. અમારા ઉપર અમારા ગુરુએ પ્રસન્ન ચિત્તથી શુદ્ધાત્માનો અમને ઉપદેશ આપ્યો. અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો. એમ અહીંયાં કહે છે, અમારા ગુરુ અથવા ભવગાન પોતાના **'પ્રસન્ન ચિત્તથી સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે...'** શુદ્ધાત્માનો મારા ગુરુએ મને ઉપદેશ આપીને, જે હૃદયમાં બેઠો છે **'તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી.'** જાણે છે કે સ્વર્ગમાં જશે, ત્યાંથી ઉત્તમ કુળમાં અવતાર થશે. પણ પ્રભુ! મારે એ જોઈતું નથી, હોં! ધર્મના આરાધક સ્વર્ગમાં વૈમાનિકમાં જાય અને ન્યાંથી નીકળીને મોટા ચક્રવર્તી બળદેવ તીર્થંકર કે મોટી પદવીમાં અવતરે. એ લક્ષ કરીને કહે છે, પ્રભુ! પણ એ અમારે નથી જોઈતું, હોં!

**'વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી. તે વાત તો દૂર રહી, પરંતુ હે પ્રભો! હે જિનેશ! તે ઉપદેશ પાસે...'** ઉપદેશ પાસે, કહે છે. એટલે ખરેખર તો ઉપદેશમાં વર્ણવ્યો એવા ભાવ પાસે. ભગવાને અમને ઉપદેશ કર્યો અને અમે ધાર્યો છે, અમે જ્ઞાતા-દૃષ્ટા અખંડ પૂર્ણ આનંદ છીએ. એવા ભાવની આગળ પ્રભુ! પૃથ્વીનું રાજ્ય તો શું, પણ આ **'ત્રણ લોકનું રાજ્ય પણ મને પ્રિય નથી.'** લોકમાં અવતરીએ એ અમને પ્રિય છે નહિ. અમે તો અમારી દશામાં જન્મ પામીને કેવળજ્ઞાન પામીએ. એ સિવાય અમારી બીજી પ્રાર્થના છે નહિ. કહો, સમજાણું કાંઈ? લખ્યું છે ને?

**ભાવાર્થ :- 'યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ્ય અને ત્રણે લોકનારાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે, પરંતુ એ પ્રભો! શ્રી વીરનાથ ભગવાને (-વીરનંદી ગુરુએ) પ્રસન્નચિત્તે મને જે...'** મારું પ્રસન્ન ચિત્ત હતું ને એટલે ભગવાને પ્રસન્ન ચિત્તે કીધું. **'મને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે આ બને વાતો મને ઈષ્ટ લાગતી નથી, તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.'** એવા ઉપદેશે કરેલો

વીતરાગભાવનો હું પ્રેમી છું. મારે કોઈ ભાવ અને જડના ફળ મળે એનો હું પ્રેમી નથી.

છેલ્લી ૩૩. નવમો અધ્યાય અને ૩૩ ગાથા. આ નવમો (અધિકાર) છે. ૨૬ અધિકારમાં. બે ત્રગડા ભેગા થયા. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને ઉત્કૃષ્ટ આરાધના. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આરાધના છે ને? એ ત્રણ.

કહે છે, અહો..! આ આલોચના '**શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત (નમેલું) છે...**' અક્કડ-બક્કડ નથી, કહે છે. આમ નમી ગયો છે. વિનય.. વિનય.. વિનય.. વિનય. ઓ પ્રભુ! ઓ સર્વજ્ઞ પરમાત્મા! આપની શક્તિની વ્યક્તતા આપને થઈ, અમારી શક્તિ પર અમારી નજર પડી પણ વ્યક્તતા થઈ નથી. એમ નમી ગયો છે અંદરમાં, એમ કહે છે. '**શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત (નમેલું) છે...**' અંદર નમ્રતા છે તો શરીરમાં પણ કોમળતા દેખાય છે.

'**એવો જે મનુષ્ય, શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત આલોચના નામની કૃતિને...**' આ અલોચના નામના અધ્યયનને '**ત્રણે (પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં) કાલ, શ્રી અર્હંત પ્રભુ સામે...**' અર્હંત નામ અરિહંત પ્રભુની સમીપે અર્થાત્ પોતાના સ્વભાવની દૃષ્ટિના સમીપે જે '**ભણે તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે...**' જુઓ! આ સ્તુતિના વિકલ્પથી પ્રાપ્ત થાય છે. સવાર, સાંજ કીધું કે નહિ? એ સવાર, સાંજ વિકલ્પ નહિ, અંદરની એકાગ્રતા સવાર, સાંજ કર્યા કરે છે. '**એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિરકાલપર્યંત...**' ઘણાં કાળ સુધી '**તપ દ્વારા ઘોર પ્રયત્ને પામી શકે છે.**' સવાર, સાંજ અને મધ્યાહ્ન આત્માની આ જાતની આલોચના કરે અને અલ્પ કાળમાં મહામુનિઓને મોક્ષની પદવી દુર્લભ (થાય), તે પદવીને પામશે. છેલ્લે સ્વભાવ મોક્ષને પામશે એ લઈ લીધો.

**ભાવાર્થ :-** '**જે મનુષ્ય** (સ્વભાવના ભાન સહિત) **પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સાયંકાળ-ત્રણે કાલ શ્રી અરહંતદેવ સામે આલોચનનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે.**' અલ્પ કાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે. પ્રભુ! પણ પહેલાં તો તમે ના પાડી કે પંચમઆરામાં મોક્ષ નથી. મોક્ષ છે, સાંભળને હવે. અંતર દૃષ્ટિ ને સ્થિરતા ક્રમે કરીને એકાવતારી કરીને મોક્ષ પમાડશે.

'**તેથી મોક્ષાભિલાષીએ શ્રી અરહંતદેવ સામે શ્રી પદ્મનંદિ આચાર્ય દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાળ અંતરમાં અવશ્યમેવ કરવો જોઈએ.**' જેથી એની નિર્મળતા થઈને પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ થાય. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ-૮, સોમવાર, તા. ૪-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧, પ્રવચન-૭૮૧**

આ એક પદ્મનંદિ પંચવિંશતિ નામનું શાસ્ત્ર છે. જેને પદ્મનંદી એક આચાર્ય મહામુનિ સંત આત્મજ્ઞાની ધ્યાની દિગંબર મુનિ જંગલવાસી થયા. ૯૦૦ વર્ષ પહેલાં. એમણે આ અધિકાર ૨૬ છે, પણ એનું નામ પંચવિંશતિ રાખ્યું-પદ્મનંદી પંચવિંશતિ. શ્રીમદ્ રાજચંદ્ર એને વનશાસ્ત્ર કહે છે. વનશાસ્ત્ર. વનમાં લખેલું તાડપત્ર ઉપર. અંતરમાં આનંદમાં બોળી બોળીને જેમ લખે એમ આ વાત અંતરના આનંદના ઉભરામાં જે કંઈ વિકલ્પ જગતના હિતને માટે આવ્યો, એમાં દાન અધિકાર અને ભક્તિ અધિકાર આદિનું ઘણું વર્ણન કર્યું. આત્માનો અધિકાર નિશ્ચયનો તો સવારમાં ચાલે (છે), એ અધિકાર પણ આમાં ખૂબ વર્ણવ્યો છે. સમજાય છે?

આત્મા... અહીં એ અધિકાર છે, તીર્થંકર સર્વજ્ઞ ભગવાન અનંત થઈ ગયા. કેમકે અનંત કાળમાં જે છે કાળ અનંત છે, સંસાર અનાદિ છે અને ધર્મના સાધક જીવો પણ અનાદિના છે. ભવમાં સાધક પૂર્વે નહોતા એમ નહિ, પણ પૂર્વે જે આત્મા અખંડાનંદ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એને શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના રાગ રહિત આત્માનો અનુભવ કરી અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, પછી સ્વરૂપમાં ઠરી અને ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા પ્રાપ્ત કરી જેણે સર્વજ્ઞપદ એટલે આત્માની પૂર્ણાનંદની પ્રાપ્તિ જેણે કરી, એવા એને અરિહંત કહેવાય છે, સર્વજ્ઞ કહેવાય છે. એમાં જેને પુણ્ય પ્રકૃતિ ઘણી હોય અને પવિત્રતા ઘણી હોય એને તીર્થંકર કહેવાય છે. સમજાય છે કાંઈ? પુણ્ય પ્રકૃતિ ઘણી ન હોય છતાં આત્મા આનંદમાં પરિપૂર્ણ રમણતા કરી જેણે આત્માના આનંદને હસ્તગત કર્યો છે. એટલે આત્માની દશામાં પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી. એવા કેવળીઓને પણ અરિહંત કહેવામાં આવે છે. પણ એમાં બીજાને કેટલાકને પુણ્ય ઓછા હોય છે. પણ પવિત્રતામાં પૂર્ણ હોય છે. ત્યારે તીર્થંકર જે આત્મા થાય, એ તો પુણ્યમાં પણ પૂરા અને પવિત્રતામાં પણ પૂરા (હોય).

એવા પવિત્ર આત્મા અનંત કાળમાં અનંત થઈ ગયા. આ ચોવીસીમાં પહેલાં ઋષભદેવ ભગવાન તીર્થંકર તરીકે થયા. એમને ઉદ્દેશીને ભગવાન મુનિ પદ્મનંદી આચાર્ય જંગલમાં ભક્તિ અને સ્તુતિના ૬૧ શ્લોક બનાવ્યા છે. આખું પુસ્તક બનાવ્યું પણ આ એક ભક્તિના ૬૧ શ્લોક બનાવ્યા. એનું નામ ઋષભસ્તોત્ર છે. આ અધિકાર ૧૩મો છે. ૨૬ અધિકાર છે, એમાં ૧૩મો. એમાં ઋષભદેવ ભગવાનની સ્તુતિને શરૂ કરે છે.

પ્રવચનસારમાં ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું, હે આત્મા! જેણે સર્વજ્ઞ પરમાત્મા અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણ્યા... ‘**जो जाणदि अरहंत दव्वत्तगुणत्तपज्जयतेहिं। सो जाणदि अप्पाणं**’ જેણે સર્વજ્ઞ પરમાત્મા, જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ

આનંદ, પૂર્ણ વીર્ય અને પૂર્ણ દર્શન એવી દશા જેને પ્રગટ થઈ છે, એવા આત્મામાં શું સ્વરૂપ એનું દ્રવ્ય છે? દ્રવ્ય એટલે વસ્તુ. એના ગુણ એટલે શક્તિઓનો સ્વભાવ કેટલો અને કેમ છે અને એની પ્રગટ દશાઓ પવિત્ર કેમ અને કેટલી છે, એવું જેણે અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય (જાણ્યા)... ભાષા પણ જરી કઠણ પડે જગતને.

દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ એટલે એની શક્તિઓ અને પર્યાય એટલે એની હાલત-દશા. અરિહંતના આત્માના જેણે દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણ્યા એ આત્મા પોતાના આત્મા તરફ પોતાને મેળવે છે, એ આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈને આત્માને જ જાણે. શું કીધું સમજાણું આમાં? અરિહંતના આત્માના જેણે દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણ્યા એ આત્મા પોતાના આત્મા તરફ પોતાને મેળવે છે, એના જેવી જાતનો હું છું, એમ અંતર્મુખ કરતાં '**अप्पाणं जाणहि**' એ આત્માને સમ્યગ્દર્શન થઈને આત્માને જ જાણે. શું કીધું સમજાણું આમાં? ...ભાઈ! દ્રવ્ય, ગુણ અને પર્યાય શું? એ હવે હમણાં વળી સાંભળ્યું થોડું થોડું. નહિતર અત્યાર સુધી તો રૂપિયા ને દુનિયાને કરી દે... જુઓ! અમારે .. ભાઈ કહે છે. એણે પણ ઘણી માથાકૂટ કરી છે. કહો, સમજાણું આમાં?

અહીંયાં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે જેણે સર્વજ્ઞ પરમાત્માના દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાયને જાણ્યા તે '**अप्पाणं जाणहि**'. એવો હું આત્મા છું, એમ પોતાના સ્વભાવ સન્મુખ થઈ અને અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય સાથે આત્માને મેળવે ત્યારે એનો આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનું મારું સ્વરૂપ છે, એમ એને સમ્યગ્દર્શનમાં આત્મા ... થાય છે. સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન થાય છે. એને સમકિતી અને એને ધર્મની શરૂઆતવાળો ધર્મી કહે છે. પણ જેને અરિહંત શું છે, એના ગુણ શું છે, એની અવસ્થા શું એની ખબર નથી, એને આત્માની ખબર હોઈ શકે નહિ.

અહીં એની સ્તુતિ લીધી છે. જેણે અરિહંતના પરમાત્માનો પદાર્થ, ગુણ અને પર્યાય, એનું ભાન થઈને જેને આત્મજ્ઞાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે, સાક્ષાત્કાર આત્માનો (થયો છે), રાગ અને વિકલ્પ વિનાનું મારું સ્વરૂપ છે, તેનો અંતરમાં સમ્યક્ સાક્ષાત્કાર દર્શન થયું છે. એ હવે ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરે છે. એવો અધિકાર છે. જ્ઞાનીને પણ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ ઉલ્લસ્યો વિના રહેતો નથી. સમજાય છે કાંઈ?

સવારમાં તો એમ કહેવું હતું કે શુભ અને અશુભ રાગનો પ્રેમ (છે), તેને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. પણ એનું ભાન થયા છતાં આત્મા આનંદ અને પૂર્ણાનંદ ને અનંત ગુણનો પિંડ છે, એવું ભાન થયા છતાં ધર્મીને પરમાત્મા પ્રત્યેનો પ્રેમ વિકલ્પ અને શુભરાગ આવ્યા વિના રહેતો નથી. ભક્તિનો રાગ એને ઉલ્લસે છે. ધર્મીને દાનનો પણ રાગ-શુભભાવ ઉલ્લસે છે. સમજાય છે કાંઈ? જાણે છે જ્ઞાની કે આ ભાગ પુણ્ય છે. એને પરમાર્થે આત્માનું ભાન જ્ઞાનાનંદ છું, એમ હોવાથી એવા દયા, દાન, ભક્તિના ભાવને વ્યવહાર ધર્મ તરીકે

કહેવામાં આવે છે. વ્યવહાર ધર્મ કહો, પુણ્ય કહો, શુભભાવ કહો, પુણ્યઆસ્રવ કહો.

અરે..! રાડું પાડે, અરે..! શુભજોગને વ્યવહાર ધર્મ કહેતા નથી. ભાઈ! ઘણી વાર કર્યું, સાંભળને હવે. આહાહા..! જગતને આ શું ચીજ છે (એની ખબર નથી). ભાઈ! તારા ભાન વિના તેં એટલા ભવ કર્યા... શું કહે? ભગવાન કહે છે, શું કહીએ? ત્યારે કહે છે, જે ઉપદેશ ચોથા આરામાં કેવળીને દેવો જોઈએ, (એ ઉપદેશ) મિથ્યાદૃષ્ટિને દે છે, એમ કહે છે. કેવળીને ઉપદેશ હોતો હશે? આહાહા..!

અહીં તો પ્રભુ! એ વાત છે કે ભાઈ! રાગ અને આત્માનો સ્વભાવ, બેને એક માને ત્યાં સુધી મિથ્યાત્વની ગાંઠ છે. અને મિથ્યાત્વની ગાંઠને ગાળવા, છેદવા, બાળવા, હું એક જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છું, એમ સ્વભાવમાં એકત્વ થઈને રાગને પૃથક્ કરીને જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે અને મિથ્યાત્વની ગ્રંથિભેદ જેણે કરી છે, એવા જીવને ભાવ ભક્તિનો, દયાનો, દાનનો આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ પરમાત્મ દશા ન થાય એટલે એને ભગવાન પ્રત્યે ભક્તિ ઉલ્લસે છે. ભક્તિ ઉલ્લસે છે. સમજાય છે કાંઈ? પ્રભુ પ્રભુ ... સ્તુતિમાં એક ગાથા આવશે. (સંવત) ૨૦૧૩ની સાલમાં થોડું વાંચ્યું હતું. પહેલાં જ્યારે ૨૦૧૩માં આવ્યા ને ત્યારે. ૨૦૧૫માં તો દાનનો અધિકાર વાંચ્યો હતો.

આ ભક્તિનો અધિકાર છે. જેણે, જ્ઞાનાનંદ મારી ચીજ છે એવી નિશ્ચયભક્તિ કહો કે નિશ્ચય સમકિત કહો, એવું ભાન થાય છે, એને પરમાત્મા સર્વજ્ઞદેવ પ્રત્યે વ્યવહાર ભક્તિ શુભરાગ થયા વિના રહેતો નથી. મનસુખભાઈ! પણ એને ધર્મી જાણે છે કે આ પુણ્ય આસ્રવનું કારણ છે. પણ એ આસ્રવ હું અત્યારે છોડી શકતો નથી. મારામાં નબળાઈ છે એટલે પાપથી બચવા ધર્મીજીવોને દાનનો, દયાનો, ભક્તિનો એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? પણ એ ભાવને ધર્મી વ્યવહાર ધર્મ એટલે પુણ્ય તરીકે પીછાને છે.

મારું સ્વરૂપ તો રાગ રહિત જેટલો સ્થિર છું એટલી મારી શાંતિ અને સંવર, નિર્જરા એટલે શુદ્ધિ (છે). જેટલો સ્વરૂપના આનંદમાં ઝુલતો સ્થિર છું એટલો મારો નિશ્ચય અને સાચો માર્ગ (છે). એમાં ટકી શકે નહિ એટલે એને પાપથી બચવા ભગવાન ભક્તિ, દાન અને દયાના પરિણામ આવ્યા વિના રહે નહિ.

હિંસાથી બચવા દયાના ભાવ આવે. જૂઠા બોલવાના ભાવથી બચવા સત્ય બોલવાના ભાવ આવે. ચોરીથી બચવા અચોરીના, અદત્તના શુભભાવ આવે. અને પરસ્ત્રીનો ત્યાગ ધર્મીને તો હોય. એટલી તો સજ્જનતા હોય છે. સમજાય છે કાંઈ? એને પરસ્ત્રીનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં પણ મર્યાદિત રાગ (હોય છે). એને બ્રહ્મચર્ય પાળવા વ્યવહારુ શુભરાગ આવ્યા વિના રહેતો નથી. અને અપરિગ્રહ નામ પરિગ્રહની ત્યાગ વૃત્તિ આગળ વધે એટલે એને શુભરાગ અપરિગ્રહના ત્યાગનો આવ્યા વિના રહે નહિ. પણ એ પાંચેય પરિણામને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-એ પાંચ પ્રકારના પરિણામ જ્ઞાનીને હોય છે. પણ એને તે પુણ્ય તરીકે વ્યવહાર

ધર્મ તરીકે જાણે છે. નવનીતભાઈ!

જ્ઞાની સ્વચ્છંદી ન હોય. જ્ઞાની આમ સમજે કે રાગ છોડવા જેવો છે, માટે શુભ છોડીને અશુભ કરે, એમ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આ તો વ્યવહારના ઉપદેશમાં (કહેવાય છે). બાકી તો જ્ઞાનીને પણ જે કાળે શુભ આવવાનો તે આવ્યા વિના રહેવાનો નહિ. એ વખતે એને પરમાત્મા પ્રત્યે ભક્તિ ઉછળે છે, એ અહીંયાં પદ્મનંદી આચાર્ય જાણે કે ભગવાન મારી સમીપે બેઠા હોય (એમ સ્તુતિ કરે છે). ઉપર સિદ્ધ છે. ઋષભદેવ તો સિદ્ધ થઈ ગયા. સિદ્ધ સમજાય છે? અત્યારે અરિહંત પદે નથી. અરિહંત પદે હોય એને શરીર હોય. એને ધર્મસભા હોય, ઈન્દ્રો એમની સભામાં આવે, વાણી નીકળે, ચાર કર્મ નાશ થયા અને ચાર કર્મ બાકી હોય. એવી નિજપદની પ્રાપ્તિ અને પૂર્ણતાવાળા અને શરીર સહિત હોય એને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. અને શરીર છૂટી જાય અને એકલો આત્મા રહે તેને વિદેહમુક્ત સિદ્ધ કહેવામાં આવે છે. પહેલા પદને જીવનમુક્ત અને બીજા પદને વિદેહમુક્ત (કહે છે).

એ પાંચે પદ ગુણવાચક છે, કોઈ પક્ષપાતક નથી. અરિહંત, સિદ્ધ એ બધા ગુણવાચક છે. જેણે એ વિકારના અરિ રૂપી દુશ્મનને હંતા નામ આત્માના સ્વભાવને શરણે જઈને જણે હણ્યા છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી તેને દેહ અને આયુષ્ય હોવા છતાં જીવનમુક્ત કેવળજ્ઞાન પામ્યા તેવા પદને અરિહંતપદ કહેવામાં આવે છે. અને જે છૂટી જઈને ચાર કર્મ બાકી (છે તે પણ) છૂટી જઈને એકલો આત્મા પૂર્ણાનંદના અનુભવની દશામાં રમણ કરનારો, તેવા આત્માને સિદ્ધપદ-વિદેહમુક્ત પદ-બીજા પદમાં ગણવામાં આવ્યા છે.

એ ત્રણે પદ, ત્રીજા પણ એવા છે, હોં! આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પણ આત્માના અતીન્દ્રિય આનંદને સાધતા સાધતા જે કંઈ પૂર્ણાનંદને પ્રાપ્ત થયા નથી અને એને પણ હજી પંચ મહાવ્રતના શુભરાગ આવ્યા વિના રહેતા નથી. એવા પદને આચાર્ય કહેવાય છે. દીક્ષા-શિક્ષા દેનારને. પણ છે આત્માના આનંદના ઝરણા ઝરતા હોય છે અંદરમાં. ઉપાધ્યાય પણ, જેના સમીપે આત્માનું અધ્યયન થાય એને ઉપાધ્યાય કહે છે. સાધુ-સ્વરૂપને સાધે, આનંદકંદના સાધન અંતરમાં કરે એવી દશાવાનને સાધુ કહે છે. એ પાંચેય પદ આત્માના ગુણવાચક છે.

એમાં ઋષભદેવ ભગવાનને લક્ષીને પદ્મનંદી મહારાજ સ્તુતિ અને ભક્તિ કરે છે. શ્રીમદ્‌માં એક વાક્ય છે. 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું,' જ્ઞાની ધર્મીને પરમાત્મા પ્રત્યે એવો પ્રેમ છે કે એને પરમાત્મા વારંવાર યાદ આવે છે. કારણ કે પોતાને પરમાત્મા ... છે અને પરમાત્મા પોતે વર્તમાનમાં નથી એટલે થયેલાને વારંવાર સ્મૃતિમાં, પ્રેમમાં લાવે છે.

હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખુ, મારું જીવવું રે સફળ તવ લેખું.<br>
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે..

જ્ઞાનીને આત્માના પ્રેમમાં, આત્માના આનંદના પ્રેમમાં પૂર્ણાનંદને પ્રાપ્ત પરમાત્મા વારંવાર

યાદ આવે છે. સમજાય છે? દુનિયામાં પણ લખે છે સ્ત્રી પ્રત્યે. પુરુષ જ્યારે પરદેશમાં હોય. દસ વર્ષથી બહાર હોય. સ્ત્રી ઉપર પત્ર લખે કે દસ વર્ષથી આપણે જુદા છીએ. જીવ મારો ત્યાં વળગ્યો છે. બે દેહ જુદા છે. એમ લખે. ભોગીભાઈ! લખે છે કે નહિ? મારો જીવ ત્યાં વળગ્યો છે. ફક્ત દેહે જુદા છીએ. તું ત્યાં અને હું અહીં. મારો જીવ ત્યાં વળગ્યો છે. દસ વર્ષથી જુદા હોય ને.

એમ અહીંયાં અરિહંત પરમાત્માને ધર્મીજીવ (કહે છે), હે નાથ! તારો દેહ અને તારો આત્મા ક્યાંક છે. અરિહંતપદે મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ બિરાજે છે. ઋષભદેવ ભગવાન સિદ્ધપદમાં બિરાજે છે. એને હવે અરિહંતપદ છે નહિ. પણ ધર્મી કહે છે, પ્રભુ! હું અહીં છું, તમે ત્યાં છો. મારો આત્મા, તમારા જ્ઞાન અને આનંદમાં મારું લક્ષ વર્તે છે. મારા જીવનમાં પ્રભુ! તમે વારંવાર યાદ આવો છો. વ્હાલો દીકરો જેમ વારંવાર યાદ આવે, રાગના પ્રેમમાં.

એમ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ નિર્દોષ દશા પ્રાપ્ત, રાગ વિનાની નિર્દોષ દશા પ્રાપ્ત, એને સમ્યગ્જ્ઞાની-ધર્મીને અથવા ધર્મ ન પામ્યા (હોય) એવા જીવને પણ એવા દેવ પ્રત્યે પ્રેમ અને ભક્તિ આવ્યા વિના રહેતી નથી. સમજાય છે કાંઈ? મનસુખભાઈ! ત્યારે પેલા કહે છે, એના પ્રત્યે ભક્તિ કરે એ ભાગને તમે ધર્મ કહો. ભગવાન! ભાઈ! એ વાત... એના તરફનો લક્ષ અને જે રાગ છે એને ચૈતન્ય ઉપર લક્ષ કર્યા વિના આત્માની શાંતિ અને નિર્મળતા નહિ પ્રગટે. જેટલો પર તરફમાં રાગ છે એ પુણ્યનું કારણ છે. એ પુણ્યના ફળમાં ભવિષ્યમાં એને અનુકૂળ સામગ્રીઓ-ધર્મશ્રવણની, તીર્થંકરના યોગની, સંતોના યોગની સામગ્રી મળશે. એવો એને પુણ્યઆસ્રવ થયા વિના રહેતો નથી. પણ કોઈ એને એમ માની બેસે કે આ શુદ્ધતા અને આનંદકંદનું, આ સંવર અને નિર્જરા શાસ્ત્રભાષા છે, તમારી સાદી ભાષામાં કહીએ તો એ શુદ્ધતા છે, એમ નથી. સમજાય છે કાંઈ? છતાં એ આવ્યા વિના રહેતો નથી.

ધર્મીજીવને ચોથે ગુણસ્થાને, પાંચમે, આ મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન સંત છે. પરમેશ્વર પદ અંદર છે આત્મા. એવા આનંદકંદના ગોળાને છૂટો પાડીને રમે છે. છતાં પણ વિકલ્પ એને ભક્તિનો પણ આવે છે. એ હવે ભક્તિ કરે છે, જુઓ! આ ઉપોદ્ઘાત કર્યો.

ઋષભસ્તોત્ર. આ અધ્યાય ૨૬ છે, એનો ૧૩મો (અધ્યાય) છે.

जय उसह णाहिणंदण तिहुवणणिलएक्कदीव तित्थयर।
जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह।।१।।

આ તો અધ્યાત્મ દૃષ્ટિની, ભક્તિ પણ અધ્યાત્મ સહિતની ભક્તિ અલૌકિક છે.

**અર્થ :- 'હે ઋષભ જિનેન્દ્ર!'** એનો અધ્યાત્મ અર્થ તો એ છે, ઋષતિ ગચ્છતિ ઈતિ પરમપદ .. ઋષભઃ. આત્મા પોતાના પરમપદના આનંદમાં પવિત્રતામાં પરિણમન કરે તે આત્માને ઋષભદેવ કહેવામાં આવે છે. અને તે તીર્થંકર થયા એ પણ પોતાના આનંદમાં,

જ્ઞાનમાં ... અંતરમાં પામ્યા. ઋષતિ ગચ્છતિ પરમપદ ઈતિ ઋષભ. એવી જ્ઞાનીને ખબર છે કે ક્યા પદ વડે તમે પરમાત્મ પદ પામ્યા, ક્યા માર્ગ વડે તમે પરમાત્મ પદ પામ્યા. ધર્મીને એવું દૃષ્ટિમાં હોય છે. છતાં તે ભગવાન પ્રત્યે કહે છે, પ્રભુ! આપને લઈને જ અમને મુક્તિ મળે છે. એમ વ્યવહારે ઉપચારથી કથન કર્યા વિના જ્ઞાની રહે નહિ. આવે એને, છતાં સમજે છે કે મુક્તિ તો મારા સ્વભાવના આશ્રયે થાય છે. એમાં ભગવાનનું તો નિમિત્ત માત્ર કહેવામાં આવે છે.

અહીં કહે છે કે હે નાથ! જુઓ! પદ્મનંદી આચાર્ય મુનિ સંત જંગલમાં વસનારા, તે પણ આમ ભગવાન જાણે સામે ઊભા હોય (એ રીતે ભક્તિ કરે છે). **'जय उसह'** એમ શબ્દ પહેલો પડ્યો છે. પહેલો શબ્દ-**'जय उसह'**. હે ઋષભદેવ નાથ! તમારો જય હો! એટલે? એનો તો જય થઈ ગયો છે. કહેનારને લઈને જય થાય છે? પણ કહે છે, હે નાથ! આપે પરમઆનંદ પદ પ્રાપ્ત કર્યું એ એમ ને એમ રહો. જય થાઓ! એટલે કે મારા આત્માના આનંદ પદની પ્રાપ્તિની દૃષ્ટિ મને થઈ છે, તે મને પૂર્ણાનંદમાં લઈ જાઓ. એટલે જય થાઓ એમ કહેવા માંગે છે. સમજાય છે કાંઈ? જય શબ્દ પહેલો પડ્યો છે.

**'जय उसह'** હે ઋષભપ્રભુ! તમારો જય થાઓ! એના અર્થ બે છે. પૂર્ણાનંદ કેવળજ્ઞાન પામ્યા એ એમ ને એમ રહો અને તેના ઉપાય પણ જગતમાં હો એ રહો. શું કહ્યું? આ આત્મામાં આત્માનો આનંદ જે પુણ્ય અને પાપના રાગ રહિતની શ્રદ્ધા અને જ્ઞાન સાધન છે એ પણ રહો અને એના ફળ તરીકે કેવળજ્ઞાન પણ જગતમાં શાશ્વત રહો. બાધકભાવ ન રહો અને સાધકભાવ અને સાધ્ય રહો, એમ વિકલ્પમાં પ્રમોદ કરીને ભાવના કરે છે. શું કીધું સમજાણું આમાં કાંઈ? ભાઈ! આ તો ભક્તિ છે તે બીજી જાતની ભક્તિ છે.

મીરાબાઈમાં નથી આવતું? એની ભક્તિમાં. 'પરણી મારા પિયુજીની સાથ રે, બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' રાણો આવે છે અને કહે છે, વિષય લે. અરે.. રાણા!

પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢળો નહિ રે બાંધું,<br>
નહિ રે બાંધુ રે રાણા, નહિ રે બાંધું..<br>
પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું..

એમ ધર્મી કહે છે, 'સાથ છે મારા સ્વભાવનો સાથ રે, વિકારના સંગ હવે નહિ રે કરું...' સમજાય છે કાંઈ? છતાં એને પ્રેમમાં ભગવાનનો પ્રેમ ઉલ્લસ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું? આમ સ્તુતિ કરતાં દેવચંદજી પણ કહે છે ને?

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર<br>
...<br>
ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર

હે પ્રભુ! તમારી સાથે પ્રીતિ કેમ કરવી? તમે થઈ ગયા વીતરાગ, અમે રહ્યા રાગી.

સમજાય છે? આપ નિર્દોષ વીતરાગ (થયા), આપને તો એક રાગનો વિકલ્પ નથી. અને અમારે તમારી પ્રીતિ કરવી. 'ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર' કેમ બને? 'કાગળ પણ...' ચિઠ્ઠી ન પહોંચે પરમાત્મા પાસે. ચિઠ્ઠી એટલે મારો વિકલ્પ ન પહોંચે એને. 'ન પહોંચે કોની ...' અને આપની પાસે જાય એ તો આપની જ જેવો હોય ઈ જાય. અમારી વાત પ્રભુ! તમને કેમ કહીએ? નવનીતભાઈ! અરે.. પ્રભુ! આપ ત્યાં બિરાજ્યા, ત્યાં રહ્યા. હું અહીં રહી ગયો. આ ભરતક્ષેત્રે પ્રભુ! તારા અમને વિરહ પડ્યા.

કુંદકુંદાચાર્ય મહારાજ જ્યારે સંવત ૪૯માં થાય. આત્માના આનંદના ધામમાં રમનારા. એમને પણ એક વિકલ્પ આવ્યો. પોન્નુર હિલ, જ્યાં હમણાં ગયા હતા. મદ્રાસથી આ બાજુ એંસી માઈલ છે. વંદેવાસ. લગભગ દસ હજારની વસ્તી. ત્યાંથી પાંચ માઈલ (દૂર) પોન્નુર હિલ છે. ધ્યાનમાં રહેતા હતા. એમાં એમને વિરહ લાગ્યો. હે નાથ! 'ભરતક્ષેત્રમાં નવ પણું જી.. લાધ્યો દુષમકાળ.' પ્રભુ! અમે ભરતક્ષેત્રમાં આ દુષમકાળમાં, આમાં પ્રભુ! તીર્થંકરના અમને વિરહ પડ્યા. અમને ભરતક્ષેત્રમાં સર્વજ્ઞપિતાજીના વિરહ પડ્યા. અહીં વિરહ પડ્યા. એ આત્માને સાથે શી રીતે લેવો? એમ અંદરમાં વિકલ્પ આવ્યો. ડાહ્યાભાઈ! કોને? કુંદકુંદાચાર્ય. આહાહા..!

હે નાથ! પૂર્ણાનંદને પ્રાપ્ત. પ્રભુ! નહિ ભરતક્ષેત્રમાં વર્તમાન તીર્થંકર, નહિ મહાવિદેહ ક્ષેત્રના અહીંયાં હોય. વિરહ પડ્યા અમને. એવો અંદર વિકલ્પ આવ્યો ને કુદરતે કોઈ પુણ્યનો યોગ. ત્યાં આગળ ગયા ભગવાન પાસે. બધી વાત અત્યારે સિદ્ધ કરવા જઈએ તો લાંબુ ન ચાલે. બધી સિદ્ધ થઈ ગયેલી વાત છે. સંવત ૪૯માં સાક્ષાત્ ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રે બિરાજે છે. ૫૦૦ ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે, બાર જાતની સભા છે, ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાનની ઈચ્છા વિના વાણી અત્યારે નીકળે છે. સમજાય છે કાંઈ? એવા તીર્થંકર પાસે એ પોન્નુર હિલથી સાક્ષાત્ દેહે ગયા. જઈને આઠ દિ' ત્યાં રહ્યા. એ મહાવિદેહ ક્ષેત્રના ભગવાન, એને ભેટ્યા. અહીં ભરત ક્ષેત્રના માનવી અને તે મુનિ, એવો કોઈ પવિત્રતાનો યોગ અને પુણ્યનો યોગ, બેયનો મેળ થઈ ગયો. સાક્ષાત્ ભગવાન પાસે જઈ આઠ દિન રહ્યા. સાંભળી વાત. આવીને આ સમયસાર આદિ રચ્યા છે. એ પોન્નુર હિલ (પર) તાડપત્ર ઉપર લખ્યા છે. અત્યારે ત્યાં તાડી લાખ્ખો છે. અત્યારે લાખ્ખો તાડી છે. આ તો બે હજાર વર્ષ પહેલાની વાત છે. ત્યારે તો ખુબ તાડના ઝાડ (હતા), એના પત્ર ઉપર લખ્યા. ભગવાન પાસે જઈને આવીને આઠ દિ' સાક્ષાત્ તીર્થંકર અરિહંત ત્રિલોકના નાથ વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રે છે. ત્યાં બિરાજમાન છે. નરી આંખે જોયું? પણ એનું અનુમાન તો કરવું પડશે કે નહિ?

કોઈ મારા પહેલા આત્માના ભાન કરીને સાધકપણું કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ થયેલા જીવો હોવા જોઈએ. કેમ? કે આત્મા સ્વરૂપે.. જેમ રખડતા એને અનંત કાળ ગયો, એમ સ્વરૂપના

સાધન માટે અનંત કાળ હોઈ શકે નહિ. ધ્યાન રાખજો. આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિનું સમ્યગ્દર્શન અને પછી કેવળજ્ઞાન. એટલા વખતમાં વચમાં અસંખ્ય સમય જ હોય. અનંત કાળ સાધકજીવને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ જીવને હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ આમાં? એટલે એના જ્ઞાનમાં ધર્મીને પણ આવે કે આ પહેલાં જીવો આત્માના અંતર સ્વરૂપના સાધન કરી અને અસંખ્ય સમયમાં કેવલની પ્રાપ્તિ કરી અને જેને હજી બીજો દેહ, દેહના આયુષ્ય અને સંસ્કાર બાકી છે એવા જીવો મારી પહેલાં થયેલા છે. છે તો ક્યા ક્ષેત્ર છે, એ એણે નક્કી કરવું જોઈએ. મનસુખભાઈ! એ મહાવિદેહ ક્ષેત્રમાં છે. અને જે શરીર રહિત થઈ ગયા તે સિદ્ધ ક્ષેત્રે છે.

એમ જ્ઞાનના ભાનમાં અરિહંત અને સિદ્ધના પદને લક્ષમાં લઈ મહાવિદેહ ક્ષેત્રમાં એ કુંદકુંદાચાર્ય ગયા, આઠ દિ' રહ્યા. ભગવાનની સાક્ષાત્ ધ્વનિ સાંભળી. (અહીં આવીને) શાસ્ત્ર રચ્યા. એ જ કુંદકુંદાચાર્ય પછી થયેલા પદ્મનંદી, તે ભગવાનની સ્તુતિ કરે છે. એમણે પણ સ્તુતિ ઘણી કરી છે.

અહીં કહે છે કે હે નાભિરાજાના પુત્ર! પહેલું શું કહે છે? જય નાભિરાજાના પુત્ર. એમ કહીને શું કહે છે? અધ્ધરથી કોઈ પરમેશ્વર થયા નથી અને એમને એમ અનાદિના વર્તે છે આ તીર્થંકર (એમ નથી). તીર્થંકર તરીકે, સિદ્ધ તરીકે ભલે અનાદિ હો. અરિહંતપદે. પણ આ તીર્થંકર અનાદિના હતા એમ નથી. એમ કહીને (કહે છે), કેવા હતા? કે નાભિરાજાના પુત્ર હતા. ઉપરથી પડ્યા છે એમ નથી. શું કીધું સમજાણું કાંઈ? આત્માનું સાધન કરતાં કરતાં ઉન્નતિ ક્રમમાં તે જ્યારે છેલ્લા દેહમાં કેવલ પ્રાપ્ત થવાનો, ત્યારે એને માતા અને પિતા હોય છે. એમ અહીં સિદ્ધ કરે છે. એટલે કે શ્રીમાન્ નાભિરાજાના પુત્ર. મરુદેવીને પછી લેશે. પહેલાં પુત્ર તરીકે વર્ણન કર્યું છે. વ્યવહાર તરીકે વર્ણન (કર્યું છે).

આપ એક નાભિરાજાના પુત્ર હતા. અધ્ધરથી લખિતંગ અને મફતલાલની સહી નહોતા. સમજાય છે કાંઈ? ઘણાં કહે છે ને? ઈશ્વરનો અવતાર ને ઈશ્વરનો પુત્ર ને, એમ કહે છે. એમ ન હોય. ઈશ્વરને એવા અધ્ધરમાં પુત્ર હોઈ શકે નહિ. એ કોઈપણ માતાના કૂંખમાં આવ્યા હોય અને પૂર્ણની પ્રાપ્તિ એ દેહમાં કરવાની હોય ત્યારે એના માતા-પિતા હોય છે. ત્યારે કહે છે, હે રાજા નાભિના પુત્ર! એટલે પિતા સિદ્ધ કર્યા. એ વ્યવહાર સિદ્ધ કર્યો. માતાને પછી કહેશે.

ભક્તિ ઈન્દ્રો કરે છે, ભાઈ! જ્યારે તીર્થંકર જન્મે છે ને, પૂર્ણ... એની વાત અત્યારે (ન બેસે). અત્યારે પુણ્ય ઓછા, એની પવિત્રતા અને પુણ્ય શી રીતે બતાવવા? જગતના પુણ્ય ઘણાં ઓછા. પહેલાના રાજાઓ અબજોપતિ. એક એક દિ'ના અબજો પેદા કરે, કુદરતે હોં! વેલા વેરો ને પૂછડા વેરો ને .. વેરો ને વારસા વેરો ને.. એમ કરીને નહિ. પૂર્વના રાજા એવા જ કોઈ પુણ્ય લઈને આવતા કે એ જ્યાં જન્મે ત્યાં પથરા પણ નિલમણિ

થઈ જાય. એ જ્યાં જન્મે ત્યાં દરિયામાં માછલીઓમાં મોતી પાકે એવી લાખો પાકે. કુદરતે પૂર્વના પુણ્ય આત્માના ભાનની ભૂમિકામાં બાંધેલા હોય છે. એવા પુણ્યવંત જ્યાં જન્મે ત્યાં કુદરતની લક્ષ્મી એની પાસે આવીને પડે. એના વારસા વેરા ને ઢીકણા વેરા (ન ઉઘરાવવા પડે). જુઓને, અત્યારે તો સરખું કરી નાખવું છે ને. ઘણું સાંભળીએ છીએ. કો'ક કો'ક કહે છે, આપણે ક્યાં જોવા ગયા છીએ. કો'ક કહે, વારસા વેરો ને ફલાણાં વેરો ને પૂછડા વેરો ને .. વેરો ને માથા વેરો ને ઢીકણા વેરો, એમ કરીને સરખા કરી નાખે. પેલા તો એટલા પુણ્ય લઈને આવેલા કે આહાહા..! એનું શરીર આમ જુઓ તો પુણ્યનું પૂતળું હોય. એને લોકો કહેતા આવે કે આ મહાપુણ્યવંત છે. આ પાક્યા પછી અમારી જમીનમાં અનાજ ઘણું પાકે છે. આ જન્મ્યા પછી પથરા નિલમણિ થઈ ગયા. આ જન્મ્યા પછી માછલાના મોતી, માછલાના પેટમાં કરોડો સાચા મોતી પાકવા લાગ્યા. રાજાનું રાજાપણું પ્રજા કહેતી આવે, પ્રભુ! તમે અમારા રાજા છો. એવા પુણ્ય લઈને આવે.

એવા તીર્થંકર પુણ્ય લઈને આવેલા. એ માતાના પેટમાં જ્યારે આવે ત્યાર તો ઈન્દ્રો મહોત્સવ કરે, પણ જ્યારે એનો જન્મ થાય.. આગળ કહેશે, ત્યારે ઈન્દ્રો આવીને કહે, ઈન્દ્રો, હોં! ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ છે, સ્વર્ગ (છે), હોં! આ બધું હંબગ નથી, હોં! આ બધું લોજીક યુક્તિથી સિદ્ધ થાય છે. પણ ઘરના નળિયાની ખબર હોય એને, કેટલા સળિયા કેટલા? આ જગતમાં શું થયું, કેમ થાય છે અને હું કોણ છું, એની એને ખબર નથી. એ માતા અને પિતા... જ્યારે માતા જન્મ આપે છે, ત્યારે ઈન્દ્ર માતા પાસે આવે છે. ત્યારે એની આમ સ્તુતિ કરે છે, હોં! ઈન્દ્ર એકાવતારી હોય છે.

એકાવતારી સમજાય છે? વર્તમાન એક સુધર્મ દેવલોક છે. એની રાણી છે-શચિ. તે પણ એક ભવ કરનારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જનારી છે. અને ઈન્દ્ર પણ અત્યારે સુધર્મ દેવલોકમાં છે એ પણ મનુષ્ય થઈને મોક્ષ જનારા સમકિતી છે. એ પણ જ્યારે માતા તીર્થંકરને જન્મ આપે, (ત્યારે) આવીને કહે છે,

પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે..<br>
માતા જતન કરીને રાખજો એને, તમ સુત અમ આધાર રે...

જુઓ! આ સમકિતી-જ્ઞાની, ક્ષાયિક સમકિતી! એક ભવ કરનારા પણ ભક્તિમાં ઉછળે છે ત્યારે ભાવ (આવે છે), નમો રત્નકૂખધારિણી! માતાને પહેલો નમસ્કાર કરે. આવું રતન તેં પેટમાં રાખ્યું. આને જન્મ આપી... જગતના ઉદ્ધારમાં નિમિત્ત થશે અને આ દેહે કેવળજ્ઞાન લેશે. એટલે હે માતા! રત્નકૂખધારિણી! જનેતા! તેં રતનને કૂંખમાં રાખ્યું, તને પહેલો અમારો નમસ્કાર! આહા..! સમજાય છે? પછી આમ કહે છે, 'પુત્ર તમારો પણ ધણી હમારો,' સમકિતી છે, હોં! વ્યવહારે ધણી, નિશ્ચય ધણી તો આત્મા છે. વ્યવહારમાં.. સમજાય છે કાંઈ?

પુત્ર તમારો ધણી હમારો, તરણતારણ જહાજ રે...

માતા જતન કરીને રાખજો એને,..

ભક્તિના ભાવ તો એવા આવે ને! આયુષ્ય પ્રમાણે રહેશે, બીજાથી કાંઈ થાય નહિ, હોં! પણ વ્યવહારમાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ.

માતા જતન કરીને રાખજો એને, તમ સુત અમ આધાર રે...

લ્યો, આધાર. એક કોર વળી કહે કે, નિશ્ચયમાં કોઈ કોઈનો આધાર નહિ. સાંભળને, ભાઈ! એ તો આત્માને નિશ્ચય આધાર હું અને હું આધેય મારો સ્વભાવ. એમ નક્કી કર્યા પછી વ્યવહારે ત્રણ લોકના નાથ પરમાત્મા પણ મને વ્યવહારે આધાર છે. એમ અત્યારથી .... એને જાણવું જોઈએ. નિશ્ચયથી તો પોતાનો આત્મા આધાર (છે). કોઈનો આધાર નથી. સમજાણું કાંઈ?

આનંદઘનજી કહે છે ને? 'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખસંપદ શું ભેટ' આવે છે ને? ..લાલભાઈ! 'ઢિંગ ધણી માથે કિયો જી, દુઃખ દોહગ દૂરે ટળ્યા જી,' પ્રભુ! અમારા દુઃખ અને દુર્ભાગ્ય તો નાસી ગયા. આપ સર્વજ્ઞ પરમાત્મા જે ભવે થવાના, એ થયા એના અમે ભક્ત થયા. 'દુઃખ દોહગ..' દુઃખ અને દુર્ભાગ્ય. દુઃખ એટલે ... અને દુર્ભાગ એટલે પાપ.. 'દુઃખ દોહગ દૂરે ટળ્યા જી, સુખસંપદ શું ભેટ.' આનંદમૂર્તિનું સુખ અને સંપત્તિ પૂર્વના પુણ્યને કારણે ઢગલા પુણ્યના ભવિષ્યમાં થવાના. હમણાં કહેશે. પ્રભુ! અમે પુણ્યવંત એવા છીએ, ભવિષ્યમાં એટલા પુણ્ય આવશે કે અમારી આજ્ઞા માંગશે કે શું જોવે છે? કઈ લક્ષ્મી જોવે છે? શું રાજ જોઈએ? એમ આજ્ઞા માગશે, એમ કહેશે હમણાં. પ્રભુ! તારી ભક્તિ કરનારને ભવિષ્યમાં પવિત્રતાની ખામી નહિ અને પુણ્યની પણ ખામી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

દુઃખ દોહગ દૂરે ટળ્યા જી, સુખસંપદ શું ભેટ.
ધિંગ ધણી માથે કિયો જી, કુણ ગંજે નર ખેટ.

હવે કોઈ નર નામ અધમ જીવોનું અમારે શું કામ છે? પ્રભુ! તારા જેવા મહા સર્વજ્ઞ પરમાત્માના અમે ઘરે બેઠા છીએ. સમજાય છે? માતાના ખોળે બેસે એને જગતનો ભય હોય નહિ. માતા મરે તો મરવા દે બાળકને. એમ જેને વિશ્વાસ છે, હે નાથ! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોક વીતરાગી દેવ, તારે શરણે આવ્યા, તારે ખોળે બેઠા છીએ હવે. સમજાય છે કાંઈ? 'ધિંગ ધણી માથે કિયો જી, કુણ ગંજે નર ખેટ'. બીજા નર અધમ પુરુષો હવે કોણ અમે ગણીએ એને? તારે ખોળે બેઠા,... 'મોટાને ઉછંગ બેઠોને શી ચિંતા? એમ પ્રભુચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા..' ડાહ્યાભાઈ! 'મોટાને ઉછંગ બેઠાને શી ચિંતા?' .. ભાઈ! આવે છે કે નહિ? દેવચંદજી. 'તેમ પ્રભુચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા.' અમે સર્વજ્ઞ અને પૂર્ણાનંદની પ્રાપ્તિના પ્રેમી, એમને જેની દૃષ્ટિ થઈ, મોટાને ખોળે બેઠા છીએ. હવે કોઈ અધમ ને હલકાને ખોળે બેઠા નથી. પ્રભુ! તને મળ્યો એવો વારસો અમને મળવાનો, એવા ખોળે બેઠા છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

પોતાની ચૈતન્યસંપદા, એની પ્રીતિના પ્રેમમાં પૂર્ણાનંદની પ્રીતિ પ્રત્યે જે પ્રેમ વળ્યો છે, એ કહે છે, પ્રભુ! અમે મોટાને ખોળે બેઠા છીએ, અમે કાંઈ ભિખારીને ખોળે બેઠા છીએ? અરે..! કલ્પવૃક્ષની હેઠે જાય તો કલ્પવૃક્ષ .. પડે છે. આ તારે ખોળે આવ્યા અને તારે શરણે આવ્યા, અમને કેવળજ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થયા વિના રહેવાની નથી. સમજાણું કાંઈ?

કહે છે, પહેલું નામ આપ્યું. જય નાભિરાજાના પુત્ર! એ વ્યવહા કર્યો. પછી? '**तिहुवणणिलएक्कदीव**' હવે નિશ્ચય કહે છે. પ્રભુ! અમે તમને ઓળખીએ છીએ, હોં! કેવા છો આપ? ત્રણ લોકમાં નિલય નામ સ્થાનમાં એક દીવો તમે છો. શું કહે છે? '**तिहुवणणिलय**'. ત્રણ ભુવન-અધો, મધ્ય અને ઊર્ધ્વ. ત્રણ લોક રૂપી ઘર, એના દીવા તમે એક છો. શું કીધું? ત્રણ કાળ ત્રણ લોકને પ્રકાશવામાં સામર્થ્ય હોય તો પ્રભુ! તમારા જ્ઞાનના દીવામાં છે. ત્રણ લોક અને ત્રણ કાળના તમે દીવા એક જ છો. એ .. ની વ્યાખ્યા કરી.

પહેલી પિતાની વ્યાખ્યા કરી (કે) એ અધ્ધરથી નહોતા જન્મ્યા. પિતા હતા. અને પછી કહ્યું, ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક રૂપી જે ઘર, નિલય એટલે ઘર, એના દીપક-એક દીપક. સમજાણું? પાઠમાં એમ છે, '**णिलएक्कदीव**', હોં! એક .. રહી ગયો છે એમાં. અર્થમાં. આપ એક જ દીવો છો. તમે જ છો. કેવળજ્ઞાન રૂપી દીવડો, એક દીવો છે આ તો. ત્રણ લોક અને ત્રણ કાળને પ્રકાશ કરનાર, એવી જેને પ્રતીત (આવી) આહાહા..! જેના જ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવા પરમાત્માનું જ્ઞાન જેને અંદર બેસે, એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? બેસે શી રીતે? એને શંકા.. શંકા.. શંકા.. શંકા.. એક સમયનું જ્ઞાન ત્રણ કાળને જાણે? ત્રણ લોકને જાણે? એટલા બધા તો ગાડા શી રીતે ભરતા હશે? અરે.. ભગવાન! સાંભળને, ભાઈ! તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ એટલો અનંત છે કે એટલા લોક તો શું, ત્રણ કાળથી અનંતગુણો કાળ બીજો હોય અને લોકથી અનંતગુણા લોક હોય તોપણ એક સમયમાં જાણવાની તાકાત જ્ઞાનનો પર્યાય રાખે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

ભગવાન! આત્મા વસ્તુ, એનો જ્ઞાનગુણ અને એની એક સમયની કેવળજ્ઞાન રૂપી પર્યાય. પર્યાય છે, ઈ અવસ્થા છે. ઈ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો એક દીવો છે. એમ કરીને એણે પૂર્ણ જ્ઞાનને અંદર ભરોસે લીધું છે અને પૂર્ણ જ્ઞાન સ્વ અને ત્રણ કાળને જાણે છે તેવું જ્ઞાનનું સામર્થ્ય છે, એમ જ્ઞાનીએ પ્રતીતમાં લીધું છે. સમજાય છે કાંઈ આમાં? લ્યો, આ ભક્તિ આવી. ભક્તિમાં પણ પાછું આ (આવ્યું). પણ હોય ઈ આવે ને. ધર્મીની ભક્તિ છે આ. આ કાંઈ ગાંડાની ભક્તિ નથી.

નાની ઉંમરમાં ત્યાં પાલેજમાં હતા ને. ભાઈ! પછી પેલા ભક્તિ કરવા જાયે. નાની ઉંમરમાં રસ તો હતો ને બધો. નાની ઉંમરમાં બહુ ભક્તિ (કરતા). પછી પેલા બોલતા, રાત્રે ભજન કરે એમાં. અમારે ભોગાવાળા લક્ષ્મીચંદ કાનજી, વૈષ્ણવ હતા. સગાસંબંધી એટલે

ત્યાં જઈએ, અમારો પણ .. આવે. રાત્રે ભજન કરતાં. એમાં એ વખતે બોલતા, હોં! (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. સંવત ૧૯૬૪.

જગતડા કહે છે કે ભગતડા ઘેલા છે,
પણ ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં એ પહેલાં છે.

નવનીતભાઈ! આ તો ૬૪-૬૫ની વાત છે. સત્તર-અઢાર વર્ષની ઉંમર હતી ત્યારે ત્યાં સાંભળતા. 'જગતડા કહે છે..' આ શું પણ ગાંડી ભક્તિ માંડી આ? શેની માંડી આ? સાંભળને હવે. સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોકના જાણનાર, એની ભક્તિ કરનારો ગાંડો થયો છે હવે, ઘેલો થયો છે. કઈ રીતે?

જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે,
પણ ઘેલા ન જાણશો રે, પ્રભુના પંથમાં એ પહેલાં છે.
જગતડા કહે છે રે ભગતડા કાલા છે,..

આ કાલા જેવી વાતું. આ બધા સુધરેલ મોટા મોટા .. કરે. શું આ તો કેવળજ્ઞાન અને એને વળી આવું હોય.

જગતડા કહે છે રે ભગતડા કાલા છે,
પણ કાલા ન જાણશો રે, પ્રભુને એ વ્હાલા છે.

અહીં કહેશે, '**सयलजीववच्छल**' ભાઈ! આમાં શબ્દ પડ્યો છે. સર્વ જીવ .. ભગવાન છે. આહાહા..! વીતરાગ છે ને! સાંભળને! એ તો સર્વજ્ઞ વીતરાગ છે. પણ ભક્તો સમકિતી... અહીં તો સર્વ જીવોને વાત્સલ્ય કરનાર ભગવાન છે, એમ કહેશે. બધા જીવ પ્રત્યે વાત્સલ્ય. વાત્સલ્ય નામ કેવલજ્ઞાન થયું, અકષાય દશા પ્રગટ થઈ, અકષાયની કરૂણા કહી અને તેને વાત્સલ્ય કહેવામાં આવ્યો છે. આ ઠીક અને આ અઠીક ભાગ નીકળી ગયો. એકલો વીતરાગભાવ રહી ગયો. સર્વ જીવ પ્રત્યે ભગવાનને વાત્સલ્ય પ્રેમ વર્તે છે, એમ કહેવામાં આવે છે. વિકલ્પ નથી, હોં! રાગ નથી. સમજાણું આમાં કાંઈ?

પહેલો ભાગ એમ મૂક્યો, '**तिहुवणणिलएक्कदीव**'. હે નાથ! આહાહા..! જેના જ્ઞાનમાં આમ તરવરે અરિહંતની દશા, સર્વજ્ઞપ્રભુની દશા. જેનું જ્ઞાન સામર્થ્ય એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે. અરે..! આટલું શું એથી અનંતગુણું હોય તો જાણે. એવું જેને ધર્મીને, કેવળજ્ઞાનના જ્ઞાનની પર્યાયની સામર્થ્યતા બેઠી છે, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. રાગ અને પર્યાય ઉપર હોતી નથી. સમજાણું કાંઈ? આ ઈ સાચી ભક્તિ કરે છે. નિશ્ચય પણ સાચો અને વ્યવહારનો વિકલ્પ ઉઠ્યો ત્રણનો, એ પણ સાચો. સાચો એટલે વ્યવહારથી વ્યવહાર બરાબર હોય. વ્યવહાર આવ્યા વિના રહેતો નથી.

કહે છે, હે નાથ! '**तिहुवणणिलएक्कदीव**'. વેલડી છે... મંડપ હોય ને? મંડપ. વેલડી નથી કરતા ઉનાળામાં? વેલડી. જ્યાં સુધી મંડપ છે ત્યાં સુધી વેલડી પ્રસરે, વાંસડા ઉપર. પણ

પછી આઘી જઈ શકે નહિ. પણ એટલા ને એટલામાં પથરાય. પણ વેલડીમાં આઘું જવાની તાકાત નથી એમ નહિ. મંડપ કરે છે ને? મંડપ. વેલડીના માથે. જ્યાં સુધી એના ઠીંગા હોય ત્યાં સુધી જાય. પછી નથી તો ક્યાં જાય? પણ એનામાં આગળ જવાની તાકાત નથી એમ નહિ.

એમ હે નાથ! આપના જ્ઞાનની દશામાં ત્રણ કાળ ત્રણ લોકનો મંડપ છે તેટલું આપે જાણી લીધું છે. પણ એથી અનંતગુણુ નથી જાણવાની તાકાત એમ નહિ. આહાહા..! શું કહે છે આ! સમજાય છે કે નહિ આમાં? જયંતિભાઈ! આ ગજ જ જુદી જાતના છે. સર્વજ્ઞને માપવાના, સર્વજ્ઞના પ્રેમના, સર્વજ્ઞની ભક્તિના ગજ જ જુદી જાતના છે. હે નાથ! ત્રણ લોક છે અને એથી અનંતગુણો લોક હોત, ત્રણ કાળ છે એથી વધારે શેનો હોય? પણ આપના જ્ઞાનમાં.. આહા..! જુઓ! એટલું એને ભાન અને પ્રતીત આવી છે તો એનું બહુમાન કરે છે. જેને એ જ્ઞાનના સામર્થ્યના ભાન ન મળે એને સર્વજ્ઞ પ્રત્યે સાચું બહુમાન હોઈ શકે નહિ. સાચું ન હોય, ઉપરટપકે કર્યા કરે. પુણ્ય બાંધે અને ભક્તિ... પણ સાચું (ન હોય). આહાહા..! એક આત્મા, એનો એક જ્ઞાનગુણ એવા અનંત ગુણ, એની એક સમયની પર્યાય-અવસ્થા. ત્રણ લોક અને ત્રણ કાળનો દીવડો પ્રભુ આપ. મારા અને તમારા ને બધાના ભાવ પ્રભુ! આપના જ્ઞાનમાં વર્તે છે. બરાબર હશે? એક બીજી વાત કરી.

'**तित्थयर**'. હવે શું કહે છે? આપ તીર્થને સ્થાપનારા છો. નાભિરાજાના પુત્ર વર્ણવ્યા. જય હો નાથ! તારો જય હો! એમ કરીને મંગલિક કર્યું છે. ત્રણ લોકના એક દીવા હોય તો તમે એક જ છો. અમે પણ હજી અધૂરા જ્ઞાનવાળા (છીએ). પૂર્ણ જ્ઞાન છે તે જગતનો એક દીવો છે. સમજાણું કાંઈ? 'દીવો તાણં સરણ ગઈ પઈટ્ઠા'. નથી આવતું? નમોત્થુણંમાં આવે છે. પણ અર્થ ન આવડે. નમોત્થુણં છે ને? નમોત્થુણં. એમાં આવે છે. આવે છે? જેઠાલાલભાઈ! 'દીવો તાણં સરણ ગઈ પઈટ્ઠા'. અર્થ ન સમજે તો (એમ બોલે), દીવા ટાણે સંઘવી પીટ્યા. એમ અર્થ કર્યો. ખબર ન મળે.

દસા-વીસાને તકરાર થયેલી. અર્થ આવડે નહિ. હજી અર્થ પણ આવડે નહિ, શું છે? એના ભાવ અને એના અનુભવની વાતું તો (ક્યાંથી ખબર હોય). 'દીવો તાણં સરણ ગઈ પઈટ્ઠા'. દીવા ટાણે સંઘવી પીટ્યા. પેલા બેને વાંધા ઉઠ્યા હશે. અરે..! પણ આ શાસ્ત્રમાં ક્યાંથી આવ્યું આવું? અર્થ જોયો તો, આ તો બીજી વાત છે. પ્રભુ! આપ તો દ્વિપ સમાન છો. આપ દ્વિપ સમાન છો. મોટા દરિયામાં દ્વિપ હોય જેમ ઉદ્ધાર માટે. એમ જગતના સમુદ્ર-સિંધુ અનંત અપાર પરિભ્રમણની અટવી, એમાં આપ દ્વિપ સમાન છો. આપને શરણે આવે એટલે આપનું જ્ઞાન જે લક્ષમાં લે એને શરણ મળે અને એનું અશરણ ટળ્યા વિના રહે નહિ. જેઠાલલભાઈ! આ રીતે હોવું જોઈએ. સમજીને વાત છે.

'**तित्थयर**'-ધર્મ તીર્થની પ્રવૃત્તિ કરવાવાળા. એટલે શું? સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ

થઈ ત્યારે ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે'. ૐ ધ્વનિ છૂટે. એને લઈને લાયકાતવાળા જીવો ધર્મને પામે, એની પ્રવૃત્તિ કરનારા આપ છો, એમ નિમિત્ત અને વ્યવહારથી કહેવામાં (આવે છે). ભક્તિમાં તો વ્યવહાર જ હોય ને. હું મારાથી તરીશ, એમ કહેવાય ભક્તિમાં? તેથી નિમિત્તના કથન છે. એનું જ્ઞાન જ્ઞાનીને યથાર્થ વર્તે છે.

'**ધર્મતીર્થકી પ્રવૃત્તિ કરનેવાલે...**' આહાહા..! જેણે આપની વાણી સાંભળી અને જેણે અંદરમાં આત્માના જ્ઞાન, આનંદને સાધ્યો એના તીર્થના-તરવાના ઉપાય જેણે પ્રગટ કર્યા, પ્રભુ! આપે જે એ કર્યા, એમ અમે તો કહીએ છીએ. '**હે ઋષભદેવ ભગવાન! આપ ઈસ લોકમેં સદા જયવંત રહો!**' આ ઓળખાણ કરીને કહ્યું છે, હોં! જયવંત રહો, નાથ! એવું કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારું એવું ને એવું તમને અનંત કાળ રહેવાનું છે. અમે કહીએ છીએ, જયવંત રહો! બાધકભાવ રહો નહિ, સાધકભાવ રહો અને તેના સાધ્યભાવ અનંત કાળ એમ ને એમ રહો. એમાં વિવેક થયો, પરનો આદર નહિ અને સ્વનો આદર. આત્મા પવિત્રતા શુદ્ધ, એની શ્રદ્ધા-જ્ઞાનનો આદર. અને રાગનો આદર નહિ. બાધકનો નહિ. પૂર્ણાનંદની પ્રાપ્તિ તે મારે આદરણીય છે, બાકી બીજું કોઈ આદરણીય છે નહિ. કહે છે, જયવંત રહો. તથા..

'**सयलजीववच्छल**' જુઓ! હવે આ એક શબ્દ મુનિ કહે છે. પંચ મહાવ્રતધારી જંગલવાસી (કહે છે). આપ કેવા છો? પ્રભુ! સકલ જીવમાં વાત્સલ્ય કરનારા છો. '**સમસ્ત જીવોં પર વાત્સલ્યકો ધારણ કરને વાલે...**' શું હશે? ભગવાનને પ્રેમ હશે? પ્રેમ હોય તો રાગ કહેવાય. રાગ હોય તો વીતરાગ નહિ. વીતરાગ ન હોય તો કેવળજ્ઞાન હોઈ શકે નહિ. લોગસ્સમાં આવે છે ને? તિત્થયરા મેપસિયંતુ. હે ભગવાન! મને પ્રસન્ન થાજો. પ્રસન્ન થાતા હશે ને ઈ? એ કથન, બાપા! નિમિત્તના એવા કથનો ભક્તિમાં હોય છે કે એનો અર્થ સમજ્યા વિના કરે તો કાંઈકનું કાંઈક કહે. ભાઈ! શાસ્ત્રોના અર્થો એની વિધિએ-રીતિએ સમજવા જોઈએ. એની વિધિ વિના અર્થ કરવા જાય તો કાંઈકનું કાંઈક થઈ જાય.

અમારે એક જણો હતો ... કરી નાખ્યા. ત્યાં સોનગઢ. નવનીતભાઈ! એક જણ હતા. પાંચસો રૂપિયા આવ્યા સંસ્થામાં. ઈ કહે કે અહીં લખવા કે અહીં લખવા. લખવા છે ને? હતા શાસ્ત્રના ભણનાર, હોં! પણ એની ખબર નહિ. આવ્યા ઈ અહીં લખાય, આવ્યા ઈ આમ ન લખાય. જ્યાં-ત્યાં લખવા છે ને? પણ પાંચસો આમ લખ્યા તો હજારનું દેવાળું (થશે). ... કહો, સમજાણું કાંઈ? સમજ્યા વિના.. એ જાતની કળા ખબર ન મળે એટલે બીજું ભલે જાણપણું હોય, પણ આની કળા ખબર નહિ. લખવા આની કોર જોઈએ અને લખ્યા આની કોર. લખવું છે ને ક્યાંક.

એમ ભવગાનની વાણીના ન્યાયે સત્ય પરખવાના છે, સાચો વ્યવહાર પરખવાના છે,

એને એની ખતવણી કરતાં ન આવડે તો કાંઈકનું ... કાંઈક કરી નાખશે. સમજાણું કાંઈ?

કહે છે, હે ભગવાન! આપ સર્વ જીવના વાત્સલ્ય છો. એટલે? પ્રભુ! આપનું કેવળજ્ઞાન ... આપના જ્ઞાનમાં મારી ગતિ .. એ આપના જ્ઞાનમાં આવી ગઈ છે. આહાહા..! શું કહે છે? શ્રીમદ્ પણ કહે છે,

કરૂણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી,
પલમેં પ્રગટે મુખ આગલ હૈ,

પલમેં પ્રગટે-ભગવાન ચૈતન્યદીવડો અંદર પડ્યો છે. પણ ગુરુગમથી મળે એવો છે. કહે છે, હે નાથ! 'કરૂણા હમ પાવત હૈ તુમકી' હે પરમાત્મા! આપની કરૂણા પામી. એટલે? આપના જ્ઞાનમાં મારો આ કાળે કેવળ ને અનુભવ ને સ્થિરતા છે, એ આપે જાણી છે. એ જાણી તે જ પ્રભુ! આપની અમારા પ્રત્યે કરૂણા છે. સમજાય છે કાંઈ? શું થાય? જેના જે અર્થ સમજે અને કાંઈકનું કાંઈક ખતવે. વ્યવહારનું ખતવે નિશ્ચયમાં અને નિશ્ચયનું ખતવે વ્યવહારમાં. એમ જમાનું ખતવે ઉધારમાં અને ઉધારનું ખતવે જમામાં. દુનિયા એને સરખો ગાંડો કહે. એમ જે વ્યવહારની વાત છે તે વ્યવહારની ભૂમિકામાં ખતવાય. નિશ્ચયની સત્ય વાત હોય તે સત્યમાં ખતવાય. એમ ન સમજે તો ગોટો થાય. અનાદિનો ગોટો ઉઠ્યો, કોઈ દિ' નિશ્ચય અને વ્યવહારના સાધન-સાધ્ય શું એને સમજ્યો નહિ.

અહીં કહે છે, હે નાથ! '**સમસ્ત જીવોં પર વાત્સલ્યકો ધારણ કરને વાલે...**' શબ્દ ઈ લીધો છે. '**सयलजीववच्छल**' પડ્યો છે ને? એનો અર્થ બીજો કરતા એક પંડિત. સર્વ જીવમાં વાત્સલ્યના ધારણ કરવાવાળા. એનો અર્થ-મને તમારા ઉપર પ્રેમ છે ને એટલે તમને અમારા ઉપર પ્રેમ છે. ... અમારો વિકલ્પ છે, પ્રભુ! આપ ત્રણ લોકના નાથ છો, અમને આપનામાં પ્રેમ વર્તે છે. આપની કરૂણા વર્તે છે, પ્રભુ! અકષાય કરૂણા. તે અમારા પ્રત્યે એમને કરૂણા અને વાત્સલ્ય છે એમ અમે કહીએ છીએ. ઓહોહો..! ..ભાઈ! આમાં ભક્તિને સમજવી પડશે.

'**णिम्मलगुणरयणणिहि णाह**'. એક છેલ્લું પદ છે. શું કહે છે? હે નાથ! આપની ભગવાન પરમાત્માની દશા નિર્મળ ગુણ. ગુણ તો બધાના નિર્મળ જ હોય. દરેક આત્માના, પણ જેની દશા નિર્મળ થઈ તેને નિર્મળ ગુણના ધારણ કરનારા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**णिम्मलगुणरयण**' દેખો! એને રતન કીધા, ધૂળને નહિ. આહાહા..! પ્રભુ! ત્રણ લોકના નાથ એટલે આપના જ્ઞાનમાં ત્રણ લોક અને ત્રણ કાળ ઝળહળી ઉઠ્યા-જણાય છે. એટલે આપ નિર્મળ ગુણના રતનના ધરનાર છો. ગુણ શબ્દે અહીં પર્યાય છે, હોં! પર્યાય એટલે અવસ્થા. અવસ્થા એટલે દશા. ગુણ તો નિગોદના જીવમાં પણ અનંતા નિર્મળ છે, સિદ્ધના પણ અનંતા છે. પણ પર્યાયમાં પ્રગટ થયેલા એ પરમાત્માને હોય છે. એટલે કહે છે કે '**णिम्मलगुणरयण**' ગુણના રતનની નિધિ, ખાણ છો, ખજાનો છો. અનંત અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન અનંત

પ્રગટ થયા છે, એવા અનંત કાળ નવા નવા પ્રગટ થયા જ કરશે. એ વળી શું કહ્યું?

જે સર્વજ્ઞપદ હોય છે ને? કેવળજ્ઞાન તે પર્યાય છે. એ ગુણ નથી. ગુણ ત્રિકાળ હોય. જે એક સમયની પર્યાય પ્રગટી એ વ્યય થઈને બીજે સમયે નવી પ્રગટે. કેવળજ્ઞાન પણ એક સમય જ રહે, બે સમય રહે નહિ. એ નહિ, પણ એવું. ઈ શું? પૂર્ણાનંદની પ્રાપ્તિ ને કેવળ અને આનંદ એવો ને એવો બીજે સમયે (પ્રગટે), એ નહિ. એવી ગુણના રતનની નિધિ, હે નાથ! એમ કરીને શબ્દ વાપર્યો છે. નાથ એટલે? અમને મળેલા ભાવને રક્ષણહાર, અણમળેલાને આપ મેળવનાર (છો). નિમિત્ત તરીકે. એને અહીંયાં નાથ કહેવામાં આવે છે.

એમ કરીને પહેલા શ્લોકમાં ભક્તિ સમજણપૂર્વક ભક્તિના જ્ઞાનના ભાનમાં આ ભક્તિ કરી છે. કલાક થઈ ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**ચૈત્ર વદ-૯, મંગળવાર, તા. ૫-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૨, પ્રવચન-૭૮૨**

પદ્મનંદી આચાર્ય એક મહામુનિ વનવાસી સંત થયા. એણે જંગલમાં ભગવાનની વર્તમાનમાં ગેરહાજરી હોવા છતાં લક્ષમાં પરમાત્મા જાણે સમવસરણમાં બિરાજતા હોય (એ રીતે ભક્તિ કરી છે). સમવસરણ એટલે આત્માની પૂર્ણ શાંતિ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થતાં પૂર્વના તીર્થંકરપણાના પુણ્યને લઈને ઇન્દ્રો આવીને એક ધર્મસભા રચે છે. ધર્મસભા. એ સભામાં એ બિરાજમાન હોય છે. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં પણ એ રીતે પરમાત્મા બિરાજમાન છે.

એવા સમવસરણ સ્થિત. જોકે ઋષભદેવ ભગવાન વર્તમાનમાં તો સિદ્ધપદમાં છે. આ તીર્થંકરદેવ દેહ રહિત થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ, અશરીરી આનંદના અનુભવરૂપ સિદ્ધદશામાં છે. છતાં જાણે ભગવાન મારા સમીપમાં હોય એમ શિષ્ય-ભક્ત એની સ્તુતિ કરે છે. મારા સમીપમાં જાણે ભગવાન હોય એમ સ્તુતિ કરે છે. સમવસરણમાં રહ્યાની સ્તુતિ છે આમાં, સિદ્ધની નથી. શું કીધું? તીર્થંકર ભગવાન અનંત થયા એવા એક અને એક એવા અનંત. અહીંયાં પહેલાં તીર્થંકરને ઉદ્દેશીને સ્તવન છે. પણ એના પ્રમાણમાં બધા તીર્થંકરો પૂર્ણ પવિત્રતા અને પૂર્ણ પુણ્યવાળા છે એની સ્તુતિ ભેગી આવી જાય છે. પણ અહીં ખાસ એક ઋષભદેવ આ ચોવીસીમાં પહેલા તીર્થંકર આદ્ય હતા એને ઉદ્દેશીને આ બધું લખાણ જન્મથી તે મોક્ષ સુધીનું વર્ણવ્યું છે. અથવા પૂર્વ ભવમાંથી આવ્યા ત્યારથી એ બધું વર્ણવ્યું છે. એમાં પહેલો શ્લોક આપણે કાલે આવી ગયો.

જુઓ! જ્ઞાનીને પણ આત્મા આનંદ અને શુદ્ધનું ભાન હોવા છતાં, ભક્તને ભગવાનની ભક્તિનો ભાવ આવ્યા વિના રહેતો નથી. છે ઈ ભાવ શુભ-પુણ્ય. પણ એ ભાવ પૂર્ણાનંદની પ્રાપ્તિ આત્માની ન હોય ત્યાં સુધી પૂર્ણાનંદને પ્રાપ્ત પરમેશ્વરના સ્મરણ ને જાપ, ધ્યાન એને હોય છે. એટલે અહીંયાં પૂર્ણાનંદની પ્રાપ્તિ અનાકુળ શાંતરસ જેને પૂર્ણ પરિણમી ગયો છે અને પૂર્વના પુણ્યને લઈને જેને ધર્મસભા-સમવસરણ આદિ છે એનું લક્ષ કરીને અહીંયા આચાર્ય સ્તુતિ કરવા માગે છે. એક શ્લોક તો કાલે થયો હતો.

હે નાથ! આપ નાભિરાજાના પુત્ર (છો), એમ કરીને ઓળખાવ્યું. ત્રણ લોકમાં એક દીવો, કેવળજ્ઞાન રૂપી દીવાથી ત્રણ કાળ ત્રણ લોકને આપ જાણો છો. એમ કરીને એમની જ્ઞાનની સંપદાની પ્રતીતિ બતાવી. ભગવાનનું જ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એવા આત્માના જ્ઞાનની એક સમયની દશા એવું જેનું સામર્થ્ય છે, એવી જેને પ્રતીત થઈ છે એ આ ભગવાનની સ્તુતિ કરે છે. એની હજી ખબર ન મળે કે .. કેવળજ્ઞાન શું? ત્રણ કાળ ત્રણ લોકને જાણે શું? નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વની શ્રદ્ધા પહેલી આવે છે. એ મોક્ષ એટલે શું?

કેવળજ્ઞાનને પ્રાપ્ત થયેલા આત્માને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. એવી જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે અને મોક્ષતત્ત્વના ભાવનામાં ઉઠ્યો છે. પૂર્ણાનંદની પ્રાપ્તિની સાવધાનીમાં આવ્યો છે. એને આવા ભગવાનની સ્તુતિના ભાવ પુણ્યનો આવ્યા વિના રહેતો નથી. ..ભાઈ! સ્તુતિ.. બધું કહેશે અહીંયાં.

હવે અહીંયા જરી બીજો શ્લોક. ભગવાન જ્યારે સમવસરણ-ધર્મસભામાં બિરાજમાન હતા એને લક્ષીને આ સ્તવન ઉપાડ્યું છે.

**सयलसुरासुरमणिमउड,–किरणकब्बुरियपायपीढ तुमं।**
**धण्णा पेच्छंति थुणंति, जवंति झायंति जिणणाह।।२।।**

શું કહે છે? હે નાથ! નાથની વ્યાખ્યા કાલે થોડી કરી હતી. નાથ એને કહીએ, કાલે નાથ આવ્યું હતું ને? ભાઈ! પહેલામાં છેલ્લો શબ્દ આવ્યો હતો. છેલ્લો. હે નાથ! નાથ એટલે? કે જેને કેવળજ્ઞાન પૂર્ણાનંદની દશા પ્રાપ્ત છે, એમની જેણે પ્રતીત અને ભાન અંતરમાં કર્યું છે, એને જે મળેલી ધર્મદશા એના રક્ષક નિમિત્ત તરીકે કહેવાય છે અને અણમળેલી ચારિત્ર અને કેવળજ્ઞાનને પ્રાપ્ત થવામાં એ નિમિત્ત છે. માટે અણમળેલાને મેળવવામાં એ કારણ છે. એમ ગણીને ભગવાનને નાથ કહેવામાં આવે છે. નાથની વ્યાખ્યા-યોગક્ષેમના કરનાર, તેને નાથ કહેવામાં આવે છે. પત્નીનો પતિ નાથ કહેવાય છે એનું કારણ, એની પાસે મળેલી ચીજનું રક્ષણ કરવામાં નિમિત્ત અને જે માગે, અણમળેલીને મેળવવામાં નિમિત્ત (છે) માટે તે પત્નીનો પતિ નાથ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એમ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ નિર્દોષદશા પ્રાપ્ત, પૂર્ણ.. એક વાર તો એમ કહ્યું હતું, એક સ્તુતિ આવે છે ને? ભાઈ! એક પરમાણુના અનંતમા ભાગનો પણ દોષ પ્રભુ તમારી પાસે નથી. હમણાં આવ્યો હતો ને કરણાનુયોગનો ગ્રંથ? નવમો કે કેવો આવ્યો હતો? જયધવલ, ધવલ. એક પરમાણુ છે ને? પરમાણુ-પોંઈટ. આ રજકણ. એ રજકણમાં કર્મ થવાની લાયકાતવાળો એક રજકણ લીધો છે. કે જે પરમાણુમાં કર્મ વિકાર થવાની લાયકાત (છે). એ વિકાર જે પરમાણુમાં હોય છે,.. ઝીણી વાત છે. ધ્યાન રાખજો! આ તો સર્વજ્ઞ શું છે અને સર્વજ્ઞની નિર્દોષ દશા શું છે? (તે વાત છે).

આત્મા જેટલા પ્રમાણમાં શુભ અને અશુભભાવ કરે તેટલા પ્રમાણમાં ત્યાં કર્મના રજકણમાં ફોટો પડે. કર્મના રજકણમાં એવી વિકારી અવસ્થા પોતાના પરમાણુને કારણે થાય. સમજાય છે આમાં કાંઈ? અહીંયાં જેટલા પ્રમાણમાં શુભ અને અશુભભાવ જીવ કરે એટલા પ્રમાણમાં સામે કર્મના રજકણો પોતાને કારણે વિકારપણે થઈને કર્મરૂપે થાય. સમજાય છે આમાં? આ શરીરનો જેમ ફોટો પડે છે કે નહિ? શરીરનો. આ શરીર છે અને સામે ફોટો પડે છે. એ ફોટાના રજકણો આ શરીરમાંથી નથી આવતા. શું કીધું? આમ બેઠો હોય અને ફોટો પડે છે અહીં. એ અહીંના રજકણો એ આકાર રૂપે પરિણમે છે. ત્યાંથી નથી આવતા. ત્યાંથી

જો આવે તો હજાર, લાખ, બે લાખ કોઈ પાડે તો ત્યાંના રજકણો અહીં આવે તો શરીર સૂકાઈ જાય. વાત સમજાય છે આમાં કાંઈ? સામાનો અહીં આકાર પડે, ન્યાંથી રજકણો નથી આવતા. અહીંના રજકણોમાં તે પ્રકારની આકૃતિ થવાની લાયકાતવાળા ફોટાપણે પરિણમે છે.

એમ આત્મા જેટલા પ્રમાણમાં શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપના કરે તેટલા જ પ્રમાણમાં રજકણોમાં રજકણમાં ફોટો રજકણને કારણે રજકણમાં થાય છે. સમજાણું કાંઈ? ઈ એક એક રજકણમાં એવી વિકાર થવાની લાયકાત હોય છે કે જેના વિકારના અંશોને શાસ્ત્રકાર અનંતા અનંતા કહે છે. આહા..! એક રજકણનો અંતર વિકારનો ભાવ અનંતગુણો છે. એના અનંતમો ભાગ પણ હે નાથ! આપનામાં દોષ રહ્યો નથી. સમજાય છે? પરમાત્માને ઓળખીને ભક્તિ, સ્તુતિ કરે. સમજ્યા વિના સ્તુતિ કરે એનું કાંઈ ફળ છે નહિ. સાધારણ રાગ થાય. આ તો આત્મભાન કરીને (સ્તુતિ કરે છે).

હે નાથ! અમારામાં તો અનાદિ કાળના અનંત અનંત દોષ હતા. એનું અમે દોષરહિત અમારું આનંદસ્વરૂપ છે એનું અમે ભાન કર્યું એટલી તો અમારી નિર્મળ દશા થઈ. પણ આપને પૂર્ણ નિર્મળ દશા એક સમયમાં ઝળહળ જ્યોતિ ચૈતન્ય ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું જ્ઞાન, દેખવાનું દર્શન, સ્વરૂપના આચરણનું ચારિત્ર અને બધા ગુણોની નિર્મળ દશાને રચવાનું વીર્ય-આત્મબળ, તેવું આપને હે નાથ! પૂર્ણ રીતે પ્રગટ્યું છે. આપનામાં એક રજકણનો જે વિકારી અનંતગુણો ભાવ.. શાસ્ત્રભાષા એને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે, એનો એક ભાગ પણ પ્રભુ આપનામાં દોષ રહ્યો નથી. અનંતા અનંતા ગુણોની ખીલવટ, જેમ કમળ ખીલી જાય એમ આત્માની શક્તિઓ જે હતી (એની) અનંત આત્માની દશા ખીલી ગઈ છે. હે નાથ! હવે વંદન કરનારા કેવા છે અને આપ ક્યા સ્થાનમાં છો, એ વાત વર્ણવે છે. શું કીધું?

**અર્થ :- 'સમસ્ત સુર-અસુરોંકે ચિત્ર-વિચિત્ર મણિયોંસે યુક્ત...'** મહાન દેવો, જેના દેવના નેતા એ પણ પરમાત્માની ભક્તિ કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવો ધર્માત્મા આત્મભાન લઈને સ્વર્ગમાં ગયા છે. અધૂરું રહ્યું છે તેથી સ્વર્ગમાં જવું પડ્યું છે. આત્માનું જ્ઞાન કરેલું. શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા આનંદકંદ છે એવું ભાન થયેલું. પણ રાગ સર્વથા ટળ્યો નહોતો એટલે રાગનું એને પુણ્ય બંધાઈ ગયું. એ પુણ્યને લઈને એને સ્વર્ગ મળ્યું. એ સ્વર્ગના દેવો...

એક જણો ભાઈ! પ્રશ્ન કરતો હતો. (સંવત) ૧૯૯૨માં. કહ્યું હતું ને એક જણાએ? કે આ બધા તમે વાત કરો છો કે આવા પુણ્ય કરે તો સ્વર્ગમાં ઈન્દ્રાણી મળે. અહીંયા પાળે બ્રહ્મચર્ય અને ન્યાં મળે ઈન્દ્રાણી. એક પંડિત ભાઈ! વાત કરતો હતો. ખબર છે. ૧૯૯૨માં પ્રશ્ન કર્યો. ખબર ન મળે. શાસ્ત્ર શું કહે છે? એનું તત્ત્વ શું છે? અહીં પાળ બ્રહ્મચર્ય, અહીં પાળે આનંદમૂર્તિની દૃષ્ટિ, જ્ઞાન અને ન્યાં જાય તો ઈન્દ્રાણી મળે. આ કેવા શાસ્ત્રના કથન? મેળ ખાતા નથી. મનસુખભાઈ! ભણેલા પણ મોટા ભીંત ભૂલે છે.

તે દિ' એટલું એને કહ્યું, ૧૯૯૨માં, જો ભાઈ! આ આત્મા અનંત અનંત પવિત્રનું ધામ (છે). એનું અંતરમાં ભાન થયું. પવિત્ર છું. સમ્યક્ થયું-સમ્યગ્દર્શન થયું અને સ્વરૂપનું આચરણ પણ અંશે પ્રગટ્યું. પણ પૂર્ણાનંદની પ્રાપ્તિ ન થઈ ત્યારે એને રાગભાગ તો રહે છે. ભક્તિનો, પૂજાનો, દયાનો, દાનનો એવો ભાવ રહે છે. એ ભાવમાં એ શું બાંધે? એ ભાવમાં ગધેડાપણું બાંધે કે એ ભાવમાં સ્વર્ગપણું બાંધે? સમજાય છે કાંઈ? જ્યાં સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ થાય, થાય ને થાય. હજી અનાજ ન થાય અને એકલું ખડ થાય એવું છપ્પનિયામાં બન્યું હતું. છપ્પનો દુકાળ હતો. પાંચ-સાત ઈંચ વરસાદ આવ્યો હતો. તે દિ' દસ વર્ષની ઉંમર હતી. ખ્યાલ છે બધો છપ્પનિયાનો. દસ વર્ષની ઉંમર હતી. પાંચ-સાત ઈંચ (વરસાદ પડ્યો) એટલે બાટા થયા હતા, બાટા. બાટા સમજાય છે? અમારી કાઠિયાવાડી ભાષા છે ત્યાંની. બાટા એટલે આટલા આટલા કાચા થોર થયા હતા. કાચા થોર, કાચા થોર થયા હતા. પણ કણહેલા દાણા નહોતા આવ્યા. દાણા આવે ને ખડ ન હોય પણ ખડ હોય અને દાણા ન હોય એ તો બને છે.

એમ અજ્ઞાની અનાદિના આત્માનું જેને ભાન નથી એ તો રાગની મંદતાથી મિથ્યાદૃષ્ટિ પુણ્ય તો બાંધે. પણ જ્ઞાનીને, પેલાને એકલું ખડ (પાકે), અને ધર્મીને આત્માના શ્રદ્ધા-જ્ઞાનના જોરમાં નબળાઈને લઈને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ નથી તેથી રાગનો ભાગ વ્રતનો, દયાનો, દાનનો, પૂજાનો આવ્યા વિના રહેતો નથી. એવા રાગમાં એને પુણ્ય એવું બંધાઈ જાય છે કે એના ફળ તરીકે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. એ ખડ છે. એ કીધું ને? રાગ, રાગ રહ્યો એમ કીધું ને. ચારિત્ર શબ્દ ક્યાં (કહ્યો)? રાગ રહ્યો એમ કીધું ને? રાગ બાકી રહે. રાગ બાકી ન રહે તો પૂર્ણ કેવળજ્ઞાન થઈ જાય. તો તો વીતરાગ થઈ જાય, નિર્દોષ થઈ જાય.

એટલે આત્માના ભાનવાળા જીવો પણ... સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદનો અનુભવ થયો. હું આનંદમૂર્તિ છું, અનાકૂળ શાંતરસ છું. એવી સમ્યગ્દર્શનમાં પ્રતીતિ અને આનંદનો અનુભવ થયો. છતાં પૂર્ણાનંદનો અનુભવ નથી તેથી તેને શુભરાગ પુણ્યનો થયા વિના રહેતો નથી. ત્યારે હવે એ પુણ્યમાં શું બાંધે? કીધું. એણે પ્રશ્ન કર્યો કે આ શાસ્ત્રના (કથનનો) મેળ ખાતો નથી.

બાપા! ધર્મ નામ આત્મા, એનું સ્વરૂપ, એનું ચરણ નામ ચરવું-એ ચર્યા જો પૂર્ણ થઈ જાય તો તો કેવળજ્ઞાન હોય. પણ બ્રહ્મ નામ આત્માના સ્વરૂપમાં જેની દૃષ્ટિ થઈને લીનતા ઓછી રહી, લીનતા ઓછી રહી ત્યાં રાગભાગ આવ્યા વિના રહેતો નથી. એ રાગમાં એને પુણ્ય બંધાય, એ પુણ્યમાં ક્યાં જાય? એ પુણ્યમાં સ્વર્ગમાં જ જાય. લોકોને પ્રતીત ન મળે, શું ફળ, શું કારણ? એવા પુણ્યમાં સ્વર્ગમાં જાય. સ્વર્ગમાં જતા છતાં તેના ફળ અને તેના કારણ એવા ભાવનો એને શ્રદ્ધામાં આદર હોતો નથી. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

ધર્મી જીવને, સારા ખેડુને ખડ માટે ખેદ ન હોય. શું કીધું? સારા ખેડુને કીધું, હોં! સાધારણ ... તો એકલા ખડ કરે. સારા ખેડુને એકલા ખડ માટે ખેડ ન હોય. એ અનાજ માટે ખેડ વાવતા એમાં ખડ થઈ જાય.

એમ ધર્મી જીવને આત્મા શુદ્ધ ચિદાનંદની રુચિ ને દષ્ટિનું ભાન થયું છે કે રાગ અને પુણ્ય વિનાની મારી ચીજ, એનો અનુભવ થયો છે. એ અનુભવીને આત્માના અનુભવના ઝરણા અને શાંતિની જ ભાવના હોય. છતાં એમાં ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રતાદિનો વિકલ્પ આવે એનું એને પુણ્ય બંધાય છે. એ પુણ્યના ફળમાં સ્વર્ગમાં જ જાય. છતાં સ્વર્ગમાં ઈન્દ્રાણી આદિ હોય છતાં ધર્મીની દષ્ટિમાં એના કારણરૂપ પુણ્યભાવનો પણ આદર નથી અને એના ફળનો પણ ત્યાં આદર નથી. આહાહા..! પણ એ વાત ક્યાં કોને ગુંજે નાખવી? કોના કાળજે કે આ શું છે? એ નવ તત્ત્વમાં એક એક તત્ત્વ સ્વતંત્રના ફળ અને કારણને સમજ્યા વિના એને સાચું સમ્યગ્દર્શન થાય નહિ.

અહીં આચાર્ય કહે છે કે હે નાથ! આપ જ્યારે સિંહાસનમાં કેવળજ્ઞાનપણે સૂર્યપણે બિરાજતા હતા, ત્યારે ઈન્દ્રો.. કેવા? કે સુર અને અસુર દેવો સ્વર્ગના, મોટા શક્રેન્દ્ર ઈન્દ્રો આદિ. અસુર-નીચે નાગના ઈન્દ્રો છે. **'ચિત્ર-વિચિત્ર મણિયોંસે યુક્ત...'** જેના મુગટમાં મણિરત્ન જડેલા હોય છે. જેના શરીરના ચાંદણા હજારો સૂર્ય જેવા હોય છે. અંદર આત્માનું ભાન હોય છે પણ બાહ્યમાં પૂર્વના પુણ્યને લઈને શરીરનો પ્રકાશ મહા મણિરત્ન જેના મુગટમાં, એવા આપને જ્યારે પ્રભુ નમે છે,.. એમ કહીને (કહે છે), અમે તો મનુષ્ય છીએ, સાધારણ તો નમે પણ આવા ઈન્દ્રો પણ આપને નમે છે. એટલે? એવા ઈન્દ્રોને પણ આવા પુણ્યના ફળમાં હોવા છતાં, પ્રભુ! આપના કેવળજ્ઞાન ઉપર એને બહુમાન છે. આહાહા..!

એ પુણ્ય અને પુણ્યના ફળમાં ત્યાં પડ્યા છતાં આદર કેવળીનો કરવા આવે છે. સ્વર્ગમાંથી ઉતરીને ત્યાગીઓનો આદર કરે છે એનો અર્થ શું? ત્યાગી એટલે સમ્યગ્દર્શનના ભાન સહિત. જેને આત્માનો અંદર સમ્યક્ અનુભવ થયો અને રાગ ઘટાડીને જેને ચારિત્ર થયું એવા કાળા શરીર હોય, બાવળ હેઠે બેઠા હોય, ઈન્દ્રો આવીને નમે. શું ખામી છે એની પાસે? શું કરવા નમે છે? એની દષ્ટિમાં આત્મા તરવરે છે ઈન્દ્રોને. આ શુદ્ધ ચિદાનંદ છે, એની આ મુનિને બહુ જ આનંદની પ્રાપ્તિ થઈ છે અને રાગ તેને ઘણો ઘટી ગયો છે. અમારા રાગ અને રાગના ફળ તરીકે સામગ્રી ભલે એની પાસે દેખાય નહિ અને અમારી પાસે છે પણ અમારા કરતાં એને આત્માના આનંદની સંપદા વધારે પ્રગટ થઈ છે. એવા આનંદની સંપદાના કારણે ત્યાં આવીને નમી જાય છે. આ ત્યાગ તે ત્યાગ. અમારે રાગરહિત થવું છે અને રાગરહિત થઈને બેઠા એનું એ બહુમાન ને વિનય ને સત્કાર કરે છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે ઈન્દ્રો પણ આવીને.. ચિત્ર-વિચત્ર મણિઓ... અત્યારે પુણ્ય ઓછા, એને પુણ્ય બતાવવા શી રીતે? એ ઈન્દ્રો સ્વર્ગમાં છે. એના શરીરના ચાંદણા તો મહા હજારો

સૂર્ય કરતાં પ્રકાશવાળા હોય. એના મુગટમાં મણિરત્ન, ભગવાન પાસે આવીને નમી પડે છે, નમી પડે છે. ગલુડિયું જેમ ટૂંટિયે એની મા પાસે જાય અને નમે છે. એમ ઈન્દ્રો આવીને ભગવાન પાસે આવીને નમી જાય છે. એટલો વિનય! આટલા પુણ્યના ફળવાળા, છતાં.. કહે છે, એવા મુગટ, એના કિરણો. મુગટના કિરણ નિકળે ને? પેલા રતનના.

'**કુર્વરિત ચિત્ર-વિચિત્ર હૈ સિંહાસન...**' ભગવાન સિંહાસન ઉપર બિરાજતા ન હોય. સિંહાસનથી ચાર તસુ ઊંચા હોય છે. બધી વાત અત્યારે સિદ્ધ કરવા ન જવાય. પૂર્ણાનંદને પ્રાપ્ત થયેલા પરમાત્મદશાને સિંહાસન હોય છે. પણ સિંહાસનથી ચાર તસુ ઊંચો એનો દેહ રહે છે. ચાર તસુ દેહ ઊંચો રહે. અને સર્વથા કર્મરહિત થાય ત્યારે ઊર્ધ્વલોકમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ સિદ્ધપદમાં ઊર્ધ્વલોકમાં બિરાજે છે. અહીં કહે છે, હે નાથ! સિંહાસન સિદ્ધ કરે છે. સિંહાસન નીચે છે, એના ઉપર આપ બિરાજમાન (છો). ચાર તસુ ઊંચે આપ બિરાજમાન છો. વર્તમાન ભગવાન બિરાજમાન મહાવિદેહ ક્ષેત્રમાં છે. એ રીતે ઋષભદેવ ભગવાન હતા.

'**ઐસે હે જિનનાથ!**' આપના સિંહાસનમાં એ જ્યારે વંદન કરતા ને, ત્યારે એના મુગટના રત્નોનું ચિત્ર-વિચિત્રપણું સિંહાસનની સફેદ ને સ્વચ્છતામાં ઝળકતું. એમાં ઝળકતું. એવા આપને, '**જો મનુષ્ય, આપકો દેખતે હૈં,...**' આવા પરમાત્માના સ્વરૂપને જે દેખે છે એ અંતર દૃષ્ટિથી દેખે અને બહારથી દેખે છે. અંતર દૃષ્ટિથી ભગવાન વીતરાગ સ્વરૂપ પોતાનું દેખે છે. બાહ્યદૃષ્ટિથી આવા વીતરાગ છે એવા શુભભાવથી ભગવાનને દેખે છે. આહા..! કેટલાક કહે છે, એ શુભભાવને તમે ધર્મ કહો ને. અરે.. ભગવાન! વ્યવહારધર્મ કહેવાય, પ્રભુ! શું થાય? જગત લૂંટાણમાં પડી ગયું છે.

આમ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે ને. એની જેટલી દૃષ્ટિ અને સ્થિરતાની નિર્મળતા પ્રગટ થઈ એટલો ધર્મ. બાકી આવો ભાવ આવે (એને) વ્યવહારધર્મ કહેવાય. વ્યવહારધર્મ કહો, પુણ્ય કહો, મંદ રાગ કહો કે વિકાર મંદ કહો, એને પુણ્યઆસ્રવ કહો. સમજાય છે? પણ એને કોઈ એમ કહે કે એ પુણ્યઆસ્રવ કરતાં કરતાં કલ્યાણ થશે, એ વસ્તુમાં માલ નથી. રાગ કરતાં કરતાં અરાગી દશા અને આત્માનું ભાન થાય (એમ વસ્તુમાં નથી). કેમ? કે રાગ છે તે બહિર્મુખ વૃત્તિ છે. ભગવાન આત્મા અંતર્મુખ અનંત ગુણનો કંદ છે. એ અનંત ગુણના કંદ ઉપર ઢળતાં બહિર્મુખના રાગની રુચિ છૂટ્યા વિના અંતર્મુખ જઈ શકાતું નથી. ચીમનભાઈ! સમજાય છે કાંઈ?

આ ભક્તિનો વિષય ચાલે છે. ભક્તિ પણ મોંઘી. બાપુ! યથાર્થ ભક્તિ આને કહેવામાં આવે છે. સમજ્યા વિનાના ભક્તિ કરે એને ભક્તિ વ્યવહાર પણ સાચો કહેતા નથી. જેને આ ઉછળે છે, ત્રણ લોકના નાથ પરમાત્મા.. 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું.' જ્ઞાનીનું મન સર્વજ્ઞના પદ ઉપર વારંવાર જાય છે. સર્વજ્ઞપદ ઉપર વારંવાર જાય છે. સર્વજ્ઞપદ ઉપર વારંવાર જાય છે. તેથી સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે વારંવાર એને ભક્તિ ઉછળે છે. પણ એ ભાવનું ફળ

પુણ્ય છે. એ પુણ્યવંત પણ આવીને પરમાત્માને વંદન કરે છે.

પ્રભુ! **'આપકો દેખતે હૈં, આપકી સ્તુતિ કરતે હૈં...'** દેખે છે આંખથી-અંતર અને બાહ્ય. સ્તુતિ કરે છે વાણીથી. સ્તવન, સ્તવન, સ્તવન, સ્તવન. સમંતભદ્રાચાર્ય પણ મહાન સ્તુતિકાર થઈ ગયા. એમણે પણ ભગવાનની સ્તુતિમાં રેલમછેલ વર્ણવી છે. જેને ઈતિહાસકાર કહે છે કે ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. એમ કોઈ કથામાં આવે છે. સમંતભદ્ર એક આચાર્ય થયા છે. એ પણ આમ ભગવાનની સ્તુતિમાં રેલમછેલા.. જાણે બાપ પાસે પુત્ર બેઠો હોય, એમ સર્વજ્ઞપિતા એનો સમકિતી પુત્ર છે, લઘુનંદન છે. સમ્યગ્દષ્ટિ આત્માની શ્રદ્ધા, રાગ અને દેહની ક્રિયાથી પાર છું, મારું સ્વરૂપ અખંડાનંદ શુદ્ધ છે, એવું જ્યાં અંતર ભાન થયું, ભગવાન કહે છે કે લઘુનંદન (છે). એ તીર્થંકર જિનેશ્વરનો નાનો પુત્ર થયો. મોટો પુત્ર સાધુ. સમજાય છે? આત્માના આનંદના રમતો હોય, ખુબ આનંદમાં (હોય). એટલા અતીન્દ્રિય આનંદના રેલમછેલ (હોય). અને કોઈ વખતે જરી વિકલ્પ ઉઠે અહિંસા, સત્ય મહાવ્રતનો. એવા આનંદના ઉગ્રપણે ઝુલનારા એ પરમાત્માના મોટા પુત્ર છે. નિમિત્તથી અહીં તો ભક્તિ છે ને.

લઘુનંદન. લઘુ નામ નાના નંદન છે. પરમાત્મા પૂર્ણાનંદને પામ્યા, વીતરાગ. એના સમકિતી નાના પુત્ર છે. એ હળવે હળવે મોટા થઈને પોતે ભગવાન થઈ જવાના. એ અહીં સ્તુતિ કરે છે. મુનિ સ્તુતિ કરે છે પણ લીધી છે ઈન્દ્રની. હે નાથ! બધી આસ્થા કરાવે છે ભેગી, હોં! આવા ભગવાન હોય, એને સિંહાસન હોય છે. એને ઈન્દ્રો આવીને નમે છે. આ બધું છે, હોં! હંબગ નથી. આ બધી આસ્થા પણ કરાવે અને એમાં ભક્તિનો ભાવ કેવો હોય એ પણ જણાવે છે.

કહે છે, હે નાથ! આપની જે સ્તુતિ કરે છે તથા આપનો જપ (કરે છે). ભગવાન.. ભગવાન.. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ, એવો જપ કરે છે. અને ધ્યાન કરે છે. છેલ્લું એ લીધું. આપ સર્વજ્ઞ પૂર્ણાનંદ પરમાત્મા, એનું જે અંતરમાં ધ્યાન કરે છે તે મનુષ્યને ધન્ય છે. એમ પાઠમાં લીધું છે. પાઠમાં છે, ભાઈ! **'धण्णा' 'धण्णा'**. બીજી લીટીમાં પહેલો શબ્દ. ધીર ધન્ય! મુનિ કહે છે કે એને અમે ધન્ય કહીએ છીએ. આહાહા..! જુઓ! વ્યવહારને ધન્ય કીધો. વ્યવહારે વ્યવહાર તે આદરણીય વ્યવહારથી કહેવાય છે. પરમાર્થે તે વ્યવહાર જાણવા જેવો છે. આહા..!

હે નાથ! પૂર્ણાનંદને પ્રાપ્ત પ્રભુ, એક સમયમાં જેને જ્ઞાનની સામર્થ્ય દશા પૂર્ણ થઈ ગઈ એવા કેવળી પ્રભુ, આપને વંદે, આપને દેખે, આપની સ્તુતિ કરે, આપનો જપ કરે, આપનું ધ્યાન કરે, ધન્ય છે એ મનુષ્ય! એટલે કે એને આત્માનું જ્ઞાન અને ધ્યાન થયું હોય અને આ પ્રકારે કરે એટલે એ વિકલ્પના ભાવમાં અલ્પ કાળમાં નિર્વિકલ્પ થઈને પરમાનંદને પ્રાપ્ત થશે. રાગ છે આ, પણ રાગના બે પ્રકાર છે. એક સવારની સંધ્યાની રાતડ (છે). સંધ્યા, સંધ્યા નથી થાતી? આ રાતડ થાય છે ને સવારમાં? એક સૂર્યોદયની રાતડ અને એક સાંજની

રાતડ. સાંજની સંધ્યા અને સવારની સંધ્યા. કહેવાય બેય સંધ્યા, કહેવાય બેય રાતડ. રાતડ થાય છે ને? લાલ .. જેવી. પણ એક લાલ .. જેવી જે સાંજે છે તેની પાછળ અંધારુ છે. અને સવારની લાલની રાતડ પાછળ સૂર્ય છે. સમજાણું કાંઈ? એમ.. આ તો દાખલો થયો.

એમ, જેને સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આ ધૂળ માટી, આબરૂ કીર્તિનો પ્રેમ તે રાગ, આત્માના ભાન વિનાનો રાગ એ સાંજની સંધ્યા જેવો છે. નમો નમાઃ પાછળ થઈ જવાનું છે. સમજાણું કાંઈ? પૈસાના પ્રેમ, બાયડીના પ્રેમ, ભોગના પ્રેમ, આબરૂના પ્રેમ, કીર્તિના પ્રેમ, ધૂળ-શરીર, માંસના હાડકાનો પ્રેમ, એ પ્રેમ અશુભરાગ છે. એની પાછળ ચૈતન્યનું ભાન નથી. એટલે ધબો નમાઃ એનું જ્ઞાન અવરાઈ જઈને ચાર ગતિમાં રખડશે. પણ જેને દેવ-ગુરુ અને શાસ્ત્રનો પ્રેમ છે, છે તો રાતડે, છે તો રાગ, પણ દૃષ્ટિમાં એ રાગ અશુભથી બચવા માટે આવેલો છે. અને દૃષ્ટિમાં એને છોડીને મારે ઠરવું છે, એવી દૃષ્ટિ જ્ઞાનીની છે. માટે રાગ ભક્તિનો આવ્યા છતાં, એ રાગની પાછળ દૃષ્ટિ છે હેયની. એથી એ રાગ છૂટીને કેવળજ્ઞાનનો સૂર્ય પ્રગટ થશે. એ સવારની સંધ્યાનું ફળ (છે). સમજાય છે કાંઈ?

આ બધા દાખલા આપ્યા છે શાસ્ત્રમાં, હોં! ઘરના નથી. સાચા ઘરના. આ તો અનુભવ પ્રકાશમાં દાખલો આપેલો છે. એ હેતુ આ છે. દીપચંદજી અનુભવી થઈ ગયા છે. એમણે આ દૃષ્ટાંત આપ્યો છે. ભાઈ! ભગવાનને જેણે અંતરમાં ઓળખ્યા એને ભગવાનની ભક્તિ આવે. એનો રાગ સ્વભાવની દૃષ્ટિમાં હેય વર્તે છે. એ પછી સ્થિરતા થઈને કેવળજ્ઞાનનો સૂર્ય પ્રગટ થશે. પણ અજ્ઞાનીનો એકલો રાગ, જેને ભાન નથી આત્મા શું છે અને એકલો બાયડી, છોકરા, કુટુંબ, રાજપાટ, ભોગ, વિષય અને પૈસા... મનસુખભાઈ! એ ધૂળધમાહાના રાગ આત્માને આંધળો કરી નાખશે. અંજાય જશે. ચિદાનંદ ભગવાનની શક્તિનો વિકાસ ન કરતાં, વિકાસ ન કરતાં આવરણ થઈ જશે. આ ભગવાન પ્રત્યેની ભક્તિના રાગમાં ભાન છે કે આ ભક્તિનો રાગ છે, પુણ્યઆસ્રવ છે, મારી પવિત્રતા એનાથી જુદી છે. એ રાગને છોડીને મારે પવિત્રમાં ઠરવું છે. માટે રાગની પાછળ દૃષ્ટિને કારણે કેવળજ્ઞાનનું પ્રાપ્ત થવું છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- હે જિનેન્દ્ર! આપકો બડે-બડે સુર-અસુર આકર નમસ્કાર કરતે હૈં, ઈસલિયે હર એક મનુષ્યકો આપકે દર્શનકા, આપકી સ્તુતિકા, આપકે જપ ઔર ધ્યાનકા સુલભ રીતિસે અવસર નહીં મિલ સકતા...**' હિન્દી છે. '**કિન્તુ જો મનુષ્ય પુણ્યવાન હૈં, જિન્હેં આપકા દર્શન,...**' ઓહો..! મોટા રાજાને મળવું હોય તોય પુણ્ય જોઈએ. આ ધર્મસભામાં ત્રણ લોકના નાથ પરમાત્માના દર્શન થવા એ પણ મહા પવિત્રતા અને પુણ્યના યોગ વિના મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? કહે છે, પ્રભુ! એક રાજા પાસે જાવું હોય તો પણ કેટલું (કરે છે), કોને મળવું? કોની પાસે જાવું? શું થાય? કેમ મળાય?

સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ પ્રભુ, અહો..! એની સભામાં જાવું, પ્રભુ ત્યાં બિરાજતા હોય એના સમીપે જાવું, એની મહા પવિત્રતાની દૃષ્ટિ થઈ હોય, નહિતર એના પુણ્ય તો એવા હોય તો એ ભગવાનની સમીપમાં જઈ શકે, નહિતર જઈ શકે નહિ.

**'આપકા દર્શન, આપકી સ્તુતિ, જપ ઔર ધ્યાનકા સુઅવસર મિલતા હૈ; વે મનુષ્ય હી સંસારમેં...'** આવા પરમાત્માના જાપ, ધ્યાન, ભક્તિ કરનારાને આચાર્ય કહે છે, અમે એને ધન્ય કહીએ છીએ. જગતના પાપ કરનારા, એના કરતાં પાપ છોડીને આવા પુણ્યભાવ કરે અને જેની દૃષ્ટિ ધર્મ ઉપર છે, એવા જીવને અમે ધન્ય ધન્ય કહીએ છીએ. ધનવાળાને ધન્ય નહિ, ભક્તિવાળાને ધન્ય (કહ્યા). ધનવાળાને ધન્ય નહિ. આ બે-પાંચ કરોડ ધૂળ મળી માટે ધન્ય. ધૂળમાં અનંત વાર આવી, સાંભળને! એવી ધૂળ અનંત વાર આવી અને અનંત વાર ગઈ. ભગવાન પરમાત્માની અનંત ગુણની સંપદા એવો આત્મા, એની રુચિ અને અનુભવ થયો અને ભગવાનની ભક્તિ-પૂર્ણાનંદ પ્રાપ્ત થયાની ભક્તિ ઉછળી (તો) ધન્ય છે! કહે છે. જા! તારો નિશ્ચય પણ સાચો અને તારો વ્યવહાર પણ સાચો. સમજાણું કાંઈ? કોઈ કહેતું હતું કે આમાં દાનનો અધિકાર આવશે કે નહિ? કોઈક કહે, દાનનું વાંચવું. દાનનું એ વખતે વાંચ્યું હતું. દાનનો ન્યાય કોઈ વખતે આવી જશે.

**'ઈસ શ્લોકકે તાત્પર્યકો લેકર અન્યત્ર કહીં પર કહા ભી હૈ :-'** એક બીજો શ્લોક આધારમાં મૂક્યો છે.

यः पुष्पैर्जिनमर्चति स्मितसुर, -स्त्रीलोचनैः सोर्च्यते;
यस्तं वन्दति एकशस्त्रिजगता, सोऽहर्निशं वन्द्यते।
यस्तं स्तौति परत्र वृत्तदमन, -स्तोमेन संस्तूयते;
यस्तं ध्यायति क्लृप्तकर्मनिधनः, स ध्यायते योगिभिः।।

**અર્થ :- 'જો મનુષ્ય, જિનેન્દ્ર ભગવાન...'** પૂર્ણ નિર્દોષ પ્રભુ પરમાત્મા, જેનામાં એક રજકણના અનંતમા ભાગનો વિકલ્પ, અવિભાગ દોષ પણ જેને રહ્યો નથી. એવા વીતરાગ.. આહા..! જેને જ્ઞાનમાં રુચે અને રાગ અને સંસારની પ્રેમની રુચિ એને ખોટી લાગે, એવો ભગવાન આત્મા પોતાનો એવો ભગવાન જેને પ્રગટ્યો છે, કહે છે કે જે એની પૂજા કરે, **'વહ મનુષ્ય, પરભવમેં મંદ-હાસ્યસહિત દેવાંગના...'** જુઓ! આવ્યું આ. એને ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓ ત્યાં મંદ હાસ્યસહિત દેવાંગના, તેના **'નેત્રોંસે પૂજિત હોતા હૈ.'** કહે છે કે એવા એને પુણ્ય બંધાય (કે) ઈન્દ્રાણીઓના નેત્રોનો વલ્લભ થાય. આમંત્રણ કરીને કાંઈક કહેતા હશે? એનું ફળ આવું (છે), એટલું સમજાવે છે. પુણ્યનું ફળ બતાવે છે.

જે ભગવાનની પૂજા કરે, ભક્તિ કરે.. અહીં તો **'જિનેન્દ્ર ભગવાની પુષ્પોંસે પૂજન કરતા હૈ;...'** લખ્યું છે, હોં! પાઠમાં. એ શુભભાવનું એટલું પુણ્ય બંધાઈ જાય, કહે છે, સમ્યગ્દૃષ્ટિ સહિતની વાત છે, હોં! અહીં તો. એને જ પૂજા છે. એને ખરેખર પૂજ્ય કેવા

હોય અને પૂજક કેવા હોય, એનું ભાન (છે), એની પૂજાની અહીંયાં વાત કરે છે. હું એક પૂજા કરનાર અને આ પૂજ્ય. બેયનું જ્ઞાન હોય. હું કોણ છું? હું જ્ઞાનસ્વરૂપ આત્મા (છું). પ્રભુ! આપ કોણ છો? કે પૂર્ણાનંદની પ્રાપ્તિ રૂપ પરમાત્મા. એમ જે ઓળખીને ભગવાનની પૂજા અને ભક્તિ કરે, કહે છે કે એના પુણ્યના ફળમાં મંદ હાસ્યસહિત (દેવાંગનાથી પૂજ્ય થાય છે). કટાક્ષની મંદતા એવી દેવીઓ, એના **'નેત્રોંસે પૂજિત હોતા હૈ.'** એટલે? કે ઈન્દ્રાણીના નેત્રોની શોભા તારા શરીર ઉપર જશે અને એ ઈન્દ્રાણીઓ તને આદર કરશે. એવા તારા પુણ્યના ફળમાં સ્વર્ગમાં ઈન્દ્રપણે કે દેવપણે તું ઉપજીશ. એનું ફળ બતાવે છે, હોં! એની મીઠાશ બતાવતા નથી પાછી. જેને રાગની મીઠાશ છે અને આત્માના સ્વભાવની મીઠાશ નથી, એને આવા પુણ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવી ઈન્દ્રાણી પૂજે છે.

**'જો મનુષ્ય, એક બાર ભી જિનેન્દ્રકી વંદના કરતા હૈ,...'** ત્રણ લોકના નાથ પરમેશ્વર પ્રત્યે એક વાર જો વંદના આગમ રીતે થાય,... જેઠાલાલભાઈ! આવે છે ક્યાંય?

એક વાર જો વંદના રે, આગમ રીતે થાય,
કારણ જોગે કાર્યની રે, નિષ્પત્તિ થાય રે... સંભવજિન.

એક વાર પણ આગમની રીતે પૂજા (થાય). આહાહા..! આગમ-સર્વજ્ઞ પરમાત્માની વાણી, એની રીતે આત્માના જ્ઞાનના બહુમાન સહિત અને ભગવાનના બહુમાન સહિતનો રાગ, એવી આગમ રીતે એક વાર વંદન હોય, એને અલ્પ કાળમાં પરમાત્મદશા પ્રાપ્ત થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? કહે છે, એક વાર જિનેન્દ્ર વીતરાગદેવ નિર્દોષ પ્રભુ ત્રણ લોકના નાથ વર્તમાન બિરાજે છે. અનંતા સિદ્ધો થઈ ગયા. ઋષભદેવને જાણે નીચે ઉતારીને વાત કરતા હોય એમ અત્યારે કરે છે. આગળ લેશે વધુ, હોં!

એક દાખલો આવે છે ને? સાંભળ્યો છે? રામચંદ્રજીનો. રામચંદ્રજી હતા ને, ત્યારે બે વર્ષની-દોઢ વર્ષની ઉંમરના હતા. પોતે સિદ્ધ થવાના છે. શરીરરહિત થઈ જવાના છે. એટલે એવી એક કલ્પના ઉઠી, અગાશીમાં બેઠા હતા એમાં ઉપર પૂનમનો ચંદ્ર દેખાય. ચંદ્રને હેઠે ઉતારવાનો ભાવ. રોયા. રામચંદ્રજી જરી રોયા. પુરષોત્તમ પુરુષ. એટલે દશરથને ખબર પડી. અરે.. દિવાન! રામચંદ્રજી કેમ રોવે છે? દિવાન કહે છે, હું રાજનું કામ કરું અને આ છોકરાનું રોવાનું પણ બંધ કરાવું? બે કામ હું કરું? પણ આ પુરષોત્તમ પુરુષ છે, મહાન પુરુષ છે, આ ભવમાં મુક્તગામી છે. છેલ્લું શરીર છે. હવે એને દેહ નથી. કેમ રોવે છે? રોતો બંધ કરી દો. ઉપાય કરીને વિચાર કરો. એ અગાશીમાં બેઠા હતા અને ચંદ્ર સામું જોયા કરે. આને ચંદ્ર હેઠે ઉતારવો લાગે છે. પછી એક અરીસો એના હાથમાં આપ્યો. પેલો ચંદ્ર દેખાણો ને, અરીસો નાખ્યો ગુંજામાં. ચંદ્ર આવ્યો ગુંજામાં. રોતા થઈ ગયા બંધ.

એમ જાણીને .. કલ્પના ઉત્પન્ન થાય કે હે પરમાત્મા! અનંત સિદ્ધો ઉપર છો, હેઠે

ઉતરો. હવે એ તો હેઠે ઉતરે નહિ. અશરીરી તો હેઠે આવે નહિ. કરવું શું? ત્યારે જ્ઞાનીએ આચાર્ય સંતોએ એને કહ્યું, તારા જ્ઞાનમાં તે પૂર્ણાનંદ છે એની પ્રતીત, અનુભવ કર. એટલે .. તારા જ્ઞાનમાં ... સમજાય છે કાંઈ? રામચંદ્રજી રોતા બંધ થઈ ગયા. સિદ્ધ થાવું છે.

પ્રકાશમૂર્તિ પૂર્ણાનંદમાં જાવું છે. હેઠે ઉતાર્યા પણ પોતાને ત્યાં જાવું છે. ... એમ ભગવાને કહ્યું, અરે.. આત્મા! અનંતા પરમાત્માઓ પૂર્ણાનંદપણે લોકાગ્રે બિરાજે છે. એને તારે હેઠે ઉતારવા હોય તો એક ઉપાય છે. ઈ હેઠે નહિ ઉતરે. એ અવતાર નહિ લે. ત્યારે (કરવું શું)? તારા જ્ઞાનના સામર્થ્યમાં ઊંચા સિદ્ધને બિરાજમાન કર. આહાહા..!

પહેલામાં લીધું ને? ભાઈ! પહેલી ગાથા. કુંદકુંદાચાર્ય. ન્યાં ઘાટકોપર કહ્યું હતું. કુંદકુંદાચાર્ય મહારાજ સમયસાર શરૂ કરે છે ને? ત્યારે પહેલી ગાથામાં એ લ્યે છે. પહેલી જ ગાથા. '**वंदित्तु सव्व सिद्धे**'. આ એક શબ્દ. પછી ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય એમાંથી ભાવ ખેંચીને કાઢ્યા કે આ કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે કે, અનંતા સિદ્ધ અશરીરી જેટલા થયા તેને હું વંદન કરું છું. સમયસાર શરૂ કરતાં વંદન કરું છું. એટલે? પછી ટીકામાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું, આ શું કહે છે આચાર્ય મહારાજ? અનંતા ભગવાનો સિદ્ધ પરમાત્માઓ આનંદમૂર્તિમાં બિરાજમાન છે એને મારા જ્ઞાનને આંગણે હું પધરાવું છું. એટલે? એટલે? એનો હું આદર કરું છું. એટલે કે રાગ ને વ્યવહાર ને નિમિત્તનો આદર કરતો નથી. આહાહા..!

અનંત અશરીરી સિદ્ધો, કુંદકુંદાચાર્ય કહે છે, અમારા જ્ઞાનની પર્યાય જે નિર્મળ પ્રકાશ, શાસ્ત્રભાષાએ કહીએ તો ક્ષયોપશમ અંશ છે, એ ક્ષયોપશમ જ્ઞાનનો વિકાસ અંશ છે એમાં અનંતા ક્ષાયિકી કેવળજ્ઞાનીને અમે પધરાવીએ છીએ. આહાહા..! પછી હજી તો આચાર્ય... ડાહ્યાભાઈ! આહા..! અનંત સિદ્ધ પરમાત્માની મોટી સંપદા, મોટો સમૂહ સંઘ બિરાજે છે. અનંત સિદ્ધોનો સંઘ બિરાજે છે. ઉપર લોકાગ્રે અશરીરી જેટલા થયા એ. પ્રભુ! મારા જ્ઞાનની જે દશા વર્તમાન વિકાસ છે ને, એમાં હું આંગણે પધરાવું છું, હોં! રાગમાં નહિ. રાગમાં પધરાવાય કાંઈ? વિકલ્પ ઉઠે એમાં નહિ, નિમિત્ત શરીરમાં નહિ, કર્મમાં નહિ. પ્રભુ મારા જ્ઞાનની વર્તમાન નિર્મળ દશા, જેટલો વિકાસ છે ને, એ છે તો મારો ક્ષયોપશમ. એટલે કંઈક ઉઘાડ અને કંઈક અનઉઘાડ. પણ પૂર્ણ ઉઘાડ થયેલા અનંતા સિદ્ધના સંઘને, અનંતા સિદ્ધના સંઘને સમુદાયને અહીં બિરાજમાન કરું છું. ઓહોહો..! મારી જ્ઞાનની પર્યાયમાં પધરાવું છું. એક વાત.

હે શ્રોતાઓ! પાછું એમ કહ્યું, હે શ્રોતાઓ! અમારા શ્રોતા એવા હોય. ચીમનભાઈ! આહાહા..! તમારા જ્ઞાનની વર્તમાન દશામાં અનંતા સિદ્ધોને હું પધરાવું છું. પછી હું તમને સમયસાર કહીશ. આહાહા..! સમજાય છે આમાં કાંઈ? 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું, મારું જીવવું રે સફળ તવ લેખું.' હરતા-ફરતાં સર્વજ્ઞ પ્રભુ મારા પર્યાય, મારી દશામાં બિરાજમાન છે. એને શરમ લાગે હવે. આ રાગનો આદર કરવો? ભગવાન પાસે રાગ નથી અને મેં

એનો આદર કર્યો. શું કહ્યું સમજાણું કાંઈ? એ તો ગાથાદીઠ કોઈ અલૌકિક વાતું કરી છે. પેલા કહે, ભગવાનનો વ્યવહાર કર્યો. અરે.. સાંભળ તો ખરો, પ્રભુ! એ વ્યવહારનો અર્થ એ થઈ ગયો કે આ જ્ઞાનની વર્તમાન દશા... સ્વભાવ પૂર્ણ છે, એની દશા અલ્પ છે, અલ્પમાં પૂર્ણાનંદના ક્ષાયિક જ્ઞાનીને અનંતને બિરાજમાન કર્યા.

એક વિચાર તો એવો (આવ્યો) કે, જેટલા અનંતા થયા અને ભવિષ્યમાં જે થશે એટલા અનંતાને એ પાછો કરશે. જે સિદ્ધ થવા માગે છે અને સમયસાર એટલે જે આત્માનું ભાન કરવા માંગે છે તે. એટલા અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. કેટલા, બાપા! એ તો બહુ આકરી વાત છે. અનંત. અનંત અનંત પુદ્‌ગલ પરાવર્તન ચાલ્યા ગયા. કાળના અનંતા પુદ્‌ગલ પરાવર્તન પરિભ્રમણના. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીસી જાય. એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તનના ભેગા થયેલા સિદ્ધો. અરે..! અમારે આંગણે પ્રભુ મહેમાન થઈને પધારોને! પધારો.. પધારો! અમને અત્યારે કાળ નથી, હોં! પ્રભુ!

માણસ નથી કરતા? વાર-કવાર હોય તો પસ્તાનુ મૂકે છે કે નહિ? વાર-કવાર હોય તો પસ્તાનુ મૂકે ને? ચાલવું હોય રવિવારે અને શનિવારે શેરીને છેડે રહે ને, ત્યાં જઈને મૂકી આવીએ. કાલે જાશું.

એમ કુંદકુંદાચાર્ય કહે છે, પ્રભુ! અમને કેવળજ્ઞાનના કવાર છે અત્યારે. કેવળજ્ઞાન અત્યારે નથી. પણ અમે અમારા પર્યાયમાં અનંતા સિદ્ધોની કેવળજ્ઞાનીની પ્રસ્તાવના કરીએ છીએ, પસ્તાનું કરીએ છીએ. અલ્પ કાળમાં અમે સિદ્ધ જેવા થવાના માટે પસ્તાનું કરીએ છીએ. આહાહા..! ભાઈ! એ નિશ્ચયની ભક્તિ પણ કોઈ અલૌકિક છે! એને સમજવું. નહિતર દુનિયા તો એમ કહે કે આ ગાંડા છે, ઘેલા. વાત તો સાચી છે, હોં! કાલે કહ્યું હતું નહિ?

જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે,
પણ ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં એ પહેલા છે.

એ પહેલે પાટલે બેસવાના છે. પહેલે.. શું કહેવાય તમારે? પાટલો. માણસ નથી કહેતા? પહેલા પાટલે સારા માણસને બેસાડે કે નહિ? ભગવાન અનંતા પરમાત્મા.. આહાહા..! એની વાત શું? અનંત કેટલા? અને જ્ઞાનનો અંશ કેટલો? અનંતમા ભાગે. ઉઘાડનો અંશ અનંતમા ભાગે. અનંતા કેવળીઓ, જેના કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય. એવા એક અને એવા અનંતા. આહાહા..! કહે છે, હે શ્રોતાઓ! તમારા જ્ઞાનમાં હું એ અનંતા સિદ્ધોનો પ્રસ્તાવ સ્થાપુ છું, હોં! ના પાડશો નહિ, ના પાડશો નહિ. ના પાડશો નહિની વાત જ લીધી નથી. ... જ લીધી છે એમણે. ...

અનંતા સિદ્ધ પરમાત્માને તમારા જ્ઞાનમાં સ્થાપુ છું, બસ! એટલી વાત. અને મારા જ્ઞાનમાં મેં સ્થાપ્યા છે, હવે હું સમયસાર શરૂ કરીશ. એ સાંભળતા સાંભળતા તમારું લક્ષ અંદર ઘોળાશે અને અલ્પ કાળમાં તમને કેવળજ્ઞાન થશે. સિદ્ધમાં ભળી જશો. તમારું સ્મરણ પાછળ

કરશે એવા તમે થશો. ચીમનભાઈ! પેલા કહે, ભક્તિ ઊડાવે છે. અરે.. ભગવાન! સાંભળ, પ્રભુ! ભાઈ! ભક્તિ કોને કહેવી? નાથ! સમજાણું? આહાહા..!

આત્માના પ્રેમની જ્યાં પ્રીતિઓ ઉછળી-સમ્યગ્દર્શન (થયું), જ્ઞાનાનંદમૂર્તિનો જ્યાં અનુભવ થયો એવા કાળમાં ભગવાન પૂર્ણાનંદ ભાળે છે. અરે..! અમે તો હલકા છીએ. અમે તો ક્યાં પામર છીએ. ક્યાં પ્રભુતા અને ક્યાં અમારી પામરતા! સમકિતીને પોતાની દશામાં પામરતા ભળાય છે. સ્વભાવમાં પ્રભુતા ભળાય છે. આહાહા..!

ભાઈ! કહ્યું છે ને? સ્વામી કાર્તિકમાં. સ્વામી કાર્તિકમાં છેલ્લી ગાથા કીધી છે. એક .. કીધી છે. ધર્મી જીવને એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પ્રભુ આત્મા છું એવો પ્રભુ ભાસે છે. પણ પર્યાયમાં પામરતા ભાસે (છે). ક્યાં કેવળજ્ઞાન.. આહાહા..! અરે..! ક્યાં ચારિત્ર! સ્વરૂપની રમણતાના આનંદના ઉભરા, જે ચારિત્ર એ કેવળજ્ઞાનના દિવાન. એ ચારિત્ર ક્યાં અને ક્યાં કહેવું પ્રભુ! અમારામાં કચાશ કેટલી! એમ સમકિતી પોતાની પર્યાયની નબળાઈમાં પામરતા ભાળે છે અને પોતાને તુચ્છ ગણે છે. આહાહા..! ક્યાં આત્માના આનંદનું ચારિત્ર! ચરવું એટલે આનંદમાં એકલા રમતા હોય એવું ચારિત્ર અને ક્યાં પૂર્ણાનંદની પ્રાપ્તિ રૂપ પરમાત્મા! એની પાસે સમકિતી પોતાને પામર (સમજે છે).

શ્રીમદ્દે કહ્યું ને? ભાઈ! હે કુંદકુંદાદિ આચાર્યો! આ પામરને તમારા.. જુઓ! સમકિત થયા પછીની વાત કરી છે. આત્મભાન થયા પછી કહ્યું, આ પામરને તમારા વચનો સ્વરૂપ અનુસંધાનને વિષે અતિશય અતિશય ઉપકારી થયા છે. માટે આપને વંદન છે! આહાહા..! ધર્મીને ધર્મમાં આગળ વધેલા આનંદમાં અને શાંતિના શેરડા જ્યાં અંતર્મુખતા વિશેષ હોય એના પ્રત્યે તો ધર્મીના મસ્તક નમી જાય છે. નમે.. નમે.. નમે.

અહીં કહે છે, એ સિદ્ધ ભગવાનને સ્થાપીને અમે વાત કરશું. જેઠાલાલભાઈ! ના પાડીશ નહિ, પ્રભુ! હોં! અરે..! અમે રાંક માણસને એક બીડી વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ. પ્રભુ! પર વિના તેં તો અનંત કાળથી ચલાવ્યું છે. સાંભળ! શું કીધું? વળી ઈ શું કીધું? આત્મા આત્માપણે છે, ચારપણે. ચાર એટલે? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. વસ્તુપણે વસ્તુ, ક્ષેત્ર પ્રમાણે પહોળાઈ, કાળપણે દશા, ભાવપણે ગુણ-શક્તિ. એ પણે આત્મા છે. એ આત્મા પર અનંત આત્મા અને પર રજકણપણે નથી. શું કીધું આ? ચંદુભાઈ! આત્માએ પર વિના રોડવ્યું છે અનંત કાળથી. રોડવ્યું સમજાય છે? શું કહે? ચલાવ્યું છે. કેમ?

જુઓ! આગંળી છે ને? આંગળી. આ આંગળીએ આ ચાર આંગળી વિના ચલાવ્યું છે. આ હોય તો આ હોય એમ નથી. હું હોઉં તો છું, આ વડે હું નથી. એમ આત્મા એ આત્માપણે છે અને પર અનંત આત્મા અને પર અનંતા રજકણપણે નથી. આહાહા..! એ પરના નથીપણે રોડવ્યું-ચલાવ્યું છે. પરના અસ્તિપણે ચલાવ્યું છે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? ચંદુભાઈ! ભક્તિમાં પાછું અધ્યાત્મ આવે છે કેટલું! બાપા! મોટાના

આંગણા પણ મોટા હોય. ઘર તો મોટા હોય પણ એના આંગણા પણ મોટા હોય. એની ભક્તિ પણ વિવેકવાળી અલૌકિક હોય.

એ અહીંયાં કહે છે, અનંતા ગુણનું ધામ જ્યાં છે, એની દશામાં, એની દશામાં જે વિવેક વર્તે છે, એ અલૌકિક હોય છે. એને આ ભક્તિ ઉછળીને અનંતા સિદ્ધો મારા જ્ઞાનને આંગણે પધારો, પ્રભુ! હું વર્તમાનમાં પામર, છતાં પ્રભુતાને અંદરમાં રાખું છું. મારા જ્ઞાનમાં એને રાખ્યું છે. હવે મારું જ્ઞાન અધિક થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ?

એ અહીં વાત કરે છે કે એવા જીવને જે ભક્તિનો આહ્લાદ અને શુભભાવ આવે છે, એ જીવ વંદન કરે અને ભગવાનની પૂજા કરે એ મનુષ્ય '**એક બાર ભી જિનેન્દ્રકી વંદના કરતા હૈ; વહ મનુષ્ય, રાત-દિન તીનોં લોકમેં વંદનીય હોતા હૈ.**' આહાહા..! એના પાપના બંધન હોય અને એને લઈને દુનિયામાં અણઆબરૂ અને અકીર્તિ ભલે હો, પણ શાસ્ત્ર તો એમ કહે છે કે, આત્મજ્ઞાન પામ્યા પછી પાંચમું શ્રાવક ગુણસ્થાન, પાંચમું આનંદની શાંતિની વૃદ્ધિ થઈ ગઈ હોય. પંચમ ગુણસ્થાન શ્રાવક એટલે એ કંઈ વાડાની વાત નથી. વસ્તુના આનંદના ઉભરા જેને અંદર અંશે વધારે આવ્યા (છે). ભગવાન એમ કહે છે કે એવા શ્રાવકના આનંદની આગળ એને અપજશનો ઉદય હોય નહિ. ભાઈ! આ શું કહો છો? પ્રભુ!

આત્માની દૃષ્ટિ અને શુદ્ધતા ને પરમાત્માની જ્યાં ભક્તિ ઉછળી છે અને એમાં આગળ વધીને પંચમ (ગુણસ્થાને) આત્માના આનંદની શાંતિનો સ્વાદ વિશેષ લીધો, પંચમ ગુણસ્થાને શ્રાવકે સ્વાદ-આત્માના આનંદનો વિશેષ સ્વાદ લીધો, એને ભગવાન કહે છે, એને અપજશ ન હોય, દુર્ભાગ્ય ન હોય. દુર્ભાગ્ય નહિ, અપજશ નહિ. એ માનતો નથી કે અમારો અપજશ હોય. મારા ગાણા હું જશથી ગાઉં છું, દુનિયા કોણ અપજશ કરનાર છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લોકો લોકો પાસે રહ્યા. અહીં તો ભગવાન કહે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ બિરાજમાન એમ જોયું છે કે, આત્માના શાંતિના અનુભવ સમ્યગ્દર્શન ઉપરાંત જેને વિશેષ શાંતિનો અંશ પ્રગટ્યો, એવા પંચમ ગુણસ્થાનની દશાવાળાને અપજશ અને દુર્ભાગ્ય અને અજશ રૂપ કીર્તિ આદિ હોઈ શકે નહિ. અનાદિ ત્રણ પ્રકૃતિ છે, હોં! ઈ. દુર્ભાગ્ય, અનાદેય અને અજશ. એ નામકર્મની પ્રકૃતિ છે, એની આ ત્રણ તો એને હોય જ નહિ. અપકીર્તિ ભલે હો, પણ એમાં જોડાણ નથી. હું આત્મા શાંત આનંદ છું ને. મારી દુનિયામાં અપજશ અને અપકીર્તિ ત્રણ કાળ ત્રણ લોકમાં હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બહારની વાત છે ને. બહારનું બહારમાં રહ્યું. મારામાં કાંઈ છે નહિ.

અહીં કહે છે કે એવા ભગવાનને જેણે અંતર પધરાવ્યા અને વંદન કર્યું, દુનિયા એને વંદશે ભવિષ્યમાં. દુનિયા એને આગળ કરશે. પુણ્ય એવા બંધાઈ જશે કે લોકો એનો આદર

કરશે. ઓહો..! એના જલસા કરીને પરાણે આદર કરાવવો એવું નહિ રહે, એમ કહે છે. આ જલસા કરાવે છે ને? એ.. મહાસુખભાઈ! આ જલસા-બલસા કરીને મને અભિનંદન આપો, અમને આ આપો. એ તો કોઈના દીધે દેવાય (નહિ). એ તો બાપા! પોતે આત્મા અભિનંદન આપે. સમજાણું કાંઈ? જલસા કરો. પાંચ-દસ લાખ ખર્ચો. પછી અમે મોટા થાઈએ, અમને દુનિયા મોટા કહે. એમ પરાણે કો'કને ભરાવી ભરાવીને કરે. એ તે કાંઈ જશ છે?

કહે છે કે જ્ઞાનીને જ્યાં આત્માના ભાનસહિત ભક્તિ ઉછળી છે એમાં એવી પ્રકૃતિ બંધાશે (કે) દુનિયા એનો જશ કરતાં સામે આવશે. આહાહા..! સમજાણું કાંઈ? દેવલોકના ઈન્દ્રો, ઈન્દ્રો જેને ગાય છે, ઓહો..! વાહ રે વાહ! તારું સમ્યગ્દર્શન, જેણે પરમાત્મપદનો આદર કર્યો અને વિકાર ને શરીરનો આદર દૃષ્ટિમાં રહ્યો નહિ, એના વખાણ ઈન્દ્રો કરે. ઈન્દ્ર કરે પછી નાનાની શું વાત લેવી તારે? એમ કહે છે. ઈન્દ્રો પણ એની પૂજા એટલે કે એનો આદર કરશે.

**'તીનોં લોકકે જીવ આકર ઉસકી વંદના કરતે હૈં. જો મનુષ્ય, એક બાર ભી જિનેન્દ્ર ભગવાનકી સ્તુતિ કરતા હૈ, ઉસકી પરલોકસે બડે-બડે ઈન્દ્ર આકર સ્તુતિ કરતે હૈં. જો મનુષ્ય એક બાર ભી જિનેન્દ્ર ભગવાનકા ધ્યાન કરતા હૈ; વહ સમસ્ત કર્મોંસે રહિત હોતા હૈ તથા બડે-બડે યોગીશ્વર ભી ઉસ મનુષ્યકા ધ્યાન કરતે હૈં...'** કારણ કે પોતે ધ્યાન થઈને કેવળજ્ઞાન પામશે. (પછી) બીજા યોગીઓ એનું ધ્યાન કરશે. **'ઈસલિયે ભવ્ય જીવોંકો ચાહિયે કિ ભગવાનકી પૂજન, વંદના, સ્તુતિ ઔર ધ્યાન સર્વદા કિયા કરે.'** એ વાત સ્થાપે એ તો વારંવાર કરે એનું જ કહે ને. શ્રાવકનું કર્તવ્ય છે હંમેશા ભગવાનની પૂજા, ગુરુની સેવા, દયા, સંયમ, ઈચ્છાનિરોધ તપ અને દાન (કરે). રાગ ઘટાડીને દાનાદિની ક્રિયાઓ ગૃહસ્થોને દિન-દિન પ્રત્યે હોય છે. એનો એને વિવેક હોય છે માટે કહે છે, એણે સર્વદા એ કામ કરવું. બે શ્લોક (થયા).

એક શ્લોક મંગળનો હતો અને એ શ્લોક બીજો (થયો). હવે એનો ત્રીજો શ્લોક છે એ વાત સ્તુતિમાં વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ-૧૦, બુધવાર, તા. ૬-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૨ થી ૪, પ્રવચન-૭૮૩**

આ એક પદ્મનંદી પંચવિંશતિ નામનું વનશાસ્ત્ર છે. એમાં ઋષભદેવ ભગવાન, જે આ ચોવીશીના પહેલા તીર્થંકર થયા, એને ઉદ્દેશીને લક્ષ કરીને ભક્તિ કરે છે. ધર્મના સમજનાર અને ધર્મના કરનાર એવા આત્માઓને પૂર્ણાનંદ પરમાત્માની ભક્તિનો રાગ ને વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એટલે શું? કે આ આત્મા જેવા પરમાત્માને પ્રગટ દશા સર્વજ્ઞ અને વીતરાગને થઈ ગઈ એવો મારો અંતર સ્વભાવ શુદ્ધ અને આનંદ છે. એવો અંતરમાં પુણ્ય અને પાપના રાગના પ્રેમના લક્ષ છોડી અને આત્માના અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો જેમાં અનુભવમાં પ્રતીતિ થઈ છે, એને ધર્મી અને એને સમ્યગ્દષ્ટિ જીવ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એવા સમ્યગ્દષ્ટિ જીવને આવા પૂર્ણ પરમાત્માની દશાની એને ભાવના હોય છે. એથી જાણે પૂર્ણ પરમાત્મ દશા, પૂર્ણ નિર્દોષ દશા, એક અંશ પણ જેને રાગ કે વિકલ્પ કે ભોગ કે વિષય નથી, પૂર્ણાનંદની નિર્દોષ જેને પ્રાપ્તિ થઈ છે એવા અરિહંત પરમાત્મા પ્રત્યે ભક્તિમાં સમ્યગ્દષ્ટિને બહુમાન, વિનય, ભક્તિ, પૂજા, દાન આદિનો ભાવ થયા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદેયબુદ્ધિએ થાતો હોય?

ઉત્તર :- ઉપાદેયબુદ્ધિ વ્યવહારે એમ કહેવાય. પરમાર્થે તો હેયબુદ્ધિ છે. આ નડે છે અત્યારે જગતને આ.

આત્મામાં.. એનું સ્વરૂપ તો અનંત જ્ઞાન અને આનંદનો કંદ છે આત્મા. એની જેને સ્વભાવ સન્મુખની પ્રતીતિ અને વિશ્વાસ ને વેદનમાં આવ્યો કે આ આત્મા આનંદ છે, શાંત છે, અવિકારી મારું સ્વરૂપ છે. એવી પ્રતીતિનો અનુભવ સમ્યગ્દર્શનમાં થયો એને હજી રાગ બાકી રહે છે. એ રાગમાં પૂર્ણાનંદ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ, ભક્તિ એવો રાગ આવ્યા વિના રહેતો નથી. છતાં દષ્ટિમાં એને હેય તરીકે સ્વીકારે છે.

મુમુક્ષુ :- સવારની સાથે મેળવવાનું ને?

ઉત્તર :- સવારની સાથે મેળવવાનું છે, મેળ વિનાનું કે દિ' હતું? સવારે તત્ત્વદષ્ટિની વાત છે. અત્યારે તત્ત્વદષ્ટિ સહિત ભક્તિ જ્ઞાનીને હોય છે, દાનભાવ હોય, પૂજાભાવ હોય છે. પણ એ ભાવ ગૃહસ્થાશ્રમમાં ષટ્ કર્મ હંમેશાના હોય છે. શાસ્ત્રમાં આવે છે કે નહિ? સમ્યગ્જ્ઞાન ને ભાન થયું કે હું આત્મા જ્ઞાન અને આનંદ છું. છતાં પોતાને પૂર્ણાનંદની પ્રાપ્તિનો જ્યાં અભાવ છે એથી એને રાગનો ભાગ, રાગનો ભાવ શુભ અને અશુભ આવ્યા વિના રહેતો નથી. અને એમાં અશુભથી બચવા માટે ગૃહસ્થોને હંમેશા દિન દિન પ્રત્યે એને દેવની

ભક્તિ હોય, ગુરુની સેવા હોય, પોતા કરતાં ધર્મને વિશેષ પામેલા પૂર્ણાનંદને સાધનારા એવા સંતોની સેવા અને ભક્તિનો ભાવ હોય છે અને પૂર્ણ પરમાત્માની પૂજા અને ભક્તિ ને સ્તુતિ એને જ્ઞાનીને-ધર્મીને હંમેશા હોય છે. છતાં એ ભાવને જ્ઞાની અંતર દૃષ્ટિમાં પરમાર્થે આદરણીય માનતો નથી, હેય જાણવાયોગ્ય છે અને છોડવાયોગ્ય છે છતાં આવ્યા વિના રહેતો નથી. બહુ વાત (આકરી). શરતું બહુ એમાં. સમજાણું આમાં કાંઈ?

એ ભાવને શાસ્ત્ર તો ષટ્ કર્મ કહે છે ને? ભાઈ! હંમેશા દેવની પૂજા હોય. નિર્દોષ વીતરાગ પરમાત્મા, જેની પૂર્ણ દશા પ્રગટ થઈ એવા સાક્ષાત્ પરમાત્મા હો અને ન હો તો તેની પ્રતિમાનું પૂજન (હોય). એવો ભગવાનની આજ્ઞાનો માર્ગ છે. ધર્મીજીવને હંમેશા એ દેવપૂજા એને હોય છે. પણ એની મર્યાદા શુભભાવ ને પાપથી બચવા પૂરતી (છે). પુણ્યભાવ હોય છે. સમજાય છે કાંઈ?

તેમ તેને હંમેશા કંઈક ઈન્દ્રિયદમનનું સંયમપણું પણ ધર્મીને હોય છે. અને હંમેશા દાન પણ હોય છે. ષટ્ કર્મ છે એના વ્યવહારુ. દાન હોય છે. દાન દેવાનો ભાવ ધર્મીને, જ્યાં આત્મા રાગ વિનાની ચીજ, વિકલ્પ વિનાની ચીજ છે એવું જ્યાં ભાન થયું, સર્વથા રાગ છોડવા લાયક છે, એવા જીવને દાનનો ભાવ રાગ ઘટાડવાનો લક્ષ્મીનો, લક્ષ્મીમાંથી ઘટાડી્ આહાર-પાણી મુનિ આદિ ધર્માત્માને દેવાનો ભાવ આહાર-પાણી આદિ કે લક્ષ્મી આદિનો સદ્ઉપયોગ કરવામાં (ભાવ આવે). સદ્ઉપયોગ તો જડનો ન થાય પણ એના પ્રત્યે રાગ ઘટાડીને દાનમાં દઉં, એવો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. કોઈ વળી કહેતા હતા કે આ ભક્તિનું વાંચે એમાં દાન (આવશે)? આ દાનનું આવ્યું એમાં, જુઓને! દાન એક જાતની વ્યવહાર ભક્તિ છે. પુણ્યભાવ છે. શાસ્ત્રમાં તો આગળ દાનના અધિકારમાં એમ કહ્યું છે, તે દિ' આપણે વાંચ્યો હતો. (સંવત) ૨૦૧૫ની સાલમાં, દાન અધિકાર.

હે આત્મા! કાગડા હોય છે, કાગડા.. કાગડા. એને જે કંઈ માણસો સારો માલ ખીચડી, ચોખા હોય ઈ ખાય. પછી પેલા ઉકડિયા રહે ને દાઝેલા? એને ઉખેડની પોતાના ઘર પાસે રાખતા. એક કુંડી રાખતા પહેલા. અહીં તો ક્યાં.. હવે શહેરમાં તો બધું સમજવા જેવું થઈ ગયું. પણ ગામડામાં એ ચોખા ને ખીચડી થાય અને જે દાઝેલો ભાગ હોય.. શું કહેવાય? પાટીયો.. પાટીયો. પાટીયા ક્યાં રહ્યા હવે અહીંયાં? એ પાટીયા સાથે ચોંટેલો માલ તાવેથાથી ઉખેડી અને પોતાના ઘર પાસે પત્થરની કુંડી રાખતા એમાં નાખે. ધૂળવાળું ન થાય એટલે. કૂતરાને અને કાગડાને ખાવાને અનુકૂળ પડે. એવો ભાવ પહેલો હતો આર્યમાં. સદા માટે એવો રાગ કૂણપનો હોય છે.

એ દાખલો આપીને કહે છે, ઉકડિયા કાઢીને એણે નાખ્યા. એ કાગડો એકલો ન ખાય. કાગડાનો સ્વભાવ છે કે કઉ.. કઉ.. કઉ કરીને પાંચ-પચીસ (બીજા કાગડાને) બોલાવીને ખાય. એવો જ કાગડાનો પ્રેમાળ પોતાની નાત સાથેનો સ્વભાવ છે. કૂતરાનો એવો નાત સાથેનો

દ્વેષનો સ્વભાવ છે. એક કૂતરું દેખે તો બીજો કૂતરો વઢે. કાગડાનો પ્રેમાળ સ્વભાવ છે. એટલે એ કાગડાના ઉકડિયા નાખ્યા હોય એ એકલો ન ખાય. કઉ.. કઉ.. કઉ કરી પચીસને બોલાવીને ખાય.

એમ આચાર્ય કહે છે, અરે.. કૃપણ! પૂર્વના તારા કોઈ પુણ્ય બાંધેલા હતા, પૂર્વે તેં કોઈ શુભભાવ કરેલો હતો, રાગની મંદતાનો દયા, દાન, ભક્તિનો કોઈ શુભભાવ કર્યો હતો. એમાં આત્મા દાઝેલો હતો. પેલા ઉકડિયા છે કે નહિ? શુભભાવ પૂર્વે કરેલો. એમાં આત્માની શાંતિ દાઝેલી હતી. કારણ કે શુભભાવ એ રાગ છે અને આત્માનો ધર્મ એ રાગરહિત ચિદાનંદ એકાકાર શુદ્ધતા તે આત્માની શાંતિ અને ધર્મ છે. એવી ધર્મની દશામાં કે ધર્મના ભાન વિના તેં પૂર્વે રાગની મંદતા શુભભાવની કરેલી એને લઈને આત્માનો શાંતિગુણ દાઝેલો. એ પુણ્યના શુભભાવમાં તને પુણ્ય બંધાણું. કર્મના રજકણો. અને પુણ્યના બંધના પાક કાળે સોગઠી ગોઠવાઈ ગઈ. સોગઠી ગોઠવાઈ, સમજાણું? ...ભાઈ! .. ભાઈ! એ બેય જોડે બેઠા છે. સોગઠી ગોઠવાઈ, હોં! એ એમ જાણે કે અમે પેદા કરીએ છીએ, આ કરોડ ને ધૂળ ને.. એ વાતમાં માલ કાંઈ નથી.

આચાર્ય મહારાજ કહે છે કે પૂર્વે કોઈ શુભભાવના કારણે પુણ્ય બંધાણું અને પુણ્યના પાક કાળે પાંચ-પચીસ લાખ કે જે કાંઈ ધૂળ મળવી હોય ઈ મળી. આચાર્ય એમ કહે છે, આગળ અધિકાર છે, કાગનો ન્યાય છે આગળ. કેટલામો છે? કાગ. પાનું ૧૩૧ છે. કાગ એમ લખ્યું છે. પાનું-૧૩૧ છે. આ લખ્યું, જુઓ!

**किं जीवितेनं कृपणस्य नरस्य लोके,**
**निर्भोग दान-धन-बन्धन-बद्ध मूर्तेः।**
**तस्माद्वरं बलिभुगुन्नतभूरिवाग्भिः**
**व्याहूतकाककुल एव बलिं स भुंक्ते।।४६।।**

આ શ્લોક છે, દાન અધિકારનો ૪૬મો શ્લોક છે. '**જિસ લોભી પુરુષકા શરીર, ભોગ તથા દાનરહિત ધનરૂપી બંધનસે બંધા હુઆ હૈ,...**' એકલા ભોગ ભોગવે છે અને દાન કરતો નથી '**ઉસ કૃપણ પુરુષકા ઈસ લોકમેં જીના સર્વથા વ્યર્થ હૈ...**' એનું જીવવું વ્યર્થ છે. '**ક્યોંકિ ઉસ પુરુષકી અપેક્ષા વહ કાક હી અચ્છા હૈ,...**' હિન્દીમાં છે, સંસ્કૃતમાં શ્લોક છે. એની અપેક્ષાએ કાગડો સારો છે. '**જો કિ ઊંચે શબ્દ બોલ કર ઔર બહુત-સે કાકોંકો બુલા કર, ઉનકે સાથ મિલ કર ભોજન કરતા હૈ.**' શું કહ્યું સમજાણું કાંઈ? કે કાગડો તારા કરતાં સારો. જો પૈસા પુણ્ય પૂર્વના પુણ્યને લઈને મળ્યા, એમાં રાગની મંદતા કરી ધર્મની પ્રભાવનામાં દાનમાં, દયામાં, ભક્તિમાં, પૂજામાં, જિન મંદિર આદિ બનાવવામાં જો રાગની મંદતાનો ભાવ ન કર્યો તો એ કાગડામાંથી તું જા એવો છો. ...ભાઈ!

જે વખતે જે વાત શુભભાવની કહેવી હોય તો એ પણ જણાવે અને ધર્મની જણાવવી

હોય ત્યારે કહે, રાગરહિત આત્માની શુદ્ધ ચિદાનંદ આત્માની અંતર જ્ઞાન ને પ્રતીત (થયા) એટલો ધર્મ છે. પણ એ ધર્મમાં જ્યારે સ્થિર ન રહી શકે ત્યારે એને પણ આવા પૈસાના ઘટાડવાનો, લોભ ઘટાડવાનો ભાવ એને આવ્યા વિના રહેતો નથી. અને શરૂઆતમાં એની ગાથામાં એમ લીધું છે કે લોભી-કૃપણ પુરુષ લોભના કૂવાની ભેખડમાં ભરાયેલા છે. કૂવાની ભેખડ થાય છે. ભેખડ સમજાય છે? કૂવો હોય ને? એમાં હેઠે હોય છે ને? અંદરમાં કૂવામાં. એમાં ભેખડમાં ભરાયા. કૃપણ જીવો લોભ રૂપી કૂવાના ભેખડમાં ભરાયેલા પ્રાણીને અમે તૃષ્ણા ઘટાડવા, રાગ મંદ કરવા લોભની ઓછપ કરવા દાનનો અધિકાર કહેશું. એમ કરીને આચાર્ય મહારાજ જંગલમાં પણ જગતના પાપથી બચાવવા પુણ્યનો ભાવ કરાવવા કે થવા એ વાત આચાર્ય જંગલમાં પણ કહી રહ્યા છે. એ ભાવ હોય છે.

કહે છે, કાગડો એકલો ન ખાય એના મળેલા ઉકડિયાને. અને તને કાંઈક પાંચ-પચાસ લાખ ધૂળ મળી, પૂર્વના બળેલા પુણ્યને કારણે. બળેલું પુણ્ય એટલે આત્માની શાંતિથી પુણ્ય ન થાય. શું કીધું? આત્મા ભગવાન આનંદકંદમાં જેટલી અંતર શુદ્ધતાની પવિત્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ કરે, એનાથી અંશે બંધ ન હોય. અને જે ભાવે બંધ થાય તે ધર્મ હોઈ શકે નહિ. નટુભાઈ! આહાહા..! એવો ભાવ ધર્મીને પણ રાગની મંદતા કરી દયા, દાન, ભક્તિ, પ્રભાવના એ લોભને ઘટાડી અને લક્ષ્મીનો વ્યય કરવાનો એને પણ ભાવ હોય છે. અને એવો ભાવ ન હોય તો કહે છે કે તને દૃષ્ટિનું તો ભાન નથી પણ જે પુણ્યને કારણે મળ્યા એમાં રાગ મંદ કરવાના પણ તારા ઠેકાણા નથી. તું કાગડામાંથી જા એવો છો. એમ કરીને રાગની મંદતા કરાવવા લોભને ઘટાડવા (ઉપદેશ આપ્યો છે). અને ત્યાં તો ઘણો અધિકાર લીધો છે.

યથાશક્તિ, ભાઈ! બે શબ્દ વાપર્યા છે. **'यथर्द्धि'**. પચાસ લાખની મુડી હોય ને પાંચસો-હજાર ખર્ચે એ કંઈ એની શક્તિ પ્રમાણે નથી. જેઠાલાલભાઈ! બે શબ્દ છે. ક્યાં હશે શી ખબર પડે? ક્યાંક છે એવો શબ્દ. સમજાય છે? પાનું-૨૨૪ લખ્યું છે. ('દેશવ્રતોદ્યોતન અધિકાર-ગાથા-૧૬).' **'यथर्द्धि'** છે. જુઓ! શું કહે છે?

पुत्रेराज्यमशेषमर्थिषु धनं, दत्त्वाऽभयं प्राणिषुः
प्राप्ता नित्यसुखांऽऽस्पदं सुतपसा, मोक्षं पुरा पार्थिवाः
मोक्षस्याऽपि भवेत्ततः प्रथमतो, दानं निदानं बुधैः
शक्त्या देयमिदं सदाऽतिचपले, द्रव्ये तथा जीविते।।१६।।

**'ભૂતકાલમેં બડે-બડે રાજા, પુત્રકો રાજ્ય દેકર, યાચકજનોંકો ધન દેકર ઔર સમસ્ત પ્રાણિયોંકો અભયદાન દેકર, અનશનાદિ ઉત્તમ તપોંકા આચરણ કર, અવિનાશી સુખકે સ્થાન મોક્ષકો પ્રાપ્ત હુએ હૈં. ઈસલિયે મોક્ષકા સબસે પ્રથમ કારણ તો એક દાન હી હૈ. અર્થાત્ દાનસે હી મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.'** અંતર અભ્યંતર

દાન-રાગરહિત સ્વભાવનું દાન. અને બહારમાં દાનમાં રાગની મંદતાનો પુણ્યભાવ. '**અતઃ વિદ્વાનોંકો ચાહિયે કિ ધન તથા જીવનકો જલકે બુલબુલેકે સમાન અત્યંત વિનાશીક સમઝકર સર્વદા શક્તિકે અનુસાર..**' પાઠ છે, હોં! અંદર. '**शक्त्या देयमिदं**' અને ૨૫માં પાઠ છે, '**यथर्द्धि**' જેવી તારી શક્તિ છે એટલા પ્રમાણમાં જો દાન ન દે.. સમજાણું કાંઈ? એ '**यथर्द्धि**' એ ૧૭મો શ્લોક છે. '**मत्वेदं गृहिणा यथर्द्धि**'. જેટલી ઋદ્ધિના પ્રમાણમાં. પચાસ લાખની મુડી હોય અને સો-બસો ખર્ચે ઈ એની શક્તિ પ્રમાણે નથી, એ તો ઘણો કંજૂસ અને નબળો છે. ..ભાઈ! પાઠ છે, હોં! મુનિઓ સંતો જંગલમાં રહ્યા જગતના ઉદ્ધારને માટે અને પાપથી બચવા પૂજા ને દાન ને ભક્તિનો અધિકાર કહે છે. પણ એની મર્યાદા શુભરાગની છે. દૃષ્ટિમાં હેય જાણે છે. છતાં એ ભાવ આવ્યા વિના રહેતો નથી.

ભાઈ! એ તારા ઘરની રમતું, બાપા! જુદી છે. છતાં એ ધર્મીજીવને જ્યાં સુધી નિર્દોષ વીતરાગ અને પરમાત્મદશા ન થાય ત્યાં સુધી આવો ભાવ (આવે છે). આ તો કોને, આ તો ગૃહસ્થીને વાત કરે છે, ભાઈ! પૈસા શું મુનિ પાસે છે? ગૃહસ્થોને કહે છે, તારી '**यथर्द्धि**' જે તારી શક્તિ પ્રમાણે તને મળ્યું છે, જુઓ! **સમર્થ હોને પર ભી (દાન નહીં દેતા વહ ગૃહસ્થાશ્રમ) પત્થરકી નાવકે સમાન (હૈ).** જો દાન ન આપ્યું અને રાગ ઘટાડીને એવી ભક્તિ આદિ ન કરી તો તારો ગૃહસ્થાશ્રમ પત્થરની નાવ જેવો છે. બુડાડી દેશે ચોર્યાશીના અવતારમાં. જેને સારા મુનિઓ ધર્માત્મા જ્ઞાની પરમાત્મા પરમેશ્વર પ્રત્યે બહુમાન વિનય ને ભક્તિ અને દાનાદિ માટે જેને ઉત્સાહ નથી આવતો અને વીર્ય ત્યાં મંદ પડે છે, એના વીર્યને કહે છે કે નપુંસક વીર્ય છે. એ તારા વીર્યને પાપના કરતાં પુણ્યમાં વીર્યની જે રાગની મંદતા છે એટલું પણ તારું વીર્ય નથી તો પૂરો આત્મા આનંદકંદ છે રાગ વિનાનો એવા ભાનનું તને ભાન હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

અહીં યથાશક્તિ શબ્દ વાપર્યો છે, હોં! '**यथर्द्धि**', '**यथर्द्धि**'. સમજાણું આમાં કાંઈ? ત્યાં તો બેય શબ્દ વાપર્યા છે. કદાચિત્ પ્રાણી ... કે બાપના દાડામાં કે એવામાં લોભ કરે તો લોકો કહે એટલું કે એ કંજૂસ છે. એટલું. પણ ખરાખર ધર્મના પ્રસંગો આવીને ઊભા થાય એમાં જે લોભ કરે છે તે પાપી મિથ્યાત્વને સેવતો ચાર ગતિમાં રખડે છે. અને માયાવી છે. હું ધર્મી છું એમ કહે છે અને ધર્મના પ્રસંગ કાળે રાગની મંદતાનો દાનભાવ આવતો નથી, કરતો નથી, એ માયાવી છે. જયંતિભાઈ! માયાવી કહે છે. ધર્મી નામ પાડે છો અને ધર્મ જે દેવ-ગુરુ-શાસ્ત્ર, એની ભક્તિ, એનું બહુમાન, એની પ્રભાવના એવા પ્રસંગમાં તને લોભ ઘટાડવાનો પ્રસંગ આવતો નથી (તો તું) માયાવી, કપટી, કુટિલ છો. ધર્મનું નામ દેવું છે અને ધર્મી પ્રત્યેના પ્રેમને-ભાવને કરતો નથી. કપટી અને માયાવી કહ્યો છે. શિવલાલભાઈ! સંતો છે, એને ક્યાં દુનિયા પાસેથી ખરડો કરાવવો છે કે દુનિયા રાજી થાય તો ઠીક. હિતને માટે ઉપદેશના વાક્યો નીકળ્યા છે.

તેટલી શક્તિ પ્રમાણે ગૃહસ્થ હંમેશા દાન કરે. ષટ્ કર્મની વાત ચાલે છે. દેવપૂજા, ગુરુસેવા, સંયમ, ઈન્દ્રિય દમન એ સંયમ અને દાન, અને કંઈક ઈચ્છાનિરોધ આદિ ભાવ હંમેશા ગૃહસ્થાશ્રમમાં એવો શુભભાવ હોય છે. છતાં તે સમકિતી તે ભાવને... ..ભાઈ! એ ભાવને પણ બંધનનું કારણ જાણી દૃષ્ટિમાં હેય તરીકે સ્વીકારે છે. આહાહા..! આ વાંધા ઉઠ્યા છે સૌને કે એ ભાવ થાય એને કરતાં કરતાં ધર્મ કહો. એવો ભાવ કરતાં કરતાં ધર્મ થાય. ભગવાન! રાગ છે એ કરતાં કરતાં થાય કે રાગની રુચિ છોડતાં થાય? જયંતિભાઈ! શું હશે આ? કાયદા કો'ક બીજા નીકળતા હશે આમાં?

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. સર્વજ્ઞ પરમાત્મા નિર્દોષ ત્રિલોકનાથ, એનો પંથ એક જ પ્રકારનો હોય છે. નિશ્ચયમાં સ્વભાવના આશ્રયની પવિત્રતા પ્રગટે એટલો સાચો ધર્મ. એમાં ન ટકે એટલે આવા શુભભાવ આવ્યા વિના, હોયા વિના રહે નહિ. આવે છતાં તે ધર્મ નહિ. એને ઉપચારથી વ્યવહારે ધર્મ કહેવામાં આવે છે. વ્યવહારે એટલે કે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ? આ જગતને વાંધા સૌને આ છે. એ કરતાં કરતાં એને કલ્યાણ (મનાવવું છે). ભાઈ! પ્રભુ! એ નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, બાપલા! તારી વાતું તું જાણ નહિ. જાણ નહિ અને જાણનાર કહે એનું માન નહિ.

અનંત કાળ થયો, ભાઈ! આ ચોર્યાશીના અવતારમાં ઘાણીમાં પીલાણો, બાપા! એ દુઃખના દાડા અનંતા ગયા અને આ મનુષ્યપણા મળ્યા એમાં સમજવાના ટાણા આવ્યા. એમાં સાચું સમજવાનો નકાર કરે, થઈ રહ્યું, દાડા ફર્યા. પેલા રાજાનો દાખલો નહોતો આપ્યો? દિવસ ફર્યા બાપા તારા. આ કાળ આવ્યા ને જો સમજણની દશા, સાચા જ્ઞાનનો દોરો ન પરોવ્યો તો દોરા વિનાની સોય ઉકરડે હાથ નહિ આવે. એમ સમ્યગ્જ્ઞાન વિના ચોર્યાશીના અવતારમાં રખડતો ક્યાંય હાથ આવીશ નહિ. વંટોળિયો ઊડે એમાં એક તણખલું ફરે, તણખલું, ક્યાં ફરે? આમથી આમ, આમથી આમ. બાપા! ભગવાન! એ ચિદાનંદના સમ્યગ્જ્ઞાનના આનંદની શ્રદ્ધાના ભાન વિના એ પુણ્ય અને પાપના પરિણામથી ચોર્યાશીના અવતારમાં વંટોળિયામાં ઘડીકમાં ક્યાંક ને ઘડીકમાં ક્યાંક, ઘડીકમાં ઢોર, ઘડીકમાં દેવ, ઘડીકમાં રાજા, ઘડીકમાં રંક, ઘડીકમાં નરક, ઘડીકમાં હાથી. એવા અવતારો કરી કરીને તારો થડ નિકળી ગયો. અરે..! પણ કેમ એ જાણે અનંત અનંત કાળ?

એટલે આચાર્ય કહે છે, ભાઈ! ટાણા આવ્યા, ના ન પાડીશ, હોં! એ શુભરાગ પણ ધર્મ છે એ વાત માનીશ નહિ, હોં! અને શુભ કરતાં કરતાં અંદરમાં પ્રવેશ (થશે એમ માનીશ નહિ). કારણ છે, શુભભાવ છે એ બહિર્લક્ષી વૃત્તિ છે. અને ધર્મ છે એ અંતર્મુખ પરિણતિ, અંતર્ વસ્તુ છે એનામાં અંતર ઢળતા નિર્મળ દશા થાય છે. બહુ અલૌકિક વાતું છે! વસ્તુ અખંડાનંદ પ્રભુ, એમાં અંતર્મુખ વળતાં શુદ્ધ સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. અને શુભભાવ છે ઈ બહિર્ લક્ષે થાય છે. બેયની દિશા અને ધ્યેયમાં ફેર છે. સમજાણું કાંઈ? માટે બેના

ફળ ફેર છે. બેની જાત ફેર છે. બેના સ્વરૂપમાં-એકમાં અનાકુળતા અને એકમાં આકુળતા (છે). શુભરાગમાં આકુળતા છે અને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતામાં અનાકુળતા છે. છતાં એ શુભભાવ આવ્યા વિના રહે નહિ. અહીં એ વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? દાનમાં પણ એ વાત કરે છે. ઘણી બધી કરી છે.

હવે આપણે ત્રીજો શ્લોક આવ્યો છે ભગવાનની સ્તુતિનો. બે શ્લોક થઈ ગયા. હે પરમાત્મા! એક વાર દાખલો નહોતો આપ્યો? પત્ની ને પતિ બે જુદા હોય દસ વર્ષથી, ગામ પરદેશમાં. પત્નીને લખે, મારો જીવ ત્યાં વળગ્યો, ખોળિયા બે જુદાં છે. એમ લખે ને? લખે, હોં! માલ હોય નહિ કાંઈ. હું અહીં ને તું ત્યાં, મારો જીવ ત્યાં વળગ્યો છે. એમ અહીંયાં ધર્મી કહે છે, હે નાથ! તારા પૂર્ણ જ્ઞાન, સર્વજ્ઞ જ્ઞાનના અમને ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. હું અહીં અને પરમાત્મા આપના સ્થાનમાં. કેવળજ્ઞાની મહાવિદેહમાં, સિદ્ધ ભગવાન ઉપર સ્થાનમાં. નાથ! મારો આત્મા અહીં, તમારો આત્મા અહીં. ખોળિયું અમારું અહીં, તમારે ખોળિયું ન મળે. સર્વજ્ઞને દેહ છે. પણ દેહનો આંતરો (છે). પણ પ્રભુ! મારા આત્મામાં તમારી પ્રીતિ જામી છે એ પ્રીતિ હવે ઉખડે એવી નથી. સમજાણું કાંઈ? પેલા તો મફતના બોલે છે, હોં!

ચાલીસ વર્ષની બાઈ હોય અને પોતે પિસ્તાળીશ વર્ષનો હોય. આમ અર્ધાંગના કહે અને રોવે. આહાહા..! એને બચાવવાનો ભાવ છે કે નહિ? બચાવી શકે છે? વ્હાલમાં વ્હાલીને બચાવી શકતો નથી, તારો ભાવ બીજામાં શું કાર્યગત થાય? તારો ભાવ વ્હાલામાં વ્હાલી સ્ત્રીને બચાવી શકે નહિ, એ ભાવ બીજાના કામમાં શી રીતે કામ કરી શકે, બીજાની દયા ને બીજાને બચાવવું? એ તો એને કારણે થાય, તારો ભાવ ત્યાં કાર્ય કરતો નથી. એમાં વળી એમ બોલે, પિસ્તાળીસ વર્ષની પોતાની ઉંમર હોય અને એની ચાલીસની હોય, બહુ પ્રીતિ કરતો હોય, જરી એમ પણ મનમાં થઈ જાય, આ અત્યારે મરશે? આ કરતાં દસ વર્ષ પહેલાં મરત તો બીજી થાત. પિસ્તાળીશે જુવાનિયા બીજી પરણવા નહિ દે. કહેતો હતો ને વ્હાલી? અરે..! તારા વ્હાલપના માયામાં જમના પાર ન મળે. એ માયાવી કપટથી એમ કહે, આ મારી, હું એનો. એ ટાણે વિકલ્પ એવો આવી જાય, દસ વર્ષ પહેલાં ગઈ હોત ને તો નવી તો થાત. કહેતો હતો ને વ્હાલી છે? ખોળિયું ત્યાં અને મારો પ્રેમ ત્યાં જામ્યો છે. ... ઠગારા છે.

પણ ભક્તોને પરમાત્મા પ્રત્યે જે પ્રેમ છે, એ પ્રેમ તો ઉખડે એવો નથી. એ સ્વભાવમાં ઠરે ત્યારે ઉખડે, બાકી ઉખડે એવો નથી. સમજાય છે કાંઈ? કહે કે નહિ કે આ તો મરી? તું કહેતો હતો ને વ્હાલી છે. પણ હવે શું કરવું આમાં? અધવચ ભાંગ્યું ઘર. પચાસ-સાઈઠ વર્ષ થઈ ગયા હોત તો વાંધો નહોતો. અહીં ચાલીસ વર્ષે અધવચ્ચે (ભાંગ્યું). ભાંગેલા જ છે, સાંભળને હવે. કે દિ' ઘર તારા સાજા હતા? ભગવાન ચિદાનંદની મૂર્તિ અનંત ગુણનો

ખાણ પડ્યો છે, એના પ્રત્યેની રુચિ વિના તારા ઘર ભાંગી ગયેલા જ છે, કે દિ' સાજા થયા હતા?

આચાર્ય મહારાજ એમ કહે છે કે અહો..! જેને આત્માના સ્વભાવનો પ્રેમ અને રુચિ જાગી છે એને પરમાત્માને દેખીને, પરમાત્માની સ્થાપના દેખીને એટલો પ્રેમ ઉછળે છે.. શું કહે છે હવે? જુઓ! ત્રીજી ગાથા. એનો પ્રેમ પ્રેમની પાછળ રુચિ છે જ્ઞાનની-સ્વભાવસૂર્યની. એટલે એ રુચિમાં રાગ આવે છે ખરો, પણ રાગ છોડીને એને સ્વરૂપમાં ઠરવાનો ભાવ છે. એ સિવાય એને ભાવ હોઈ શકે નહિ. હવે કહે છે, હે નાથ!

**चम्मच्छिणा वि दिट्ठे, तइ तइलोये ण माइ महहरिसो।**
**णाणच्छिणो उणो जिण, ण याणिमो किं परिप्फुरइ।।३।।**

હે ભગવાન! તે પરમાત્મા નિર્દોષ દશાને પ્રાપ્ત પ્રભુ! ભક્ત કહે છે, હે પરમાત્મા! નિર્દોષ દશાને પ્રાપ્ત પ્રભુ! '**યદિ હમ આપકો ચર્મકી આંખસે ભી દેખ લેં...**' એટલે કે બહિર્મુખ લક્ષથી પણ હું જો તમને દેખું '**તો ભી હમેં ઈતના ભારી હર્ષ હોતા હૈ...**' એટલો બધો પ્રમોદ, વિકલ્પ શુભરાગ થાય છે '**કિ વહ તીન લોકમેં નહીં સમાતા,...**' આહાહા..! સમજાણું કાંઈ?

આનંદઘનજી પહેલા સ્તવનમાં કહે છે, 'ઋષભ જિણેસર પ્રીતમ માહરો રે...' એ તો ઋષભદેવનું નામ લીધું છે. પણ ઋષભતિ ગચ્છતિ ઈતિ પરમપદં. પૂર્ણાનંદની પ્રાપ્તિ વીતરાગ સર્વજ્ઞને હોય છે એ બધા ઋષભ કહેવાય છે. અહીં ખાસ ઋષભદેવની વ્યાખ્યા ચાલશે. એમણે એમ કહ્યું, 'ઋષભ જિણેસર પ્રીતમ માહરો, ઔર ન ચાહૂ રે કંત.' આત્માની સમિતિ સખી એમ કહે છે કે હે આત્મા! સર્વજ્ઞ પરમાત્મા સિવાય મારો કંત અને પતિ બીજો ન ઈચ્છું. સમજાય છે કાંઈ? નિર્દોષ પરમાત્મા.

ઋષભ જિણેસર પ્રીતમ માહરો રે, ઔર ન ચાહૂ રે કંત,
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે...

આ શબ્દ લાલન બોલ્યા હતા પહેલા. એક ફેરી વિંછિયામાં.

રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગી સાદિ અનંત.

ઋષભદેવનું સ્તવન કરીને વાત પોતાની કરે છે. મારો આનંદ, મારું સ્વરૂપ શુદ્ધ છે એની પ્રીતિ મને જામી છે અને ભગવાન પરમાત્મા છે એના પ્રત્યેનો વિકલ્પ પણ પ્રેમનો, ભક્તિનો છે. પણ એ પ્રીતિ એવી છે, 'ઋષભ જિણેસર પ્રીતમ માહરો, ઔર ન ચાહૂ કંત' મારા સ્વામી તરીકે રાગી-દ્વેષી દેવને કંત તરીકે હું સ્વીકારું નહિ. જેમાં રાગ ભર્યા છે, દ્વેષ ભર્યા છે, વિષયભોગ વાસના પડી છે એવા દેવને મારા જ્ઞાનના આંગણે આવવા દઉં નહિ. એનું બહુમાન નહિ કરું. કેમ? 'રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે' ઓહો..! આત્મા આનંદકંદ છે, એ જ્યારે અંતરમાં રુચિથી રીઝે અને અંતરમાં સ્થિરતાથી આવે તો એ સંગ ન પરિહરે.

'ભાંગે સાદિ અનંત..' એટલે શું? આત્માના આનંદનો પ્રેમ થતાં એને રાગનો પ્રેમ છૂટતાં શુદ્ધતાની દશા પ્રગટ થઈ અને પૂર્ણ શુદ્ધતાના ઉપાયથી પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરી.

એ 'ભાંગે સાદિ અનંત..' શું થયું? આનંદની મોક્ષની પ્રાપ્તિ થઈ. આદિ પણ અંત નહિ હવે. ચાર ભંગ છે. એક અનાદિઅનંત. આત્મા વસ્તુ અનાદિઅનંત-૧. સંસાર અનાદિસાંત. વિકાર અનાદિનો છે. એ આત્માનું ભાન કરે ત્યારે મોક્ષ થાય. એટલે અનાદિ અંત આવી જાય એનો. સમજાય છે કાંઈ આમાં? વસ્તુ અનાદિઅનંત. સંસારનો વિકાર આદિ વિનાનો અનાદિ કાળથી. પણ મોક્ષ થતાં તેનો અંત આવી જાય છે. માટે સંસાર અનાદિસાંત. અને મુક્તિ થાય છે ત્યારે સાદિ-શરૂઆત થાય છે, પણ સાદિઅનંત-એ હવે કોઈ દિ' અનંત કાળમાં પાછી ફરે નહિ. એટલે શરૂઆત થઈ તે શરૂઆત થઈ, હવે અંત નહિ. એનું નામ સાદિઅનંત કહેવાય છે. ..ભાઈ! આ ચાર ભાંગાની ખબર ન મળે. અને આત્માની એક સમયની પર્યાય જે પ્રગટ થાય એ સાદિસાંત. થાય ને અંત આવે છે, થાય ને અંત આવે છે. સમજાય છે કાંઈ આમાં? શું?

ફરીને ચાર ભંગ જુઓ. આનંદઘનજી કહે છે, પ્રભુ! તું જો રીઝ ને અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય (તો) ભાંગે સાદિ અનંત. ચાર ભંગમાં મારી મુક્તિની આદિ થઈ. હવે અંત આવવાનો નથી. એ ચાર ભંગમાં એક ભંગ મુખ્યને લાગુ પડે છે. અને બીજા ત્રણ ભંગ અનાદિઅનંત વસ્તુ, સંસાર અનાદિનો પણ વિકારનો નાશ આત્માનું ભાન થઈને થાય એ અંત આવી ગયો એટલે અનાદિસાંત. સાંત એટલે અનાદિ સ-અંત. આદિને પણ અંત આવ્યો. અને મુક્તિ થઈ એની શરૂઆત થઈ. મુક્તિ અનાદિની નહોતી દશામાં. બરાબર છે? જેઠાલાલભાઈ! આહાહા..! વાતેય સાંભળી ન મળે. ઘરના ખૂણાની વાતું કરે. આ છોકરા આટલા ને આ બાયડી આટલી. પણ આ અનાદિઅનંત કોણ છે? તારી જાતની ભાતમાં ચાર ભંગ છે. જયંતિભાઈ! ઘરની ખબર ન હોય? આટલા વર્ષથી આ ઘર છે, મારા બાપ-દાદાનું ઘર છે. જૂનું ઘર છે. એમ જૂનો તું કેટલામો ખબર છે તને? અને નવા ઘર બનાવ્યા. આ પહેલા જૂના હતા પણ નવા હમણાં બનાવ્યા.

એમ આત્મા અનાદિઅનંત વસ્તુ છે જૂની. એનો સંસાર વિકાર તે અનાદિસાંત છે. અનાદિનો છે પણ આત્માનું ભાન થઈને તેનો અંત આવી જાય છે. અને આત્માની મુક્તિ તે સાદિઅનંત છે. શરૂઆત થાય છે પણ અંત આવતો નથી. અને આત્માની એક સમયની દશા, એક સમયની દશા થાય ને જાય, થાય ને જાય. એક સમયની અપેક્ષાએ સાદિસાંત છે. મનુષ્યગતિ આદિની અપેક્ષાએ સાદિસાંત છે. એક ગતિની અપેક્ષાએ. મનુષ્યગતિ મળી, શરૂઆત થઈ, અંત આવી જશે સાંઈઠ, પાંસઠ, સિત્તેર, સોએ. સો તો કો'કને થાય. અનાદિઅનંત ભગવાન એમાં શરીરની સ્થિતિનો સંયોગ-આદિ થઈ અને અંત આવી જવાનો. એ સાદિસાંત. સંસાર અનાદિનો અનાદિસાંત. મોક્ષ સાદિઅનંત. ભગવાન આત્મા અનાદિઅનંત. સમજાય છે કાંઈ?

મૂળની વાતની ખબર ન મળે. સમજાય છે કે નહિ, એઈ..! ગુલાબરાયજી! પેલા પુસ્તક બનાવે. નોવેલ ને ફલાણા ને ઢીકણા ને.. ક્યાં ગયા? પ્રાણભાઈ! આવ્યા છે કે નહિ? ધૂળધાણી છે, હોં! માલ ન મળે કાંઈ. એક્કેય સાચો દોકડો ન હોય. મૂળ સત્ય તત્ત્વ એક સમયનો અનાદિઅનંત ધ્રુવ ભગવાન અને એમાં અનંતી શક્તિઓનો રસ પિંડ, એનું ભાન થતાં સંસારનો અંત આવી ગયો અંદર અને મુક્તિની શરૂઆત થઈ ગઈ. એ શરૂઆત થઈ હવે કોઈ દિ' ઘીના માખણ ન થાય, પણ માખણના ઘી થાય. સંસારનો અંત આવે પણ મુક્તિ થઈ એનો પાછો સંસાર થાય એમ કોઈ દિ' બને નહિ.

એટલે કહે છે કે હે નાથ! આપ જો રીઝો ને,.. આપ એટલે હું પોતે, હોં! એમ પાછું. આપ એટલે ખરેખર તો આત્મા છો. પૂર્ણાનંદની રીઝ જો થાય અને પરમાનંદની પ્રાપ્તિ આનંદ શક્તિમાં છે એ પ્રગટ થાય, ખલાસ થઈ ગયું. હવે એને કોઈ દિ' સંસાર હોઈ શકે નહિ. એવા ભગવાનને ઉદ્દેશીને કહે છે, હે નાથ! આપના આંખથી દર્શન થાય ને, આંખથી, હોં! '**चम्मच्छिणा**' પાઠ છે. આ ચામડાની આંખથી. એનો અર્થ કે મારો વિકલ્પ ઉઠે છે, શુભરાગ, આપના દર્શન કરવાનો.

સર્વજ્ઞ પરમાત્મા સમવસરણમાં બિરાજમાન હોય છે. અત્યારે પણ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ભાઈ! બધી વાતું લોજીક-યુક્તિથી સિદ્ધ થઈ શકે છે, હોં! પણ વાત બધી કરવા જઈએ તો લાંબુ ચાલે. સાક્ષાત્ પરમાત્મા આ ક્ષેત્રની સીધી સપાટીમાં એક મહાવિદેહ ક્ષેત્ર બહુ દૂર છે, ત્યાં આગળ સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે. એને ઉદ્દેશીને કહે છે, ઋષભદેવને ઉદ્દેશીને કહો કે સાક્ષાત્ પરમાત્માની ગેરહાજરીમાં એમની પ્રતિમા પણ જિન નહિ પણ જિન સારખી છે. કઠણ પડે એવી વાત છે. આપતું નથી હોં કોઈ ન્યાંથી. પણ ધર્મીને એ ધર્મના દર્શન કરવા પરમાત્માના જ્યારે વિરહ પડે ત્યારે એનો નિક્ષેપ કરીને સ્થાપના કરીને એને દર્શન કરીને પૂજા, ભક્તિ કરે છે.

કહે છે, પ્રભુ! તમારા આંખથી દર્શન કરું તો મને એટલું પુણ્ય થાય... અહીં હરખ વર્ણવ્યો છે, હરખ. એટલું પુણ્ય થાય કે લોકમાં ન સમાય. આહાહા..! આપના દર્શનમાત્રથી! એમ એટલા શુભભાવની દશા મને થાય કે એ શુભનું ફળ જ્યારે આવશે (કે) લોકમાં એવા પુણ્ય ન હોય એવા પુણ્ય મને બંધાશે. સમજાય છે કાંઈ? બાયડી-છોકરાનો જે પ્રેમ છે, આ ધૂળનો-પૈસાનો-લક્ષ્મીનો, એ પાપપ્રેમ છે. પાપપ્રેમ છે. દુર્ગતિમાં જવાના એ બધા લખણ છે. અરર..ર..! ભારે આકરું, ભાઈ! અમારે કરવું શું? પણ આમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ..

સ્ત્રી-કુટુંબના પ્રેમ કરતાં દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ અધિક ન થાય તો શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે અમે એને અનંતાનુબંધીનો ક્રોધ કહીએ છીએ. શિવલાલભાઈ! અનંતાનુબંધીની વ્યાખ્યા એક પત્રમાં કરી છે. અનંતાનુબંધી સમજાય છે? અનંત એટલે મિથ્યા ભ્રમ, એને અનુબંધ કરનાનો વિકાર કષાય, એને અનંતાનુબંધી કહે છે. એવો આકરો એ સંસાર કે અનંત સંસારનું

કારણ (થાય છે). જેને દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રેમ કરતાં સ્ત્રી-કુટુંબ અને લક્ષ્મીનો પ્રેમ વધી જાય છે, એને અનંત સંસારના કારણરૂપ લોભ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા.

ભાઈ! જેને આત્માનો પ્રેમ અને પૂર્ણાનંદ પરમાત્મા ને સંતો, આત્માના જ્ઞાની ધ્યાની જ્યાં બિરાજમાન હોય એના પ્રત્યેનો પ્રેમ, સ્ત્રી-કુટુંબના પરિવાર કરતાં પણ પ્રેમ વિશેષ જાતનો થઈ જાય છે. ન થાય અને આનો પ્રેમ વધી જાય (તો) અનંત સંસારના કારણરૂપ વિકાર છે. એટલે કહે છે, પ્રભુ! આપના દર્શન જ્યાં થાય ત્યાં મારા શુભભાવની જાત એવી થાય કે જેના ફળ તરીકે લોકમાં મારા પુણ્ય નહિ સમાય. લોકમાં નહિ સમાય એટલે લોકોત્તર સ્થાનમાં ક્યાંક અવતરીશ અને આપની વાણી કે આપનો જોગ હોય ત્યાં મારું સ્થાન થાશે. એવા તો આપના દર્શનના પુણ્યના ફળ છે.

કહે છે, '**હે ભગવાન! યદિ હમ આપકો ચર્મકી આંખસે દેખ લેં તો ભી હમે ઈતના ભારી હર્ષ હોતા હૈ કિ વહ તીન લોકમેં નહીં સમાતા; ફિર યદિ આપકો જ્ઞાનરૂપી નેત્રસે દેખેં તો...**' પાઠમાં એવો મુદ્દો (છે). રાગ અને નિમિત્ત ઉપરનું લક્ષ છોડી, ચિદાનંદમૂર્તિ જ્ઞાનની જ્યોત ચૈતન્યસૂર્ય છે, એને જો હું અંદર જોઉં (તો) એના ફળની શું વાતું કરવી? કહે છે. સમજાણું કાંઈ? બેય વાતું છે આમાં તો-નિશ્ચય અને વ્યવહાર. વ્યવહારથી ભગવાનના દર્શન, પૂજા, ભક્તિનો રાગ.. ઓહો..! એના પુણ્યની શું વાત કરું? પણ પરમાર્થે હું રાગરહિત ચૈતન્યસૂર્યને જોઉં, જ્ઞાનની મૂર્તિ અનાદિઅનંત આનંદકંદને જોઉં તો પ્રભુ! '**હમ કહ હી નહીં સકતે કિ હમેં કિતના આનંદ હોગા?**' અતીન્દ્રિય આનંદનો અનુભવ જ્યાં થાય, એ જ્ઞાનનેત્રથી આત્માને જોતાં, રાગ અને પુણ્યના વિકલ્પનું લક્ષ છોડીને,.. આહાહા..! અનાકુળ આનંદનો કંદ પ્રભુ, એમાં નજરું નાખતાં કેટલો આનંદ થાય? પ્રભુ! એ શું કહીએ અમે? એ વાણીનો વિષય નથી. એવો આત્માનો આનંદ, આપને નેત્રથી.. આપનો અર્થ આ ચૈતન્યને. આ આત્માના આનંદને અને જ્ઞાનમૂર્તિને અંતર જોતાં એટલો આનંદ થાય, એ આનંદની શું વાત કરવી? સમજાણું કાંઈ?

હવે ચોથો શ્લોક. જ્ઞાનની અનંતતાનું વર્ણન કરે છે. ભગવાનનું સર્વજ્ઞનું જ્ઞાન અનંત છે. એવો જ મારો જ્ઞાનનો સ્વભાવ એક સમયમાં અનંત છે. કારણ કે પ્રાપ્તની પ્રાપ્તિ છે. સર્વજ્ઞને પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું, આવ્યું ક્યાંથી? આવ્યું ક્યાંથી? પહેલે દિ' દાખલો આપ્યો હતો. પીપરની ચોસઠ પહોરી શક્તિ પ્રગટી તીખાશની, આવી ક્યાંથી? અંદરમાં છે એમાંથી આવી છે, બહારથી આવતી નથી.

એમ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરને ઉદ્દેશીને કહે છે, હે નાથ! આપનું જ્ઞાન બેહદ અનંત વિષયને કરનારું, અનંત વિષયને કરનારું એવું જે આપનું જ્ઞાન, હું સ્તવન કરવા ઊભો થયો છું, હું એક કૂવાના દેડકા જેવો છું. કૂવાનો દેડકો.. વાત આવે છે ને દાખલો? દરિયાનો એક દેડકો હતો એ કૂવામાં જઈ ચડ્યો. એટલે કૂવાના દેડકાને કહે છે, મારો સમુદ્ર બહુ મોટો.

ઓલો સમુદ્રનો દેડકો (કહે છે), બહુ મોટો. ત્યારે કૂવાના દેડકાએ પેટ ફૂલાવ્યું, આવડો તારો દરિયો? બાપા! એ માપે આવે એવું નથી ભાઈ, તારા પેટના પહોળાથી. ત્યારે બહુ તો પેલી પેઢલી હોય ને? કૂવાની પેઢલી અંદરની. કૂવાનો દેડકો આ પેઢલીથી પેલી પેઢીએ કૂદ્યો. આવડો તારો દરિયો? ભાઈ! હું જે વાસમાં રહું છું એ દરિયાના માપ તારા કૂદે આવે એવું નથી. તારા પેટ ફૂલાવ્યે આવે એવું તો નથી પણ કૂદ્યે આવે એવું નથી. એમ સમુદ્રના દેડકાને કૂવાનો દેડકો કહે છે.

એમ અહીં કહે છે, લઘુતા બતાવે છે. શું કહે છે?

तं जिण णाणमणंतं, विसईकयसयलवत्थुवित्थारं।
जो थुणइ सो पयासइ, समुद्दकहमवडसालूरो।।४।।

હે પરમાત્મા! '**જો પુરુષ, 'નહીં હૈ અંત જિસકા ઔર જિસને સમસ્ત વસ્તુઓંકે વિસ્તારકો વિષય કર લિયા હૈ**' બહુ ઝીણી વાત, સાંભળો! અહો..! આત્માનો જ્ઞાનસ્વભાવ શક્તિ રૂપે અનંત અને અપાર. એની અંદરમાં લીનતા થઈને કેવળજ્ઞાન જે પ્રગટે એટલું જ્ઞાન એનો વિષય કેટલો? અનંત અનંત જાણે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એનાથી અનંતગુણું હોય તોય જાણે. આહાહા..! કહે છે કે હે નાથ! '**ઐસે જ્ઞાનસ્વરૂપ આપકી સ્તુતિ કરતા હૈ, વહ કૂએંકે મેંઢકકે સમાન સમુદ્રકી કથાકા વર્ણન કરતા હૈ.**' નિર્માનપણે વર્ણવે છે. હું કેટલું વર્ણવું? પ્રભુ! આહાહા..! ક્યાં જ્ઞાનની આપની સર્વજ્ઞ દશા ત્રણ કાળ ત્રણ લોક જેના જ્ઞાનમાં (જણાય), એમાં મારી પણ બધી દશા આપના જ્ઞાનમાં જણાય છે. એવા પૂર્ણ જ્ઞાનની વાત હું અલ્પ જ્ઞાની કરું છું, એ કૂવાના દેડકા જેવો છું. એમ કરીને પોતાની નમ્રતા વિનય અને દાસત્વ સ્વીકારે છે. કેવળજ્ઞાનીનું દાસત્વ સ્વીકારે છે. સમજાણું કાંઈ આમાં?

કેવળજ્ઞાની એવા પરમાત્મા એનો હું દાસ છું. એટલે કે હું સાધક છું. મારા આનંદનો સાધક છું. મને પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું નથી. એ અધૂરા જ્ઞાનવાળો પૂર્ણ જ્ઞાનની વાત કરે છે, પ્રભુ! હું તો એક કૂવાના દેડકા જેવો છું. એમ કરીને વિનય કરે છે. સમજાણું કાંઈ? એ ચોથી ગાથામાં કહ્યું. કેટલો વિષય વિષય કીધો, હોં! કેવળી શું જાણે? એના વાંધા છે ને અત્યારે મોટા? પાઠમાં ભાઈ! વિષય લીધો છે. '**विसईकयसयलवत्थुवित्थारं**'. શું કહે છે? આહાહા..! જેને સર્વજ્ઞ પરમાત્મા નિર્દોષ વીતરાગ જિનેશ્વર પ્રભુ, જેનું એક સેકંડમાં અસંખ્યમાં (ભાગમાં) એક સમયનું જ્ઞાન સકલ વસ્તુ વિસ્તાર (જાણે). અનંતા પદાર્થો, અનંતુ ક્ષેત્ર, અનંત કાળ અને એક એક પદાર્થના અનંતા ગુણો અને એક એક પદાર્થની અનંતી વર્તમાન અવસ્થા. એને કેવળજ્ઞાનીનું એક સમયનું જ્ઞાન પૂર્ણ જાણી લ્યે છે. સમજાણું કાંઈ આમાં? વાત બેસવી અંદર (કઠણ). આવું જ્ઞાન? ઈ અહીં ભક્તિ છે.

જેને જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટી કેવડી? એનો ખ્યાલ છે જ્ઞાનીને. એ ખ્યાલ છે એવા

જ્ઞાની પોતાની ભક્તિમાં ઉછળતા ભગવાનને કહે છે, હે નાથ! ક્યાં તારા જ્ઞાનની દશા પરમેશ્વર અને ક્યાં મારી જ્ઞાનની અલ્પજ્ઞ દશા. એ અલ્પજ્ઞ દ્વારા પૂર્ણ જ્ઞાનની ભક્તિ અને સ્તુતિ કરવા ઊભો થયો છું. પણ પ્રભુ! હું આપનો દાસ છું, હોં! એટલે ભક્તિ આવ્યા વિના મને રહેતી નથી.

ભક્તામરમાં કહે છે ને? અરે.. પ્રભુ! હું સ્તુતિ કરવા ઊભો થયો ઋષભદેવ ભગવાનની, પણ હરણના બચ્ચાને કોઈ સિંહ પકડવા આવતો હોય (તો) શું હરણિયા સામા ન જાય? પોતાની શક્તિ છે એમ નહિ જોવે. હરણ સામા જાશે બચ્ચાને બચાવવા. પોતાની તુચ્છતાની ખબર નહિ રાખે એ વખતે. એમ પ્રભુ! અમને ખબર છે કે આપ અનંત જ્ઞાનના ધણી છો. એની સ્તુતિ કરવા ઊભો થયો છું, પણ મને હરણ જેવો ગણીને પણ ભક્તિ કરવા તો ઉઠ્યો છું. મારી ભક્તિ રોકી રોકાય એવી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, હે પ્રભુ! આપનું પૂર્ણ જ્ઞાન પૂર્ણ પદાર્થ બધા પદાર્થને જાણનારું, સકળ પદાર્થને (જાણનારું). આ વાત ક્યાં બેસે છે જીવને? હેં..! બેસે એવી જ વાત છે આ. વાત બેસે એવી જ છે, એ જ કહેવાય છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં પ્રગટેલું આત્માનું પૂર્ણ જ્ઞાન. જેમ પીપરનો ચોસઠ પહોરો તીખો રસ પ્રગટ્યો, રૂપિયે રૂપિયો આખો, એમ આત્માનો જ્ઞાનગુણ જ્યાં અંતર ધ્યાનના આનંદ દ્વારા પૂર્ણ પ્રગટ્યો, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક, ભૂત-ભવિષ્ય અને વર્તમાન, થયું, થાય અને થશે, બધું જાણે. બધું જાણે ત્યારે વાંધા ઉઠે માણસને.

અત્યારે આ કેવળજ્ઞાનની વાત આવતાં બહુ ખળભળાટ ઉઠ્યો છે. એ તો સામાન્ય જાણે. આ વ્યક્તિને આ કાળે દશા થશે એમ ન જાણે. અરે.. ભગવાન! એ કેવળજ્ઞાનની તને ખબર નથી, તને પ્રતીત નથી. બોલે, નમોત્થુણંમાં બોલે. નમોત્થુણંમાં આવે છે ને? સવ્વ.. સવ્વ દરિસણં.. ..ભાઈ! શબ્દો આવે છે. અર્થની ખબર ન મળે એને. સવ્વ.. સવ્વ દરિસણં. હે પરમાત્મા! આપ સર્વજ્ઞ છો. સર્વજ્ઞ. કોઈ જાણવાનું બાકી આપને રહ્યું નથી. એ જ્ઞાનમાં શું ન જણાય? ક્યા જીવની દશા, ક્યા કાળે થાય, કેમ થાય એ બધું જ્ઞાનમાં જણાય જાય છે. આહાહા..! ત્યારે કહે, જણાય જાય તો પછી થઈ રહ્યું. થઈ રહ્યું એટલે ભગવાને જાણ્યું એમ આપણામાં થાશે, હવે આપણે પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? એ તત્ત્વને સમજતો નથી. સાંભળ તો ખરો, ભાઈ! સમજાય છે?

આચાર્ય, જુઓ! ભક્તિનો ઉછાળો મારેલો વિકલ્પથી પણ કહે છે, આપની જે કેવળજ્ઞાનની દશા,.. પરમાત્મા દેવ, દેવ વાતું કરે. દેવ અરિહંત. પણ અરિહંત કહેવા કોને એની ખબર ન મળે. વાડામાં માને ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં. ભગવાન જાણે તુંબડીમાં કાંકરા છે કે રૂપિયા છે ખખડે એટલે. સૂકી તુંબડી હોય ને? પેલા બિયા છૂટા પડે તો ખખડે રૂપિયા જેવા. રૂપિયો ક્યાં પડ્યો છે ત્યાં. એમ અજ્ઞાનીને ભાન નથી કે કેવળજ્ઞાન શું ચીજ છે? દેવ નામ દિવ્ય શક્તિ જેની પ્રગટ થઈ છે. ઝળહળ જ્યોતિ! આત્માના અસંખ્ય પ્રદેશે

અનંતા સૂર્ય પ્રગટ્યા. કેવળજ્ઞાન સૂર્ય. એને દેવ ને એને પરમેશ્વર ને એને પરમાત્મા કહેવામાં આવે છે. એ પરમેશ્વરને જ્ઞાની ઓળખે છે. એનો દાસ એને ઓળખે છે.

હે નાથ! આપના જ્ઞાનની દશામાં વસ્તુનો વિસ્તાર (જણાય છે). જેટલી વસ્તુઓ છે, એની દરેક ક્ષણની અવસ્થા, દરેક શક્તિ નામ ગુણ અને દરેક વસ્તુ, એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય (બધું જણાય છે). નામેય સાંભળ્યા ન હોય દ્રવ્ય-ગુણ-પર્યાયના કેટલાકે. વસ્તુ અને વસ્તુની ત્રિકાળ શક્તિ અને એની વર્તમાન દશા. એ ત્રણને દ્રવ્ય-ગુણ-પર્યાય કહે છે. એવા ત્રણ કાળ ત્રણ લોકના વસ્તુના વિસ્તારને કેવળજ્ઞાની જાણે છે. આહાહા..! આમાં આવું જાણે પછી જ્ઞાનમાં જાણે એવું થાશે. એ.. ડૉક્ટર! શું આમાં...? વિદ્યાનંદજી છે ને? વિદ્યા યાદ આવી ગઈ. ભગવાનની વિદ્યા આવડી હોય. એ જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક ભગવાન જાણે.

ભાઈ! એ જ્ઞાનનો જેને આવડું જ્ઞાન છે પરમાત્માનું, એ આત્માનું, એમ જેને પ્રતીત થાય એનો જેને ભરોસો આવે, એનું લક્ષ નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞમાંથી ખસી અને મારો અંતર સ્વભાવ સર્વજ્ઞ છે, એના ઉપર જાય અને સમ્યગ્દર્શન થાય. બીજો કોઈ ઉપાય નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહા..! ભારે વાત, ભાઈ! ભક્તિમાં પણ ઝીણું પાછું. ઝીણું કાંત્યું છે. ભાઈ! તેં સત્યની વાતું સાંભળી નથી. અને સત્યની ભક્તિ આમ ભક્તિ હોય. જેના જ્ઞાનમાં સમકિતીના જ્ઞાનમાં-ધર્મીના જ્ઞાનમાં-કેવળજ્ઞાન આવડું હોય. ભૂત, ભવિષ્ય અને વર્તમાન, થયું, થાય અને થશે, બધું જાણે.

એ પ્રશ્ન કરનારા એ હતા ને? ભાઈ! તે દિ' આપણે. રામજીભાઈ હતા નહિ? (સંવત) ૧૯૯૨માં. એક સાધુ થયેલો. સ્થાનકવાસી સાધુ થયેલો, જવાહરલાલની પાસે. પાંચ વર્ષમાં ... ભણી ગયો. ભણી ભણીને છેવટે શંકા પડી. જો આવું કેવળજ્ઞાન હોય તો તે પ્રમાણે થાય. માટે કેવળજ્ઞાન હોઈ શકે નહિ. એવી શ્રદ્ધાથી છોડી દીધું. પછી ત્યાં આવ્યા હતા એક ફેરી. ... (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. નામ ભૂલી ગયો એનું. ત્રિલોકચંદજી, ત્રિલોકચંદજી. પાંચ વર્ષ સાધુ રહેલો જવાહરલાલજીમાં. પછી એને શંકા થઈ ગયેલી. કેવળજ્ઞાન જાણીએ, માનીએ તો.. મને પ્રશ્ન કર્યો, કે કેવળજ્ઞાન જો છે તો કેવળજ્ઞાને જોયું એમ થાશે. એમાં આપણે પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? એમ પ્રશ્ન મૂક્યો. ૧૯૯૨ની સાલની વાત છે. ૨૮ વર્ષ (થયા).

કીધું, સાંભળ, ભાઈ! કેવળજ્ઞાન છે એમ માન્ય છે તને? હું એમ પૂછતો નથી. પણ તું કેવળજ્ઞાન છે એમ માનીને વાત કરે છે. કેવળજ્ઞાન છે અને એણે જાણ્યું એમ થાશે. એમ તો તું પ્રશ્ન કરે છો. તારે કેવળજ્ઞાન ઉડાડવું છે. કેવળજ્ઞાન છે આ જગતમાં, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવું જ્ઞાન છે, એવો વિશ્વાસ છે? નહિતર એમ કહે કે કેવળજ્ઞાન હોઈ શકે નહિ. તો કેવળજ્ઞાન હોઈ શકે નહિ, એની પહેલી વાત કરીએ. પણ કેવળજ્ઞાન

છે એમ માન્ય કરીને કેવળજ્ઞાનીએ દીઠું એમાં ફરે નહિ, તો એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એ તારો પ્રશ્ન ખોટો છે. વજુભાઈ! જરી ઝીણી વાત છે, હોં! વાતું કરે ને પેલા મગજના ફાટેલા. ઉડાવવું છે આખું કેવળજ્ઞાનને.

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાન જાણે તો તે પ્રમાણે થાય, તો પછી અમારે પુરુષાર્થ ક્યાં રહ્યો? કીધું, કેવળજ્ઞાન માને છો? તો કહે, હું પૂછતો નથી. પણ તું કહે છો, કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એમ કરીને તું પ્રશ્ન કરે છે. તો કેવળજ્ઞાન જો માન કે એક સમયમાં જ્ઞાનની દશા ત્રણ કાળ ત્રણ લોકને જાણે તો એનો પુરુષાર્થ પોતાના સર્વજ્ઞ સ્વભાવ ઉપર ઢળ્યા વિના રહે નહિ. કેમકે મોક્ષ અને કેવળજ્ઞાનની પ્રતીતિ નિમિત્તને લક્ષે થાય નહિ, રાગને લક્ષે થાય નહિ, અલ્પજ્ઞમાં અલ્પજ્ઞને લક્ષે થાય નહિ. અલ્પજ્ઞમાં સર્વજ્ઞ સ્વભાવ એનો અંદરમાં છે એને લક્ષે થાય છે. વાતું ઝીણી છે. સમજાય છે કાંઈ? એના હાથ પત્તા લાગ્યા વિના કેવળજ્ઞાન દેખે એમ થાય એમ અદ્ધર પ્રશ્ન કરે, તારે કેવળજ્ઞાન ઉડાવવું છે.

અહીં આચાર્ય કહે છે કે અમે માનીએ છીએ કે એક સેકંડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાન હોય અને એ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. ગોકુળભાઈ! સમજાય છે આમાં કાંઈ? આહાહા..! ગોકળભાઈ એક હતા ને આપણે? ગોકળભાઈને? કોણ? પેલો રાજકોટનો નહિ? ગોકળદાસ ગાંધી. એણે (સંવત) ૧૯૮૯માં પ્રશ્ન કર્યો હતો. ૧૯૮૯નું ચોમાસુ હતું ને બહાર કોઠારીના નાકે. એણે પ્રશ્ન કરેલો. કેવળજ્ઞાન માને છે, એ પહેલી વાત કર, પછી બીજી વાત. આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ છે તે પ્રગટ થઈ શકે છે. અને પ્રગટેલી દશા ત્રણ કાળ ત્રણ લોકને જાણે એમ માને છો? એ માને તેને ભગવાન પ્રત્યે ભક્તિ આવી, એને આત્માના સ્વભાવ પર દૃષ્ટિ થઈ ગઈ. આહાહા..! અરે..! એને ભક્તા કેવા? સમજાણું કાંઈ? જયંતિભાઈ! સમજાય છે કે નહિ આમાં કાંઈ? વાતું ભારે ઝીણી. બાપા! તારા પંથ એવા કોઈ જુદા ને અલૌકિક છે, એણે સાંભળ્યા નથી કોઈ દિ', હોં! એમ ને એમ મરી ગયો કરી કરીને. પણ અવતાર ટાળવાની વાત એની સમજણમાં આવી નહિ.

અહીં કહે છે કે હે નાથ! જાણું છું પ્રભુ! એક કોર કહેવું સર્વજ્ઞ અને એક કોર કહેવું કે ઈ જાણે તે પ્રમાણે ન થાય. બે વાતનો મેળ છે નહિ. અથવા એક કોર કહેવું સર્વજ્ઞ, બીજી કોર કહેવું કે ગયા કાળમાં આ પરમેશ્વરે આ બનાવ્યું. તો ત્રિકાળ જ્ઞાન રહ્યું નહિ. ત્રિકાળ જ્ઞાન ન રહ્યું. વર્તમાન અને ભવિષ્યનું જ્ઞાન રહ્યું, ભૂતનું ન રહ્યું. તો એને સર્વજ્ઞ છે એમ ન માનો. જો પરમેશ્વર સર્વજ્ઞ છે તો એક સમયમાં ભૂતમાં હતું, વર્તમાન છે અને ભવિષ્યમાં છે એનું બધું જ્ઞાન વર્તે છે. કોઈ દિ' એણે કર્યું છે એવું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? વાતું બહુ તત્ત્વના અંતરના ઘરની (છે). સર્વજ્ઞ! આહાહા..! એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ! પરમેશ્વર સર્વજ્ઞ. સર્વ એટલે ત્રિકાળ ભૂત, વર્તમાન અને ભવિષ્ય બધું જાણે.

એટલે બીજી ચીજો પણ છે અને બધી ચીજોને એક સમયમાં જાણનાર એવું જ્ઞાન છે. વજુભાઈ! સમજાણું કાંઈ આમાં? એવા સર્વજ્ઞને કહે છે, હે નાથ! એને ક્યાં સાંભળવું હતું? એ તો કેવળી છે. પણ ભક્તને ભક્તિ ઉછળે એટલે (કહે છે), આપ તો સર્વ લોકનો વિસ્તાર લોકાલોકને જાણો છો. પ્રભુ! એવા કેવળજ્ઞાનની દશાનો ભક્ત છું. એટલે કે મારા સ્વભાવની દૃષ્ટિ ને પ્રતીત મને થઈ છે. એમ સમ્યગ્દૃષ્ટિ છું. માટે આપના કેવળજ્ઞાનની પ્રતીતિની મને ખબર છે. આપના જ્ઞાન પ્રમાણે જ જગતમાં થાય. એવો મેં જાણતા મારો પુરુષાર્થ સ્વભાવ તરફ વળેલો છે. એ સ્વભાવ તરફ પૂર્ણ સન્મુખ થશે એટલે આપના જેવો હું પણ કેવળજ્ઞાની થઈ જઈશ. એમ કહીને કેવળજ્ઞાનીની આ રીતે ભક્તિ કરે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**ચૈત્ર વદ-૧૧, ગુરુવાર, તા. ૭-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૫થી ૭ પ્રવચન-૭૮૪**

આ એક પદ્મનંદી પંચવિંશતિમાં ઋષભદેવ ભગવાન તીર્થંકર આ ચોવીસીમાં આદ્ય પહેલાં થયા એની ભક્તિ પદ્મનંદી આચાર્ય જંગલમાં વસનારા મુનિ હતા, (એમણે) ભક્તિનું સ્તવન બનાવ્યું છે. કેમ? કે સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન જાણવાનું પ્રગટ થયું એવા ભગવાનની ભક્તિ ધર્મીને હોય છે. ખરેખર ધર્મીને હોય છે. એ વાત ચોથી ગાથામાં કહીને..

ચોથીમાં એમ કહ્યું કે હે પરમાત્મા! આપનું જ્ઞાન એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત સર્વ પદાર્થના વિસ્તારથી રહેલો લોકાલોક, એનો વિષય કરનારું જ્ઞાન છે. શું કીધું સમજાણું? એક સમયનું ભગવાનનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકના ભૂત, વર્તમાન અને ભવિષ્ય, બધા પદાર્થને જાણવાની તાકાતવાળું એવું સામર્થ્ય છે, એમ જે પરમાત્માના જ્ઞાનને અંતરથી ઓળખે છે એ ખરેખર પરમાત્માની ભક્તિ અને સ્તુતિ કરવાને લાયક છે. સમજાય છે કાંઈ? એક સમયમાં સેકંડના અસંખ્ય ભાગમાં, અહો..! આત્માના અંતરના જ્ઞાન અને આનંદના અંતર્મુખ દૃષ્ટિ અને અવલંબન દ્વારા જ્યાં પૂર્ણ કૈવલ્ય પરમાત્મજ્યોતિ ચૈતન્ય જળહળ જ્યોતિ જાગી, એવી પૂર્ણાનંદની સાથે કેવળજ્ઞાન એ જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે, એવું જેને પ્રતીતમાં આવ્યું છે.

નવ તત્ત્વની શ્રદ્ધા છે કે નહિ? એમાં મોક્ષતત્ત્વ આવે છે ને? મોક્ષતત્ત્વ કહો કે કેવલજ્ઞાન કહો કે પરમાત્મા અરિહંત કે સિદ્ધ કહો, જેને મોક્ષતત્ત્વને એટલે અરિહંત અને સિદ્ધની આ પ્રમાણે જેને પ્રતીત થાય છે કે જેના જ્ઞાનની વ્યક્ત શક્તિ ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલની પેઠે જાણે. આવું જેનું જ્ઞાનનું સામર્થ્ય છે, એવી જેને પ્રતીતિ હોય એને હું એક જ્ઞાનસ્વભાવી આત્મા છું, એ જેમ જ્ઞાતા-દૃષ્ટા ત્રણ કાળ ત્રણ લોકના છે, હું પણ વર્તમાનમાં મારા વિકાસ થયેલા જ્ઞાનમાં હું પણ એક જ્ઞાતા અને દૃષ્ટા જ છું. ભલે અલ્પ જ્ઞાન છે પણ મારો સ્વભાવ જેમ સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોકને જાણે, એમ મારો સ્વભાવ પણ અંતર જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાત છે. એવી જેણે અંતરમાં પ્રતીત ને શ્રદ્ધા, અનુભવ કર્યો છે એને વર્તમાનમાં જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયેલું હોય છે. કેવળીને રાગ હોતો નથી, પૂર્ણ જ્ઞાન છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિને જ્ઞાતા-દૃષ્ટાપણું ભાનમાં પ્રગટ્યા છતાં એને રાગ હોય છે. એ રાગ વડે ભક્તિ કરે છે એ વાત અહીં ચાલે છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ધર્મીને ભગવાન પ્રત્યેનો પ્રમોદ, ભક્તિ, ઉલ્લાસ વીર્ય ઉછળે છે. એક વાર સમંતભદ્રાચાર્ય ભગવાન ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી સ્વયંભૂ સ્તોત્ર બનાવ્યું છે. એમાં એક

શ્લોક એવો મૂક્યો કે પ્રભુ! હે પરમેશ્વર પરમાત્મા! આપને સર્વજ્ઞપણું છે એ મેં નક્કી કર્યું છે. શી રીતે? કે જગતના અનંત પદાર્થ છે, એ પદાર્થના એક સમયની અંદર... એક સમય સમજાય છે? નાનામાં નાનો કાળનો સૂક્ષ્મ ભાગ. જેના કાળના બે ભાગ થઈ શકે નહિ. એવા એક સમયમાં, હે પ્રભુ! આ જગતના અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ વગેરે છ વસ્તુ છે-છ જાત, સંખ્યા અનંત, એ દરેકના કાળ-નાનામાં નાનો એક સૂક્ષ્મ અંશ, એમાં દરેક દ્રવ્યમાં ત્રણ અંશ હોય છે. એક સમયમાં. એટલે?

દરેક પદાર્થ એક સમયમાં નવી અવસ્થાથી ઊપજે, પૂર્વની અવસ્થાથી વ્યય નામ અભાવ થાય અને પોતાની ધ્રુવતાથી ટકી રહે. એવું એક સમયમાં ત્રણ અંશો, સમય એક અને અંશ ત્રણ, એવા હે નાથ! આપે જાણ્યા તેથી હું નક્કી કરું છું કે આપ સર્વજ્ઞ છો. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! એના જ વાંધા આખા છે અત્યારે. એક સમયમાં ત્રણ અંશ. સમયના ભાગ ન પડે પણ અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એક સેકંડના અસંખ્ય ભાગમાં..

આનંદઘનજી કહે છે, આમાં આપણે રાજમલજીની ટીકામાં પણ એ આવે છે કે એક સમયમાં.. જુઓ! ભક્તિ કરનારા કેવા હોય એની પણ અહીંયાં જવાબદારી છે. સર્વજ્ઞ ઓળખનારા, પરમેશ્વરને પીછાણનારા એ પરમેશ્વરને જ્ઞાનમાં લઈને બેસનારા, જ્ઞાનમાં રાખનારા, એની તાકાત કેવી અને એ ભક્તિ ને સ્તુતિ કરે તેને વ્યવહારુ ભક્તિ સાચી કહેવામાં આવે છે. આનંદઘનજી કહે છે,

સ્થિરતા એક સમયમેં ઠાણે, ઊપજે વિણસે તબહી

દરકે વસ્તુ-દરેક આત્મા અને દરેક પરમાણુ-પોંઈટ, આ તો .. નથી, એનો ટૂકડો કટકો કરીએ તો છેલ્લો એક ટૂકડો રહે એને પરમાણુ કહીએ. એ એક એક પરમાણુમાં અને એક એક આત્મામાં..

સ્થિરતા એક સમયમેં ઠાણે, ઊપજે વિણસે તબહી,<br>
ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કભી<br>
અવધુ નટનાગરકી બાજી, ક્યા જાને બામણ કાજી.<br>
અવધુ ક્યા જાને બામણ કાજી, અવધુ નટનાગરકી બાજી.

ચૌદ બ્રહ્માંડનો નાગરિક આત્મા નટ ખેલનારો ચૌદ બ્રહ્માંડમાં, એના એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ અંશો વર્તે છે. આ તે વાત! અનંત ગુણ જેટલા એક આત્મામાં છે, એટલા ગુણ એક પરમાણુમાં છે. એવા નહિ પણ એટલા. એટલા જ ગુણો એક ધર્માસ્તિ નામનો અરૂપી પદાર્થ છે એમાં છે. એટલા જ આકાશમાં, એટલા જ અધર્માસ્તિમાં, એટલા એક કાળના એક અણુમાં (છે). એ અનંતા ગુણો એની એક સમયમાં પર્યાય-નવી અવસ્થા થાય છે. એક સેકંડનો અસંખ્યમો ભાગ, એમાં અનંત ગુણની અવસ્થા-પર્યાય-હાલત-નવી થાય, જૂની જાય, જાત ટકી રહે. એટલે શાસ્ત્ર ભાષાએ કહીએ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. તત્ત્વાર્થ

સૂત્રમાં (સૂત્ર છે).

દરેક તત્ત્વ નવી અવસ્થાએ ઊપજે, પુરાની અવસ્થાથી નાશ થાય, જાતને ટકાવીને ધ્રુવ રહે. પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? એવું જેને એક સમયે અને પદાર્થમાં ત્રણ અંશ. ભગવાન એક સમયનો નાનો ભાગ, એમાં ત્રણ અંશો આપે જાણ્યા એ સર્વજ્ઞના લક્ષણ સિવાય, સર્વજ્ઞ સિવાય જાણી શકે નહિ. સમજાય છે આમાં? જેઠાભાઈ! ઝીણી બહુ વાતું. સમયના ભાગ ન થયા. સમયના ભાગ થયા નહિ અને દ્રવ્યના ત્રણ ભાગ એક સમયમાં જાણ્યા. એવું કાળનું સામર્થ્ય ભગવાનના જ્ઞાનનું છે એમ સિદ્ધ કરવું છે અહીં તો. સમયના ભાગ ન થયા.

ભાઈ! આ તો આત્માની અંતરની સૃષ્ટિની ઉત્પત્તિ, એમ રજકણની સૃષ્ટિ એટલે નવી નવી અવસ્થાની ઉત્પત્તિ અનંતા ગુણની એક સમય નામ સેકંડના અસંખ્ય ભાગમાં થાય છે. છે... છે.. છે એનું વર્ણન છે. એ અનંતા ગુણો પોતાને કારણે નવી અવસ્થામાં ઊપજે, પોતાને કારણે જૂની અવસ્થાથી વ્યય નામ અભાવ થાય અને ધ્રુવપણે રહે. જેમ સોનું સોનું સોનાપણે રહે અને કુંડળનો વ્યય થઈ અને કડાની ઉત્પત્તિ થાય. કડું ઊપજે કડાની અવસ્થાપણે. કુંડળની અવસ્થાથી વ્યય થાય અને સોનાપણે ટકી રહે. એ એક સમય. જેના ત્રણ ભાગ નહિ પણ વસ્તુમાં ત્રણ ભાગ છે, એવા એક સમયમાં આપે જાણ્યા. તે સર્વજ્ઞના જ્ઞાન વિના એ જાણી શકાય નહિ. આમ અરિહંત.. અરિહંત ણમો અરિહંતાણં કરે છે, પણ અરિહંતનું શું સ્વરૂપ એ જાણ્યા વિના શું અરિહંત? એ.. મનસુખભાઈ! ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ગડિયા હાંકે જાય. પણ એનો અર્થ શું?

એક સેકંડના અસંખ્ય ભાગમાં હે નાથ! સમયનો ભાગ નહિ અને વસ્તુના ત્રણ ભાગ એક સમયમાં જાણ્યા એ સર્વજ્ઞપદ સાબિત કરે છે. એવા સર્વજ્ઞની હું સ્તુતિ કરવા ઊભો થયો છું, એમ કહે છે. એવા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક (જાણ્યા), પહેલા ચોથી ગાથામાં આવી ગયું, ચોથી ગાથામાં આવી ગયું કાલે. આવ્યું હતું કે નહિ કાલે? '**विसईकयसयलवत्थुवित्थारं**'. ત્રણ કાળ ત્રણ લોકના જગતમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવી દશા હે નાથ! આપના જ્ઞાનમાં એક સેકંડના અસંખ્ય ભાગમાં જણાણા. આવા જ્ઞાનના સામર્થ્યની અમારી પ્રતીતપૂર્વકમાં મને પૂર્ણ પરમાત્મ દશા નથી, માટે પરમાત્માની ભક્તિ અને સ્તુતિ કરવાનો રાગ મને આવ્યો છે. એ વાત ત્યાં ચોથામાં કીધી.

હવે કહે છે કે અમને એ રાગ આવ્યો, એ રાગ આવ્યો એનું ફળ કેટલું? એ પાંચમી ગાથામાં કહે છે, જુઓ!

**अम्हारिसाण तुह गोत्त,-कित्तणेण वि जिणेस संचरइ।**
**आएसं मग्गंती, पुरओ हियइच्छिया लच्छी।।५।।**

હે નાથ! હે પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ! **'આપકે નામરૂપી કીર્તન માત્રસે હી,...'** લ્યો. ગુણનું તો ભાન છે એમ પહેલું કીધું. હવે આપનું નામ, જેના પૂર્ણાનંદ અને જ્ઞાનની દશા પૂર્ણ પવિત્ર થઈ છે અથવા ધર્માત્માની પણ જેની પવિત્ર દશા થઈ છે, એવા પરમાત્માના નામ, સ્થાપના ને દ્રવ્ય પણ પૂજનિક કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેની પવિત્ર નિર્મળ નિર્દોષ દશા અખંડાનંદની પૂર્ણ થઈ, એવા ભાવવાળા ભગવાન એનું નામ કીર્તન પણ પૂજનિક છે. એની સ્થાપના પણ પૂજનિક છે અને એનું દ્રવ્ય પણ પૂજનિક છે અને એનો ભાવ તો પૂજનિક હોય જ. આ ઈ વર્ણવે છે.

હે નાથ! આપનું નામ કીર્તન **'कित्तणेण'** શબ્દ છે. નામ-પરમાત્મા ઋષભદેવ-એ નામ લેતાં આપના ગુણોનું મને અંદર સ્મરણ આવે છે. નામ લેતાં આપના ગુણો મને યાદ આવે છે. એ નામની શક્તિમાં, ભાવમાં એટલી કિંમત છે કે જેનું અમને પુણ્ય બંધાશે, **'जिणेस संचरइ, आएसं मग्गंती'** પ્રભુ! ભવિષ્યમાં લક્ષ્મીના ઢગલા અમારી આજ્ઞા માંગશે. શું જોઈએ? કેટલું જોઈએ? ક્યાં જોઈએ? લક્ષ્મીના ઢગલા અમારી પાસે આવીને (પડશે). આપની સ્વરૂપ લક્ષ્મીની ભક્તિ અને તે અમારા ભાનમાં અમે છીએ કે અમે જ્ઞાતા-દૃષ્ટા અપૂર્ણ છીએ, આપ જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ છો. એથી પૂર્ણાનંદના ભાનની ભૂમિકામાં આપનું નામ કિર્તન, નામ પણ ભાન સહિતની વાત છે, હોં! નામ કિર્તન માત્રથી **'जिणेस संचरइ'**. **'હમ સરીખે મનુષ્યોંકે સામને આજ્ઞાકો માંગતી હુઈ, મનોવાંછિત લક્ષ્મી ગમન કરતી હૈ.'** શું કહે છે?

અમારો આત્મા પ્રભુ! પૂર્ણાનંદ આત્મા જ્ઞાનની પ્રતીતિ અમને અમારા ભાન દ્વારા થઈ છે. હવે અમે આપના કિર્તન કરતાં કરતાં ભગવાન પરમાત્મા આવા અનંત ગુણના કિર્તન નામથી કરતાં, એવા ગુણના કિર્તનથી અમને પુણ્ય બંધાશે કે ભવિષ્યમાં અમે એવા સ્થાનમાં અવતરશું એમ કહેતા આવે છે. સ્વર્ગમાં જશું તો મોઢાઆગળ લક્ષ્મી અને આબરૂ-કીર્તિ મોઢાઆગળ પડશે. ન્યાંથી મનુષ્ય થશું તો પણ ત્યાં અમારા પુણ્ય એટલા હશે, એ આપની ભક્તિના પ્રભુ ફળ છે. સમજાણું કાંઈ? આ જલસા-બલસા કરીને પૈસા માગે છે ને કરે છે કે નહિ અત્યારે? જુઓને! અમારું નામ રાખવા માટે, આબરૂ રાખવા માટે પરાણે ઊભા કરે. ઈ કંઈ ખરા પુણ્ય નથી.

અહીં તો સત્ સ્વભાવના ભાનની દૃષ્ટિમાં, સત્ સ્વભાવના પૂર્ણ પરમાત્માની ભક્તિનો વિકલ્પ ઊઠ્યો છે, એ સત્‌ની ભૂમિકામાં પુણ્ય સત્ બંધાય છે. પુણ્ય સત્! લે વળી એ શું? નવનીતભાઈ! ભાઈ! પુણ્ય સત્ કહ્યું છે ને? શ્રીમદ્દ્. એ સત્ પુણ્ય છે. પુણ્ય તો પુણ્ય છે, પણ આત્મા પૂર્ણાનંદ કેવળદશા પરમેશ્વરની.. ઓહોહો..! જેના એક સેકંડના અસંખ્ય ભાગમાં જે જ્ઞાનની સામર્થ્ય શક્તિ ત્રણ કાળ ત્રણ લોકને અંતરના જ્ઞાનને જાણતાં જણાય જાય. જ્ઞાનને જાણતાં જણાય જાય. એવી એક જ્ઞાનગુણની એક દશા, હે પરમાત્મા! એના તમારા નામ કિર્તન માત્રથી પણ, અમારી દૃષ્ટિમાં સ્વરૂપ સંપદા છે, એની તો પ્રાપ્તિ ક્રમે

ક્રમે વધતી જાય છે, પણ આવા ભક્તિના વિકલ્પ જે શુભરાગ અમને ઉઠ્યો છે, ભવિષ્યમાં જ્યાં જન્મશું (ત્યાં લક્ષ્મી) માગતી આવશે. અમે જ્યાં જન્મશું ત્યાં પત્થરની ખાણો નિલમણિ થઈ જશે. અને દરિયા કિનારે ક્યાંક જન્મશું તો ત્યાંના માછલા ક્રોડા સાચા મોતી પાકે એવા માછલા પાકશે. દુનિયા કહેતી આવશે કે ઓહો..! આ કોઈ પુણ્યવંત પ્રાણી પૂર્વ કોઈ આત્માના ભાનની ભૂમિકામાં આ પુણ્યને લઈને આવ્યો છે, જેણે પરમાત્માની મહાભક્તિ અને સ્તવન ને પૂજા કરી છે. જુઓ! એના ફળ. દુનિયા પૂજ્ય તરીકે એને સ્વીકારીને લક્ષ્મી આજ્ઞા માગશે, કહે છે. જેઠાલાલભાઈ! આ તો ફળ બતાવે છે, હોં! ઈચ્છા નથી કરાવતા. અહીં કહે છે.. ઈચ્છા નહિ, એનું પુણ્ય એવું અલૌકિક પુણ્ય છે.

સત્ ભગવાન જ્ઞાન અને આનંદ (સ્વરૂપ છું). પ્રભુ! હું જ્ઞાન અને આનંદમાં પૂર્ણ નથી. એ પૂર્ણ પરમાત્માના વીર્યના ઉલ્લાસથી ભક્તિ અને સ્તવન કરું છું, પ્રભુ! આપના નામમાત્રથી પણ અમારા શુભભાવમાં એવા પુણ્ય બંધાશે (કે) ભવિષ્યમાં જ્યાં જાશું ત્યાં કાં ચક્રવર્તીપદ કાં તીર્થંકરપદ ઈન્દ્રપદ, એવા પદમાં અમે ત્યાં અવતરશું. સમજાણું કાંઈ?

પેલા પાપના ઉદયની વાત નથી આવતી? પેલો એક વાણિયો હતો ને? તે હંમેશા જુવાર ખાતો. જુવારના રોટલા. ગરીબ માણસ એટલે હંમેશા જુવારના રોટલા ખાતો. પછી એક વાર વિચાર આવ્યો કે લાવને, સારે ઘરે દીકરીને ત્યાં જાઉં, ચૂરમું તો મળે. દીકરીના ઘરે જાઉં. દીકરીનું ઘર સારું, સારે ઠેકાણે પરણેલી. લાવને ત્યાં જાઉં. આ જુવાર ખાઉં છું, ત્યાં લાપસી તો મળશે. ત્યાં બે-ચાર વર્ષે ગયો. અને ત્યાં એને ત્યાં એના ખેતરમાં સારી જુવાર પાકેલી. એટલે એને પણ ઘરમાં વિચાર થયો કે જુવારના રોટલા જ કરીએ. એ જ્યાં ખાવા બેઠો ત્યાં જુવારનો રોટલો આવ્યો. જય માતા! મારી મોર પહોંચી ગઈ. ઘરે હતું એ આવ્યું. એ જાણે કે દીકરીનું સારું ઘર છે, પૈસાવાળા છે તો લાપસી (મળશે). એને ઘરે સવારથી એવો જ વિચાર નક્કી કરેલો કે આ જુવાર તાજી ઊંચી સારી, તાજી ઊંચી સારી ધોળી (થઈ છે) એટલે આજે જુવારના રોટલા કરવા. એ જાણે કે થાળીમાં આજ તો લાપસી આવશે. જ્યાં રોટલો આવ્યો,.. જય માતા! મોઢાઆગળ પોગ્યા. એ પાપને કારણે જે વસ્તુ મોઢાઆગળ ગઈ..

અહીં કહે છે કે, અમારા પુણ્ય અને આપની ભક્તિને કારણે જ્યાં જાશું ત્યાં લક્ષ્મી મોઢાઆગળ પડશે. પેલાને દરિદ્રતા મોઢાઆગળ આવી. અમારે મોઢાઆગળ ત્યાં જઈને કાં છ ખંડના રાજમાં થશું કાં તીર્થંકર થવાના કાં પહેલા દેવમાં ઈન્દ્ર થવાના. એવી પુણ્યની સામગ્રી અમારી આજ્ઞા માંગતી આવશે. શું જોઈએ? કેટલું જોઈએ? કેમ જોઈએ? એ.. મનસુખભાઈ!

જુઓ! સો કળશી અનાજ થાય એને ભેગા સો ભરોટા ખડ થાય. એમ પરમાત્મા આપની શ્રદ્ધા ને જ્ઞાનની ભક્તિ અમને પ્રગટી છે અંદરની, એમાં આપના નામ કિર્તનના ફળમાં પણ

એવા ખડ અને એવા રાડા પાકશે. એ રાડા, હોં બધા પુણ્ય. અનાજ નહિ. અનાજ તો અંદરમાં આત્મા રાગ અને પુણ્ય-પાપ વિનાનો છે, એવી અંતરની દૃષ્ટિ ને શ્રદ્ધાનું ભાન થયું છે. એ રાડા એ કણહલા છે. એ દાણા. પણ આપની ભક્તિના રાગમાં એટલું પુણ્ય બંધાશે, જ્યાં જાશું ત્યાં લક્ષ્મી, લક્ષ્મી ને લક્ષ્મી. અબજોના ઢગલા. કેટલું ક્યાં નાખવું, કેમ વાપરું એનો એને વિચાર કરવો મુશ્કેલ થઈ પડે.

ભરત ચક્રવર્તી જેવા જ્યાં જન્મ્યા, રાજમાં પુણ્યના ઢગલા. એનો એક દીકરો હતો. કીર્તિકુમાર.. કેવો કહેવાય? કીર્તિ ને? અર્કકીર્તિ. બોલાય જાય નામમાં. અર્કકીર્તિ પહેલો પુત્ર. ભરત ચક્રવર્તીને તો મહા પવિત્રતાનું ભાન તો હતું પણ પૂર્વના મોટા પુણ્ય લઈને અવતરેલા. સોળ હજાર દેવ તો જેની સેવા કરે. એવા ચક્રવર્તીનો એક પુત્ર થયો, એ પુત્ર પણ ચરમશરીરી. એ ભવે મોક્ષ જનાર. ભરત ચક્રવર્તી પણ એ ભવે મોક્ષ જનાર. એના કુટુંબના એ ભવે મોક્ષ જનારા હજારો. એ રાજકુમાર અર્કકીર્તિ હતો. એને ભરતે કહ્યું, બેટા! તું આ અમારી જ્યાં સભા ભરાય છે ને? શું કહેવાય ઈ સભા? રાજકીય સભા, દિવાન સભા. એ કચેરી, એ કચેરીમાં બે બેટા! બે ઘડી આવ, હોં! તો બે ઘડીના તને બે ક્રોડ આપીશ. અમારી કચેરીમાં શોભા તારી. જુઓ! આ પુણ્ય એના. ભરતના તો પુણ્ય, પણ હજી તો દીકરો આવ્યો છે (એના પણ એટલા પુણ્ય). દીકરા! જ્યાં રાજસભા ભરાય ત્યાં બે ઘડી તું આવીને સિહાંસને બેસ ને તો પણ અમારા રાજની અને અમારા કુળની, આવા એક પુણ્યવંત કુળદીપક થયા છે, જેના શરીરના ચાંદણા સૂર્ય જેવા! જેની ગંભીરતાનો પાર નહિ. જેને આ કાળે એ દેહે દેહ છૂટીને કેવળજ્ઞાન પામીને મુક્ત થવાના છે. એવાને એનો બાપ કહે છે, બેટા! અહીંયાં બે ઘડી આવજે, હોં! બે ઘડીના બે ક્રોડ. સંઘરીને પડ્યા. ક્યાં નાખવા? છેવટે કહ્યું, અરે..! પિતાજી! આવું બધું કર્યું. પણ પિતાજી તો છેલ્લે સંસાર છોડીને ચાલ્યા ગયા. એ સંસાર છોડીને ચાલ્યા ગયા તો અમારે શું કરવું? અમારે એ લક્ષ્મી-બક્ષ્મી જોતી નથી. સામે આવીને પડી. એ નહિ, એ નહિ. અમારી સ્વરૂપલક્ષ્મી સાધવા અમારા પિતાજી નીકળ્યા, અમે પણ નીકળી જશું. પેલી વ્યવસ્થા કરવા ન રોકાણા. આ પૈસા આટલા મળ્યા એનું શું કરવું? લાવ, દાનમાં દઈ દઈએ. એ.. મનસુખભાઈ! ભાઈ! અહીંયાં જેને આત્મા અને આત્માના ભાનની મહત્તા આવી, ત્યાં લક્ષ્મીની શું કિંમત અને શું એની તુચ્છતા, એની ગણતરી શું?

અહીં કહે છે, પ્રભુ! ઓહો..! ચૈતન્ય મંગળસ્વરૂપ અને પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનની મૂર્તિ પ્રભુ અમારી નજરમાં તરવરે છે. છોકરા ઉપર બહુ પ્રેમ હોય ને? તો નથી (કહેતા)? બાપા! તું મારી નજરે તરવરે છે. એમ કહે છે કે નહિ? એમ ધર્મીને ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા નજરે તરવરતા હોય છે. આહાહા..! આ પરમેશ્વર! આ પરમેશ્વર! એવા ભક્તિના વિકલ્પથી જ્યાં અમે જન્મશું, ત્યાં અમારી આજ્ઞા માંગતી લક્ષ્મી સામી આવીને પડશે. શિવલાલભાઈ!

આમ કરવું, આમ કરવું લક્ષ્મી માટે. એ પાંચમા શ્લોકમાં કહ્યું.

દાનમાં પણ એવું એક આવે છે, એવી ગાથા. પાનું-૧૧૮. દાનની ૧૬મી ગાથા છે, ભાઈ! દાનની ગાથા ૧૬મી. શું આવે છે? કે જે કોઈ પવિત્ર આત્મા સંતો, સમકિતીઓ, જ્ઞાનીઓ સત્ સમાગમમાં આવેલા અને સ્વરૂપને પ્રાપ્ત થયેલા, અખંડાનંદ ચૈતન્યગોળો જેને રાગ ને શરીરથી ભિન્ન પડ્યો છે... સોળમી ગાથા છે, ભાઈ! દાનની સોળમી. અહીં પરમાત્માની વાત કરી. **'नामापि यः स्मरति मोक्षपथस्य साधो-राशु'** જે સંતો... સંત એટલે આત્મજ્ઞાની સંત કહેવાય છે, હોં! 'આત્મજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી'.

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજો તો દ્રવ્યલિંગી,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી.

'વસ્તુગતે જે વસ્તુ..' સર્વજ્ઞ પરમાત્માએ આત્મા અને ગુણ ને દશા વર્ણવી અને જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે, એમ વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, એ આનંદઘનના-આત્માના આનંદઘનનો સંગી અને પરિચયવાળો છે. એવો જેને, કહે છે, આત્મજ્ઞાનમાં રમનારા સંતો હોય, ભલે અલ્પજ્ઞ પ્રાણી છદ્મસ્થ છે, સમ્યગ્દૃષ્ટિ હોય પણ **'नामापि यः स्मरति'**. છે ને ભાઈ એમાં? **'मोक्षपथस्य साधो'**. **'મોક્ષાર્થી સાધુકા...'** આ સાધુ, હોં! બાપા! એ વ્યાખ્યા બહુ આકરી છે. આનંદસ્વરૂપને સાધે તે સાધુ. રાગને અને વિકલ્પને સાધે તે સાધુ નહિ. આહાહા..! અરે..! એક એક પદની વ્યાખ્યા સમજ્યા વિના એમ ને એમ માને, એને સાચી માન્યતા કહેવામાં આવતી નથી.

કહે છે, **'मोक्षपथस्य साधो-क्षयं व्रजति तद्दुरितं समस्तम्'** એવા પરમાત્માના ભક્તો, જ્ઞાનીઓ, સંતોના નામસ્મરણથી પણ **'दुरितं समस्तम् व्रजति क्षयं'**. તેના પાપો ક્ષય-નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ? પરમાત્મામાં તો શું પણ આનંદ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પામેલા નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિને પામેલા એવા સંતોના **'नामापि'** શબ્દ છે. નામ, સ્થાપના, દ્રવ્ય બધું એમાં લેવું. એવા સાધુનું જે નામસ્મરણ કરે ધર્માત્મા વાસ્તવિક ઓળખાણના ભાન સહિત, એ **'क्षयं व्रजति'** એના **'दुरितं'** **'दुरितं'** નામ પાપ, એ ક્ષયને પામે છે. એવો વિકલ્પ એને આવે, પુણ્ય બંધાય અને પાપનો નાશ થાય. શું કીધું?

ભગવાનનું સ્મરણ કે સંતો સાચા મુનિઓ, ધર્માત્મા સમકિતીનું સ્મરણ, એને શુભરાગથી પુણ્ય બંધાય. અને પૂર્વના પાપનો ક્ષય નામ નાશ થાય. બેય એકસાથે થાય. અને દૃષ્ટિ હોય છે આત્મા ને જ્ઞાનાનંદ ઉપર. એવા જીવના ભગવાનના અથવા સંતોના સ્મરણથી પણ પાપનો નાશ થાય છે. તો પછી.. એથી વધારે લીધું છે, જેના નામ સ્મરણથી પણ જેને મહાપાપનો નાશ થાય, તો **'यो भक्त-भेषज-मठादि-कृतोपकारः'** પણ સંતો ધર્માત્મા જ્ઞાનીઓ, એને ભોજન, એને ઔષધિ, એને મકાન આદિ આપીને **'મુનિયોંકા...'** ધર્માત્માકા 'ઉપકાર કરતે **હૈં, વહ સંસારસે પાર હો જાતા હૈ,...'** સમજાણું કાંઈ? આવે, ધર્માત્માનું સ્મરણ આવે,

ધર્માત્માઓની યાદી આવે, ધર્માત્મા પ્રત્યે વિનય, બહુમાન બહુ વિનય ઉઠે. અજ્ઞાનીને ધર્માત્મા પ્રત્યે અનાદર આવે.

શ્રેણિક રાજા હતા. તે મુનિને દેખીને.. મહામુનિ સંત આત્મજ્ઞાની ધ્યાની આત્માના આનંદમાં મસ્ત! મરેલો સર્પ નાખ્યો. મરેલો સર્પ! લાખો કીડીઓ થાય. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ ખબર નહોતી. અજ્ઞાની હતા. પણ એની ચેલણા રાણી સમકિતી હતી. એની રાણી સમકિતી હતી. એ એને ધર્મ પમાડવાનો પ્રયત્ન કરતી હતી. એ શ્રેણિક રાજાએ કહ્યું, તારા જોયા મુનિ હવે. હું સર્પ નાખી આવ્યો, એ કાઢી નાખ્યો હશે એણે. રાણી કહે છે, અન્નદાતા! સ્વામી! નાથ! અમારા સંતો આત્મજ્ઞાની ધ્યાની હોય છે. આત્માના આનંદની મસ્તીમાં હોય છે. એને શરીરમાં નાખેલો સર્પ નહિ કાઢ્યો હોય. ચાલો જોવા જઈએ. રાણી અને રાજા બેય જાય છે. મુનિ અતીન્દ્રિય આનંદના મસ્તના સુધારસ પીવે છે. શું કહે છે? અતીન્દ્રિય આનંદનો અમૃતનો અંદર કુંડ પડ્યો છે ભગવાન, એના સુધારસની ધારા પીવે છે, નિર્વિકલ્પ રસ પીવે છે. ઈ શું હશે વળી?

ભગવાન! એ પુણ્ય અને પાપના રાગ વિના આત્મા પૂર્ણાનંદની મૂર્તિ, એની પ્રતીત અને અનુભવ કરે, એને અંતરના અતીન્દ્રિય આનંદનું વેદન અને પીણું પીવે ઈ. આ ચા ને દૂધ પીવે છે ને? ધર્માત્મા સુધારસના પીણા પીવે છે. આહાહા..! સુધા નામ અમૃત. ભગવાન અંતર અમૃતસાગર છે, એમાં ડુબકી મારીને આત્માનો સુધા-અમૃતનો અતીન્દ્રિયનો સ્વાદ લેતા હોય છે. એ સ્વાદને સુધારસનું પીણી કહેવામાં આવે છે. આહાહા..! આવા ઉનાળામાં બીડી પીતા હશે કે નહિ? અથવા શું આ કહેવાય છે? ચા.. ચા. એવા ઉનાળામાં અંદર શીતળ આત્માના ઠંડાનો અનુભવ કરતા હોય છે મુનિ. આહાહા..!

એ પર્વતના ડુંગર ઉપર બેઠા હોય કે શિયાળામાં જ્યાં હિમાલય-હિમ પડતું હોય અને જ્યાં વરસાદમાં પાણીના ધોધ પડતા હોય, બેયનું લક્ષ છોડી, વાણીનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, આત્માના આનંદમાં મસ્ત હોય છે. રાણી કહે છે, સ્વામી નાથ! અમારા મુનિઓ આનંદના રસમાં પડ્યા હોય છે. એને શરીરમાં નાખેલું કાઢી નાખવું ખપે નહિ. એવો વિકલ્પ એને હોય નહિ. ચાલ જોવા જઈએ. જોવા જાય છે ત્યાં મુનિ ધ્યાનમાં આનંદમાં (હોય છે). દુઃખ-બુખ નહિ, હોં! એ કીડીઓ કરડે એના દુઃખ જ્ઞાનીને ન હોય. એને તો અતીન્દ્રિય આનંદની મોજમાં હિલોળા ખાતો હોય આત્મા! આહાહા..! અતીન્દ્રિય આનંદના ઝરણામાંથી એ અતીન્દ્રિય આનંદના હિલોળે ચડ્યો હોય છે અંદરમાં. આમ જ્યાં જોવે ત્યાં કીડીઓ ક્રોડો. ઝીણા કાણા પડ્યા. પ્રભુ! અન્નદાતા! આ સર્પ કાઢ્યો નથી, હોં! એને કીડીઓ ખૂબ થઈ ગઈ છે, શરીર જીર્ણ થયા છે. આનંદના મસ્તમાં (છે), ભલે સર્વજ્ઞ નથી, પણ એની આનંદની ભૂમિકાના પ્રમાણમાં આનંદમાં મસ્ત છે. વીતરાગી દશામાં લીન છે. આ..હા..! શ્રેણિક રાજાને (થાય છે), આહા..! આવી દશા! બહારની નહિ, હોં! પેલી અંતરની દશાના

મહિમા ગાણા ગાયા. પ્રભુ! કાંઈક ઉપદેશ કરો, હોં! ઈ ત્યાં એણે ઉપદેશ કર્યો અને ત્યાં સમકિત પામ્યા છે.

જેણે અશાતના કરી હતી, નરકના આયુષ્યમાં ગયા, સાતમી નરકના. સાતમી નરકના! નીચે સાત નરક છે, હોં! બધું કંઈ સિદ્ધ કરવા જઈએ.. હંબગ નથી, હોં! સાત નરક છે. મહાપાપના કરનારાને ત્યાં દુઃખ ભોગવવાના સ્થાન છે. સાતમી નરકમાં ૩૩ સાગરના મોટા આયુષ્ય છે. ત્યાં એણે બાંધ્યું. પણ રાજા આત્મજ્ઞાન પામ્યો. ઓહો..! આ મુનિઓ કહે છે કે, આત્મા તો આનંદ છે, વિકાર વિનાની ચીજનું ભાન કર્યું. સાતમી નરકનું આયુષ્ય હતું, ૩૩ સાગરોપમનું, છૂટી ગયું. ચોર્યાસી હજાર વર્ષનું રહી ગયું. ફક્ત ચોર્યાસી હજાર વર્ષનું રહ્યું. એથી એ ચોર્યાસી હજાર વર્ષની લાયકાતમાં અત્યારે પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ નરકમાં નારકી છે. છતાં અંતરના સમ્યગ્દર્શનને લઈને આનંદનું વેદન તે ત્યાં નિરંતર કરે છે. આહાહા..! અને એ સ્થિતિ જ્યાં પૂરી થશે ત્યારે આવતી ચોવીસીમાં પહેલા જગતગુરુ, પહેલા જગતગુરુ તીર્થંકર ત્રિલોકનાથ થવાના છે. એને બાહ્ય ત્યાગ નહોતો, તપ નહોતું, ચારિત્ર નહોતું. પણ આત્મજ્ઞાન અને આત્મદર્શન જેણે પ્રગટ કર્યું હતું અને એમાં એને શુભવિકલ્પ પછી આવેલો, એમાં તીર્થંકર ગોત્ર બંધાયેલું.

કહે છે, એવા મુનિઓના નામસ્મરણ માત્રથી પણ મહા લાભ થાય તો એને ઔષધદાન આદિના ભાવ કરે, એને તો મોટો ઉપકાર થાય. એ નામની વાત કરી છે. કહો, સમજાણું કાંઈ? હવે પાંચ ગાથાએ પરમાત્માના ગુણની વાત કરી. સ્તુતિની ભક્તિ. હવે, એ ઋષભદેવ ભગવાન અહીંયા આ અવતારમાં આવ્યા, એ પહેલાં એ સર્વાર્થસિદ્ધમાં હતા. હવે ત્યાંથી ઉપાડી વાત. આખું નાટક (કહેશે). જેમ ભર્તૃહરિનું નાટક બતાવવું હોય તો જેમ જન્મથી પૂરું બતાવે, એમ આને પૂર્વના ભવથી આમાં પૂરું બતાવ્યું છે. ઋષભદેવ ભગવાનનું ચરિત્ર, એના ચારિત્રનું વર્ણન.

હે નાથ! એ ઋષભ પરમાત્મા જ્યારે આ દેહમાં આ ક્ષેત્રે જ્યારે થયા, એ પહેલાં એક સર્વાર્થસિદ્ધ દેવ છે ત્યાં હતા. સર્વાર્થસિદ્ધ દેવ છે, વિમાન છે. દેવની ચાર જાતિ છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક. વૈમાનિક દેવમાં પણ એક ઊંચામાં ઊંચા ચાર વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ-એવા પાંચ દેવના મોટા વિમાન છે. એમાં છેલ્લા સારામાં સારું વિમાન, છેલ્લામાં છેલ્લું સ્વર્ગનું-સર્વાર્થસિદ્ધિ. એ પૂર્વે મુનિ હતા. ઋષભદેવનો જીવ પૂર્વે મુનિ હતા. આત્મધ્યાનમાં મસ્ત હતા. અને એમાં એમણે તીર્થંકરગોત્ર બાંધ્યું હતું. કોણે? ઋષભદેવના જીવે પૂર્વે તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું. આત્મજ્ઞાનની ભૂમિકામાં, હોં! આત્મજ્ઞાન વિના તીર્થંકર ગોત્ર કોઈ બાંધી શકે નહિ. આત્માના આનંદના લહેજતમાં રહેતાં શુભ વિકલ્પ આવેલો કે ઓહો..! જગતના જીવો આવો ધર્મ સમજે એવો વિકલ્પ આવ્યો. કાં હું પૂર્ણ મોક્ષને પામું. એવા વિકલ્પના તીર્થંકર ગોત્ર બંધાયેલું. એ ત્યાંથી સર્વાર્થસિદ્ધમાં ગયા. સર્વાર્થસિદ્ધ

વિમાન છેલ્લું છે. આ તો બધું... .. કરે, પૂર્ણતા આત્માની પ્રાપ્ત ન થાય.. એ વાત કહી ગયા છીએ એક ફેરી, આત્માની પૂર્ણતા પ્રાપ્ત ન થાય અને આત્માનું ભાન થયું, કંઈ રાગ બાકી રહ્યો, એ ક્યાં અવતરે? સ્વર્ગમાં જાય. બીજે જ્યાં ક્યાં? કીધું નહોતું?

(સંવત) ૧૯૯૨માં એક પંડિતે પ્રશ્ન કર્યો હતો. આ શું તમે કહો છો? શાસ્ત્રમાં મળે છે ક્યાં? શું છે તને? શાસ્ત્રમાં કહે છે કે બ્રહ્મચારીઓ ઈન્દ્રાણીમાં અવતરે. આ ક્યાં મેળ ખાય છે? કેમ મેળ ખાતો નથી તને? કીધું. પંડિત હતો એક, હોં! એણે પૂછેલું. ૧૯૯૨ની સાલ. ૨૮ વર્ષ થયા. અહીં બ્રહ્મચર્ય પાળે, પરસ્ત્રીનો ત્યાગ, સ્વસ્ત્રીનો ત્યાગ અને ત્યાં પાછા ઈન્દ્રાણીના યોગમાં અવતરે. આ તો મેળ વિનાની વાત (થઈ). અરે.. ભાઈ! સાંભળ પ્રભુ! સાંભળ. જે કંઈ એણે આત્માનું જ્ઞાન મેળવ્યું છે, આત્માનો અનુભવ મેળવ્યો છે પણ કેવળ થયું નથી, એને હજી રાગ ભક્તિ, પૂજા, દાન, દયાનો, મહાવ્રતનો રાગ આવ્યા વિના રહેતો નથી, હોય છે. એ રાગમાં ક્યાં એનું આયુષ્ય બંધાશે? કહે. નરકમાં બંધાય? ઢોરમાં જાય ઈ? માણસ મરીને માણસ સમકિતી થાય નહિ. સમ્યક્ આત્મજ્ઞાની હોય એ માણસ મરીને માણસ થાય નહિ. આત્મજ્ઞાની જીવ હોય એને એવા પુણ્ય હોય છે (કે) વૈમાનિકનો પુરુષ દેવ થાય, સ્ત્રી પણ ન થાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં એ અવતરે નહિ. સ્ત્રીમાં મનુષ્યમાં અવતરે નહિ. વૈમાનિક દેવમાં પણ પુરુષ દેવપણે અવતરે. આના ફળ તરીકે એ ત્યાં ગયો છે. દૃષ્ટિમાં એનો નિષેધ વર્તે છે. આ નહિ રે નહિ, હોં! મારી આનંદની પુંજી તો અંદર ભરી છે. પણ મારો આનંદ અધૂરો રહ્યો, મોક્ષ દશા પ્રાપ્ત કરવામાં મારો પુરુષાર્થ કમ રહ્યો એટલે આ રાગના ફલ તરીકે સર્વાર્થસિદ્ધ ગતિ મળી છે. જ્ઞાનીને તેનો અંતર નિષેધ વર્તે છે. છતાં હવે અહીં શું કહે છે?

ઋષભદેવ ભગવાનને ત્રીજા ભવમાં એટલે આ ભવ પહેલાં સ્વર્ગ સર્વાર્થસિદ્ધ, એના ત્રીજા (ભવમાં). એમાં એ સર્વાર્થસિદ્ધમાં ગયા. ન્યાંથી ત્રીજે ભવે. એ ઉદ્દેશીને વાત કરે છે, હે નાથ!

जासि सिरी तइ संते, तुव अवयणमित्तिये णट्ठा।
संके जणियाणिट्ठा, दिट्ठा सव्वट्ठसिद्धा वि।।६।।

હે પરમેશ્વર! હે સર્વજ્ઞ! '**જિસ સમય આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમેં થે, ઉસ સમય ઉસ વિમાનકી જૈસી શોભા થી, વહ આપકે ઈસ પૃથ્વીતલ પર ઉતરનેકે બાદ આપકે વિયોગસે ઉત્પન્ન હુએ દુઃખસે નષ્ટ હો ગઈ...**' શું કહે છે? ઓહો..! પરમાત્માની દશા તમે ભલે નહોતા પામ્યા, પણ પરમાત્મા પામવાની તૈયારીવાળો અહીંયા અવતાર તમારો થયો, એ અવતાર પહેલાં સર્વાર્થસિદ્ધમાં જ્યારે હતા, એ પ્રભુ આપને લઈને એ સર્વાર્થસિદ્ધની શોભો હતી.

દુનિયામાં નથી કહેતા? સારો પુરુષ હોયો તો (કહે), તમારે લઈને આ બધું શોભે છે.

મોટો માણસ.. એમ પણ થાય. સારો માણસ જાય પછી ઘર પણ આમ લાગે લુખ્ખુ. ઘર તો ઈનું ઈ હોય. કેમ.. હીરાભાઈ! ક્યાં ગયા? ગાંધી! ઈ પણ કહેતા, પેલા રાયચંદ ગાંધી બહુ આબરૂવાળા ને, બાળી આવ્યા પછી દામોદરને એમ થઈ ગયું કે આ..હા..હા..! મોટો પીઢ માણસ. .. થઈ જાય કે આહાહા..! આ? બાપા ગયા. બાપા તો ગયા ઈ ગયા, પણ મોટપની જ્યાં મોટપ દેખાતી ને? ઝાંખી લાગવા માંડે. એ પોતાની કલ્પના છે.

અહીં એક અલંકાર કર્યો છે. પરમાત્મા! આપ જ્યારે આ ભવમાં આવ્યા ત્યારે સર્વાર્થસિદ્ધિની શોભા તમે ત્યાં હતા ત્યાં સુધી હતી, હોં! ત્યાંથી નીકળ્યા પછી શોભા નષ્ટ થઈ ગઈ. એટલે? આપના આનંદમૂર્તિના પધારવાથી ત્યાં સર્વાર્થસિદ્ધિની શોભા લાગતી. નહિ તો એ સર્વાર્થસિદ્ધની વૈમાનિક દેવની શોભા પણ અમને દેખાતી નહોતી. એમ કહે છે. સમજાણું આમાં કાંઈ? એક જણાનો છોકરાનો છોકરો મરી ગયો હતો. પૈસાવાળા હતા. પછી પેલી બાયું રોવા મંડી. અરે..! બાપુજી! તમારા ગયા પછી આ મકાનો સ્મશાન જેવા લાગે છે. એમ રોવા મંડી. પેલા કહે, પણ આ પહેલેથી ક્યાં માંડી? એમ નથી. અહીં બીજી વાત છે.

અહીં તો કહે છે, પ્રભુ! આપ જ્યારે આત્માના આનંદના સાધનમાં ન્યાં હતા અને સમ્યગ્દર્શનના જ્ઞાનના ધ્યાનમાં હતા. એને લઈને દેવની શોભા અમારા લક્ષમાં આવતી. આપ હેઠે ઉતર્યા (તો) એ વિમાનની શોભા ગઈ. સમજાણું કાંઈ? એટલે કે પુણ્યના ફળ પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં હતા ત્યાં રહેતા ત્યારે અમને સારા લાગતા. હવે તો અહીં હેઠે ઉતર્યા તો એ શોભા અમને સારી લાગતી નથી. આહા..! એમ કરીને ગુણનું સ્મરણ કરે છે, હોં! શુદ્ધ ચિદાનંદ આનંદકંદની જે દશા આપને પ્રગટી છે એને લઈને સર્વાર્થસિદ્ધની શોભા હતી. આપ નીચે ઉતર્યા તો હે નાથ! **'आपके वियोगसे उत्पन्न हुए दुःखसे नष्ट हो गई...'** એ શોભા હવે દેખાતી નથી. કહો, સમજાણું? પછી સાતમી ગાથા. શું કહે છે હવે?

હવે ન્યાંથી અહીં ઉતર્યા એની વાત કરે છે. હવે અહીં શોભા આવી. સમ્યક્ ચૈતન્યસૂર્ય ઝળકતો જળહળ જ્યોતિ અંદર બિરાજે છે, એનું જ્યાં ભાન થઈને અનુભવ થયો, ભલે પૂર્ણાનંદની પ્રાપ્તિ તો આ દેહે થવાની છે, પણ એ જ્ઞાનથી જ્યારે પ્રભુ! પૂર્વમાંથી અહીં આવ્યા ને, ત્યાંની શોભા ગઈ અને અહીંની શોભા થઈ. સમજાય છે કાંઈ? દાખલો આપ્યો છે, જુઓ!

**णाहिघरे वसुहारा, वडणं चं सुइरमहि तुहोयरणा।**
**आसि णहाहि जिणेसर, तेण धरा वसुमई जाया।।७।।**

અહીં તો જ્ઞાની ભગવાનના જ્યાં હોય ત્યાં ગુણ જ ભાળે છે. આહા..!

હરતાં ફરતાં પ્રગટ પ્રભુ દેખું, હરતાં ફરતાં પ્રગટ પ્રભુ દેખું,
મારું જીવવું સફળ તવ લેખું, મુક્તાનંદનો નાથ વિહારી રે...
ઓધા જીવનદોરી અમારી રે...

હે નાથ! પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવા આપ અહીંયાં અવતર્યા. આપના સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિના ગુણો, હે નાથ! અહીંયા આવ્યા ત્યારે દેવોએ પંદર મહિના સુધી લક્ષ્મીની વૃષ્ટિ વરસાવી. શું કહે છે? કેવળજ્ઞાન તો હવે થવાનું છે. પણ માતાના ઉદરમાં આવ્યા પહેલાં છ મહિના... એવો કુદરતનો નિયમ અને એમના એવા પુણ્ય છે કે તીર્થંકરનો આત્મા પવિત્ર ઉન્નતિ ક્રમમાં ચડતો આવે છે અને જેણે તીર્થંકરપણું પુણ્યનું બાંધ્યું છે, એ માતાના પેટમાં આવવા પહેલાં ઈન્દ્ર અને ઈન્દ્રાણી માતાનું પેટ સાફ કરવા આવે છે.

અહીં પણ એક રાજા-મહારાજા આવતો હોય તો બધું સાફ કરે છે કે નહિ મોટી નગરીને? આ તો અત્યારે સાધારણ નેતાઓ છે તો શણગારે-ફણગારે ને ધામધૂમ, એકલા ખર્ચ ને ખર્ચ આખા. પેલામાં તો આમ ભગવાન પધાર્યા. ભગવાન માતાના કૂખે આવવાના છે. પૂર્ણ જ્ઞાન હજી થયું નથી, હોં! હજી થવાનું છે એ અપેક્ષાએ. આ દેહે ભગવાનને કેવળજ્ઞાન થવાનું છે. એ માતા ઉદરમાં ઉપરથી (-સ્વર્ગમાંથી) આવવાના. એમ જ્યારે દેવને ખબર પડે છે, એ માતાના ઉદરમાં આવ્યા પહેલાં છ મહિના સુધી આકાશમાંથી રત્નની વૃષ્ટિ થાય છે. ઈ કહે છે. સમજાણું કાંઈ? '**णहाहि**' શબ્દ પડ્યો છે ને? બીજા પદમાં છે. '**आसि णहाहि**'. '**णहा**' એટલે નભ. બીજા પદનો બીજો શબ્દ છે-'**णहाहि**'. નભ. હે નાથ! નભ એટલે આકાશ. જુઓ! એક પુણ્યની.. ધર્માત્માને ભાનમાં પુણ્ય બંધાય એની સ્થિતિ કેવી, એનો વ્યવહાર કેવો અને એના ફળ કેવા એ બતાવે છે. નભમાં..

હે પ્રભુ! આપ જ્યાં હજી અહીં અવતર્યા નથી, હજી આવ્યા નથી, તે પહેલાં છ મહિના ઈન્દ્રો આકાશના રજકણો રત્ન રૂપે થઈને છ મહિના વરસશે. આહાહા..! જુઓ! આ પુણ્ય. પુણ્ય પણ આવું. ધર્મીના પુણ્ય પણ કોઈ ઉજળા અને જુદી જાતના હોય છે. લોકોને પવિત્રતાની તો ખબર ન મળે પણ પવિત્રતાની ભૂમિકામાં બંધાયેલા પુણ્ય કેવા હોય એની એને ખબરું ન મળે. આવું બેસતા કઠણ લાગે. સાધારણ માણસ, બિચારા રાજા સાધારણ અત્યારે થઈ ગયા. સાલિયાણા બાંધી દીધા, દસ લાખના અને પાંચ લાખના. રહેશે ત્યાં સુધી ... એવાને રાજા (કહે).

આ તો મહાપુણ્યના ધણી.. ઓહો..! એવા પુણ્ય લઈને આવ્યા, પ્રભુ! આપ જ્યારે સર્વાર્થસિદ્ધમાંથી નીચે આવ્યા, '**પૃથ્વીતલ પર ઉતરે થે, ઉસ સમય નાભિરાજાકે ઘરમેં...**' પિતાના ઘરમાં. '**બહુત કાલ તક આકાશસે ધનવર્ષા...**' પંદર માસ. પહેલા છ મહિના અને માતાના ઉદરમાં સવા નવ મહિના રહ્યા, ત્યાં સુધી આકાશના રજકણો રતન થઈને વરસે. ઈન્દ્રનું નિમિત્ત, એમના પુણ્યનું નિમિત્ત. પણ એ તો રતન થાય છે, આ કોલસામાં થાય છે એ રતન એના થાય છે કે નહિ? રજકણો ભેગા થઈને એવા ઉજળા થાય કે કોલસામાં રતન પાકે. હીરો થાય. કોલસામાં હીરા પાકે. એ પુણ્યવંત પ્રાણી નજીકમાં હોય ત્યાં હીરા થાય. લીંબુમાં દાણાને બદલે માણેક પાકે. સાંભળ્યું છે? આ લીંબુ છે ને? લીંબુ.

એ લીંબુમાં દાણો કઠણ હોય છે ને? કોઈ પુણ્યવંત પ્રાણીને ઘરે જો એ લીંબનું ઝાડ હોય તો લીંબમાં ઠળિયાને બદલે માણેક પાકે. વીસ-વીસ હજારની કિંમતનું. વિરજીભાઈ કહેતા હતા, ભાઈ! એ બાજુમાં પાકેલું. વિરજી વકીલ છે ને આપણા મોટા? ૯૨ વર્ષની ઉંમર. ઈ કહે, અમે વકીલાત કરવા ગયા હતા ત્યાં એક જણાને પાકેલું. વીસ હજારનું. એમાંથી.. શું કીધું આ? લીંબુ. અને પ્રવચનસાર શાસ્ત્રમાં પાઠ છે. શાસ્ત્રમાં પ્રવચનસારમાં ૪૭ નયનું વર્ણન જ્યાં અમૃતચંદ્રાચાર્યે કર્યું છે, ત્યાં લીંબુમાં રતન-માણકે પાકે એવો પાઠ છે. શાસ્ત્રમાં પણ પાઠ છે. શાસ્ત્રમાં તો જગતની બધી વાતું છે કે નહિ? એ પુણ્યવંત પ્રાણીના લીંબુમાં માણેક પાકે. સમજાય છે કાંઈ? એવા જ પુણ્ય લઈને આવે છે.

અહીં કહે છે, હે નાથ! આપ પૂર્વના એવા પુણ્ય લઈને અહીં નીચે અવતર્યા કે માતાના ઉદરમાં (આવ્યા) પહેલાં છ મહિના રત્નની વૃષ્ટિ થઈ. નવ મહિના માતાના પેટમાં (આવ્યા પછી થઈ). પંદર મહિના (થઈ). બેસવું કઠણ થાય. અહીં એની માને પેટમાં ઓલો આવે તો ભૂતડો ખાવાનું મન થાય. ઝીણો લોટ હોય ને? ભૂતડાનો. માટી. ભૂતડો.. ભૂતડો. રજકણ નીતરીને એકલો સુંવાળો હોય ને? સુંવાળો. એ સુંવાળા ખાવાનું મન થઈ જાય. જુઓ! પેલો છોકરો આવ્યો. આવા પુત્ર જે માતાને જન્મે એને સોળ-સોળ સપના અલૌકિક આવે. સમજાય છે કાંઈ? જેણે આત્માનું આરાધન કર્યું છે અને જેણે આત્માનું સેવન કર્યું છે, એ આત્મા જ્યાં હજી પૂર્ણતાને પામ્યો નથી અને છેલ્લી પૂર્ણતાને પામવા જ્યારે અવતાર હોય છે, એવા તીર્થંકરની માતાના કૂંખમાં તીર્થંકર આવ્યા, ત્યારે કહે છે, પંદર માસ સુધી આકાશથી થઈ હતી? શું? ધનની વર્ષા. તેનાથી જ હે પ્રભુ! આ પૃથ્વી વસુમતિ થઈ. અમને તો પ્રભુ આ વસુ.. વસુમતિ કહે છે ને પૃથ્વીને? વસુ એટલે લક્ષ્મીવાળી આ વસુમતિ. પ્રભુ! અમને તો વસુમતિ આપ આવ્યા અને આ લક્ષ્મી વરસી માટે વસુમતિ લાગે છે. એ સિવાય વસુમતિ કહેવાતી એ નામમાત્ર હતું. ભાવ તો એ વખતે થયો. પેલા પુણ્યના ફળની પાછળ આત્માના ગુણોનું સ્મરણ છે, એથી આ પુણ્યના ફળની વ્યાખ્યા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ ઘણો છે એમાં. અને એવો ને એવો અધિકાર દાન અધિકારમાં પણ છે. ૧૧૨ પાને, ગાથા-૩ છે. દાનમાં પણ એ વાત છે. .. લક્ષ્મીની વાત છે. શું કહે છે? જુઓ!

આ જ ઋષભદેવ ભગવાનનો દાનનો અધિકાર વર્ણવ્યો છે. જ્યારે ઋષભદેવ પરમાત્મા આ દેહમાં આવ્યા અને પછી પોતે મુનિ થયા, મુનિ, તો એ વખતે... ત્રીજી ગાથા છે, ભાઈ! વસુમતિ. એ જ્યારે તીર્થંકરનો આત્મા આ દેહમાં આવ્યો અને એ તો ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા, પછી જ્યારે મુનિ થયા નગ્ન દિગંબર, આત્માના આનંદમાં મસ્ત, ત્યારે એમને બાર મહિના સુધી આહાર નહિ મળેલો. કારણ કે જુગલિયાનો કાળ હતો તો આહારની વિધિની ખબર નહોતી. બાર મહિના સુધી નહિ મળ્યો. એમાં એક એના રાજમાં કોઈ શ્રેયાંસ

નામનો રાજાનો કુંવર હતો. રાજકુમાર. એ રાજકુમારને સ્વપ્ન આવ્યું. બાર-બાર મહિનાથી આહાર નહિ. આ વૈશાખ સુદ-૩ આવે છે ને? એને લઈને આ બધા કરે છે ને વર્ષીતપ? આ તો બધું સમજવા જેવું છે. ભગવાને તો બાર મહિના સુધી આનંદમાં રહેતાં આહાર મળ્યો નહિ એને કહેવાય છે. આ તો એક દિ' ખાય અને એક દિ' ન ખાય. એક દિ' ખાય પણ સરખાઈનું ખાય. બીજે દિ' અપવાસ થાય એવું. અને તે ખાય ન તો એ રાગની મંદતા (છે), એ અપવાસ ખરો નથી.

આત્માના આનંદના ભાનની ભૂમિકામાં ઈચ્છા તૂટીને આનંદ આવે, એવી દશાને ભગવાન ઉપવાસ કહે છે. ઉપ નામ આત્માના આનંદના સમીપમાં વાસ નામ વસવું. અને એના વિના આર્તધ્યાન અને રાગના ધ્યાનમાં જે થાય, એને ભગવાન અપવાસ કહે છે. અપ નામ માઠો વાસ. ઉપવાસ નહિ. વાતું આકરી બહુ પણ જગતથી. અહીં તો વૈશાખ સુદ-૩ વર્ષીતપના પારણા કરે છે ને? હવે તો ચાલ્યું છે ઈ. સડસડાટ.

એ પ્રસંગ હતો. શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું. કલ્પવૃક્ષ સૂકાય છે, કલ્પવૃક્ષ સૂકાય છે એમ સ્વપ્ન આવ્યું. રાજને. રાજનો કુમાર, મહા સમર્થ. મહા પુણ્યવંત એ ભવે મોક્ષ જનાર. એવા રાજાને સ્વપ્ન આવ્યું કે એક કલ્પવૃભ સૂકાય છે. સવાર જ્યાં પડી, નિમિત્ત (જ્ઞાનીને) પૂછ્યું, મને સ્વપ્ન આવ્યું. નિરર્થક ન જાય. શું છે આ? આજ ભગવાન મુનિ સંત પધારવાના લાગે છે. બાર મહિનાથી ક્યાંય આહાર મળ્યો નથી. વિકલ્પ આવે છે લેવાનો, પણ વિધિ આવડતી નથી. માટે લીધું નથી. આજ ભગવાન પધારવાના લાગે છે. મુનિ સંત છદ્મસ્થપણે, હજી કેવળ નહોતું થયું.

એ જ્યાં આવ્યા, પણ રાજાને વિધિની ખબર નહોતી. એમાં એને ભગવાનને એકદમ ભાળ્યા, મુનિની દશા, એકાકાર થઈ ગયો જરી. જાતિસ્મરણ થયું. જાતિસ્મરણ સમજાય છે? પૂર્વના ભવનું ભાન આવ્યું. એ ઋષભદેવનો જીવ પતિ હતો અને શ્રેયાંસકુમારનો જીવ આઠમે ભવે પત્ની હતા. આઠમા ભવમાં પતિ-પત્ની હતા. અને બેએ ભેગા થઈને મુનિને આહાર વહોરાવ્યો. નિર્દોષ હાથમાં. એ સ્મૃતિમાં આવી ગયું. વિધિની સ્મૃતિ પૂર્વના ભવની યાદ આવી. ઓહો..! આ વિધિએ આહાર દેવાય છે. ઘરમાં શેરડીના રસના ઘડા ભર્યા હતા. શેરડીના રસના. ત્યારે પછી આ ચાળા કરે છે ને વર્ષીતપમાં? આટલી આટલી ટબુડીઓ ૧૦૮ ભરે ને નાખે. એ શેરડીના રસના.. પોતે રાજકુમારને ભક્તિ... ભક્તિ.. ભક્તિ.. ઓહો..! ધન્ય મારો અવતાર! આવા સંતને બાર-બાર મહિના આહાર નહિ. એમને તો આનંદ હતો. પણ એમ કે શરીર આવું જીર્ણ થયું, મારા ઘરે આહાર (થયો). બહુ આનંદથી આપ્યો. આકાશમાંથી વૃષ્ટિ થઈ.

ઈ કહે છે, જુઓ! છે ને? '**શ્રેયાંસ રાજા સદા જયવંત રહો, જિસ શ્રેયાંસ રાજાકે ઘર તીન લોકકે દ્વારા વન્દનીય શ્રી ઋષભદેવ મુનિરાજકે પારણાકે સમય તીન**

**લોકકો આશ્ચર્ય કરને વાલી...'** આકાશસે.. એમાં સુધાર્યું હશે, ભાઈ! આમાં શબ્દ નથી પડ્યો. પાઠમાં આકાશ જોઈએ. **'આકાશસે રત્નોંકી ઐસી વર્ષા હુઈ...'** ત્યારે રત્નની વર્ષા થઈ. સ્વર્ગના દેવોએ વરસાવી. ત્યારથી પૃથ્વીને વસુમતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ કહીને દાનના અધિકારમાં આ વર્ણન કર્યું છે. અત્યારે વખત ન હોય, હોં! અત્યારે વખત ન હોય. કહો, સમજાણું કાંઈ?

વસુમતિ કહે છે, નાથ! અમે તો તારા ગુણને જ ભાળીએ છીએ. અહીંયાં હતા તોય ગુણને લઈને શોભા (હતી), અહીં આવ્યા તો અમે ગુણને લઈને પૃથ્વીને વસુમતિ કહીએ છીએ. કહો, સમજાણું આમાં? એ વિના આ પૃથ્વીનું નામ વસુમતિ નામમાત્ર હતું, ભાવ નહોતો. એમ કરીને એ ગુણનું સ્મરણ કરે છે. એની સાથે બંધાયેલા પુણ્યનું જ્ઞાન કરે છે. આવા પુણ્યો ધર્મીને-ધર્માત્માને હોય. અજ્ઞાનીને એવા પુણ્ય હોઈ શકે નહિ. અજ્ઞાનીને સાચા પુણ્ય, સત્ પુણ્ય, આવા તીર્થંકર ગોત્ર, આવી પંદર પંદર મહિના લક્ષ્મી ઝરે અને એવી અજ્ઞાનીને ખબર પડે નહિ અને અજ્ઞાનીને એવું કોઈ દિ' હોય નહિ. મિથ્યાદષ્ટિ પુણ્ય બાંધે. સાધારણ ફળે બહારમાં. આવા પુણ્ય ધર્માત્માને સમ્યક્ શ્રદ્ધાની ભૂમિકામાં બંધાય એનું આ વર્ણન કરીને ભગવાનની ભક્તિ કરે છે.

પછી જરી વિશેષ એની માતાની વાત કરે છે હવે. ત્યાં આવ્યું. હવે એની માતા. પ્રભુ! તારી મા પણ ધન્ય છે! જેની કૂખે રત્ન આવ્યું, એ રત્નકૂખધારિણી માતા પણ ધન્ય છે! ઘણા દીકરાઓને માતા જન્મ આપે, પણ માતા! તેં જે દીકરાને જન્મ આપ્યો, ધન્ય છે તને! એમ કરીને માતા સિદ્ધ કરે છે. અદ્ધરથી અવતાર નથી થયો. સમજાણું કાંઈ? માતા સિદ્ધ કરે છે અને માતાની પાત્રતા પણ સિદ્ધ કરે છે. આવનાર જીવની યોગ્યતાનો નિમિત્ત-નૈમિત્તિક (સંબંધ) સિદ્ધ કરે છે. એ આઠમી ગાથામાં છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ-૧૨, શુક્રવાર, તા. ૮-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૭થી૧૨, પ્રવચન-૭૮૫**

આ એક પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્ર છે. પદ્મનંદી પંચવિંશતિ. જંગલમાં રહેનારા મુનિઓએ આત્માના આનંદની ભક્તિ તો કરી છે. નિશ્ચયભક્તિ એને કહીએ કે આત્મા ધ્રુવ અખંડાનંદ છે, એવા ધ્રુવ ઉપરની દૃષ્ટિ આપતાં જે અંતરમાં એકાગ્રતા પ્રગટે એને સાચી ભક્તિ, પરમાર્થ ભક્તિ, નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. એ ભક્તિ મુક્તિનું કારણ છે.

આત્મા છે એ ત્રણ રૂપે. આત્મા. દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે. સમજાય છે આમાં કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ એટલે શક્તિઓ અનંત, પર્યાય એટલે અવસ્થા. છતાં સમ્યગ્દર્શનનો માલ કાઢવા માટે એ દ્રવ્ય-વસ્તુ જ એક કામની છે. સમજાય છે કાંઈ? આત્માની શાંતિ અથવા નિશ્ચયભક્તિ અથવા મોક્ષનો માર્ગ જે આત્માના પૂર્ણાનંદનું કારણ, એવી દશા માટે કામનો એક આત્મા ધ્રુવ છે તે એક કામનો છે. સમજાય છે કાંઈ?

જેની ખાણમાં અનંતી અનંતી શક્તિઓ પડી છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય-ત્રણમાં દ્રવ્ય જે અભેદ છે, એના ઉપર દૃષ્ટિ આપતાં આત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન અને કેવળજ્ઞાન એની ખાણમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એવા સમ્યગ્દૃષ્ટિ જીવો પોતે મોક્ષના અભિલાષી છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદની પ્રાપ્તિના કામી છે અને પોતાના ધ્રુવ સ્વભાવમાં પૂર્ણ એકાગ્રતા નથી. સમજાય છે કાંઈ? એથી એ પરમાત્મપદને પામેલાની ભક્તિ કરવામાં આવે છે. એવો ભાવ સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સમાધિ-શાંતિ પ્રગટ થઈ ગઈ છે. પૂર્ણ સમાધિ. આનંદ.. આનંદ.. આનંદ.. એકલો અતીન્દ્રિય આનંદ અને સાથે સર્વજ્ઞ, સર્વદર્શી, અનંતવીર્ય એવી જેની પ્રગટ દશા પ્રાપ્ત છે, એને ધર્મીજીવો પરમાત્માનો વિનય અને ભક્તિ ને બહુમાને ઉલ્લાસથી ભક્તિ કરે છે. આ એવી અહીં ભક્તિ કરવામાં આવે છે. સમજાય છે કાંઈ?

લક્ષ્મીના અર્થી લક્ષ્મીવાનનો જે વિનય કરે છે એ લક્ષ્મીને માટે કરે છે. લક્ષ્મીવાનના ગુણ ગાય છે, એ લક્ષ્મીના પ્રેમી છે. એ લક્ષ્મીવાનના ગુણ ગાય છે. એમ જેને આત્મ-લક્ષ્મીનો પ્રેમ છે, જેને આત્મા આનંદની રુચિનો પ્રેમ છે, એ પૂર્ણાનંદની પ્રાપ્તિ પરમાત્માની ભક્તિ અને વિનય ને બહુમાન કરે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં ઋષભદેવ ભગવાનની ભક્તિ ચાલે છે. સાક્ષાત્ જાણે પરમાત્મા (બિરાજતા હોય એ રીતે ભક્તિ કરી છે). તીર્થંકર તો થઈ ગયા, અત્યારે તીર્થંકરપણે નથી. અત્યારે તો મોક્ષ-સિદ્ધપદે છે. પણ આચાર્ય એ સિદ્ધપદે રહેલાને જાણે સામે ઊભા રહીને ભક્તિ કરતા હોય એવું વર્ણન અહીંયાં શાસ્ત્રમાં એમણે ૬૧ ગાથાથી વર્ણવ્યું છે. આપણે સાત ગાથા આવી

ગઈ. ક્યાં સુધી આવી? પહેલેથી સ્તુતિ શરૂ કરી છે.

જે કોઈ ભગવાનની સ્તુતિ કરનાર છે, એ ભગવાનના નામને, ગોત્રને અને એના ગુણને ઓળખે છે. ત્યાંથી ભક્તિ ઉપાડી છે. તે ભગવાન ઋષભદેવ આ ભવ પહેલાં સર્વાર્થસિદ્ધમાં હતા. ત્યાંથી અહીંયાં આવ્યા છે. પૂર્વ ભવમાં એમણે તીર્થંકર ગોત્ર બાંધેલું. આત્માનું જ્ઞાન અખંડાનંદના ધ્યેયમાં શાંતિના સમાધિના કણિયા અંદરમાં જાગેલા. સમાધિ.. સમાધિ. સમાધિ એટલે આ ચડાવી જાય ઈ નહિ, હોં! અવિકારી આત્માની શક્તિમાંથી અવિકારી શાંતિનું સમાધાન, સંતોષ અને આનંદ પ્રગટેલો, પૂર્ણાનંદ નહિ પ્રગટેલો એથી એક રાગ આવ્યો. અરે..! જગતના જીવને આ ધર્મ સમજાય અથવા પોતાને એવો વિકલ્પ-રાગ આવ્યો કે હું પૂર્ણાનંદની પ્રાપ્તિ કરું. એવા વિકલ્પમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. એના ફળ તરીકે અહીંયાં મનુષ્યમાં આવવા પહેલાં સર્વાર્થસિદ્ધમાં ગયા.

એક છેલ્લામાં છેલ્લું વિમાન છે. સર્વાર્થસિદ્ધિ. જેની અર્થ-સિદ્ધિ બધી પ્રાપ્ત થવાની તૈયારીવાળા છે માટે એને સર્વાર્થસિદ્ધનો અવતાર કહેવામાં આવે છે. અને એ સર્વાર્થસિદ્ધના જે દેવો અહીંથી આનંદનું સાધન કરીને ગયા એને એક જ ભવ કરવાનો હોય છે. સમજાય છે કાંઈ? ત્યાંથી મનુષ્યદેહ પામીને.. આ તો તીર્થંકર થયા, પણ ત્યાંનો કોઈ પણ જીવ હોય, એ મનુષ્યદેહ પામીને કેવળજ્ઞાન પામીને મુક્તિ પામે. એવા લાખો જીવો સર્વાર્થસિદ્ધની અંદર બિરાજે છે. અત્યારે. આટલું ઘર જેટલું આ લોક નથી, લોક મોટો છે. અસંખ્ય જોજનમાં. એમાં એ પરમાત્મા તો અગ્રે બિરાજે છે. લોકને અગ્રે. એના નીચે એ સર્વાર્થસિદ્ધ વિમાન છે. એક લાખ યોજનનું. એક લાખ યોજનનું. એક યોજન બે હજાર ગાવનો. એની અંદર સંખ્યાતા દેવો વસે છે. એ બધા મનુષ્યપણું પામીને મોક્ષ જનારા વસે છે. આ બધી એને- સમકિતીને આસ્થા હોય છે. એવી પ્રતીતિમાં પૂર્ણાનંદની ભક્તિ કરવા પોતે તૈયાર થયા છે. સમજાણું કાંઈ?

સંસારમાં પણ વડીલ તરીકે માતા-પિતાનો પણ પ્રેમ પુત્ર કરે છે. તો આ તો પરમાત્મા ત્રિલોકનાથ.. આહાહા..! જેના અસંખ્ય પ્રદેશ અનંતા સૂર્યના પ્રકાશના તેજ પેઠે કેવળજ્ઞાન પ્રગટી ગયા છે. એવા પરમાત્માનું લક્ષ કરીને એનું આખું આજીવન, જીવન પહેલેથી ઠેઠ સુધી ચિતરીને લક્ષમાં લે છે. અહીં સુધી હવે આપણે આવ્યું છે.

હે નાથ! આપ જ્યારે સર્વાર્થસિદ્ધમાં હતા ત્યારે એની શોભા આપને લઈને હતી. કાલે આવ્યું હતું ને? ભાઈ! આહા..! એ અતીન્દ્રિય આનંદને પામેલા સમકિતીઓ એને લઈને સર્વાર્થસિદ્ધની શોભા હતી. સમજાય છે કાંઈ? પ્રભુ! જ્યારે તમે ન્યાંથી હેઠે ઉતર્યા, ત્યારે એની શોભ નષ્ટ થઈ ગઈ. અને અહીંયાં નાભિરાજાના ઘરમાં શોભા વધી. વસુધારા. પંદર મહિના લક્ષ્મીની વૃષ્ટિ થઈ. નાને મોઢે મોટી વાત કઠણ પડે. બાપા! એ બધી ત્રિકાળ સત્ય વાત છે, ભાઈ! તારા માહાત્મ્ય ચૈતન્યના આનંદ આગળ, આ પુણ્યની વાતું તો સાધારણ

છે. આવા પુણ્ય તો એને સાધારણ અંદરમાં પાકી જાય છે. પણ જેને હજી પોતાના સ્વભાવની પણ જ્યાં કિંમત અને માહાત્મ્ય ન મળે, એને આવા પુણ્યના માહાત્મ્ય લક્ષમાં ક્યાંથી દેખાય?

એવા પરમાત્માને લક્ષીને કહે છે કે હે નાથ!... પોતાને પણ થાવું છે ને! આપ જ્યારે અહીંયાં આવ્યા ત્યારે આ વસુમતિ, આ પૃથ્વી વસુમતિ નહોતી. પણ પંદર મહિના રતન વરસ્યા તેથી એ વસુમતિ કહેવામાં આવી. એ જ્યાં હોય ત્યાં આનંદને પામેલા આત્માના ગાણામાં બહારની ચીજનું વર્ણન કરે છે. હવે આઠમી ગાથા. માતાની વાત કરે છે.

હે નાથ! માતા તો ઘણી જગતમાં હોય છે. ભક્તામરમાં આવે છે ને?

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा–
न्नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वादिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग्जनवति स्कुरदंशुजालम्।।२२।।

ભક્તામરના કરનારા માનતુંગ આચાર્ય (છે). વાત સાંભળી છે ને? ગાતા.. ગાતા.. ગાતા.. રાજાએ ૪૮ તાળામાં નાખ્યા હતા. ૪૮ તાળામાં કેદ કર્યા હતા. અને જ્યાં ઉપાડી છે આ સ્તુતિ '**भक्तामर प्रणतमौलि**' ઘણાં જીવો એને માટે ગાય છે કે પૈસા-બૈસા મળે. એમને તાળા તૂટ્યા હતા માટે. એ બધી ભ્રમણા છે. આ તો કુદરતે એના પુણ્ય હતા અને પવિત્રતાના પ્રેમમાં એવી ભક્તિ ઉછળી છે. નાથ! અમે તારી ભક્તિ, અરે..! બંધન વિનાના પરમાત્માની ભક્તિ કરીએ અને વ્યવહારે આ બંધન રહે, બને કેમ? એક એક શ્લોક જ્યાં બોલવા માંડ્યા, ફડાક ફડાક તાળા તૂટવા માંડ્યા. એને લઈને, હોં! તૂટવાને લાયક હતા તે તૂટ્યા. વાતું ભારે આકરી. સમજાણું કાંઈ?

એની અંદરમાં એક શ્લોક લીધો છે. માનતુંગ આચાર્ય. હે નાથ! જગતમાં સ્ત્રીઓ તો હજારો, લાખો છે. દિશાઓ તો દસ છે. દિશાઓ. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. ચાર ખૂણા (અને) ઊર્ધ્વ, અધો. પણ સૂર્યને તો એક પૂર્વની દિશા જ પ્રગટ કરે છે. બીજી દિશામાં સૂર્ય પ્રગટ થાતો નથી. હે નાથ! ઘણી સ્ત્રીઓ જગતમાં છે. જેમ પેલી દિશાઓ ઘણી છે એમ. પણ નાથ! તને તો તારી મા જે જન્મ આપે, એ તારી માતાને પણ ધન્ય છે!

એક ફેરી કહ્યું હતું કે જ્યારે જન્મ થાય છે ત્યારે માતા ઈન્દ્રને ભગવાન આપે છે. ઈન્દ્ર આવે છે. ઈન્દ્ર આવીને આમ... ત્રણ જ્ઞાનના ધણી, હોં! એકાવતારી. એક ભવે મોક્ષ જનારા. ઉપરથી ઈન્દ્ર ઉતરે છે. માતાએ જ્યાં પ્રસવ કર્યો છે. એ તો સૂર્યનો પ્રસવ. શરીર પણ સૂર્યમય અને ચૈતન્ય પણ સૂર્યમય. આમ જ્યાં જોવે છે ત્યાં...

પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે..
માતા જતન કરીને રાખજો એને, તવ સુત અમ આધાર રે...
માતા જતન કરીને રાખજો એને..

ભાવ છે ને! બાકી તો આયુષ્ય પ્રમાણે કોણ કોનું કરે? આ સાધકભાવના સાધનારા, એનું જતન રહો અને બાધકભાવનો નાશ થાઓ એની અંદરમાં ભાવના છે. 'માતા જતન કરીને રાખજો એને..' નમો રત્નકૂખધારિણી! ઈન્દ્રો આવીને કહે છે કે હે માતા! નવ મહિના આવા રત્નને રાખ્યું, એને તો નમસ્કાર પણ તને પહેલો નમસ્કાર છે! સમજાય છે કાંઈ? અમથીએ લોકોમાં કાંઈક કહેવત છે ને પેલી?

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

લોકોમાં પણ કહે છે ને? 'જનની જણ તો ભક્ત જણ' આત્માના જ્ઞાનના ભક્ત, એને જન્મ આપજે. 'કાં દાતા...' એ પણ આત્માનો સ્વભાવ દાતા (છે). બહારના દાતાની વાત વ્યવહારની છે. 'કાં દાતા કાં શૂર' સ્વભાવના વીર્યને ફોરવે એને જન્મ આપજે. 'નહિતર રહેજે વાંઝણી..' નવ મહિના નહિતર પત્થરને રાખવા જેવું છે. આવા પુત્રો જન્મે એ માતાને પણ કહે છે ધન્ય કહેવાય છે. ઈ અહીં આઠમી ગાથામાં વાત કરે છે.

**सच्चियसुरणवियपया, मरुएवी पहु ठिऊसि जं गब्भे।**
**परउ पट्ठो बज्झइ, मज्झे से पुत्तवंत्तीणं।।૮।।**

જુઓ! આ મુનિઓ જંગલમાં રહેનારા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા. એટલે શું? ઘડીકમાં આનંદનો ગોળો અંદર છૂટો પડીને અનુભવે છે મુનિ. ઘડીકમાં એ રાગનો વિકલ્પ આવે છે. ભક્તિ કરું, બોલું એટલું. સમજાય છે કાંઈ? એવા મુનિઓએ પણ જંગલમાં ભગવાનને ભક્તિમાં યાદ કર્યા છે. હવે અહીં સાધારણ પ્રાણીને તો પરમાત્માની ભક્તિ શ્રાવકને માટે ગૃહસ્થોને તો હંમેશા દેવદર્શન, ગુરુસેવા એવા કર્તવ્યો શાસ્ત્ર કહ્યા છે, વર્ણવ્યા છે, હોય છે, થાય છે.

અહીંયાં આચાર્ય આવા મુનિ મહા, આત્માના આનંદના ઝુલે ઝુલતા કહે છે, નાથ! '**परउ पट्ठो बज्झइ, मज्झे से पुत्तवंत्तीण**' હે જિનેન્દ્ર! હે પ્રભુ! '**આપ મરુદેવી માતાકે ગર્ભમેં સ્થિત...**' પાછો અધ્ધરથી જન્મ નથી થયો. માતાના પેટમાં આવ્યા છે એ પણ સિદ્ધ કરે છે. '**ઈસલિયે મરુદેવી માતા, ઈન્દ્રાણી તથા દેવોંસે નમસ્કાર યોગ્ય હુઈ થી;...**' આપ પેટમાં છો માટે ઈન્દ્રોએ આવીને ઈન્દ્રાણી અને દેવોએ માતાને પણ નમસ્કાર કર્યો છે. આપને કર્યો અને માતાને પણ નમસ્કાર કર્યો છે.

માતાના ચરણમાં ઈન્દ્રો નમ્યા છે, ભાઈ! આહાહા..! ચૈતન્યરત્નના ભાનવાળા, જેને આ ભવે કેવળજ્ઞાનની પ્રાપ્ત કરવી છે, ચોક્કસ છે એને કેવળજ્ઞાન. અને એ કેવળજ્ઞાન પામ્યા પછી એની દિવ્યધ્વનિ નીકળશે. નાગ ને વાઘ ને સિંહ જેની સભામાં આવશે. નાગ ને વાગ ને સિંહ, હોં! મોટા ફણીધરો જંગલમાંથી આમ સરરર... કરતાં સભામાં આવે. જુઓ તો એની પાત્રતા! જ્યાં ભગવાનની વાણી નીકળે ત્યાં વાઘ મોટા અને સિંહ ત્રાડું મારતાં હોય ત્યાં શાંત.. શાંત ગલુડિયા જેવા થઈને સભામાં આવે. આમ સાંભળે. શું કહે છે પ્રભુ?

પરમાત્મદશા પ્રાપ્ત શું કહે છે હિતને માટે? એ સિંહ પણ ગલુડિયાની જેમ આમ સાંભળે. ગલુડિયા સમજો છો? ક્યાં કહતે હૈં હિન્દી ભાષામેં? કૂત્તેકે બચ્ચે. કૂત્તેકા છોટા બચ્ચા હોતા હૈ કિ નહીં? એનું નામ હશે હિન્દીમાં, આપણને કંઈ બહુ ખબર નથી. એ સિંહ અને વાઘ આવીને જેને નમસ્કાર કરે, આમ શાંત (થઈ જાય). જેની સભામાં મિંદડી અને ઉંદર ભેગા બેઠા હોય.

જેની સભામાં મિંદડી અને ઉંદર ભેગા બેઠા હોય. સિંહ અને હરણ ભેગા બેઠા હોય. ગાય અને વાઘ જોડે બેઠા હોય. કોઈ કોઈને ભય ઊપજે નહિ, કોઈ કોઈને ભય થાય નહિ. એવી તો એની પાત્રતા. ભગવાનની વાણી જ્યાં નીકળે... જેમ મોરલીના નાદે સર્પ ડોલે, એ સર્પને મોરલીનો સ્વાદ અને મોરલીનો પ્રેમ છે. એ મોરલી જેમ વાગે અને સર્પ ડોલે. ઝેરવાળા સર્પ ડોલે. એમ ભગવાનની વાણી નીકળે ત્યાં વાઘ ને નાગ ને સિંહો આમ ડોલી ઉઠે અંદર. આહાહા..! આ શું કહે છે? સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ! આવા પ્રભુ જેના પેટમાં રહ્યા એના ચરણને ઈન્દ્રો અને ઈન્દ્રાણીએ વંદન કર્યું. એવી થતી '**જિતની પુત્રવતી સ્ત્રિયાં હૈં,...**' જગતમાં જેટલી પુત્રવાળી સ્ત્રી હતી, '**ઉન સબમેં મરુદેવીકા હી પદ સબસે પ્રથમ હૈ.**' મોટામાં મોટું પદ એને. અને એ માતા પણ એકાદ ભવ કરીને મોક્ષ જનારી જ હોય છે. એ સર્વજ્ઞ તીર્થંકર જેના પેટમાં! બે છીપના મોતી. એ માતા અને પિતાને પાત્રતા એવી હોય. ભગવાનને લઈને નહિ, હોં! એવા એ જનેતા હોય અને એવા એ જનક હોય કે બેય જણાને એકાદ અવતારમાં, કોઈ એ ભવે, સ્ત્રી આદિનો દેહ હોય તો બીજે (ભવે), પણ મોક્ષ જનારા જ હોય. એવા બે છીપના મોતી ભગવાન એમાં આવે. કુદરતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**સંસારમેં બહુત-સી સ્ત્રિયાં પુત્રોંકો પૈદા કરને વાલી હૈં, ઉનમેં મરુદેવીકે હી ચરણોંમેં ઈન્દ્રાણી તથા દેવોંને નમસ્કાર કિયા?**' કે આપ એના પેટમાં હતા માટે. '**ક્યોંકિ હે પ્રભો! મરુદેવી માતાકે ગર્ભમેં આકર આપ બિરાજમાન હુએ થે, ઈસલિયે ઉનકી ઈતની પ્રતિષ્ઠા હુઈ તથા જિતની પુત્રોંકો પૈદા કરને વાલી સ્ત્રિયાં થી ઔર હૈં, ઉન સબમેં વે સબસે ઉત્તમ સમજી ગઈ,...**' અઢી દ્વિપની અંદર અથવા ભરતક્ષેત્રના છ ખંડમાં તીર્થંકર જ્યારે માતાના પેટમાં આવ્યા, માતા સર્વોત્કૃષ્ટ ગણવામાં આવી.

હવે, ઈન્દ્રની વાત કરે છે. ઈન્દ્ર જ્યારે એ બચ્ચાને લે છે, આટલું બાળક, ખોળામાં લે છે. ન્હાવા લઈ જાય છે. ભગવાનનું શરીર જ્યાં જન્મે છે, અંતર તો અવધિજ્ઞાન, ત્રણ જ્ઞાનના ધણિ આત્માના ઉજ્જ્વળતાના ભાનવાળા છે. અંતરમાં સ્વ-પર પ્રકાશના ભાનવાળા છે. દેહ બાળક છે. એ જ્યારે ભગવાનને ઈન્દ્ર હાથમાં લ્યે છે, એની વાત જરી કરે છે.

अंकत्थे तइ दिट्ठे, जंतेण सुरालयं सुरिंदेण।
अणि मेसत्त बहुत्तं, सयलं णयणाण पडिवण्णं।।९।।

**‘હે જિનેન્દ્ર પ્રભુ! જિસ સમય ઈન્દ્ર આપકો લેકર મેરુપર્વતકી ઓર ચલા થા...’** મોટી વાતું, બાપા! સાધારણ માણસને પણ જન્માભિષેક તરીકે લોકો ઉજવે છે. આ તો મહા જન્મકલ્યાણકનો દિવસ. જન્મકલ્યાણક કહેવાય. બીજાને જન્મજયંતિ કહેવાય, આને જન્મકલ્યાણક કહેવાય. એવા પરમાત્મા જ્યાં એ ભવમાં થવાના છે અને ત્રણ જ્ઞાન અને આત્મજ્ઞાન પામ્યા (છો), કહે છે, આપને ઈન્દ્રે જ્યાં હાથમાં આમ લીધા, ત્યારે **‘મેરુ પર્વતકી ઓર ચલા...’** મેરુ પર્વત ઉપર. એક મેરુ પર્વત છે. આપણે અહીં બધું બતાવશે, પંચ કલ્યાણક કરાવશે એમાં. મેરુ પર્વત ક્યાં રાખ્યો છે? ક્યાંક રાખ્યો હશે ને? મેરુ પર્વત ઉપર ઈન્દ્રો એને લઈ જાય છે. એ વખતની વાત યાદ કરીને જાણે વર્તમાનમાં વર્તતી હોય, જાણે વર્તમાનમાં વર્તતી હોય તેમ આચાર્ય સ્તુતિ અને ભક્તિ કરે છે.

હે નાથ! **‘મેરુપર્વતકી ઓર ચલા થા ઔર જબ આપકો અપની ગોદમેં બૈઠે હુએ દેખા થા, ઉસ સમય ઉસકે નેત્રોંકા નિમેષ (પત્રક)સે રહિતપના તથા બહુતપના (સહસ્રપના) સફલ હુઆ થા.’** બે વાત. **‘अणि मेसत्त बहुत्तं’** બે શબ્દ પડ્યા છે. એ ઈન્દ્રોની હજાર આંખ્યું અને પલક વિનાની એની જે આંખ, બેય સફળ થઈ ગઈ. શું કહે છે? આમ હાથમાં જ્યાં લીધું, એ રતન જેમાં રહે એ ડાબલા પણ ઊંચા હોય. કેસર જેમાં રહે એ કોથળા ન હોય. એ કેસરના ડાબલાને... શું કહેવાય? બરણી. ભૂલી જઈએ છીએ, ભાઈ! કેસર રહે એ બરણી હોય કાં ડાબલો હોય. આ ચોખા રહેવાના કોથળામાં કેસર ન નખાય. એમાં રહે નહિ.

એમ જ્યાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થવાને માટે જે ચોક્કસ અવતાર છે, એના શરીર પણ એ ચૈતન્યરતન જેમાં રહ્યું, એનું શરીર પણ અલૌકિક હોય છે. આહાહા..! એ ડાબલા જુદી જાતના હોય છે. છે કે નહિ આણંદભાઈ, ક્યાં ગયા? (સંવત) ૧૯૯૯માં બેચરભાઈ લાવ્યા હતા. આઠ રતિનો હિરો. આઠ રતિનો હિરો બેચરભાઈ બતાવવા લાવ્યા હતા. ૧૯૯૯ની સાલની વાત છે. રાજકોટ. એક રતિના દસ હજાર રૂપિયા લઈએ છીએ. એક રતિના દસ હજાર. આઠ રતિનો છે, આટલો એંસી હજારનો છે. પણ એની ડાબલી એવી હતી, ડાબલી, એમાં મખમલ ને ખાડો ને (એવું હતું). આણંદભાઈ! બેચરભાઈ લાવ્યા હતા. બે હીરા લાવ્યા હતા. એક એંસી હજારનો અને એક સાંઈઠ હજારનો. સાંઈઠ હજારનો હતો એ અડધા ભારનો હતો. કીધું, આવડો મોટો અને સાંઈઠ હજાર? ઓછા? અને આંઠ રતિના એંસી હજાર? આમાં ડાઘ છે. સાંઈઠ હજારના હીરામાં જરી ડાઘ છે. માટે એની કિંમત ઘટી ગઈ. અને આમાં ડાઘ નથી તો એંસી હજારનો (છે). પણ એની ડાબલી અને એનું મખમલ. નહિતર હીરો છે. ઈ કંઈ ડાબલી એને દાબી ન શકે. પણ એના ખાડામાં ડાબલીમાં અલૌકિકમાં રાખ્યું. મને તો એ વખતે યાદ આવ્યું, તીર્થંકરના આત્માની ડાબલી જ જુદી જાતની હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિ જેને એ ભવમાં થવી, થવી અને થવાની

છે. અને આનંદના ઝરણામાં તો અવતર્યા છે. આનંદના ઝરણાના અનુભવ કરતાં કરતાં અવતર્યા છે. એવા ભગવાનનું શરીર પેલો ઇન્દ્ર જોવે છે.

ભગવાન! દેવોને આંખ્યુંની પલક ન હોય. શું કીધું? દેવોને કુદરતના એવા પુણ્ય હોય છે, એને પલક ન મારે. આપણે આમ આમ થાય એમ. એની આંખ્યું એમ ને એમ ઉઘડેલી રહે. સ્વર્ગના દેવોને એ ઘણાં પુણ્યના ધણી છે. હજારો વર્ષે તો એને આહાર લેવાની ઇચ્છા થાય. મોટા દેવને. અને પખવાડિયે ને મહિને તો શ્વાસ લેવાનો ઊંચો-નીચો થાય. એવા દેવો છે સ્વર્ગના. કીડીને એમ કહે કે આ હજારો મણના પથરા ઉપાડીને શેત્રુંજયમાં સાંઈઠ હજારના તો દોરડા તોડ્યા હતા. સાંઈઠ હજારના દોરડા, હોં! શેત્રુંજયમાં ઉપર પત્થર લઈ જવા. કીડીને કહે કે આ બધું બન્યું હતું. બેસે કોઈ રીતે? એમ જેના ગજ નાના એને આવા પુણ્ય પણ બેસવા કઠણ પડે. પણ ધર્માત્માના જ્ઞાનના ભાન થયા, એ ભૂમિકામાં આવા પુણ્ય તો સાધારણ ગણવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક આ સ્તુતિ પણ આવી છે, ભાઈ! એક પેલામાં આવ્યું છે ને? સન્મતિ સંદેશ. ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ એના પુણ્ય એવા હોય કે જેની સામગ્રી ઇન્દ્ર અને ચક્રવર્તી જેવી હોય, તોપણ તેને કાગડાના વિષ્ટા જેવી જાણે છે. એવો પાઠ આવ્યો છે. આમાં છે. ત્રણ ઠેકાણે છે. આહાહા..! આત્મા અમૃતસ્વરૂપ, એની જ્યાં અનુભવની દૃષ્ટિ થઈ સમ્યગ્દૃષ્ટિને, આવા પૂર્વના પુણ્ય, જેને ચક્રવર્તી અને મોટા દેવપદ મળ્યા હોય, એ કાગડાની વિષ્ટા જેવું લાગે. એવો પાઠ લીધો છે એમાં. નવનીતભાઈ! આહાહા..! લોકો રાડ નાખી જાય અંદરથી.

અહીં કહે છે, ભગવાન! એ દેવોના પલકનું નહિ મારવું.. આમ આંખની પલક અને એની હજારો આંખો એણે કરી હતી, એની સફળ થઈ ગઈ. તારા રૂપને જોયા એની આંખ્યું સફળ થઈ ગઈ. '**अणि मेसत्त**' એમ શબ્દ પડ્યો છે. એમ આત્મામાં પણ એક સમયનો ધ્રુવ ચિદાનંદ આત્મા છે, સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અનિમેષ ધ્રુવ ઉપર પડી હોય છે. અનિમેષ સમજાય છે આમાં કાંઈ? દેવની પલક ન હોય. દેવને આંખ્યું આમ ન મીંચાય, આંખ્યું ઉઘડેલી હોય. ઓહોહો..! જેના પુણ્યના ફળ... ભલે કોઈ અભવિ હોય. આ બધા ઇન્દ્રો તો સમકિતી છે, પણ કોઈ દેવ અભવિ હોય, આંખ ન મીંચાય. પુણ્ય એટલા કરેલા કે આંખ મીંચાય નહિ એની. એમ જેને અંદરથી પવિત્રતા પ્રગટી છે અને પૂર્ણાનંદ ઉપર જેની દૃષ્ટિ, સમકિતીની છે. એના નેત્ર કોઈ દિ' મીંચાય નહિ. એના નેત્રની આંખ્યું આત્મા ઉપર જ સદાય પડી છે. ભલે રાગમાં હોય, ભોગમાં હોય, બોલવામાં હોય પણ અંતરનો વિષય ચિદાનંદ જે દૃષ્ટિમાં પડ્યો, એનું સફળપણું ધ્રુવ ઉપર ધ્યેય છે માટે. સમજાણું કાંઈ?

એમ કહે છે, પ્રભુ! એ દેવની આંખ્યુંનું મટકાનું નહિ મારવું, એ આપના રૂપને જોવાથી સફળ થયું છે. મનસુખભાઈ! આવું સાંભળ્યું પણ નહિ હોય કોઈ દિ'. આખો દિ' આ મજૂરીના ઢસરડા. આ ને આ ને આ ને આ. એમ હશે કે નહિ? બીજું શું હશે? ઢસરડા

તો આપણી કાઠિયાવાડી ભાષાનો અર્થ છે. ઢસરડાનો શું અર્થ હશે?

કાંટાનું ગળિયું એક બાઈ ઢસરડી હતી ને એનો ધણી મોઢાઆગળ કહેતો હતો. સોનગઢમાં મેં નજરે જોયું છે. ઓલા વાઘરી નહોતા રહેતા પેલા કૂવામાં? આ કૂવા પાસે વાઘરી રહેતા. એમાં પેલો ઘોઘો.. ઘોઘો જાતો હતો. ઈ આમ જાતો હતો. એની બાયડી રાખેલી. ઈ બાયડી કાંટા .. હતી. મોટા કાંટા આમ ઢસરડી હતી. ત્યારે પેલો કહે, રહેવા દે, રહેવા દે. એમ કરીને પતિ-પત્નીનો પ્રેમ બતાવતા હતા. પણ પેલી કાંટાના ગળિયા ઢસરડી હતી. જાડું હોય ને? લાકડું હોય અને દાતરડાથી ઢસડે. એમ અજ્ઞાનીએ રાગ-દ્વેષના ઢસરડા કર્યા છે. કાંટાના ગળિયા ઉછેર્યા છે.

ભગવાન અંદર આનંદનો કંદ ચૈતન્યસૂર્ય પડ્યો (છે), એની નજરું પણ ન મળે, એના પ્રત્યે પ્રેમ પણ ન મળે, આ અનિમેષથી જોવું એવી દૃષ્ટિ ન મળે. અહીં કહે છે કે અનિમેષ જેની દૃષ્ટિની સફળતા ધ્રુવ ઉપર પડી છે. સફળ થઈ ગઈ એની દૃષ્ટિ. એમ દેવની આંખ્યું પણ સફળ થઈ. પલકનો મટકારો જે નહોતા મારતા એના પુણ્યના કારણે, પણ ભગવાન! જ્યાં આપનું શરીર જોયું ને, આમ માખણના પિંડલા જેવું અને રૂપ રૂપનો અવતાર, વર્ણ ભલે આખો સોના વર્ણે છે, ઋષભદેવ ભગવાન, પણ ચોવીસ તીર્થંકરમાં કેટલાક તામવર્ણે હોય, પણ સુંદર આકૃતિનું રૂપ એવું કે જગતમાં કોઈ પાસે ન હોય અને એના રજકણોમાં એવા રજકણો એકઠા થયા હોય, જગતમાં જેટલા (પરમાણુ) શાંતપણે પરિણમવાના હોય, શાંતિ તો આત્મામાં (છે), પણ એના નિમિત્તપણે પરિણમવાના હોય એટલા પરમાણુ આવીને એના પરિણમ્યા હોય. સમજાય છે કાંઈ?

એ કહે છે, પ્રભુ! આમ આપને જ્યાં જોયા, આંખ સફળ થઈ ગઈ એની '**તથા બહુતપના (સહસ્રપના) સફલ હુઆ થા.**' બે શબ્દ છે ને? બહુપણું એટલે એને જોવા હજાર આંખ્યું કરી હતી ને? બે આંખે તૃપ્તિ ન થઈ. ભગવાનના રૂપને.. બહારના, હોં! અંદરના રૂપનું તો ભાન છે ઈન્દ્રને. પણ બહારના રૂપ જોતાં.. જોતાં.. જોતાં.. તૃપ્તિ ન થઈ કે આહાહા..! બે આંખે પૂરું નહિ પડે, લાવને હજાર આંખ્યું કરું. ઈ હજાર આંખ્યું બનાવે. જુઓ! આ એકાવતારી સમકિતી દેવ! એને પણ ભગવાનની ભક્તિ (આવી હોય છે).

આ તો હજી ભાઈ! અત્યારે ચોથે ગુણસ્થાને છે. કોણ? ઋષભદેવ ભગવાન. અત્યારે હજી ચોથે ગુણસ્થાને છે. એ પણ ચોથે ગુણસ્થાને સમકિતી ઈન્દ્ર છે. પણ એ ઈન્દ્ર આવી ભક્તિ કરે છે. ભવિષ્યમાં તીર્થંકર થવાના, કેવળજ્ઞાન પામવાના, તીર્થંકરનો જ અવતાર છે. તેથી પ્રભુ! એ ઈન્દ્રોના નેત્રની અનિમેષતા અને અધિકતા એટલે બહુલતા, '**આપકો દેખનેસે હી સફલ હુઈ. યદિ ઈન્દ્ર, આપકે સ્વરૂપકો ન દેખતા, તો ઉસકે નેત્રોંકા પલકરહિતપના ઔર હજાર નેત્રોંકા ધારણ કરના, સર્વથા નિષ્ફલ હી સમજા જાતા.**'

હવે આવ્યા મેરુ ઉપર. સર્વાર્થસિદ્ધમાંથી ઉતારી અહીં લાવ્યા હતા માતા (પાસે). પછી

અહીં (આવીને) ઈન્દ્રે હાથમાં લીધા. હવે લઈ ગયા મેરુ ઉપર. મેરુ પર્વત છે. આ જંબુ દ્વિપ લાખ જોજનનો. બધું અસ્તિ છે, હોં! વર્તમાનમાં કેટલાક આ શું કહેવાય તમારું આ? રૉકેટ ને ફોકેટ, કાંઈક કહે છે ને? આમ ગયું. કેટલાકને શંકા પડે. બાપુ! એ વસ્તુની સ્થિતિ બીજી છે, લોકો બીજું કહે છે. સર્વજ્ઞ પરમાત્માએ જોયેલી વસ્તુ કોઈ અલૌકિક બીજી છે. લાખ જોજનનો જંબુ દ્વીપ છે, આમ આમ. એના મધ્યમાં એક લાખ જોજનનો ઊંચો મેરુ પર્વત છે. આ જમીન જ ચોથા આરામાં ઋષભદેવ ભગવાનના વખતથી... ક્યાં ગયા વિમલચંદજી? વિમલચંદજીએ કાઢ્યું હતું. એ વિમલચંદજી કહે, આ જમીન એક જોજન ઊંચી થઈ ગઈ છે. લોકોને ભ્રમ પડી જાય છે કે આ બધું ફરે છે ને આ શું હશે? ભાઈ! એનો વિચાર બહુ લાંબો છે શાસ્ત્રના અધિકારનો.

અહીં કહે છે કે એ લાખ જોજનનો જંબુ દ્વિપ છે. એના મધ્યમાં એક મેરુ પર્વત એક લાખ જોજનનો છે, પત્થરનો છે. એ ઉપર લઈ જાય છે. ત્યારે કહે છે,

**तित्थत्तणमावण्णो, मेरु तुह जम्मण्हाणजलजोए।**
**तत्तस्स सूरपमुहा, पयाहिणं जिण कुणंति सया।।१०।।**

એ તો જ્યાં હોય ત્યાં ભગવાન જ ભાળે છે જ્ઞાની. પ્રભુ! એ મેરુ પર્વત પહેલા તીર્થ નહોતો. પણ આપને જ્યારે સ્નાન કરવા લઈ ગયા પણ સ્નાનેય કેવા? મોટા મોટા ઘડા હોં પાણીના, હડ હડ માથે નાખે. એક દિ'નું જન્મેલું (હોય) તરતનું, પાણીનો કળશો નાખે તો મરી જાય. સમજાય છે કાંઈ? એ વજ્ર શરીર જેનું એવું છે. વજ્ર શરીર એવું કે હજારો કળશા, હજારો મોટા જોજનના ભરેલા, આઠ આઠ જોજનના ભરેલા કળશા પાણી માથે નાખે. એક હજાર ને આઠ. એ તીર્થંકરની બધી ઋદ્ધિઓ બહારના પુણ્યના ફળની છે. એ ઈન્દ્રો અને એના ઉપર પરમાત્મા પૂર્ણ દશા થાય એની જ્યાં પુણ્યની પ્રકૃતિનું ફળ તીર્થંકર હોય, ત્યાં પુણ્ય અને પવિત્રતા બેયમાં એ પૂરા હોય છે. એવી વાત બીજે પૂરી હોઈ શકે નહિ. કેવળજ્ઞાની હોય એને કેવળજ્ઞાન પૂરું હોય, પણ પુણ્ય પૂરા હોઈ શકે નહિ.

અહીંયાં કહે છે કે હે નાથ! '**જિસ સમય આપકા જન્મ-સ્નાન (જન્માભિષેક) મેરુપર્વત પર હુઆ થા...**' વાત જ કોઈ અચિંત્ય! ચીમનલાલભાઈ! મોટા જોજનના પાણીના કળશા (નાખે તો) જીવતા શી રીતે રહેતા હશે? બાપા! એ તો હીરાના સ્તંભ જેવા શરીર છે. ચૈતન્ય એ ડાબલાથી આમ જુદો અનુભવે છે અંદર. એ વખતે, હોં! દશા ચોથા ગુણસ્થાનની છે, હજી પાંચમું, છઠ્ઠું તો મુનિ થશે એટલે છઠ્ઠું મુનિને આવશે. અત્યારે એ દશામાં છે. હજારો ઘડા પાણીના નાખ્યા.

'**ઉસ સમય ઉસ સ્નાન-જલકે સંબંધસે મેરુપર્વત ભી તીર્થપનેકો પ્રાપ્ત હુઆ...**' મહારાજ! આપના સ્નાનને કારણે મેરુ તીર્થ થઈ ગયો. કેમ? '**તીર્થ બના થા; ઈસી કારણ હે જિનેન્દ્ર! ઉસ મેરુપર્વતકી સૂર્ય, ચંદ્રમાદિ સભી ગ્રહ સદૈવ પ્રદક્ષિણા કરતે રહતે**

हैं.' જુઓ! અલંકાર કર્યો છે. મેરુ પર્વત છે એના ઉપર શિલાઓ છે. ત્યાં ભગવાનનું જન્મનું સ્નાન થાય છે. અહીં કહે છે કે ચંદ્ર, સૂર્ય તો જમીનથી આઠસો જોજન ઊંચા મેરુની આસપાસ ફરે જ છે. પણ એમાં આચાર્યે અલંકાર કાઢ્યો, પ્રભુ! એ ચંદ્ર, સૂર્ય જે આંટા મારે છે ને, પ્રદક્ષિણા કરે છે એનો હેતુ આપનું જન્મ-સ્થાન ત્યાં થયું અને તીર્થ થયું માટે. ગાંડી ભક્તિ તો નહિ હોય ને આ? બાપા! એ ગુણો અને એના પુણ્યના પ્રકારની સ્થિતિ, બે વર્ણવે છે.

એ તો એક ફેરી કહ્યું હતું નહિ? 'જગતડા કહે છે કે ભગતડા કાલા છે'. સાંભળને હવે. 'કાલા ન જાણશો રે પ્રભુના ઘરે પહેલા વ્હાલા છે.' સમજાય છે? જગતને અને ભગતને ક્યાંય મેળ ખાય એવો નથી. જગતની દૃષ્ટિ ઊંધી અને જ્ઞાનીની દૃષ્ટિ બીજી. બેયની દિશા ફેર, દૃષ્ટિ ફેર, ફળ ફેર, કારણ ફેર. આહાહા..! એટલે અજ્ઞાનીને અને જ્ઞાનીને સીમાડે.. કાંઈ કહે છે ને? સેઢે ને સીમાડે મેળ ખાય એવું નથી. એમ ભગવાનના ભક્તોને અને જગતના ભક્તોને બેયને મેળ ખાય એવું નથી. સમજાય છે કાંઈ? આહા..!

કહે છે, હે પ્રભુ! મેરુપર્વતના ચંદ્ર આદિ સદા પ્રદક્ષિણા (ફરે છે). ત્રણે કાળનો નિયમ છે કે મેરુપર્વતની આસપાસ ચંદ્ર અને જ્યોતિષો ફરે છે. એમાંથી આ ન્યાય કાઢ્યો. ભગવાન! એ કેમ ફરે છે? આપનું જન્મ-સ્નાન ત્યાં થયું હતું ને, એથી એ તીર્થ બન્યું માટે ફરે છે. ઉત્તમ ચીજની પ્રદક્ષિણા દુનિયા કરે છે એ સાધારણ નિયમ છે. હેઠે કર્યું છે. **'जो वस्तु पवित्र हुआ करती हैं, उसकी लोग भक्ति तथा परिक्रमा आदि करते हैं;...'** પરિક્રમા- પ્રદક્ષિણા અને ભક્તિ. એનો નિયમ છે. સમજાય છે?

અરે..! ભરત ચક્રવર્તીનો ભરતેશ વૈભવમાં એક દાખલો છે. એની માતાની એકવાર આરતી ઉતારે છે. ત્યારે પ્રદક્ષિણા કરીને આરતી ઉતારે (છે). પણ આ? અમારી જનેતા છે. અમારી મા છે, જેણે પ્રસવ આપ્યો, એનું બહુમાન અમે કરીએ છીએ. પેલો છ ખંડનો ધણી ચક્રવર્તી અને આ મા. માતાજી બેસો સિંહાસને. શું છે? આરતી ઉતારવી છે. બેસાડીને (આરતી ઉતારે છે). બહુમાન છે ને!

અહીં કહે છે કે આ તો ધર્માત્મા સમકિતી જ્ઞાની એવા તીર્થંકરનો લક્ષ કરીને કહે છે, ભગવાન! મેરુ પર્વતની આસપાસ જ્યોતિષો ફરે છે, એનું કારણ તો મને આપનું સ્નાન થયું ને (એટલે) એનો કણ કણ તીર્થ થઈ ગયો. એ તીર્થને કારણે ભક્તિ અને પરિક્રમા એટલે પ્રદક્ષિણા કરે છે. એમાં પણ ભગવાનને યાદ કરીને ભગવાનના સ્વરૂપનું સ્મરણ કર્યું છે. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથા. હવે દેવોનું.. દેવો એટલા બધા આવ્યા છે ત્યાં, ભગવાનનો જ્યારે જન્માભિષેક થાય છે ત્યારે ક્રોડો, અબજો દેવો આવે છે. એ જ કુદરતના નિયમ પ્રમાણે દેવોને ભક્તિ (હોય છે). કોઈ સમકિતી હોય છે અને કોઈ દેખાદેખીથી (આવે કે) મારા માલિક જાય છે તો લાવને હું જાઉં. મારા અધિપતિ દેવ જાય છે, લાવને હું જાઉં.

એવા પણ લાખો દેવો સાથે (જાય છે). અનુકરણ કરનારા અને એક વાસ્તવિક અનુસરણ ભક્તિના કરનારા એવા બેય પ્રકારના લાખો, ક્રોડો દેવો ભગવાનની જન્મ સ્થાનમાં ગયા છે. એને ઉદ્દેશીને વાત (કરે છે). કેટલા દેવો આવ્યા છે ત્યાં!

**मेरुसिरे पडणुच्छलिय,-णीरताडणपणट्ठदेवाणं।**
**तं वित्तं तुह ण्हाणं, तह जह णहमासियं किण्णं।।११।।**

હે પરમાત્મા! '**મેરુ પર્વતકે મસ્તક પર આપકા સ્નાન હોને પર, જલ-પતનસે ઉછલતે હુએ જલકે...**' એટલું તો પાણી પડે છે ઉપરથી સ્નાન કરતાં, પછાડ પડે છે, દેવો ભાગીને આમ આખું આકાશ વ્યાપી જાય છે. એ ભક્તિના કરનારા એટલા બધા આવ્યા છે કે પાણીની નદીની પેઠે અંદર પડે છે. એ પાણીના પછાડથી દેવો ઉછળી જાય છે. ઉછળીને આખા આકાશમાં વ્યાપી જાય છે. અરે..! સાધારણ માણસે તો હજી સાંભળી ન હોય. સમજાણું કાંઈ? આમ ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કર્યા કરે. પણ અરિહંત કેવા પવિત્ર હોય અને એની પુણ્ય પ્રકૃતિ કેવી હોય, એ નિશ્ચય અને વ્યવહાર એના કઈ જાતના હોય (એની ખબર નથી). બહારનો વ્યવહાર, હોં! અંદરનો જુદો.

કહે છે, હે નાથ! જ્યારે સ્નાનના પતનથી પાણીનું પડવું થયું, એમ કહેતાં પાણી પણ કેટલું? નદીઓના પુર વહે એટલું. હે ભગવાન! એ તો ભક્તિ એવી જ હોય છે. ભક્તિના ભાવ શુભભાવ ઈન્દ્રો કછોટાબંધ કરીને અંદરથી કળશા.. શું કહેવાય એને? ક્ષીર સમુદ્ર. અઢી દ્વીપ બહાર એક ક્ષીર સમુદ્ર છે. હેઠો કળશ ન મૂકે. હાથો હાથ કળશા ન્યાંથી લાવીને મેરુ પર્વત ઉપર (લાવે). અનેક ક્રોડો, અબજો દેવોની આમ હાર થઈ ગઈ હોય, હાર. એકના હાથમાંથી બીજાના, બીજાથી ત્રીજા. નહિતર તો દેવ છે. એક કળશો ઉપાડીને ફટ ન્યાં લઈ જઈ શકે. ક્ષીર સમુદ્રના પાણીનો કળશો એકદમ ત્યાં લઈ શકે. નહિ. બહુમાન છે. ઓહો..! ભગવાનનું સ્નાન છે. ત્રણ જ્ઞાનના ધણી છે. આત્માનંદમાં ઝુલે છે. એને પૂર્ણાનંદની પ્રાપ્તિ આ દેહમાં આત્મામાં થવાની છે. એટલે દેવો પણ એ કળશના જે સ્નાન કરે છે, એ એક દેવ બીજાને, બીજો ત્રીજાને, એમ કરતાં કરતાં સ્નાનના ઘડા એના પર ઢાળે છે. એટલું પાણી (પડે) કે જેના પછાડથી દેવોના શરીર ઉછળી જાય છે.

નથી કર્યા પુણ્યના માપ, નથી કર્યા પવિત્રતાના માપ. એ પવિત્રતા શું ચિદાનંદની છે સમ્યગ્દર્શનમાં અને એના ભૂમિકામાં બંધાયેલા અહો..! સત્‌પુણ્ય કેવાં હોય છે? એ બેયને જેણે યથાર્થ જાણ્યું નથી, એને આ માહાત્મ્ય આવતું નથી. શું કહે છે આ તે? ગાંડા હશે આ? સાંભળને હવે. એ ગાંડા છે, મસ્ત છે. એ જ્ઞાનની ભક્તિમાં મસ્ત છે. પૂર્ણ જ્ઞાનની ભક્તિ કરવા ઉછળ્યા છે. એના પુણ્યના પરમાણુને કારણે જે આ બધું બને છે, એમાં ભગવાનને યાદ કરીને સ્મરે છે. સમજાણું કાંઈ?

'**એસી દશા હુઈ, માનોં ઉનકી આવાજકે કારણ ચારોં ઓરસે આકાશ હી વ્યાપ્ત**

**હો ગયા હો.'** એટલા બધા દેવ.. એ સંખ્યા વર્ણવે છે. એટલા દેવા આવેલા. ... અહો...! આજ તો જન્મોત્સવ છે. આજ ભગવાનનો જન્મકલ્યાણક દિવસ છે. એવા પરમાત્માને પ્રાપ્ત થવાને લાયક સમ્યગ્દૃષ્ટિ જીવ ત્યારથી ત્રણ જ્ઞાન તો લઈને માતાના પેટમાં (આવ્યા છે). મતિ, શ્રુત અને અવધિ. એ લોકને જાણે એવું જ્ઞાન તો માતાના પેટમાં હોય છે. આહાહા..! ચીમનલાલભાઈ! અવધિજ્ઞાન હોય છે ને. કેવું હોય? આખા લોકને જાણે એટલું જ્ઞાન તો માતાના પેટમાં હોય છે. જ્ઞાન.. જ્ઞાન અંદર ચૈતન્યસૂર્ય દીવડો ફાટ્યો છે અંદરમાંથી. જળહળ જ્યોતિ.

પેલા લાવા ફાટે છે નહિ? સાંભળ્યું છે ને ક્યાંકથી. અગ્નિના લાવા પર્વતમાંથી (નીકળે). ગામના ગામ બાળી મૂકે. એમ ચૈતન્યનો લાવો જ્ઞાનમાંથી જ્યાં ફાટે છે અંદરથી... આ તો અનંત જ્ઞાન અને આનંદનો ડુંગરો ભગવાન છે. આહાહા..! પોતે ચૈતન્ય અનંત અનંત બેહદ જ્ઞાન, દર્શન, આનંદનો ડુંગરો. એમાં એકાગ્ર થઈને જે શાંતિનો લાવો ફાટે, આ શાંતિનો, પેલો અગ્નિનો. સમજાય છે કાંઈ? એઈ..! શાંતિ.. શાંતિ.. શાંતિમાં ડોલતા હોય જ્ઞાની. એવી શાંતિ ભગવાનને પ્રગટી છે, કહે છે કે નાથ! આપની ભક્તિ કરનારાઓ એટલા બધા છે કે જેમાં આકાશ વ્યાપી ગયું એટલા બધા દેવ હતા. પાણીની વાત ઘણી કહેવા માગે છે અને દેવની પણ ઘણા હતા એમ કહેવા માગે છે. આપના ભક્તિ કરનારા કેટલા! પ્રભુ! ઓહોહો..! હું તો દેવો આપની ભક્તિ કરે એ જ ભાવું છું, એમ કહે છે. આપની ભક્તિ કરે એવા દેવોને ભાવું છું. લાખો, ક્રોડો, અબજો.. ઓહોહો..! ભગવાન આવા, ભગવાન આવા એમ સાંભળ્યું. એ ૧૧મી ગાથા થઈ.

હવે એક અલંકાર કરીને ત્યાં રહેલા ઈન્દ્રોએ, જ્યારે સ્નાન કરી લ્યે છે પછી શક્રેન્દ્રના ખોળામાં ભગવાનને રાખે છે. અને પછી ઈન્દ્રો સામે બેસીને સ્તુતિ કરે છે. સ્તુતિ કરતાં કરતાં કરતાં ઊભા ઊભા કહે છે, દેવના હાથ લાંબા થઈ જાય છે. ધ્યાન રાખજો! એવું લક્ષ કરીને એક વાત કરે છે.

**णाह तुह जम्मण्हाणे, हरिणो मेरुम्मि पणच्चमाणस्स।**
**वेल्लिरभुवाहिभग्गा, तह अज्जवि भंगुरा मेहा।।१२।।**

હે પ્રભુ! હે નાથ! હે વીતરાગ પરમેશ્વર! **'આપકે જન્મ-સ્નાનકે સમય ઈન્દ્રને અપની લંબી ભુજાઓંકો ફૈલાકર...'** આમ કરીને બેઠા ને તો આમ લાંબી ભુજા કરીને દેવ નાચે છે, હોં! ઈન્દ્રો પણ ભગવાનની ભક્તિમાં નાચી ઉઠ્યા છે. આમ શરીર બાળક છે. ભક્તિનું શું સ્વરૂપ છે અને ભક્તિ કેવી હોય છે એની જગતને ખબર નથી. આવી હશે? અરે..! સાંભળને, સાંભળને! ગાંડા થઈ જાય એમાં. અમારે કહે છે ને? એક ભાઈ નહિ? ઉત્તમચંદભાઈ. ભક્તિનો.. શું કાંઈ છે? એક ગાયન ગાય છે. 'ભક્તિનો થયો છે ઉન્માદ...' ઉત્તમચંદભાઈ ગાય છે ને? ભાઈ! વડિયાના. નરસિંહ મહેતો છે જૈનનો. ઘરે મંદિર કરીને સંતોષીને એકલું

ભક્તિ, જ્ઞાન, જાણપણું, શ્રદ્ધા, રુચિ ને બસ! 'મને થયો છે ભક્તિનો ઉન્માદ..' ઈન્દ્રો કહે છે, મને ભક્તિનો ભગવાનનો ઉન્માદ થયો છે અત્યારે. આમ નાચી ઉઠે આમ હાથ કરીને.

પ્રભુ! **'અપની લંબી ભુજાઓંકો ફૈલાકર ઈન્દ્રને નૃત્ય કિયા થા,...'** એ પગે ઘુઘરા બાંધે. મા-બાપ પાસે છોકરો નાચી ઉઠતો નથી? નાનો છોકરો હોય તો નાચી ઉઠે, થનગનાટ કરે, થનગનાટ કરે. એમાં એનો બાપ કોઈ સારી ચીજ લઈને આવ્યો હોય પરદેશમાંથી, એ તો થનગનાટ કરતો કરતો ત્યાં આમ જાય. એમ ભગવાન ત્રણ જ્ઞાન અને આનંદના કંદ લઈને અંદરથી આવ્યા છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે એટલે વાણી ધોધ દેશે. એ ઉદ્દેશીને કહે છે, હે નાથ! જ્યારે ઈન્દ્ર આમ (ભુજા) ફેલાવીને નાચતા હતા ને, **'ઉન લંબ ભુજાઓંસે મેઘ ભગ્ન હુએ થે,...'** જુઓ! એક અલંકાર કર્યો છે. ધ્યાન રાખજો! મુનિ આમ વાદળાને દેખે છે અને પછી ઈન્દ્રને ઉદ્દેશીને વાત કરે છે કે આ વાદળા જે કટકા કટકા દેખાય છે ને પ્રભુ! છૂટા છૂટા, આ વાદળા છૂટા છૂટા દેખાય છે ને? એ વાદળા જ્યારે ઈન્દ્રએ ભગવાનનું નૃત્ય નહોતું કર્યું, ત્યાં સુધી આખા આકાશમાં અખંડ વાદળા એકરૂપ આમ હતા. ધ્યાન રાખજો, અલંકાર અને અંતરની ભક્તિ (એમ) બે પ્રકાર છે.

જ્યારે.. આકાશમાં વાદળા અખંડપણે હતા, એમ લક્ષ કરીને કહે છે, જ્યારે ઈન્દ્ર નાચવા ઉઠ્યા, લાંબા હાથ થયા ને, (તો) એ વાદળાના થઈ ગયા કટકા. એ કટકા કટકા ત્યારના અમને ભળાય છે. શું સમજાય છે આમાં કાંઈ? **'વે મેઘ ઈસ સમય ભી ક્ષણભંગુર હી હૈં.'** વાદળા કટકા કટકા ભંગ દેખાય છે એ ત્યારના દેખાય છે, કહે છે. એનો અર્થ કે બહારમાં તો ઈન્દ્રોના નાચની ભક્તિ વર્ણવે છે અને અખંડ વાદળા કટકા થયેલા છૂટા છૂટા નજરે પડે છે. ભગવાન! ત્યારથી એ વાદળા ખંડ ખંડ થઈ ગયા. અને અમારામાં અમે જ્યારે આત્માની દૃષ્ટિ નહોતી કરી ત્યાં સુધી આવરણના આખા આખા ખંડ પડ્યા હતા. અખંડ આવરણ પડ્યું હતું, પણ જ્યાં ચૈતન્યની ભક્તિ ઉછળીને સમ્યગ્દર્શન કર્યું (ત્યાં) એ વાદળાના થઈ ગયા કટકા. સમજાણું કાંઈ? ખંડ ખંડ થઈ ગયા વાદળા. આવરણ-બાવરણના ભૂક્કા ઉડી ગયા. જુદા જુદા રહ્યા. સ્વરૂપની સ્થિરતા કરશે, એ ઊડી જવાના. શું કહ્યું?

ચૈતન્યમૂર્તિ પ્રભુ, ચૈતન્યનો સૂર્ય, એનું જ્યાં દૃષ્ટિનું ભાન નહોતું ત્યારે માથે આવરણના આખા વાદળા પૂરા હતા. અનાદિથી સમ્યક્‌ના ભાન વિના. પણ જ્યાં સમ્યક્ ભાન થયું (ત્યાં) વાદળાના થઈ ગયા કટકા. એ આવરણ ભૂક્કા જેવા રહી ગયા, થોડા થોડા. અને કેવળજ્ઞાન લેવાની તૈયારી અમારી થઈ ગઈ, એમ કહે છે. એ આવરણનો પણ નાશ કરીને અમે પરમાત્મપદને પામવાના છીએ. સમજાય છે કાંઈ આમાં? મણિભાઈ! આ તે ગાંડા હશે? પેલા જરી લજ્જાય, હોં! ભગવાનની ભક્તિમાં. અરે..! આમ લૂગડું કેમ પહેરાય? આમ કેમ થાય? ચીમનલાલભાઈ!

અરે..! મા-બાપ પ્રત્યે તો, સારી ચીજ લાવે તો છોકરો અંદરથી ઉછળી જાય. એમ આ ત્રણ જ્ઞાન લઈને આવ્યા અને કેવળજ્ઞાન પ્રગટ કરીને વાણીના-દિવ્યધ્વનિના ધોધ નીકળવાના. એવું લઈને આવ્યા, એની ભક્તિ કરનારા નાચી ઉઠે છે. એ ભવે એમને-ઈન્દ્રોને મુક્તિ નથી. ભગવાનને એ ભવે મુક્તિ છે. એ ભવે મુક્તિ નથી એટલે આટલો ભક્તિનો પ્રમોદ એટલો આવ્યો છે કે નાથ! અમે તમારી નિશ્ચયથી આત્માની ભક્તિ કરી છે ને. એમાં આવરણો, ભક્તિ વિનાના, આત્માના ભાન વિના આખા વાદળા અખંડ હતા, એના કટકા થઈ ગયા. અથવા આ કેવળજ્ઞાન જે અખંડ પ્રાપ્ત થવાનું એનો એક ટૂકડો-સમ્યગ્દર્શન મને મળી ગયો છે. સમજાણું કાંઈ? અલંકાર પણ જુદી જાતના. ..ભાઈ! અરે.. બાપા! એ ધર્મ અને ધર્મના પિપાસુ, અમૃતના પિપાસુ અને જેને પૂર્ણ અમૃત લેવા છે, એની ભક્તિ નિશ્ચય અને વ્યવહાર કોઈ અલૌકિક જાતની હોય છે.

કહે છે, '**ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરતે હૈં કિ આજ જો મેઘ હમેં ક્ષણભંગુર માલૂમ પડતે હૈં, ઉનકી ક્ષણભંગુરતાકા કારણ યહ હૈ કિ જિસ સમય ભગવાનકા સ્નાન, મેરુપર્વત પર હુઆ થા, ઉસ સમય ઈન્દ્રને મેરુપર્વતકે ઉપર આનંદમેં આકર...**' આનંદમેં આકર '**અપની ભુજાઓંકો ફેલાકર,...**' ઈન્દ્રને ભગવાનકે સામને '**નૃત્ય કિયા થા,...**' નાચી ઉઠ્યા હતા. બાપુ! પૂર્ણ પવિત્રતા અને પવિત્રતાના અંતરના સાધન અને એ પવિત્રતાની ભૂમિકામાં અલૌકિક પુણ્યના ફળ, એ બધી જાત જ જુદી હોય છે.

શ્રીમદ્ તો એક પત્રમાં કહે છે કે આ દેહ અત્યારે મળ્યો, એવો પૂર્વે ન મળ્યો હોય તો હવે પછી તો આવો દેહ મળવાનો નથી. કેમ કહે છે ઈ? કે અમે હવે આત્માના ભાનમાં આવ્યા અને એ પુણ્ય એવા બંધાશે કે શરીરની જાત જ બીજી આવશે. સમ્યગ્દષ્ટિના ભાનમાં જે પુણ્ય બંધાય અને મિથ્યાદષ્ટિને જે પુણ્ય બંધાય, એ બે જાતમાં ફેર હોય છે. એક પત્રમાં લખ્યું છે. એમની ભાષા ઘણી ગૂઢ છે. એમ લખ્યું, આ દેહ.. કારણ કે હતું ને શરીરમાં જરી? શું કહેવાય? સંઘરણી... સંઘરણી. આ દેહ પણ હવેનો દેહ આવો દેહ પૂર્વે જો ન મળ્યો હોય તો હવેના દેહમાં આ જાત રહેવાની નથી. એ દેહ જ બીજી જાતનો થઈ જવાનો છે. આત્માના અનુભવની દષ્ટિમાં કોઈ દિ' પુણ્ય બાંધ્યા નહોતા અનંત કાળમાં. અને એ પુણ્યના ફળ તરીકે જે અજ્ઞાનીના શરીર મળ્યા, એના કરતાં જ્ઞાનીના પવિત્રતાના ભાન ભૂમિકામાં જે બંધાય એ શરીરના રજકણો બીજી જાતના (હોય). નિરોગતા, યશ, આબરૂ, કીર્તિ (જુદી જાતની હોય).

રત્નકરંડ શ્રાવકાચારમાં એક શ્લોક છે. ભાઈ! છ બોલ છે ને? યશ ને કીર્તિ ને શરીરની નિરોગતા ને પુણ્યનો પ્રભાવ ને એ બધા સમ્યગ્દષ્ટિને આત્માની ભાન ભૂમિકામાં એવા પુણ્ય બંધાય કે જગતને એવા બીજાં પુણ્ય હોઈ શકે નહિ. એને ઉદ્દેશીને વાત કરી, પ્રભુ! અમે અમારા ભાનમાં આવ્યા ત્યારે વાદળાના કટકા થઈ ગયા, સમજાણું? અને અમારે કેવળજ્ઞાનનો

એક અંશ એવું સમ્યગ્જ્ઞાન અમને પ્રગટ થયું. એમાંય વાંધા ઉડાડે. કેવળજ્ઞાનનો (અંશ કહે છે). સાંભળને હવે. મતિ અને શ્રુતજ્ઞાન પ્રગટે ઈ ચંદ્રનો બીજ છે. અને એ બીજ ચંદ્રના પુનમને લાવનાર છે. માટે તેનો એ ભાગ અને અંશ કહેવામાં આવે છે. એમ આત્મા પૂર્ણાનંદનું અંદર ધ્રુવ ધ્યેય કરીને કોઈપણ અવલંબન છોડી દઈને એકાકાર પૂર્વનું ચાલ્યું આવતું ધ્રુવતત્ત્વ અનાદિઅનંત, એમાં દૃષ્ટિ મૂકીને જે સમ્યગ્જ્ઞાન અને દર્શન પ્રગટ કર્યું, એના પ્રતાપથી ક્રમે કેવળજ્ઞાન પામ્યા વિના રહેશે નહિ. અમારા ખંડમાં કેવળજ્ઞાનનો ભાગ આવી ગયો અને કર્મના વાદળાના થઈ ગયા કટકા. સમજાય છે કાંઈ?

એમ કરીને (કહે છે), **'મેઘોમેં ક્ષણભંગુરતા હૈ, ઈસકે અલાવા દૂસરા કોઈ કારણ નહીં હૈ.'** એ નાચ થયો એમાં વાદળા ફાટી ગયા. એમ નાચી ઉઠ્યો આત્માની ભક્તિ કરતાં આનંદના અંતર સ્વરૂપમાં રમણતા (થતાં) વાદળાના થઈ ગયા કટકા. ઈ કટકા હવે નજરે પડે છે. ભાઈ! એમ કહે છે, કર્મના ખંડ ખંડ હવે જ્ઞાનમાં આવે છે. અખંડ જ્ઞાન હવે આવતું નથી, અખંડ વાદળા દેખાતા નથી. ચૈતન્યની શ્રદ્ધાની, જ્ઞાનની અંતર આનંદની ભૂમિકા જાગી, એ અખંડ વાદળા હવે અમને દેખાતા નથી, ખંડ ખંડ થઈ ગયેલા દેખાય છે. આ એવી ભક્તિ કરીને ભગવાનનો ભક્તિભાવ છે. શુભભાવ પણ ઉછાળેલો હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**ચૈત્ર વદ-૧૩, શનિવાર, તા. ૯-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૨થી૧૬, પ્રવચન-૭૮૬**

આત્મામાં અતીન્દ્રિય આનંદનો મહારસ પડેલો છે. એની અંતર દૃષ્ટિ કરીને અંતરના આનંદના ઉભરા, અતીન્દ્રિય આનંદનું વેદન કરતા હતા. એવા મુનિએ જરી ભક્તિનો ભાવ આવતાં સર્વજ્ઞ પરમાત્મા જે ઋષભદેવ ભગવાન થયા, એને લક્ષીને સ્વભાવના સાધનની અનુમોદના કરતાં ભક્તિનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ આમાં?

આત્મા અનાકુળ આનંદનો રસ છે. એવું જેને અંતરમાં આત્માને ધ્યેય બનાવીને, લક્ષ કરીને શરીર, વાણી, મન અને રાગ-દ્વેષના પરિણામ હોવા છતાં તેનું લક્ષ અને રુચિ છોડી આત્માના આનંદની રુચિમાં જે પરિણમીને આનંદની દશામાં રમી રહ્યા છે. એને મુનિદશા કહેવામાં આવે છે. એ મુનિદશામાં રહેલાં પરમાનંદને પ્રાપ્ત જે ભગવાન એની પૂર્ણાનંદની પ્રાપ્તિ પોતાને જોઈએ છે એથી પરમાનંદને પ્રાપ્તની ભક્તિની વિકલ્પની વૃત્તિ એમને ઉઠી છે. અને એ ઋષભદેવ ભગવાનનો આખો ઈતિહાસ જ્ઞાનમાં ચીતરે છે.

અહીં સુધી આવ્યું, જુઓ! બારમી ગાથા આવી છે. હે પરમાત્મા! જુઓ! જરી અલંકારથી વાત છે. હે ત્રિલોકનાથ! પરમેશ્વર! આપને પૂર્ણાનંદના પ્રાપ્તિની ફળની દશા પ્રાપ્તિ થઈ ગઈ, એવા આપની જ્યારે પૂર્ણ દશા થઈ, એ તો મુક્તિ થયા, પણ પહેલાં જ્યારે આપનો જન્મ થયો હતો ત્યારે મેરુ પર્વત ઉપર જ્યારે ઈન્દ્રોએ આપની ભક્તિ કરી, એ ઈન્દ્રો ભક્તિમાં આમ નાચી ઉઠ્યા. એ નાચતાં એમના હાથ લાંબા થઈ ગયા. એમાં વાદળા જે અખંડ આકાશમાં હતા, આમ લાંબા હાથથી નાચતાં પ્રભુ! એ વાદળાના થઈ ગયા કટકા. ધર્માત્મા પરમાનંદને પ્રાપ્ત એવા પરમાત્માને જ્યાં હોય ત્યાં સંભારવાના કારણો ગોતી રહ્યા છે. આ વાદળાના છૂટા છુટા કટકા દેખે છે ને, એમાં ભગવાનને યાદ કર્યા કે હે ભગવાન! આ વાદળાના કટકા ક્યારના જુદા જુદા પડેલા? કે આપની ભક્તિ કરતાં ઈન્દ્ર જ્યારે નાચી ઉઠ્યા હતા, એના હાથ લાંબા થઈ ગયા તો વાદળાના થઈ ગયા કટકા. એ વખતના કટકા નજરે પડે છે.

અંતરમાં-અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ અખંડાનંદની દૃષ્ટિ આત્મા કરતાં, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરતાં જે કર્મના આવરણના વાદળા આખા અને અખંડ હતા, એ અંતરનું ભાન કરતાં એ વાદળાના થઈ ગયા કટકા. એ કર્મના આવરણ, પ્રભુ! અમને હવે અખંડપણે રહ્યા નથી. થોડા કર્મના વાદળા રહ્યા છે, એ અમારા આનંદની સ્થિરતા કરીને, એ આવરણને ટાળીને પ્રભુ! આપની પદવી અમે પ્રાપ્ત કરવાના. સમજાય છે કાંઈ? આ ભક્તિની જાત જુદી છે. એ બારમી ગાથા સુધી આવ્યું.

હવે એ ભગવાન જ્યારે જન્મ્યા હતા, ઋષભદેવ ભગવાનનો જ્યારે આ ભરતક્ષેત્રમાં

ચોથા કાળમાં અવતાર હતો, એ પહેલાં દસ પ્રકારના કલ્પવૃક્ષોથી જીવોની આજીવિકા ચાલતી. યાદેય નહિ હોય, કેટલાકે તો સાંભળ્યું પણ નહિ હોય. શું કીધું? ઋષભદેવ આ ચોવીસીના પહેલાં તીર્થંકર થયા, એ પહેલાં દસ ક્રોડા ક્રોડી કાળમાં, દસ ક્રોડા ક્રોડી સાગરોપમના કાળમાં ત્યાંના મનુષ્યોની કલ્પવૃક્ષોના ફળથી આજીવિકા હતી. કલ્પવૃક્ષ હતા. આ વેપાર-ધંધા આદિ કાંઈ નહોતું. એ કલ્પવૃક્ષ હતા, એ પ્રમાણે ત્યાં જાય અને એ પ્રમાણે મળી રહે. એવા કલ્પવૃક્ષો દસ પ્રકારના હતા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ લાંબી વાત છે.

એના પહેલાં.. આ તો ટૂંક ટૂંકી એવી વાત કરીએ છીએ અને ભક્તિની વધારે કરીએ છીએ. ઋષભદેવ ભગવાન થયા પહેલાં દસ ક્રોડા ક્રોડી સાગરોપમના કાળનું માપ છે. એટલા કાળમાં બધા જુગલિયા જ હતા. જુગલિયા એટલે બે જન્મે અને બે પોતે પતિ-પત્ની થાય. એ રીતે આજીવિકા ચાલતી હતી. એવા કાળમાં ઘણો કાળ ગયો એમાં. એની અંદર પછી આ જ્યારે કલ્પવૃક્ષો ખૂટ્યા ત્યારે ભગવાનનો અહીં જન્મ થયો છે. અઢાર ક્રોડા ક્રોડીની લાંબી વાત છે. નવ ક્રોડા ક્રોડી અને આ નવ ક્રોડા ક્રોડી. પેલી તો જરી લાંબી વાત છે. એવામાં એકલા જુગલિયા જ હતા. અને પતિ-પત્ની બે. એ પોતે જન્મે અને એ પોતે પતિ-પત્ની થાય. એને પાછું બે જ જોડલું થાય, એને બે સિવાય ત્રીજું હોય નહિ. આખી જિંદગીમાં એક જ જોડલું જન્મે. એવી મનુષ્યની સ્થિતિ ઋષભદેવ ભગવાન પહેલાં અનેક સાગરોપમમાં હતી.

સાગરોપમ એટલે ઘણાં ઘણાં વર્ષોનું માપ. એ વખતે જ્યારે દસ પ્રકારના કલ્પવૃક્ષ હતા, એ કાળ ફર્યો એટલે ખૂટવા માંડ્યા. મનુષ્યની આજીવિકા એના ઉપર હતી અને કાળના બદલવાથી એ ફળ ઘટવા માંડ્યા. જેમ અત્યારે આ આંબા ને આદિ છે, પણ પહેલાંના રસકસ હતા એવા અત્યારે નથી. રસકસ હતા એવા નથી. એમ ત્યાં કલ્પવૃક્ષના ફળમાં કાળ પડતો આવ્યો એટલે ફળ જે પાકતા હતા, બહુ મોડા પાકે, થોડા પાકે અને આગળ જતાં પાક જ બંધ થઈ ગયો. પણ અહીં થોડા પાકે ત્યારથી શરૂઆત કરીએ છીએ આપણે. ત્યારે મનુષ્યોને.. જેમ અહીં પાણી લેવા જાય છે ને? પાણી બહુ ઓછું હોય ત્યારે સો-સો .. ભેગા થાય છે ને? શું કહેવાય? બેડા.. બેડા. નળમાં પાણી આવે અને ઓછું પાણી હોય તો સો બેડા ભેગા થાય. વારાફરતી લે. એમ ત્યાં કલ્પવૃક્ષમાં ફળ પાકતા વારાફરતી જે આવતા એ લેતા. એમાં કોઈ વળી ઢીંગો હોય તો જોર કરતો. પાંચમો આવ્યો હોય ને મોઢાઆગળ ગરી જાય. અને કોઈ ક્રમસર લેતા.

એમ રાગ અને દ્વેષની તારતમ્યતા પહેલી એક તરફી લગભગ હતી, એમાં ભગવાનના જન્મ થવા પહેલાં આવા કલ્પવૃક્ષના સ્થાનમાં ફેરફાર થયો. મનુષ્યોની પ્રકૃતિમાં પણ હિનાધિક

કષાય થવા માંડ્યો. સમજાય છે કાંઈ? અને જ્યારે તીવ્ર રાગ કષાયવાળા હતા, કોઈ સરળવાળા હતા, કોઈ મંદતાવાળા હતા, કોઈ કહે કે એ ભલે પહેલો આવ્યો નથી અને પછી આવ્યો, ભલે લઈ લે, આપણે બે મિનીટ ખમીએ. પેલા વૃક્ષોના ફળ ઉપર આજીવિકા હતી. એવી રાગ ને દ્વેષની તારતમ્યતા ઓછીવત્તી થવા માંડી. એમાં ભગવાનનો જન્મ થયો. અને એમની પાસે ગયા. પ્રભુ! આ કલ્પવૃક્ષના ફળ ખૂટ્યા. અમારે આજીવિકા શી રીતે કરવી? એ લક્ષ કરીને અહીંયાં સ્તુતિ કરે છે.

**जाण बहुएहिं वित्ती, जाया कप्पद्दुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए, पयाण परिकप्पिया णाह॥१३॥**

હે નાથ! હે પ્રભુ! આપ જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા, ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી. ક્ષાયિક સમકિતી કોઈએ વળી સાંભળ્યું ન હોય તો (કહીએ). આત્માની એવી દૃષ્ટિ નિર્મળ થઈ હોય કે જે પાછી પડે નહિ. અનુભવનું ક્ષાયિક સમકિત કે જે કેવળજ્ઞાન લીધે છૂટકો. એવી આત્માના અનુભવની દૃષ્ટિને ક્ષાયિક સમકિત કહેવામાં આવે છે. એની સાથે મતિ અને શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન હતા.

પેલા પૂછવા આવ્યા, પ્રભુ! આ આજીવિકા અમારે શી રીતે કરવી? ત્યારે કહે છે કે હે નાથ! **'પૂર્વમેં પ્રજાજનોંકી આજીવિકા, બહુતસે કલ્પવૃક્ષોંકે માધ્યમસે હોતી થી;...'** ઘણાં વૃક્ષોથી થતી એ ઘટવા માંડી. **'ઉન કલ્પવૃક્ષોંકે અભાવમેં, ઉન પ્રજાજનોંકી આજીવિકા આપ અકેલેને હી કી.'** એમને બતાવ્યું કે ભાઈ! હવે આમ કરો. હવે આ અનાજ પાકે છે એને લ્યો. એને આમ દળો, એને આમ કરો. અસિ, મસિ, કૃષિ આદિ શીખવાડ્યું. સમજાય છે કાંઈ? એમણે એકલાએ બધાની આજીવિકાનું નિમિત્ત બતાવ્યું. જુઓ! ભાઈ! હવે આમ કરો. આ વાઘ આદિ કરડવા આવે તો હાથમાં જરી લાકડી રાખો. કારણ કે બધો ફેરફાર થઈ ગયો છે. પહેલાં વાઘ સરળ અને એવા હતા, કરડતા નહોતા. એની પ્રકૃતિ બદલવા માંડી. અહીં કલ્પવૃક્ષમાં ફળ ઘટવા માંડ્યા. એટલે ભગવાનને પૂછવા આવ્યા, પ્રભુ! અમે ભૂખે મરીએ છીએ. અમારો કોઈ ઉપાય (કરો). ત્યારે એમાંથી કેટલાક એમ કાઢે છે ને? ભાઈ! જુઓ! ભગવાને પણ દુનિયાની આજીવિકા પહેલી બતાવી હતી. ગૃહસ્થાશ્રમમાં. ભાઈ! સાંભળો પ્રભુ! એવા પ્રસંગની અંદર ગૃહસ્થાશ્રમમાં હતા એટલે એવો રાગ આવ્યા વિના રહેતો નથી. એ રાગને લઈને કહ્યું, ભાઈ! આમ કરો. વાસણ બનાવવા હોય તો તમે ... છે, આના ઉપર માટીનો પિંડલો રાખો તો એમાં કુંડા જેવું થાશે. એવી બધી વિધિઓ– ૭૨ કળાની વિધિ પ્રજાને ઘણાં અબજો વર્ષમાં નહોતું અને કલ્પવૃક્ષથી જે આજીવિકા હતી, એ કલા–એ બધી વિધિ બતાવી.

એ ઉદ્દેશીને કહે છે, ઘણાં કલ્પવૃક્ષોનું કામ, હે નાથ! આપે એકલાએ કર્યું. સમજાય છે કાંઈ? અંતર દૃષ્ટિથી લઈએ તો આ આત્મા કલ્પવૃક્ષ આનંદનો કંદ છે. અનાદિ કાળથી અનેક

પ્રકારના પુણ્ય અને પાપના વિકલ્પો કરતો હતો અને એને કારણે શરીરાદિનો નભાવ કરતો હતો. પણ જ્યાં આત્માનું ભાન થયું, એ કલ્પવૃક્ષ આનંદકંદ જ્યાં આપને સૂઝ્યો.. ઓહો..! અચિંત્ય આનંદ અને અચિંત્ય જ્ઞાનનો દરિયો પ્રભુ આત્મા છે. એવી અંતરમાં સમ્યગ્દર્શનની પ્રતીતિ ઊભી થઈ. ભગવાન! એ એક જ કલ્પવૃક્ષ આત્મા. એને આશ્રયે આપને આનંદ બધો પૂરો પડી ગયો. સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિના વિષયમાં નથી એને નિમિત્તનું અવલંબન, નથી રાગનો આશ્રય, સમકિતીને નથી વર્તમાન પ્રગટ અવસ્થાનો આશ્રય. ધ્યાન રાખજો! આ સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા. એ પહેલી દશાની જે અવસ્થા થાય, એનો આધાર એકલો આત્મા અખંડાનંદ દ્રવ્ય છે તે આધાર છે. સમજાય છે કાંઈ આમાં? એ આત્મા કલ્પવૃક્ષ સમાન, જેટલો એમાં એકાકાર થાય એટલો આનંદ ઝરે. એ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, રાજપાટમાં રહ્યા છતાં. મનસુખભાઈ! એ ચીજથી નિરાળી દૃષ્ટિ કરી અને ભગવાન આત્મા પૂર્ણાનંદ છું, અનાકુળ શાંત, જે પરમાત્મા થયા તેવો જ હું છું અને હું જ આત્મા પરમાત્મા થવાનો છું. અપ્પા સો પરમપ્પા. એમ આત્માના પૂર્ણાનંદ અને અનંત અનંત ગુણોનું આત્મા કલ્પવૃક્ષ છે. અનંત ગુણોનું આત્મા કલ્પવૃક્ષ છે. એ એકલાનો જ્યાં આધાર લીધો, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, પૂર્ણ આનંદ... સમકિત એટલે સર્વ ગુણાંશ તે સમકિત. જેટલા અનંત ગુણો છે એના અંશો બધા નિર્મળ થયા. આ એકને કારણે, એક ચૈતન્યના આધારે બધા ગુણો નિર્મળ થયા. સમજાય છે કાંઈ આમાં?

ભક્તિમાં પણ વળી આત્મા. પણ આત્મા વિના ભક્તિ ક્યાં હતી? એક જ આત્મા અખંડાનંદ પ્રભુ, આ દેહમાં ભિન્ન, રાગથી ભિન્ન અને પોતાના આનંદ આદિ અનંત ગુણોથી અભિન્ન એવા એક આત્મામાં દૃષ્ટિ આપતાં અનંતા ગુણોની નિર્મળ દશા સમ્યગ્દર્શન થતાં સર્વગુણાંશ તે સમકિત, બધા ગુણો પ્રગટ્યા. એ બધા ગુણનો આધાર કલ્પવૃક્ષ આત્મા છે. એનો આધાર દયા, દાનના પરિણામ નહિ, દેહની ક્રિયા નહિ, વાણી નહિ, દાનાદિની ક્રિયા પણ આત્માના અનંતા ગુણોને શાંતિને પ્રગટ કરવા આત્મા સિવાય બીજો કોઈ આધાર નથી. સમજાણું કાંઈ આમાં? એ વાતને ઉદ્દેશીને એ વાત કરી છે. સમજાણું કાંઈ?

હવે ચૌદમી ગાથામાં એક બીજી વાત લ્યે છે. શું કહે છે? ધર્માત્મા પોતાના આત્માની દૃષ્ટિનું ભાન છે, એથી પરમાત્માને જ્યાં ત્યાંથી સંભારે અને યાદ કરે છે. ગૃહસ્થાશ્રમમાં પણ છોકરો મરી ગયો હોય, એવા સારા-નરસા પ્રસંગમાં યાદ કરે, અરે..! દીકરો એક સારામાં સારો હતો, ચાલ્યો ગયો. વિધવા બાઈ. ઘરમાં કાંઈ ન હોય ને પોતે વિધવા હોય. ભિખારીના છોકરા ખાતા હોય એ વખતે પણ એને યાદ આવી જાય અંદર. આહા..! અરે..! ધણી નહિ, અરે..! આના દીકરા, વીસ-વીસ વર્ષના લગ્ન, અમે તો એકલા. એમ કરીને શોક કરે. અહીંયાં ધર્માત્મા આત્માના જ્ઞાનની દૃષ્ટિ થઈ છે, એ જ્યાં ત્યાં પરમાત્માને યાદ કરીને આનંદના ઉભરા લાવે છે. હવે કહે છે, હે નાથ!

**पहुणा तए सणाहा, धरा सि तीए कहं णहो वूढो।**
**णवघणसमयसमुल्लसिय, -सासछम्मेण रोमंचो।।१४।।**

જુઓ! પરમાત્માને કેવી રીતે યાદ કરે છે! ઋષભદેવ ભગવાન જ્યારે સર્વાર્થસિદ્ધમાં હતા.. એ વાત થઈ ગઈ છે, દેવમાં હતા, પૂર્વ ભવમાં આત્મજ્ઞાન પામેલા અને તીર્થંકર ગોત્ર બાંધેલું. સર્વાર્થસિદ્ધમાં એક દેવનું વિમાન છે, છેલ્લામાં છેલ્લું ઊંચું. ચૌદ બ્રહ્માંડના છેડે એક સર્વાર્થસિદ્ધ નામનું વિમાન, જેમાં દેવતાઓ-લાખો દેવતાઓ વસે છે, કે જે બધા દેવ એકાવતારી એક ભવે મોક્ષ જનારા હોય છે. એવા દેવમાંથી જ્યારે અહીંયાં અવતર્યા, ત્યારે ભાઈ! જેઠ વદ-૨ હતી. શું કીધું?

ઋષભદેવ ભગવાન જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે જેઠ વદ-૨ હતી. અને આમ વરસાદ એવા આવ્યા, વરસાદ, કે જમીનમાં અંકુરા ફૂટેલા. પહેલે વરસાદે અંકૂરા હોય છે ને? અંકૂરા જમીનમાં બહુ હોય, પહેલે વરસાદે. અને એ જેઠ વદની બીજ અને ભગવાનનો આત્મા ત્યાંથી મનુષ્યનું આયુષ્ય બાંધી, આ ભવમાં મોક્ષ જાવું છે, જેઠ વદ-૨ ઉપરથી આવ્યા. એને લક્ષ કરીને આચાર્ય જરી ભક્તિ કરે છે.

હે નાથ! આપ ઉપરથી ઉતર્યા ત્યારે આ પૃથ્વી સનાથ થઈ. કેમ? કે જેમ નવ વિવાહિત સ્ત્રી, નવ વિવાહિત સ્ત્રી પતિના સંગમાં રહેવાથી જેનું શરીર પ્રફુલ્લિત અને વિશેષ અંકુરા-રોમાંચ ફાટ્યા (હોય) એવું દેખાય. નવપલ્લવ, નવસ્ત્રી હોય એને પહેલાં પતિનો યોગ થાય ત્યારે શરીરની અંદર વિશેષ ખાવા-પીવાને કારણે એનું શરીર જરી બીજી જાતનું થઈ જાય. જાણે રોમાંચ ઊભા થઈ ગયા હોય!

એમ હે નાથ! આપ જ્યારે ઉપરથી અવતર્યા, આ પૃથ્વીને રોમાંચ થઈ ગયા છે. ક્યા રોમાંચ? પેલા અંકુરા જેઠ વદ-૨ હતી અને વરસાદ પહેલો આવેલો. અને અહીં ભગવાન માતાના પેટમાં ઉપરથી આવ્યા. ત્રણ જ્ઞાન લઈને (આવ્યા), આ ભવે મુક્તિ થવાની છે. એને ઉદ્દેશીને કહે છે, હે નાથ! **'આપને હી યહ પૃથ્વી સનાથ કી...'** આ પૃથ્વી આપે સનાથ કરી. અત્યાર સુધી અનાથ હતી. સનાથ કરી. **'યદિ ઐસા ન હોતા તો નવીન મેઘકે સમય હોને વાલે...'** નવો વરસાદ આવ્યો **'શ્વાસોશ્વાસકે બહાને...'** જાણે આખી પૃથ્વી હોંશના શ્વાસ લેતી હોય. એટલે કહે છે, ભગવાન! એ અનાથ હતી, આપ મળ્યા માટે સનાથ થઈ. નવનીતભાઈ! જુઓ! આ મુનિઓ આત્મજ્ઞાની મહાવ્રતધારી જંગલમાં વસ્યા, એ પરમાત્માની યાદગીરી માટે આખું જીવન લક્ષમાં લે છે.

આહા..! હે નાથ! આ પૃથ્વી તો આપને લઈને સનાથ (થઈ). આપ નહોતા ત્યારે આ પૃથ્વી (અનાથ હતી). કેમ સનાથ? જુઓ! આખી પૃથ્વામાં અંકુરા ફૂટીને જાણે હોંશના શ્વાસ લેતી હોય! એમ પૃથ્વી દેખાય, પેલા અંકુરા દેખીને. એમાં પણ ભગવાનને યાદ કર્યા છે. સમજાય છે કાંઈ? એમાં અર્થમાં લખ્યું છે. **'જો સ્ત્રી, વિવાહકી અત્યંત અભિલાષિણી**

હૈ,...' જો સ્ત્રી વિવાહકી અભિલાષિણી હૈ. જે બ્રહ્મચારી છે એને તો કાંઈ (ન હોય). પણ જે સ્ત્રી વિવાહની અભિલાષી હૈ '**યદિ ઉસકા વિવાહ હો જાયે અર્થાત્ વહ સનાથ હો જાયે તો જિસ પ્રકાર ઉસકે શરીરમેં રોમાંચ ઉદ્ગત હો જાતે હૈં...**' પતિને કારણે. '**ઔર ઉસ રોમાંચકે ઉદ્ગતસે ઉસકી સનાથતાકા અનુમાન કર લિયા જાતા હૈ,...**' કે આ પરણેલી છે, આણે લગ્ન કર્યા લાગે છે. શરીરમાં એકદમ છ મહિનાનો ફેરફાર થયો છે. (પૃથ્વીમાં અંકુરા ફૂટ્યા) એ આપના આવવાથી થયો છે. સમજાય છે કાંઈ? પૃથ્વીના રોમાંચમાં પણ ભગવાનને ભાળે છે.

હરતાં ફરતાં પ્રગટ હરિને દેખું, મારું જીવવું રે સફળ તવ લેખું,
મુક્તાનંદનો નાથ વિહારી,

મુક્તાનંદ પ્રભુ, આનંદને પ્રાપ્ત થયેલા પરમાત્મા. પરમાત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ નિર્દોષને પ્રાપ્ત, એ અમારા જીવનની દોરી છે. અમારા જીવનને નભવામાં એ સાધન છે. એમ ભક્તિ ભગવાનની ભક્તિ કરતાં વીર્યનો ઉલ્લાસ કરીને ભક્તિ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ઉસી પ્રકાર હે પ્રભો! જિસ સમય આપ ઈસ પૃથ્વી પર અવતીર્ણ હુએ, ઉસ સમય પૃથ્વીમેં ભી રોમાંચ હુએ, ઈસલિયે ઉન રોમાંચોંસે યહ બાત જાન લી ગઈ કિ આપને હી ઈસ પૃથ્વીકો સનાથ અર્થાત્ નાથ સહિત કર દિયા હૈ.**' અભ્યંતર લઈએ. આહા..! હે પરમાત્મા! આપ જોગ અને ક્ષેમના નાથ છો. અમારો આત્મા.. આપના ઉપદેશમાં (આવ્યું કે) આત્માનો સ્વભાવ આનંદ છે તેનું અવલંબન લે. એમ અમે અવલંબન લેતાં અમને સમ્યગ્દર્શન થયું, પ્રભુ! હવે અમે સનાથ થઈ ગયા છીએ. અત્યાર સુધી અનાથ, નિરાધાન અમારું શરણ કોઈ નહોતું. અમે ભગવાન આત્મા અંતર આનંદકંદ ને પૂર્ણ પ્રભુનું શરણ લીધું, પ્રભુ! અમે સનાથ થયા. હવે જે મળેલી ચીજ જ્ઞાન, દર્શન અને શાંતિના અમે રખવાળા છીએ, એમાં આપ નિમિત્ત છો માટે આપ નાથ છો. અને પૂર્ણ જ્ઞાનાદિ પ્રાપ્ત નથી તેને પ્રાપ્ત ને મેળવી આપશે, એને મેળવવામાં આપ નિમિત્ત છો માટે તમે જ અમારા નાથ છો.

પતિને પત્નીનો નાથ કહેવામાં (કારણ) એ છે કે એની પાસે મળેલી ચીજોનું પતિ રક્ષણ કરે અને અભિલાષિણી ભવિષ્યની ચીજોને પ્રાપ્ત કરાવે. એનું નામ યોગ અને ક્ષેમ કહેવામાં આવે છે. એમ ત્રણ લોકના નાથ પવિત્ર પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (થયું છે), એવા પરમાત્મા આ આત્માના નાથ છે. ભક્તો કહે છે, હે નાથ! તમે અમારા નાથ છો. આપના ઉપદેશમાં અમારો આત્મા પૂર્ણાનંદ છે, જ્ઞાનની જ્યોતિથી ભરેલો એમ આપે ફરમાવ્યું. અમારા આત્માના ખજાના ખોલીને બતાવ્યા કે આ તારી ઋદ્ધિ છે. એને અમે સમજ્યા, એટલે એમાં તમારું નિમિત્ત (છો). માટે તમે જ અમારા ગુણની રક્ષાના કારણ છો. અને કેવળજ્ઞાન અને આત્મશાંતિની પૂર્ણતા અમારી અભિલાષિણી ચીજ છે. એ

અમે મેળવશું એમાં પણ આપનું નિમિત્ત છે. માટે આપ જ અમારા જોગ અને ક્ષેમના કરનારા નાથ છો. એ.. મનસુખભાઈ! ભક્તિ આવી નહિ સાંભળી હોય કોઈ દિ'. આહા..! શું કહે છે? આહા..! આમ આનંદમાં આનંદમાં આવતાં.. આનંદઘનજી એક વાર કહે છે ને?

પ્રીતિ અનાદિથી વિષભરી, એ રીતે કરવાનો જ ભાવ,
પ્રીતડી નિર્વિષ પ્રીતડી, કેમ કહે કહો રે.. બનાવ

હે નાથ! અનાદિની રાગ રૂપી ઝેરની પ્રીતિ અમે કરી છે. અને આપના અમે શિષ્ય છે એમ અનાદિથી માન્યું છે. 'પણ કરવી નિર્વિષ પ્રીતડી,..' ભગવાન આત્મા, એને રાગના પ્રેમ છોડીને નિર્વિષ.. ભાઈ! આ રાગને વિષ કહ્યો અહીં. એમાં કેટલાક રાડ પાડે છે. ભગવાન! સાંભળ ભાઈ! આહાહા..! ઈ શુભરાગ હોય છે ને? એ રાગ પણ ઝેર છે. હોય છે ખરો, પાપથી બચવા આવ્યા વિના રહેતો નથી. પણ આત્માના અમૃતથી વિરૂદ્ધ ભાવ (છે), માટે તેને ઝેર કહે છે. હે નાથ! આપ વીતરાગ પરમાત્મા નિર્દોષ પ્રાપ્ત (છો), આપની પ્રીતિ અમે રાગ વડે કરવા માંગીએ છીએ, પણ એ રાગ વડે વીતરાગની પ્રીતિ થાય નહિ.

'કરવી નિર્વિષ પ્રીતડી' આહાહા..! એ ભગવાન કલ્પવૃક્ષ આનંદનું. રાગ અને પુણ્ય-પાપના ભાવના પ્રેમ છોડી અને રાગ વિનાના સાથે પ્રેમ (કરે). નિર્વિષ પ્રીતડી આત્મા પ્રત્યે થઈ અને ભગવાન પ્રત્યે થઈ એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ! આમાંથી કાંઈક બીજું સહેલું હશે કે નહિ? આ જ માર્ગ અને આ જ રીત. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ', 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' અનંત કાળમાં-ગયો, વર્તમાન અને અનંત ભવિષ્ય-એક જ માર્ગે આત્માની શાંતિ અખંડાનંદ પ્રભુ, એના પ્રેમમાં અંતર જતાં એ રાગ અને વિકારના પ્રેમ છોડતાં આત્માની રુચિનો પ્રેમ જાગે અને સમ્યગ્દર્શન થાય. સમજાય છે કાંઈ? ત્યારે એને ધર્મ થાય. એ વિના ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં બીજી રીતે થતો નથી.

એટલે કહે છે, નાથ! આપે જ્યારે અવતાર લીધા, પૃથ્વી સનાથ થઈ. એમ અમારો સમકિતનો જન્મ થયો.. આહાહા..! અણગારે જાયા, ભાઈ! કહ્યું છે ને? અણગારે જાયા. અણગાર જન્મ્યા. અણગાર-અંદરમાં મુનિપણું આત્માના આનંદમાં ઘોલન થતાં પ્રથમ તો સમ્યગ્દર્શન થાય અને પછી જ્યારે આત્માના આનંદમાં રેલમછેલ ઉભરાય, ત્યારે એને મુનિપણું ચારિત્ર આવે. બે ફાટ મસ્ત થઈ જાય. જગતની દરકાર નહિ, દુનિયાની કંઈ નહિ. એક આહાર-પાણી લેવાનો વિકલ્પ આવે, બાકી આનંદમાં મસ્ત મુનિઓ હોય છે. એવા મુનિને ઉદ્દેશીને પોતે કહે છે, પ્રભુ! એવી દશા અમારી થઈ, હવે અમે થઈ ગયા સનાથ. સમજાય છે કાંઈ? અમે કેવળજ્ઞાન લેવાના, લેવાના ને લેવાના એમ કહે છે. ભગવાન! આપ પરમાત્મપદને પામ્યા, અમે પણ લેવાના છીએ. એમ કહે છે, આમાં હોં! ભક્તિમાં.

આમ શ્રીમદ્ પણ કહે છે ને? નથી છેલ્લું આવતું? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં...'

'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં'. એ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો કંદ પ્રભુ, એના પ્રેમમાં, પ્રીતિની રુચિમાં અમે આવ્યા છીએ.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો.

જે ભાવે પરમાત્મપદ પમાય એ ભાવનું ગજુ, પ્રભુ! અત્યારે નથી. અમારામાં પામરતાને લઈને એ પૂર્ણ પરમાત્મા આ ભવમાં થઈએ એવું હે નાથ! સ્વભાવની દૃષ્ટિ થયા છતાં એ અમારામાં પરમાત્મ થવાનું ગજુ નથી.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો.
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો.
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

પ્રભુ! તારી આજ્ઞા છે અને તેં કહ્યું છે કે આવું ભાન કરે એને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થાય. આહાહા..! સમજાય છે કાંઈ? 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન...' એટલે એકાગ્રતા. પણ પૂર્ણ એકાગ્રતાના અમારા ગજા નથી, નાથ! કોલકરારથી કહીએ છીએ, એકાદ ભવ કરીને અમે હે નાથ! આપની આજ્ઞા છે કે આવું પદ સમજે અને ધારાવાહી જેની શ્રદ્ધા-જ્ઞાન (વર્તે),... આવું ખબર પડતી હશે? અરે..! ભગવાન! તારામાં તાકાત એવી છે કે ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાત છે. અરે..! આત્મા સિંહ જેવો છે. સિંહ.. સિંહ. પણ એ વાતું..

કહ્યું હતું ને એક ફેરી?

જે દિશાએ સિંહ સંચર્યા રજ લાગી તરણા,
ખડ સૂકા સૂખશે નહિ ચરે એને હરણાં.

એ હરણિયા એવા મૃગલા એને નહિ ચરી શકે. એમ ભગવાન સર્વજ્ઞ પંથનો માર્ગ, વીરોનો આત્મમાર્ગ અખંડાનંદમાં ચરતાં, અખંડાનંદના ડુંગરે ચડીને વિકારનો નિષેધ કરતાં જે આત્મજ્ઞાન ને દર્શન ને સ્થિરતા થાય. એ પંથે જ્ઞાની જાય. એ પંથની વાતું સાંભળતાં એ પંથે સિંહ સંચરે. એ પંથની વાતું સાંભળતા ધ્રુજી ઉઠે, આમ ધ્રુજી ઉઠે.. અર.ર..ર..! આ! કાયરના કાળજા ... એ માર્ગની વાતું સાંભળીને પણ ખદબદાટ થઈ જશે. એ માર્ગને સમજી શકશે નહિ. હરણિયા જેવા જેના કાળજા એ તરણાંને નહિ ખાઈ શકે.

એમ વીતરાગના માર્ગની જે વાતું, અંતરના ચૈતન્યના ધાતુમાંથી નીકળેલો માર્ગ-પંથ, એની વાતુંને પ્રભુ! કાયર પ્રાણી નહિ સમજે, નહિ બેસે. એ આવે છે ને? પેલા શ્લોકમાં નથી આવતું?

વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ...
રે ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે.. પંચમકાળમાં..

એ ભગવાન આત્માનો માર્ગ (સાંભળતા) કાયરોના કાળજા કંપી ઉઠે, હોં! આવું હોય? આવું હોય? સાંભળને હવે. 'વચનામૃત વીરાગના, પરમ શાંતરસ મૂળ'. એ ડુંગરા ડોલે પ્રતિકૂળતાના પણ એમાંથી જ્ઞાની ડગે નહિ. એવા જ્ઞાનીના માર્ગમાં ચડેલા કહે છે, 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના..' વીતરાગની વાણી અને એનો ભાવ, (એમાં) ભવના રોગને નાશ કરવાનું સામર્થ્ય છે. પણ કાયરને, નપુંસકને.. નપુંસક કહ્યા છે, હોં! વળી ધીમે ધીમે (કહીએ છીએ).

સમયસાર કહે છે કે, વિકારની રુચિવાળો... સંસ્કૃત ભાષામાં ક્લિવ કહ્યું છે. આપણી ભાષામાં એને નપુંસક કહે છે. ભગવાન અમૃતચંદ્રાચાર્યે કહ્યું, અરે..! આત્મા! વિકારના ભાવનો પ્રેમ અને નિર્વિકારી ભગવાનનો પ્રેમ તું કરતો નથી, તારું વીર્ય નપુંસક છે. નપુંસકને પ્રજા ન હોય. એમ વીર્યના પુણ્ય-પાપના પ્રેમવાળાને આત્માની શાંતિની પ્રજા ન હોય. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અંદર શાંત અવિકારી રસનો કંદ (છે), એની વીર્યની સ્ફુરણા જે કરતો નથી અને એકલા પુણ્ય અને પાપના ભાવના રાગમાં પ્રેમમાં પડ્યો, તું નપુંસક છો. આહાહા..! રાડ નાખી જાય માણસ, હોં! નપુંસકને કોઈ પુત્ર થાય નહિ. એમ વિકારના પ્રેમીને આત્માના સમ્યગ્દર્શનની પ્રજા અને આત્માના જ્ઞાનની પ્રજા રૂપી અવસ્થા એને પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? આ એમ કહે છે, લ્યો.

હે નાથ! આપે તો પૃથ્વીને સનાથ કરી. આ અમારી અસંખ્ય પ્રદેશી ભૂમિ આત્મા, આ અમારું જ્ઞાન અમને થતાં અને આપનું નિમિત્ત મળતાં અમે થઈ ગયા સનાથ. હવે અમે અનાથ રહ્યા નથી. હવે પંદરમો શ્લોક. આમ ચાલતાં જાય છે. પૂર્વથી લેતાં લેતાં કેવળજ્ઞાન સુધી અને મોક્ષ સુધી ભક્તિમાં લઈ જશે. એ પંદરમો શ્લોક.

**विज्जुव्व घणे रंगे, दिट्ठपणट्ठा पणच्चिरी अमरी।**
**जइयातइया वि तए, रायसिरी तारिसी दिट्ठा।।१५।।**

હે પરમાત્મા! '**જિસ પ્રકાર મેઘમેં પ્રકટ હોતે હી નષ્ટ હો જાતી હૈ,...**' વાદળામાં જેમ વિજળીનો ચમત્કાર આવે અને વિજળી નષ્ટ થઈ જાય છે. '**ઉસી પ્રકાર આપને નૃત્ય કરતી હુઈ નીલાંજનાકો પહલે દેખા, પશ્ચાત્ નષ્ટ હોતે હુએ ભી દેખા...**' શું કહે છે? ઋષભદેવ ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા, હજી રાજપાટ હતું. આત્માનું ભાન થયેલું, હજી ચારિત્ર નહોતું. અને કેવળજ્ઞાનના સાધન કરવા માટે હજી તૈયાર થયા નહોતા. એ વખતે ઘણાં વર્ષો ગયા. ૮૩ લાખ પૂર્વ ગયા. એ વળી મોટી વાત પાછી.

પહેલાના આયુષ્ય મોટા હતા. ૮૪ લાખ પૂર્વનું, ક્રોડ પૂર્વનું (આયુષ્ય). બાપુ! એ ગજ

મોટા છે. એક પૂર્વમાં સીત્તેર લાખ ક્રોડ, છપ્પન હજાર ક્રોડ વર્ષ વયા જાય. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના જ્ઞાનમાં આવેલું કથન છે. એ પૂર્વમાં સીત્તેર લાખ ક્રોડ વર્ષ, સીત્તેર લાખ ક્રોડ વર્ષ, છપ્પન હજાર ક્રોડ વર્ષ, એનું એક પૂર્વ. એવા એવા ૮૪ લાખ પૂર્વનું ભગવાનનું આયુષ્ય હતું. એમાં ૮૩ લાખ તો ગૃહસ્થાશ્રમમાં ગયા. કોઈ કહે કે આવું ભાન હતું ને (ચારિત્ર) કેમ નહિ? ભાઈ! એના પુરુષાર્થની ગતિના ક્રમ હોય છે. દરેક જીવના પુરુષાર્થની પોતાની યોગ્યતાનો ક્રમ (હોય છે). બાપુ! તીર્થંકર થવાના, કેવળજ્ઞાન લેવાના. ૮૩ લાખ (પૂર્વ) સમકિત (થયા પછી) ગૃહસ્થાશ્રમમાં રહ્યા. મુનિપણું આવ્યું નહિ. એટલો પુરુષાર્થ જોઈએ તેટલો પુરુષાર્થ ૮૩ લાખ પૂર્વ સુધી ન આવ્યો. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન અને આત્મદર્શનના અનુભવમાં રહ્યા.

ત્યારે ઈન્દ્રને વિચાર આવ્યો, ઈન્દ્રને, અરે..! ભગવાનનો ઘણો કાળ તો આમાં જાય છે. હવે દીક્ષિત ક્યારે થશે? આમ તો કહેવાય નહિ, ત્રણ જ્ઞાનના ધણી છે. જેના તેજ એટલા છે કે જેના (તેજ) સામે માણસ એનું બળ જીરવી શકે નહિ. એટલી પવિત્રતા અને એટલું જેનું પુણ્ય છે, બીજો અજ્ઞાની પામર મીટ માંડી શકે નહિ. એની પાસે કહે નહિ. એટલે એમણે એક વાર ભગવાન એક સિંહાસન ઉપર બેઠા હતા. સમજાય છે? આનંદમાં ભગવાન બિરાજમાન છે. એમાં ઈન્દ્રે દેવીઓને નૃત્ય કરવામાં ઉતારી. દેવીઓ નાચતી. ભગવાન પાસે આમ નાચતી હતી. એમાં એક દેવી એવી ઉતારી કે નાચતા નાચતા એનું આયુષ્ય પૂરું થઈ ગયું. એમ દેવે જાણીને ઉતારી કે આનું આયુષ્ય હમણાં (પૂરું થવાનું છે). એને આની જેમ નથી શરીર, એ તો આમ વિજળીના ઝબકારાની જેમ શરીર ચાલ્યું જાય. ખલાસ થઈ જાય. જીવ ચાલ્યો જાય. એ દેવીઓ નાચતી હતી. ત્રણ જ્ઞાનના ધણી ભગવાન હજી મુનિ નહોતા. ૮૩ લાખ પૂર્વ રહ્યા. આમ જ્યાં દેવીઓ નાચ કરે છે, એમાં એક નિલાંજના નામની દેવી કે જેનું આયુષ્ય તે ક્ષણે પૂરું થાય એવી (રીતે) એને ગોઠવી હતી. સમજાણું કાંઈ? આ દેવના આયુષ્ય પણ આવા છે. તો મનુષ્યના ઢીંગલાની શું વાતું કરવી? આ તો દાળ, ભાતના ઢોકળા છે. એ ક્યારે પડે અને ક્યારે નાશ થાય એનો મેળ નથી. સમજાય છે કાંઈ? આ દાળ, ભાતના ઢોકળા છે. આ શું છે? ગરવા પડ્યા ઈ અહીં ખડકાણા છે. એને એ ન હોય. દેવને વૈક્રિયક શરીર હોય. એને આહાર-પાણી ન હોય. અમુક મહિને ઈચ્છા થાય તો કંઠમાંથી અમૃત ઝરે અને આહારની તૃપ્તિ થાય.

એનું આયુષ્ય પૂરું થયું, નાચતાં નાચતાં, હોં! નિલાંજના નામની દેવી આમ નાચ કરતી હતી. ફડાક ઊડી ગઈ, બીજા ભવમાં ગઈ. ભગવાને આમ જોયું, અરે..! આ દેવી એક હતી એ ચાલી ગઈ. એને ઠેકાણે બીજી દેવી ગોઠવી. નાચમાં ભંગ અને ખંડ ન પડે (એટલે) બીજી દેવી ગોઠવી. પણ આમ ધ્યાન હતું. એમ લક્ષમાં જરી આવ્યું. અરે..! શું કહે છે? જુઓ!

**'ઈસ દશ્યકો દેખકર ભગવાનકો શીઘ્ર હી ઈસ બાતકા વિચાર હુઆ કિ જિસ પ્રકાર યહ અપ્સરા વિલીન હોકર તત્કાલ પ્રકટ હુઈ હૈ; ઉસી પ્રકાર ઈસ રાજ્યલક્ષ્મીકા ભી સ્વભાવ હૈ...'** ભાન તો હતું, સમ્યગ્દર્શન હતું, ત્રણ જ્ઞાન હતાં પણ વૈરાગ્ય-ચારિત્રદશાનો વૈરાગ્ય નહોતો. આ પ્રસંગ એને બન્યો. પોતાના કારણથી એને બન્યો. જોનાર તો ઘણાં હતા, બીજાને કેમ વૈરાગ્ય ન થયો? સમજાય છે કાંઈ? એમ થયું, ઓહો..! આ દેવીનું આયુષ્ય આટલું? આ નાચતા નાચતા ખલાસ? ઓહો..! આ લક્ષ્મી ને રાજ બધા નાશવાન ક્ષણભંગુર છે. પ્રભુ! એ પ્રભુને એ વખતે જાતિસ્મરણ થાય છે. ત્રણ જ્ઞાન તો હોય છે. મતિજ્ઞાન એટલે સમ્યક્જ્ઞાન દ્વારા આત્માને જાણે અને બીજાને જાણે એવું સમ્યક્જ્ઞાન. શ્રુતજ્ઞાન એટલે આત્માની શાંતિ મળે અને બીજાને જાણે એવું શ્રુતજ્ઞાન. અવધિજ્ઞાન બીજાના મનની કેટલીક વાત ભૂત, ભવિષ્યના ભવને જાણે. એવું અવધિજ્ઞાન હતું.

આમ જ્યાં નિલાંજનાને જોઈ અને ગઈ એમ જ્યાં લાગ્યું,.. ઓહો..! વિજળીના ઝબકારા જેવું આ આયુષ્ય છે. શ્રીમદ્દ્ કહ્યું છે ને ભાઈ? નહિ?

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળનાં તરંગ
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.

સોળ વર્ષે જ્યારે મોક્ષમાળા-ભાવનાનો એક ગ્રંથ બનાવતા હતા, એમાં આ એક શ્લોક મૂક્યો. મહાસુખભાઈ! કેટલા વર્ષે? સોળ વર્ષે. કોના? દેહના. આત્માને કાંઈ વર્ષ નથી. આત્મા અનાદિઅનંત છે. દેહની સોળ વર્ષની ઉંમર (હતી) ત્યારે આ એક લખ્યું. 'લક્ષ્મી પ્રભુતા પતંગ,..' હે આત્મા! લક્ષ્મીના ઝબકારા વિજળીના ઝબકારા જેવા છે. એ આવ્યા ને જાશે, જાય ને આવ્યા, એ બધા વિજળીના ઝબકારા જેવા છે. સાચી વાત હશે મનસુખભાઈ! ઘણાં વર્ષથી સંઘરીને પડ્યા છો ને. એ... પૂનમચંદભાઈ! પૂર્ણચંદજી! પેલો આવ્યો છે કે નથી આવ્યો તમારો? નહિ આવ્યો હોય.

'વિદ્યુત લક્ષ્મી...' ભાવનામાં એ બોલ મૂક્યો. લક્ષ્મી તો વિજળીના ઝબકારા જેવી છે. 'પ્રભુતા પતંગ...' બહારની મોટપ તો પતંગના રંગ જેવી છે. કાગળને રંગ લગાવે ને? તડકો લાગે તો ફૂ થઈને ઊડી જાય. આ મોટા રાજા ને શેઠિયા ને અમલદાર ને પાંચ-પાંચ હજારના પગારદાર ને.. એ બધી પ્રભુતા પતંગના રંગ જેવી છે. 'આયુષ્ય તે તો જળના તરંગ...' અને આયુષ્યની સ્થિતિ તો જળનો તરંગ જેમ એક મોજુ ઉઠ્યું ને બેઠું, ઉઠ્યું ને બેઠું. 'આયુષ્ય તે તો જળના તરંગ, પુરંદરી ચાપ અનંગ રંગ'. આકાશમાં મેઘધનુષ નથી થાતું? ઈન્દ્રધનુષ. કાજલી આપણે કહે છે. કાજલી કહે છે ને? પેલું ઈન્દ્રધનુષ. ઈ આમ થાય અને જાય. એવો રંગ. 'પુરંદરી ચાપ..' ચાપ જેવું આમ ધનુષ હોય છે ને? ભોગના રંગ એ ઈન્દ્રના ધનુષ જેવા છે. સમજાય છે કાંઈ?

'પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.' એ ક્ષણના પ્રસંગોમાં ક્યાં

આત્મા રાચે છે? ભાઈ! એ ક્ષણના પ્રસંગ. વિજળીના ઝબકારા જેવી લક્ષ્મી અને એ પ્રભુતા મોટપ પતંગના રંગ જેવી. આયુષ્યના દોર એ જળના તરંગ ઉઠ્યા જેવા, બેસી જશે ફડાક દઈને. આ ઉપડ્યા. અને 'પુરંદરી ચાપ અનંગ...' અનંગ એટલે કામભોગ. અરે..! કામભોગા રંગ તો ક્ષણના પ્રસંગ. શું રાચીએ? પ્રભુ! ક્યાં આમાં રાચવું? એ ક્ષણની દોલતું ને ક્ષણના રંગ. એમ કરીને ભાવના આત્મામાં લીધી.

એમ અહીંયાં ભગવાનને ભાવના આવી. જાતિસ્મરણ (થયું). આમ તો ભાન છે, બધું છે. અરે..! આ દેવી પણ, જેને 'अमरी' અંદર શબ્દ પડ્યો છે ને? ભાઈ! 'अमरी' એટલે દેવને અમર કહે છે ને. અમર એટલે મોટું આયુષ્ય હોય. મોટું આયુષ્ય એટલે અમર. અમર એટલે કાંઈ ત્રિકાળ રહે એમ અમર નહિ. મોટા આયુષ્યવાળા. આવા નહિ, આ થોડાઘણાં (આયુષ્ય નહિ). પેલા તો અસંખ્ય અબજ વર્ષના આયુષ્ય હોય છે. દેવના અસંખ્ય અબજ વર્ષના આયુષ્ય (છે), જેથી એને અમર કહેવામાં આવે છે. એની સ્ત્રી માટે 'अमरी' (કહેવાય છે). કહે છે, ભગવાન આમ બેઠા હતા અને આમ જ્યાં જોયું, અરે..! આ દેવીનું આયુષ્ય તો ચપળ, ક્ષણમાં પૂરું થઈ ગયું. આહાહા..! ક્ષણમાં આ બધા રાજપાટનો નાશ થશે. લક્ષ્મી ચંચળ છે, આ રાજ ચંચળ છે. એમ વૈરાગ્ય કરીને અને એ ક્ષણે ભગવાને ચારિત્ર લેવાની ભાવના કરી. સમજાણું કાંઈ?

ભાવના કરી એટલે લોકાંતિક દેવોએ આવીને (અનુમોદના કરી). એનો નિયોગ છે, લોકાંતિક (નામનું) એક પાંચમું દેવલોક છે. સુધર્મ, ઈશાન, સનતકુમાર, માહેન્દ્ર-ચાર અને પાંચમું બ્રહ્મલોક છે. ઉપર દેવલોક ઘણાં છે, હોં! આ બધી વાત લોજીકથી સિદ્ધ થઈ શકે એમ છે, હોં! એક એક વાતને સિદ્ધ કરવા જઈએ તો લાંબી ચાલે ક્યાંથી? ન્યાયથી, જ્ઞાનના તર્કથી એ બધી વાત ભગવાને કહી છે. ત્રિલોકનાથ પરમાત્માએ જાણીને કહી. પ્રવચનસારમાં છે ને? ભાઈ! સુસ્પષ્ટ તર્કથી બધું સિદ્ધ થઈ શકે છે. કુંદકુદાચાર્ય પ્રવચનસારના કર્તા, એની અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી એમાં પાઠ છે કે ભગવાન સર્વજ્ઞે કહેલી જે બધી ત્રણ કાળ, ત્રણ લોકને જાણેલી વાત જ્ઞાનીને સુસ્પષ્ટ તર્ક દ્વારા સાબિત થઈ શકે છે. ન સમજાય અને ન સિદ્ધ થઈ શકે એવી વાત નથી. પણ એને માટે એનો પ્રયાસ અને તૈયારી જોઈએ.

એટલે આ કહે છે કે નાથ! પેલા લોકાંતિક દેવો આવ્યા અને સ્તુતિ કરે છે, પ્રભુ! બહુ સારો વિચાર કર્યો. આમ તો આપે રાગરહિત ચારિત્ર લેવાની તૈયારી કરી અને રાજને છોડીને પ્રભુ! બહુ ધન્ય, અમે આપને અનુમોદના આપીએ છીએ. અને અમારો નિયોગ છે, પ્રભુ! અમે તો પામરી છીએ. અમે દેવ એટલે પામર. સમજાય છે? પણ આપ મહા પવિત્રતાના પિંડ. પ્રભુ! આપ તો આ ભવમાં કેવળજ્ઞાન લેવાનો છો. અને ઘણાં જીવોને આપના ઉપદેશનું નિમિત્ત મળવાનું છે. માટે પ્રભુ! આપ નીકળો બહાર અને બરાબર આપે વિચાર કર્યો, યથાર્થ કર્યો છે. એમ કરીને દેવો વંદન કરીને ચાલ્યા ગયા. સમજાય છે? એ વાત જરી કહે છે.

સોળમી ગાથા.

वेरग्गदिणे सहसा, वसुहा जुण्णं तिणं व जं मुक्का।
देव! तए सा अज्ज वि, विलवइ सरिजलरवा वराई।।१६।।

જુઓ! એક અલંકાર કેવો (કર્યો છે)! સંતોએ ભગવાનને યાદ કરવા સ્મરણમાં કેવું લે છે? ભગવાન! આપને જ્યારે એ વખતે વૈરાગ્ય દશા, આમ રમણતા-આત્મામાં ચરવાની ચારિત્ર લેવાની ભાવના થઈ ત્યારે આપે આ રાજને તરણા સમાન છોડી દીધું.

હે નાથ! **'જિસ દિન આપકો વૈરાગ્ય હુઆ થા,...'** હિન્દી છે. **'ઉસી દિનસે આપને યહ પૃથ્વી પુરાને તૃણકે સમાન...'** પુરાનું તૃણ એટલે જૂનું તરણું, સડેલું તરણું (છોડે) એમ છોડી દીધું. પ્રભુ! આ પૃથ્વી દીન થઈ ગઈ. પેલી નદી હતી ને? નદી. ગામમાં નદી ચાલતી હતી ને બહાર? એ નદીના પૂરમાં કલ.. કલ.. કલ.. કલ.. અવાજ થતો હતો. બહુ પાણીના પુરના ધક્કા લાગે એટલે કલ કલ અવાજ થાય ને? ધોધના. એ લક્ષમાં લઈને આચાર્યદેવે ભગવાનને યાદ કર્યા છે. હે નાથ! આપે જ્યારે આત્માના આનંદની ઉગ્રતા પ્રગટ કરવા માટે રાજપાટને છોડ્યું, પૃથ્વીને સડેલા તરણા જેવી છોડી દીધી, પ્રભુ! આ પૃથ્વી પાણીના રવ રવ થાય એ કલ કલ રોવે છે. આહાહા..! શું કીધું આ?

આ પાણીમાં કલ કલ (અવાજ) થઈ રહ્યો છે, એ પૃથ્વી એ બહાને રોવે છે. અમે સનાથ હતા, ભગવાન છોડીને ચાલ્યા ગયા. છતાં રાજ ને પાટ અને જેના ઈન્દ્રો ભક્તો, જેના ચરણ ચાટે ઈન્દ્રો. જેના ચરણ ચાટે ઈન્દ્રો, જેના જન્મ પહેલાં આવે ઈન્દ્રો. અને માતાના પેટ સાફ કરે અને પંદર પંદર મહિના સુધી રત્નની વૃષ્ટિ (થાય). એવા ઈન્દ્રના પૂજનિક પ્રભુ! આપે સડેલા તરણા સમાન (રાજપાટને છોડી દીધા). અહીં એક પૈસો મૂકવો હોય તો વિચાર કરે. રૂપિયો મૂકવો હોય ને.. હાથમાં રાખે (ને) ઘણી વાર થાય તો પરસેવો થાય. પરસેવો થયો લાગે છે, મૂકી દઉં, લાવ. રૂપિયો રોતો હતો.

એક બીજો અધિકાર આચાર્યે આમાં લીધો છે. પદ્મનંદી (આચાર્ય). આ પૃથ્વી કૃપણને ન્યાં કેમ ગઈ? કે ઉદાર દિલવાળાએ પૈસાને ઠેકાણે ન રાખ્યા. આમથી આમ, આમથી આમ જ્યાં ત્યાં વાપરી નાખ્યા. ઉદાર દિલવાળાએ પૈસા, રૂપિયા લાખો ને ક્રોડો, અબજો વાપરી નાખે. ઠેકાણે પડવા દીધા નહિ. લક્ષ્મીએ વિચાર કર્યો કે એની પાસે જઈશ તો હું ઠેકાણે નહિ રહી શકું. કૃપણ પાસે જાઉં તો એના ભંડારમાં એક ઠેકાણે પડી તો રહું. પૂરણચંદજી! આ આચાર્ય કહે છે, હોં! આ બધા દાખલા આચાર્યે કહેલા (કહીએ છીએ), ઘરની વાત એક્કેય નથી.

ભગવાન ત્રિલોકનાથને સાધતા, આત્મદશાને સાધતા મુનિ કહે છે કે આ લક્ષ્મી કેમ એક ઠેકાણે રહી? કૃપણને, કંજૂસને ઘરે. એ થાકી ગઈ, ઉદારને ઘરે ગઈ ત્યાં જ્યાં ત્યાં, જ્યાં ત્યાં ખર્ચ્યા ખરચ, ખર્ચ્યા ખરચ. હજારો લાખોના દાન. કારણ કે શ્રાવકને એ કર્તવ્ય છે.

હંમેશા રાગ ઘટાડીને કાંઈક દાન કરે, કરે ને કરે. કાં તૃષ્ણા ઘટાડે, કાં મુનિ આદિ ધર્માત્માને દાન આપે. એવું એનું કર્તવ્ય છે. એટલે લક્ષ્મીના દાન એટલા કરે.. લક્ષ્મી થાકી ગઈ. મનસુખભાઈ! કહે છે કે એ નિરાંતે મને અહીં રાખશે હવે. એ ભંડાર કોઈ દિ' ખોલશે નહિ. આપણે નિરાંતે પડ્યા (રહીશું). માટે કૃપણના હાથમાં લક્ષ્મી ગઈ. એક ઠેકાણે પડી રહેવા માટે. એમ કરીને કૃપણની મશ્કરી કરી છે. અરે..! ભિખારી તને કાંઈક થોડા મળ્યા, એમાં કાંઈક દાન, ભક્તિ, પ્રભાવનામાં ખર્ચવાનો ભાવ ન આવે અને સંઘરીને પડ્યો, એ લક્ષ્મી જ એવી છે કે રહે અહીં હવે, થાક લાગ્યો છે તો ઉતારીએ અહીં. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, હે નાથ! એ દીન પૃથ્વી આ સમયે આપના વિયોગથી વિલાપ કરી રહી છે. શું કીધું? નદીને બહાને પ્રભુ! આપના વિરહ પડ્યા. આપે પૃથ્વીના રાજને છોડી દીધું. આ પૃથ્વીના રાજ કરતાં.. અરે..! કલ્પવૃક્ષો ખૂટ્યા ત્યારે આપે તેની આજીવિકા બતાવી, એને તરણાની જેમ છોડીને ચાલી નીકળ્યા, સામું જોયું નહિ. આ પૃથ્વીમાં પાણી કલ કલ કરે છે, ભગવાન! એ આપના વિરહના વેદનનું રોવું છે. આહાહા..! અલંકાર કરીને ભક્તિ(માં) ભગવાન.. ભગવાન થઈ રહ્યા છે. પરમાનંદને પ્રાપ્ત પ્રભુ, જ્યાં હોય ત્યાં પ્રભુ! હું તને દેખું છું. જ્યાં હોય ત્યાં દુનિયાના પ્રસંગમાં તને જ હું દેખું છું. ઓહો..! ત્રિલોકનાથ સર્વજ્ઞ, જેની એક સમયની ત્રણ કાળ ત્રણ લોક (જાણવાની) દશા! આહાહા..! એના અમને વિરહ. સમજાય છે? એના અમને વિરહ અને પૃથ્વી કહે છે કે અમને વિરહ.

કુંદકુંદાચાર્યને પણ એમ થયું હતું. ધ્યાનમાં હતા. પોન્નુર હિલ. એઈ..! પેલામાં ખોટું લખાણું છે. સવારમાં વાંચતા હતા. યોજુર.. યોજુર ક્યાં ગયા? પૂનમચંદ! સવારમાં યોજુર શબ્દ બોલે. આ શું કાઢ્યું આણે? કીધું. પોન્નુર હિલ શબ્દ જોઈએ. ન્યાં હું બેઠો હતો ને? સવારમાં દૂધ પીવા. યોજુર.. યોજુર નહિ, પોન્નુર હિલ. એ પોન્નુર હિલ મદ્રાસથી આ બાજુ એંસી માઈલ.. એંસી માઈલ છે ને? એંસી માઈલ (દૂર) વંદેવાસ (છે). ત્યાંથી પાંચ માઈલ છેટે પોન્નુર હિલ ટેકરી છે. ત્યાં બે હજાર વર્ષ પહેલાં આમ આનંદમાં બિરાજતા હતા. વિચાર કરતાં કરતાં એક વિકલ્પ એવો આવી ગયો, અરે..! અમે ભરતક્ષેત્રના માનવી, અમને પરમાત્માના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં અમને ત્રણ લોકના નાથની અહીંયાં હાજરી નહિ, અરે..! અમારા અવતાર પંચમકાળે (થયા). ભગવાન અહીં નહિ અને ભગવાન બિરાજે ક્યાંય. અમને વિરહ પડ્યા. સમજાય છે કાંઈ?

જેમ પતિ મરે અને પત્ની જેમ વિરહમાં વેદન કરે, એમ મુનિને અંદર એવો એ વિકલ્પ આવ્યો. આહા..! હે નાથ! પૂર્ણાનંદ સર્વજ્ઞપદ ન મળે અને જ્યાં બાપ ન મળે અને લક્ષ્મી ખૂટે એટલે કુટુંબમાં ક્લેશ થાય. એમ હે નાથ! કેવળજ્ઞાનના અત્યારે વિરહા પડ્યા. પિતાની અહીંયાં હાજરી ન મળે. અને પ્રજામાં ધર્મના બહાને કોલાહલ કરી મૂક્યો છે. કો'કે ક્યાંક ધર્મ માન્યો, કો'કે ક્યાંય માન્યો અને કો'કે કાંઈ માન્યો. જે વાસ્તવિક આપનું કહેવાનું સ્વરૂપ

હતું એ વાતને સમજનારા વિરલા થઈ ગયા. એમ કરીને અંદર વિકલ્પ આવ્યો હતો. પછી પુણ્યનો યોગ હતો (તો) ભગવાન પાસે ગયા હતા. વાત પહેલી બેસે, ન બેસે, પણ સાંભળો તો ખરા. એક વાત આવી છે. ગયા હતા, આઠ દિ' રહ્યા હતા અને વિરહ તોડ્યા હતા. ભરતક્ષેત્રના મુનિએ મહાવિદેહના ભગવાનની જાત્રા કરી અને ત્યાંથી આવી આઠ દિ' સાંભળી અને આ સમયસાર આદ શાસ્ત્રો બનાવ્યા. ત્રણ કાળ ત્રણ લોકમાં એ સત્ય વાત છે. એવા કુંદકુંદાચાર્યને ભગવાનના વિરહ સાલ્યા. એ ઉદ્દેશીને અમને વિરહ છે, એમ કહે છે મૂળ તો, ભાઈ!

આચાર્ય કહે છે, પૃથ્વી રોવે, અમને ખેદ થાય છે. સર્વજ્ઞના અમને વિરહ. પરમાત્માના વિરહ. અમારી સર્વજ્ઞ દશાના અમને વિરહ. એમ કરીને પૂર્ણાનંદની ભક્તિનો ભાવ ઉઠ્યો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**ચૈત્ર વદ-૧૪, રવિવાર, તા. ૧૦-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૬થી૧૯, પ્રવચન-૭૮૭**

પદ્મનંદી પંચવિંશતિ નામનું શાસ્ત્ર છે. એને વનશાસ્ત્ર કહેવામાં આવે છે. કેમકે વનમાં સંતો, મુનિઓ રહેતા હતા. અસંગપણાનું આત્મધ્યાન કરવામાં વનમાં રહેતા હતા. એ વનમાં લખાયેલું શાસ્ત્ર (છે) એથી એને વનશાસ્ત્ર કહેવામાં આવે છે. એ વનમાં રહેલા ભગવાન આચાર્યો પરમાત્માની સ્તુતિ કઈ રીતે કરે છે, એનો આબેહૂબ ચિતાર પોતે એમાં આપ્યો છે. એટલે?

ધનના અર્થીને ધનવાન પ્રાણી વ્હાલા લાગે છે. ધનના અર્થીને. એમ ગુણના અર્થીને ગુણવાન પરમાત્મા વ્હાલા લાગે છે. સમજાય છે કાંઈ? લક્ષ્મીવાળા વ્હાલા લાગે છે, પેલી લક્ષ્મીને કારણે. એમ ધર્મી પ્રાણીને, જેને ગુણ વ્હાલા લાગે છે. આત્માના જ્ઞાન, દર્શન, શાંત આદિ એવા ગુણના વ્હાલપવાળાને પરમાત્મા પાસે અનંત ગુણ છે અને પ્રગટ્યા છે માટે તેની વ્હાલપથી ભગવાનની ભક્તિ કરે છે. સમજાય છે કાંઈ?

એમાં અહીંયાં ઋષભદેવનું લક્ષ કરીને અત્યારે ભક્તિ ચાલે છે. ઋષભદેવ ભગવાન આ ચોવીસી એટલે કે અનંત અનંત તીર્થંકરોના પ્રવાહમાં અનંત ચોવીસી થઈ ગઈ. પણ આ ચાલતી ચોવીસીમાં પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ હતા. એની આદિ થઈ તીર્થંકરપણાની. મુનિપણામાં એ પહેલાં હતા, કેવળજ્ઞાનમાં એ પહેલાં હતા. તીર્થંકરપણે પહેલા હતા. વગેરે કારણે એમની સ્તુતિ આચાર્યે મોક્ષ પધારેલા છે છતાં જાણે સામે સમવસરણમાં બિરાજતા હોય, એમ ભગવાનનું લક્ષ કરીને, ભગવાનને લક્ષ કરીને એની ભક્તિ કરે છે. આપણે ૧૬ શ્લોક આવી ગયા. ક્યાં સુધી આવ્યું છે?

ભગવાન પૂર્વ ભવમાં સર્વાર્થસિદ્ધમાં હતા. ઋષભદેવ ભગવાન આ ભવ પહેલાં.. જુઓ! ભવ સિદ્ધિ કરે છે. અનાદિઅનંત આત્મા છે એમ સિદ્ધિ કરે છે. અને જે ભવમાં એમણે આત્મજ્ઞાન પૂર્વક તીર્થંકર ગોત્ર ઉપાર્જ્યું મહાપુણ્યવંત. પુણ્યની પ્રકૃતિઓ ૪૨ છે. એમાં તીર્થંકર પ્રકૃતિ જેવી પુણ્યની અતિશયવાન બીજી કોઈ પ્રકૃતિ નથી. એવી પુણ્યની પ્રકૃતિના ભાવ પૂર્વે આત્મજ્ઞાનની ભૂમિકામાં ઋષભદેવ ભગવાનના આત્માને પોતાના સ્વભાવમાં ઉન્નતિ ક્રમમાં ચડતાં ચડતાં આત્મામાં અનંત આનંદ, જ્ઞાનાદિ છે તેના ભાન અને જ્ઞાનમાં એના સ્થાનમાં જે આગળ ઉન્નતિ ક્રમે વધતાં વધતાં જ્યારે એમને એ ભાવ આવ્યો કે હું પૂર્ણાનંદને પ્રાપ્ત થાઉં અથવા બીજા જીવો ધર્મને પામે. સર્વ જીવ કરું શાસનરસી. અરે..! આ જગતના જીવો ચોર્યાસી લાખના અનંત અનંત અવતારમાં દુઃખમાં રળવળે અને ટળવળે છે. એવા પ્રાણીનો ઉદ્ધાર કેમ થાય, એવો જ એક શુભરાગ, પોતાની પૂર્ણ શાંતિની પ્રાપ્તિમાં આવો એક વિકલ્પ (આવ્યો). એમાં તીર્થંકર પ્રકૃતિ સહેજે બંધાઈ ગઈ. એને એ બંધનનો ભાવ આદર નથી

અને જે ભાવે પ્રકૃતિ બંધાણી એ ભાવનો પણ અંતરમાં સમ્યગ્જ્ઞાનીને આદર હોતો નથી. છતાં એને એવું પુણ્ય બંધાય. ત્યાગે એને આગે અને માગે એને આઘે. જે કંઈ પુણ્ય માંગે એને એવા પુણ્ય હોઈ શકે નહિ.

જેને આત્માના આનંદ અને જ્ઞાતા ચિદાનંદ સ્વરૂપ અનાકુળ ભગવાન, એના જ્યાં અંદર પ્રેમના રસના ઘૂંટડા પીવે છે, ભલે હજી આગળ કેવળજ્ઞાન નથી પણ આનંદ આનંદ, અતીન્દ્રિય આનંદનો અંતર્મુખ થઈને ધર્મીજીવ આત્માના આનંદના પ્યાલા-અનુભવ પીવે છે, એ પીતા પીતા એને આ જાતનો રાગ આવ્યો (અને) તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. એના પહેલાં સ્વર્ગમાં ત્યાંથી ગયા, ત્યાંથી વાત ઉપાડી છે.

હે નાથ! આપ જ્યારે સર્વાર્થસિદ્ધમાં હતા ત્યારે તેની શોભા આપને લઈને હતી. આપ જ્યારે ન્યાંથી નીકળ્યા અને અહીંયા પૃથ્વી ઉપર જ્યારે માતાના કૂંખમાં પધાર્યા, પ્રભુ! ત્યાંની શોભ નષ્ટ થઈ ગઈ. એમ કહીને શું કહ્યું? આત્માના આનંદના સાધકજીવો જ્યાં હોય ત્યાં જ એની પોતાની અને પરની શોભા એને લઈને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને પછી કહ્યું, પ્રભુ! આપ જ્યારે અહીંયાં આવ્યા તો પૃથ્વીની શોભા વધી ગઈ. એને-પૃથ્વીને વસુમતિ કહે છે. આપના જન્મ પહેલાં ગર્ભ વખતે અને જન્મ પહેલાં પંદર માસની રત્નની વૃષ્ટિ થઈ, એથી પ્રભુ! મને એમ લાગે છે કે આ પૃથ્વી વસુમતિ નહોતી. એ વસુમતિ ત્યારથી કહેવામાં આવે છે. એમ અલંકાર કરીને આત્માના આનંદના સાધક જીવો એના ગુણગ્રામ-ભક્તિ જ્ઞાની ભક્તિવંત ગાય છે.

ત્યાંથી આગળ ચાલતાં પ્રભુ! આપનું જ્યારે ગર્ભમાં આવવું થયું ત્યારે જેઠ વદ-૨ હતી, ત્યારે પૃથ્વીમાં વરસાદ પહેલો આવેલો એથી નવા અંકુર થયેલા. મને એમ લાગે છે કે પ્રભુ આ પૃથ્વી પહેલી અનાથ હતી. પણ આપ જ્યારે માતાના કૂંખમાં આવ્યા ત્યારે એ પૃથ્વી સનાથ થઈ. એથી આ લીલોતરીના અંકુરાથી જાણે ઉત્સાહ બતાવી રહી હોય, એમ મને તો પ્રભુ! તમારે લઈને બધું લાગે છે. સમજાય છે કાંઈ? ધર્મીને પરમાત્માના ગુણનો પ્રેમ છે અથવા ધર્મના સ્વભાવનો પ્રેમ છે એટલે જ્યાં ત્યાં ધર્મના સ્વભાવને શોધી લ્યે છે. પ્રભુ! એને લઈને પૃથ્વી સનાથ અને વસુમતિ કહેવાણી.

પછી કહે (છે), માતા તમારી એના કૂંખે આપ આવ્યા, બધી સ્ત્રીઓમાં માતાનું પદ ઊંચું થયું અને એ પણ મોક્ષગામી ઠર્યા. આપ જેવા માતા, આપ જેવા પુત્ર જેના પેટમાં સવા નવ મહિના રહ્યા, ભગવાન ચૈતન્યરત્ન આપ તો છો. એ જે ડાબલમાં રહ્યું, એ ડાબલું શરીર અને એમાં ધરનારો આત્મા, એને પણ ધન્ય કહેવામાં આવે છે.

એમ કરતાં પછી જન્મ થયો. મેરુ પર્વત (ઉપર) લઈ ગયા એની વાત કરી. આપને મેરુ પર્વત લઈ ગયા. ત્યારે ઈન્દ્રે આપના રૂપને આમ જોતાં હજારો આંખ્યું કરી. છતાં તેની પલક ન મારે એવી દેવની સ્થિતિ સફળ ત્યારે થઈ. આમ આપના રૂપને જોયું, આત્માના

પણ અંદર આનંદના, જ્ઞાનના આનંદના રૂપને જોયું ત્યારે એના જ્ઞાનનેત્ર સફળ થયા. ભક્તિ આવે છે બેય રીતે.

પછી આગળ લેતાં અહીં સુધી આવ્યું હતું. પછી ભગવાન એક વાર સિંહાસનમાં બેઠા હતા. એમાં દેવે આવીને દેવીઓના રૂપ ધારણ કરીને દેવીઓ પાસે નાટક કરાવ્યું. અરે..! ૮૩-૮૩ લાખ પૂર્વ ચાલ્યા ગયા. સર્વજ્ઞ થવાને લાયક આ આત્મા અને હજી ત્યાગ કેમ નહિ? અબજો વર્ષ ચાલ્યા (ગયા), સમ્યગ્દૃષ્ટિ છે, ત્રણ જ્ઞાનના ધણી છે. એટલે ઇન્દ્ર ઉપરથી ઉતરીને દેવીઓના રૂપમાં એક દેવી એવી મૂકી કે તે ક્ષણમાં આયુષ્ય પૂરું થવાનું હતું. એ દેવીને ત્યાં મૂકતાં ફડાક વિજળીનો ઝબકારો જેમ ખલાસ થઈ જાય, એમ દેવીનું આયુષ્ય ત્યાં ખલાસ થયું. ભગવાને જોયું. સિંહાસનમાં બેઠા હતા, હજી ગૃહસ્થાશ્રમમાં છે. સમકિતી છે, ત્રણ જ્ઞાન છે પણ ચારિત્ર હજી નથી. આમ જોતાં.. અરે..! આ દેવીની સ્થિતિ આ! જે દેવો અમર કહેવાય એ પણ ક્ષણમાં ચાલ્યા (જાય છે). એ દેવીની સ્થિતિ જ એટલી હતી. એને ઇન્દ્રે ત્યાં નાચમાં ઉતારેલી. દેવાંગનાનું આયુષ્ય ત્યાં પૂરું થયું એટલું એક લક્ષ જ્યાં અંદર આવ્યું (ત્યાં) વૈરાગ્ય થઈ ગયો.

ઓહો..! આ બધું નાશવાન છે. આ નાશવાનમાં અત્યાર સુધી મારી અસક્તિ રહી. રુચિ નહિ, દૃષ્ટિ સમ્યક્ હતી, ભાન આત્માનું હતું. રાગાદિ હતો એનો અંતરમાં આદર નહોતો. પણ આસક્તિ મારી રહી, સમ્યગ્દર્શન હોવા છતાં, એ આસક્તિ હવે મને ન પાલવે. એમ એના રાગનો ત્યાગ કરવા પોતે તૈયાર થયા. ત્યારે એણે પોતે મુનિપણું લીધું. એ ઉદ્દેશીને વાત કરી કે પ્રભુ! આપ જ્યારે ત્યાગી થયા, રાજપાટને છોડ્યા, પ્રભુ! મને તો એમ લાગે છે કે નદીમાં જે વેલવલાટ ગામબહાર ચાલે છે ને, અયોધ્યા નગરીમાં નદી ચાલતી હતી. એનો કલ.. કલ.. કલ.. કલ.. અવાજ થતો. ભગવાન! આ કલ કલ અવાજ કોનો? ધર્માત્મા ધર્મીમાંથી મર્મ કાઢીને આત્માના ગુણના ગુણગ્રામ કરે છે. પ્રભુ! આ પૃથ્વી વિલાપ કરે છે, હોં! આપના વિરહે, અહો..! જેના સનાથપણા હતા એ પૃથ્વીને આપ છોડીને આત્માના ધ્યાન માટે નીકળી ગયા, પ્રભુ! આ પૃથ્વી પાણીને બહાને કલ કલ રોવે છે. છેલ્લી એક ગાથા આવી છે આપણે.

એનો અર્થ ધર્માત્માને પણ પરમાત્માના વિરહે ખેદ થાય છે. જેને આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી છે અને આત્માના જ્ઞાન ને આનંદનું ભાન છે, એને પૂર્ણાનંદની પ્રાપ્તિના પરમાત્માનો વિરહ લાગે છે. સમજાય છે કાંઈ? એક ફેરી આનંદઘનજી કહેતાં,

વિરહ વ્યથા કછુ ઐસી વ્યાપતિ, માનું કોઈ મારતી બેજા,
અંતક અંત કહાલૂ લે પ્યારે, ચાહે જીવ તૂ લેજા.

ભગવાનના અમને વિરહ અને અમારા પૂર્ણ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિના અમને વિરહ. હે આત્મા! હવે સમાઈ જા. હવે સમાઈ જા. બીજી વાત કરીશ નહિ. એમ કરીને પોતાના

પૂર્ણાનંદની ભાવના કરે છે.

અહીં પણ કહે છે, હે નાથ! આ જગતના પ્રાણીઓ આપના વિરહે,... આ ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા, નાથ! એ નદીને બહાને કહે છે કે અમને વિરહ પડ્યા તારા. અહો..! સર્વજ્ઞદેવ સાક્ષાત્ જ્યાં બિરાજતા હોય, એ પૃથ્વીને ધન્ય છે! એ જમીનને ધન્ય છે! એ તીર્થક્ષેત્ર અને તીર્થ કહેવામાં આવે છે. એમ કહીને પોતાના પૂર્ણાનંદની પ્રાપ્તિનો વિરહ વેદી રહ્યા છે. એ સોળ ગાથા થઈ. હવે ભગવાન ધ્યાનમાં ઊભા એની વાત કરે છે. ક્રમે ક્રમે વાત કરી, સર્વાર્થસિદ્ધમાંથી આવ્યા, દીક્ષા લીધી, હવે ધ્યાનમાં ઊભા છે. ભગવાન આમ કાયોત્સર્ગમાં આમ આનંદકંદમાં (લીન છે). શું કહે છે? જુઓ! ૧૭મી ગાથા. એ આચાર્ય છે, આત્મજ્ઞાની છે, આનંદના ધ્યાની છે અને પૂર્ણાનંદનો અભાવ પંચમકાળમાં (છે). એટલો પુરુષાર્થ નથી એથી પૂર્ણાનંદની પ્રાપ્તિના પરમાત્માને નજીકમાં લાવીને એનું સ્તવન કરે છે. ૧૭.

**अइसोइओ सि तइया, काउस्सग्गट्ठिओ तुमं णाह।**
**धम्मिक्कधरारंभे, उज्झीकय मूलखंभो व्व।।१७।।**

ઋષભદેવ ભગવાન જ્યારે કેવળજ્ઞાન પામ્યા નહોતા અને જ્યારે આત્માની અંદર.. શું કહે છે? જેમ એક સ્ફટિકનો થાંભલો હોય, સ્ફટિકનો સ્તંભ. એમ આ દેહદેવળમાં ચૈતન્યરત્ન, આનંદનો કંદ, દેહ પ્રમાણે આનંદનો થાંભલો છે. સમજાય છે કાંઈ? આ દેહ તો માટી છે. એક ફેરી દાખલો આપ્યો હતો, પેલા કંદોઈનો. કંદોઈ લાકડાના બીબા કરી અને એમાં સાકરનો રસ રેડે, રસ. પુરુષના આકારે પૂતળી બનાવી, લાકડાના, એમાં રસ રેડે. થોડી વાર દોરો બાંધી રાખે. દોરો છોડે તો સાકરની પૂતળી ધોળી અને મીઠી આખી આમ પૂતળું દેખાય. એમ આ દેહના લાકડા, પાટિયા છે. એનું લક્ષ છોડી દે અને અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પના મેલ છે તેનું લક્ષ છોડી દે. અંતરમાં શરીર પ્રમાણે અનાકુળ આનંદનો ચૈતન્ય રૂપી સ્ફટિક રત્નનો થાંભલો આત્મા અંદર પડ્યો છે. ભગવાન જાણે શું હશે આ? નટુભાઈ! સમજાય છે કે નહિ આમાં? શું કીધું? એવા ચૈતન્યની હયાતીની ખબર નથી.

આખો ચૈતન્ય પદાર્થ, વસ્તુ.. વસ્તુ.. વસ્તુ. એક સમયમાં ભગવાન અનંત બેહદ જ્ઞાન અને આનંદનો કંદ (છે). એ હશે. વિચાર કર્યા નથી, મંથન કર્યું નથી. અહીંયાં જેને ભાન થયું એ ભાનવાળાની ભક્તિ કરે છે. હશે કહે છે, એમ કહે છે. જુઓ! દાખલો આપીએ. ધ્યાન રાખો! આનંદને માટે દાખલો આપીએ.

એક શેઠિયાનો દાખલો આપીએ છીએ. એક કરોડપતિ શેઠ હતો. ધ્યાન રાખજો. પછી એને એકનો એક દીકરો. દીકરાને કહ્યું કે, દીકરા! રળીશ નહિ હોં હવે. આપણે ઘણાં પૈસા છે. પણ છોકરાને એમ થાય કે બાપનું દીધેલું વાસી ખાવું, ઈ કરતાં લાવ ને હું પણ થોડું રળું. એણે કર્યો સટ્ટો. એમાં ખોયા દસ લાખ. ધ્યાન રાખજો! ન્યાયને સમજવા માટે આ હશે એમાંથી હા છે એમ કાઢવું છે. હશેમાંથી છે, એમ કાઢવું છે. જુઓ! જ્યાં જોવે ત્યાં

પેટમાં દુઃખે તો એને ખ્યાલ આવે છે કે અહીં કાંઈક છે, અહીં કાંઈક છે. એ આખા શરીરમાં જ્ઞાન વ્યાપેલું છે-આત્મા. હવે એમાં આનંદ કેમ છે, એની વાત સિદ્ધ કરવી છે આપણે. શરીર પ્રમાણે ચૈતન્યબિંબ ભગવાન પ્રકાશની મૂર્તિ સ્ફટિક રત્ન (બિરાજે છે).

એમ એના આત્મામાં આનંદ અને શાંતિ ને સંતોષ છે. કઈ રીતે? જેમ કે એ કરોડપતિના છોકરાએ દસ લાખ ખોયા. એ છોકરો દસ લાખ લેવા ન આવ્યો. કારણ કે બાપ સત્તાપ્રિય માણસ અને મને વળી ના પાડી છે અને જઈશ તો બે-ચાર સરખાઈની ચોપડી દેશે. એટલે એનો મિત્ર હતો એને કહ્યું, ભાઈ! બાપા પાસે જા. દસ લાખ લઈ આવ. નહિતર સવારે મોઢું નહિ ભાળે, હોં! જેની સાથે અમે વેપાર કર્યા, નાગરવેલના પાન ચાવ્યા ત્યાં કોલસા નહિ ચાવી શકું. મારી પાસે પૈસા નથી એમ બોલી શકીશ નહિ. રાત્રે ગળે ફાંસો ખાઈશ. જા બાપાને કહે દસ લાખ આપે. ધ્યાન રાખજો આમાં. પેલો મિત્ર ગયો એના બાપ પાસે. મિત્રના બાપ પાસે. મિત્ર કહે છે, બાપુજી! દસ લાખ આપો. કેમ? છોકરાએ ખોયા છે. જરી સત્તાપ્રિય માણસ એટલે સરખાઈની બે-ચાર ચોપડી દીધી. સરખાઈની એમ. જે આવડે એવી સરખાઈની. એ... મારા સાળાને કીધું હતું, મરી જા. મરી જા તોય નહિ આપુ. બહુ સારી વાત છે. મિત્ર કહે છે, બહુ સારી વાત છે. સાંભળો ને બાપા! એક વાત તો સાંભળો અમારી. શું? શું કહેવું છે તારે? દસ લાખ એના ગયા કે તારા ગયા ખબર છે તને? બાપુજી! ખબર છે તમારા ગયા કે એના ગયા? અમારા ગયા દસ લાખ, એના ગયા શું? સીત્તેર વર્ષની ઉંમર છે તમારી. એક પછેડી ફાડવાના છો. એ ક્રોડ એને દેવાના હતા. દસ લાખ એના ગયા. એને નેવુ લાખ (મળશે). તમારે તો કાંઈ વાપરવા નથી. ક્રોડ ગયા એમાં દસ લાખ એના ગયા. એક વાર નજર ફેરવ.

પ્રતિકૂળતા આવેલી છતાં એમાં લક્ષ હતું કે મારા ગયા, ત્યારે મમતા થતી. એને એમ થયું કે મારે તો પછેડી ફાડવાની હતી. એને દેવા હતા ક્રોડ, એ લેશે નેવુ લાખ. એના ગયા. જ્ઞાનમાં, વર્તમાન જ્ઞાનમાં પ્રતિકૂળતા આવવા છતાં જેમાં સમાધાન કરવાની તાકાત છે એનામાં અનંત પ્રતિકૂળતામાં સમાધાન કરવાની તાકાત છે, એનું નામ સંતોષ અને આનંદ કહેવામાં આવે છે. અરે..! પણ કોઈ દિ' કાંઈ કોણ છે અંદર અને કેવડો અને ક્યાં છે, ખબરું ન મળે. પોતાના ઘરની ખબર ન મળે અને પારકી પંચાતના વા. દેવના દીકરા ઉતર્યા જાણે પરની વાતું કરવી હોય તો. પણ એલા તું કોણ?

શ્રીમદ્દે કહ્યું ને?

ઘટ-પટ આદિ જાણ તું, તેથી તેને માન,
પણ જાણનારને માન નહિ, કહીએ કેવું અજ્ઞાન?

જે જ્ઞાનમાં.. મનસુખભાઈ! આમ બને છે કે નહિ ગૃહસ્થાશ્રમમાં? એ દસ લાખ મારા ગયા એમ મમતા હતી, એ જ્ઞાનમાં લક્ષ ફેરવી નાખ્યું કે મારા નહિ. એના ગયા. જે જ્ઞાનના

વર્તમાન અંશે પ્રતિકૂળતાના પ્રસંગમાં સમાધાન સંતોષ કરતાં જેને આવડે છે, એ જ્ઞાનમાં અનંતી પ્રતિકૂળતાના પ્રસંગમાં સમાધાન જ્ઞાતા-દૃષ્ટા રહીને શાંતિને વેદતા આવડે છે. એ આત્મામાં અનંત શાંતિ છે એમ સિદ્ધ કરે છે. શું કરે પણ? ઘડિયા પલાખાથી ન્યાય કાઢતા (આવડે નહિ). સમજે તો સમજે, નહિતર એ થોથા લાગે એને.

ભગવાન! તારામાં એટલી શાંતિ અને આનંદ છે કે અનંતી પ્રતિકૂળતા હો તોપણ જ્ઞાતા-દૃષ્ટાપણે રહી, પરને જ્ઞેયપણે જાણી અને પોતામાં સમાધાન શાંતિથી સમાધાન કરવાની એનામાં તાકાત છે. એ અંતરમાં સંતોષ અને આનંદ છે એમ સૂચવે છે. સમજાય છે કાંઈ?

એમ અહીં ભગવાન પોતાના આનંદમૂર્તિ આત્માને દેહદેવળમાં, જેમ સ્ફટિકનો સ્તંભ પડ્યો હોય. અરે..! કોઈ દિ' એના વિચાર નહિ, વિશ્વાસ નહિ. એક ચૈતન્ય જાણે તેને બધું જાણવામાં આવે. એક જાણે એ બધું જાણે અને એક ન જાણે એણે મીંડા જાણ્યા છે. મીંડા મંડાણા આવ્યું છે ને? ભાઈ! પેલામાં નહોતું? એક સ્તવનમાં મૂક્યું છે ને. ક્યાં ગયા? એકમાં આવ્યું છે ને? ક્યાંક છે પાનું. એક પાનું હતું. કો'ક બોલ્યા હતા ને ઈ. એમાં આવ્યું હતું.

જીંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળો માંડજો,
સમજુ સજ્જન અને શાણા રે, જરા સરવાળો માંડજો.
આતમતત્ત્વને જાણ્યું ન જેણે, સરવાળે મીંડા મંડાણા રે
જરા સરવાળો માંડજો...

પૂરણચંદભાઈ! શું કહે છે આ?

મોટરો વસાવી તમે બંગલા બંધાવ્યા,
ખૂબ કર્યા એકઠા નાણા રે.. જરા સરવાળા માંડજો..

શેના સરવાળા પણ? મીંડામાં સરવાળા શેના આવે? વાસ્તવિક ચૈતન્યસંપદાની મૂડી સચ્ચિદાનંદ પ્રભુ અનંત જેનામાં જ્ઞાન અને આનંદની સંપદા પડી છે એવી સંપદાની નજરું અને વિશ્વાસ ન મળે, એના સરવાળે શૂન્ય જ પડે, બીજું આવે શું? શું હશે આમાં? પાંચ-પચાસ લાખ કમાણા તે કાંઈ સરવાળે આવતું હશે કે નહિ? ધૂળમાંય નથી, હવે સાંભળને! ધૂળ તો એ બધા પૈસા ને માટી, એ તો જડ છે. તારી પાસે શું આવ્યું તને? મનસુખભાઈ! મમતા.

દેશે ફર્યા ને તમે વિદેશે વિચર્યા, ટેબલ ઉપર ખૂબ કર્યા ખાણા રે..
જરા સરવાળા માંડજો.
ઉગ્યાથી આથમતા ધંધાની ઝંખના, ઉઠાના આમ તેમ પાણા રે,
જરા સરવાળા માંડજો.

પાણા ઉથાપ્યા. મનસુખભાઈ! દવાની ડાબલીઓ, ઈ પાણા બધાય. અને કપડાના પોટલા. એઈ..! ન્યાલભાઈ! તમારે શું માખણ ચોપડવા છે ને. ઉઠાવ્યા પાણા. અરે..! ભગવાન!

ચિદાનંદની જ્યોત આખો છો, એની તેં નજરેય ન કરી. એનો તને વિશ્વાસેય ન આવ્યો તો પરમાત્માના ગુણ પ્રત્યે તને પ્રેમ આવી શકશે નહિ. સમજાય છે કાંઈ?

ડાહ્યા થઈને તમે પૂછાણા પંચમાં, મોટા થઈને મનાણા રે..
જરા સરવાળો માંડજો..
ખાધું-પીધું ને તમે મોજું બહુ માણી, તૃષ્ણાના પૂરમાં તણાણા રે..
જરા સરવાળો માંડજો..
લાવ્યા'તા કેટલું, લઈ જવાના કેટલું? આખર તો લાકડા ને છાણા રે..
જરા સરવાળો માંડજો..

કોઈ આપશે નહિ, હોં! અડવા નહિ દે પેલા મડદાને. લાકડાના પેલાને શું કહેવાય? એને અડે તો ભૂતડું થઈને આવશે. ભાઈસા'બ પણ મકાન એણે બનાવ્યા છે ને? પણ ઈ અડે છે. પેલું મડદું કાઢે ને આમ સીધું. અડવા દેશો નહિ બેય બાજુ એને. કારણ કે ભૂતડૂં થઈને આવશે. આહા..! આ જગતની તૃષ્ણા અને આ મોહજાળની માયા.

એક આત્મતત્ત્વને જાણ્યું ન જેણે, સરવાળે મીંડા મંડાણા રે...

મીંડા પણ પહેલો એકડો હોય ત્યારે મીડા ક્યાંથી આવે? પહેલેથી મીંડા હતા તો સરવાળે મીંડા આવ્યા. સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણાનંદની પૂતળી છે. આહાહા..! દેહના પડદાની પાછળ ભગવાન.. એક વાર કહ્યું હતું, નહિ?

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ
તરણા ઓથે...

એ પુણ્ય અને પાપની મમતાના તરણામાં એની પાછળ અખંડાનંદ ચિદાનંદ ભગવાન પોતાનો સ્વભાવ છે, એને અજ્ઞાની જોતા ને ભાળતા ને જાણતા નથી. સમજાય છે કાંઈ? એવા આત્માને જેણે જાણ્યો અને જોયો એને પૂર્ણ પ્રાપ્ત થવાની અભિલાષા છે, એવા ભગવાનને ઉદ્દેશીને (સ્તવન કરે છે). હે નાથ! આપ જ્યારે... પોતાનું ધ્યાન કરે છે ને? ધ્યાન એટલે એકાગ્રતા. ભગવાનને કહે છે, હે નાથ! '**જિસ સમય આપ કાયોત્સર્ગ સહિત બિરાજમાન થે,...**' આત્માના અંદરમાં... ધ્યાન તો કરતાં બધાને આવડે છે. પણ રાગ ને દ્વેષનું ધ્યાન. આવડે છે કે નહિ? કોઈ પાંચ-પાચ પચાસ હજાર ખર્ચવાના હોય, દીકરાના લગ્ન હોય અને બરાબર એક થાળ વેંચવો હોય નાતમાં અને એક-એક રૂપિયો દેવાનો હોય, એમાં વિચારમાં ચડ્યો હોય બે કલાક અને છોકરાના લગ્ન હોય. વરઘોડો ચાલ્યો હોય, ચોકમાં ગયો હોય અને અહીં એક કોર ખૂણામાં બેઠો (હોય). બાપા! ગયો વરઘોડો ચોકમાં. હેં..! હું તો વિચારમાં ચડી ગયો હતો. કાલે આમ કરવું ને (આમ કરવું). બે ઘડીના વિચારમાં નગારા વાગ્યા એની ખબર ન રહી એને. શેના? પેલા રાગના ધ્યાનમાં. મનસુખભાઈ! આમ થાતું હશે કે નહિ?

એ વિચારની ધારા ચાલે, રાગની, એના વિચારમાં નગારા વાગ્યા છોકરાના લગ્ન છે ને. જુઓ! આ ચોકે મંડાણો એનો વરઘોડો. ભૂલી ગયો. હું મારા વિચારમાં ચડી ગયો. ધ્યાન તો આવડે છે, પણ રાગનું અને વિકારનું.

પણ જેને રાગની અને વિકારની પ્રીતિ જઈને ભગવાન આનંદકંદનો પ્રેમ થયો, એના ઉપર એનું ધ્યાન લાગે એ પણ બહારનું ભૂલી જાય છે. સમજાય છે કંઈ? ન્યાલભાઈ! ઈ સંસારના વિચારમાં ધ્યાન રાખતા હશે કે નહિ? એવી લાગે, એવી લાગે અંદરથી. વ્યભિચારી માણસને એની વ્હાલી સ્ત્રી વ્યભિચારિણી હોય એ એના સપનામાં દેખાય. અને કાં તો કેટલાક એવા સાંભળ્યા છે, આમ આવી હતી ને. આવે શું? ધૂળ. તારી કલ્પના દેખાય છે ત્યાં. જેના ઉપર જેને પ્રેમ, તેના એને સપના દેખાય છે. આ આવી હતી ને, આ આવી હતી ને. કોણ? ધૂળ આવે. પણ કલ્પનાનું રૂપ એને તાદશ્ય દેખાય છે. એમાં લીન થઈ જાય છે.

ધર્માત્મા પોતાનો આત્મા વિકાર વિના અને શરીર વિનાનો છે, એમ જ્યાં ભાન થયું છે, એના ધ્યાનમાં લીન થાય છે, જગત ભૂલી જાય છે. જગતને ભૂલી જાય છે કે હું છું અને જગત નથી. એવોય અંદર વિકલ્પ રહેતો નથી. એવી સમ્યગ્દૃષ્ટિને ધ્યાનની કળા અંતરમાં જાગે છે, એ પરમાત્માના ધ્યાનની કળા, પૂર્ણ પ્રાપ્ત કરવાની કળા જે આમ જોવે છે, એને ઉદ્દેશીને કહે છે, પ્રભુ! આપ કાયોત્સર્ગમાં બિરાજમાન હતા, એ '**ધર્મ રૂપી ઘરકે નિર્માણમેં ઉન્નત મૂલસ્તંભકે સમાન...**' આખા ઘરનું જેમ નિર્માણ કરે, આખું મકાન, એમાં વચલો મોટો સ્તંભ હોય ને, એમ ધર્મ રૂપી સ્વભાવના આપ થાંભલા હતા. આ વાતું પણ કેમ (બેસે)? આ માટીના વિચાર, ધૂળના વિચાર, હાડકા, માંસ ને ચામડા. ભવિષ્યની રાખ કહો તો અત્યારે પણ રાખ છે. અત્યારે આને મડદું કહે છે, હોં! એના વાંધા, ભાઈ! અત્યારે મડદું નહિ. અત્યારે મડદું કહે છે ભગવાન.

અમૃત સ્વભાવ ભગવાન,.... અમૃતચંદ્રાચાર્યે ૯૬ ગાથામાં કહ્યું છે, સમયસારમાં ૯૬ ગાથામાં. કર્તા-કર્મનો અધિકાર આપણે સવારે વંચાય છે ને? એની ૯૬મી ગાથા છે. છે અહીં? કેટલાક કહે, પણ અત્યારે મડદું નહિ. અહીં કહે છે કે અત્યારે મડદું છે, સાંભળ! જુઓ! શું કહે છે? ૯૬મી ગાથા છે. અરે..! '**મૃતક કલેવર (-શરીર) વડે...**' આ મડદું છે આ. પરમાણુ માટી અચેતન જડ. એ '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' મૃતક કલેવરમાં.. અમૃતચંદ્રાચાર્ય મુનિ સંત જંગલ વનવાસી આત્મધ્યાની સંત મહંત હતા. એમણે સમયસારની ૯૬ ગાથાની ટીકા કરી, એમાં કહ્યું કે અરે..! આત્મા! તું તો અમૃતરૂપ વિધાનઘન છો. આહાહા..! એકલો આનંદનો વિજ્ઞાનઘન છો. એ મૃતક કલેવર આ મડદાં, એની મૂર્છામાં ગયો, તેં અમૃતને વિસાર્યા. '**મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' ભગવાન આનંદની મૂર્તિ, સમ્યગ્દર્શન અને આનંદના ભાન વિના એને ભાસતી નથી. એ જ્યારે ભાસતું નથી ત્યારે મૃતક કલેવરમાં ભગવાન વિજ્ઞાનઘન મૂર્છાઈ ગયો.

ધર્માત્મા અમૃત વિજ્ઞાનઘનમાં લીન થયા. પેલો શરીરમાં મૂર્છાઈ ગયો. ભરત ચક્રવર્તી જેવા સંસારમાં હતા, છ ખંડના રાજ હતા, ૯૬ હજાર સ્ત્રી હતી. છતાં ઘણાં વખતે એને આત્માના ધ્યાનમાં અમૃતના ઝરણા વેદાતા. શું પણ આ હશે? આ દેહમાં આખી ચૈતન્યની પૂતળી આનંદના રસથી ભરેલો ભગવાન, એનું કાયોત્સર્ગમાં કાયા અને મનનો ઉત્સર્ગ-લક્ષ છોડી દઈ.. કાયોત્સર્ગ એટલે કાયા અને મન, વાણી અને પુણ્ય-પાપના રાગ, એ બધું કાયામાં જાય છે. એનો ઉત્સર્ગ નામ લક્ષ છોડી દઈ, ભગવાન આત્માના ધ્યાનમાં ૠષભદેવ હતા, એને લક્ષીને કહે છે, પ્રભુ! આપ તો ધર્મના થાંભલા છો. સમજાય છે કાંઈ?

ઘરમાં સારો માણસ હોય તો કહે ને? કે આ અમારો થાંભલો છે. ડાહ્યો છે, એમ કહે છે ને? કર્મી છે. કર્મી, કર્મી છે. કર્મનો કરનારો. ન્યાલભાઈ! તમને બધા બિરૂદ બહુ આપે. મોઢાઆગળ જે માથાવાળા પડે ને, એને કહે કે આ કર્મી છે ને આવા છે ને આવા છે. કર્મીને? ધર્મી નહિ ને? વિકારના કરનારા અને કર્મના કરનારા અને અમારા ઘરમાં દીવો છે. વિકાર કરતો જાય છે, એ જાય અને અમને પણ ભેગો હેઠે કૂવામાં (લેતો જાય છે). આ ભગવાન ત્રિલોકનાથ મોક્ષને પંથે પડ્યા, બીજા મુનિઓ અને ધર્માત્માને લક્ષ કરાવે છે. જુઓ! આ ધ્યાન. આહા..! હે નાથ! આપનું ધ્યાન ધર્મ રૂપી નિર્માણ સ્થંભમાં **'ઉન્નત મૂલસ્તંભકે સમાન આપ અત્યંત સુશોભિત હોતે થે.'** સમજાય છે કાંઈ? એમ કરીને પેલા ધ્યાનની, આનંદની અનુમોદના કરે છે.

પહેલા શ્લોકમાં એ આવ્યું છે, ભાઈ! એનો પહેલો શ્લોક છે ને શરૂઆતનો? એમાં તો એવું કહ્યું છે, હે નાથ! એ પણ ૠષભદેવની સ્તુતિ છે પહેલો શ્લોક. તદ્દન પહેલો. આપ જ્યારે અંતર આનંદના.. આહાહા..! અરે..! આ છતો પદાર્થ એને અછતો કર્યો જ્ઞાનમાં અને અછતાને છતા માન્યા અજ્ઞાનમાં. આખો ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદથી ભરેલો એવો છતો પ્રભુ, એને અછતો કર્યો. અનાદિ અજ્ઞાનમાં. જ્યાં જ્ઞાનમાં ભાન થયું, અરે..! આત્મા આ, પૂર્ણાનંદ અને જ્ઞાનની મૂર્તિ છું. જે પરમાત્મા, એને જોઈને અનુમોદન અને ભક્તિ ઉછળે છે. આહા..! ધન્ય પરમાત્મા! આપના ધ્યાન એ ધર્મના થાંભલા થઈ ગયા. ધર્મ રૂપી મકાનની ઉત્પત્તિમાં આપ સ્તંભ સમાન છો. આત્માનું ધ્યાન રાગરહિત સ્વભાવના ધ્યાનમાં થાંભલા સમાન (છે). પહેલા શ્લોકમાં છે જરી, ભાઈ! પહેલો શ્લોક છે ને? શું છે જુઓ! ટૂંકામાં કહીએ.

**'દોપહરકે સમય જિન આદીશ્વર ભગવાનકે ઉપર રહા હુઆ તેજસ્વી સૂર્ય, જ્ઞાનાવરણાદિ કર્મ રૂપી ઇંધનકો પલ ભરમેં ભસ્મ કરને વાલી, વૈરાગ્યરૂપી પવનસે જલાઈ હુઈ ધ્યાનરૂપી અગ્નિસે ઉત્પન્ન હુએ મનોહર સ્ફુલિંગોંકે સમાન જાન પડતા હૈ,...'** શું કહે છે? હે નાથ! અમને તો એમ લાગે છે કે આપ જ્યારે અંદરના આનંદના ધ્યાનમાં હતા ને, ત્યારે ધ્યાનાગ્નિને લઈને આપનું અંદર કર્મશરીર બળવા લાગ્યું. અને બળીને

એમાં એક .. ઉઠ્યો. અગ્નિના તણખા ઉડે ને? તણખા. ભગવાન! એ તણખો ઉડીને આ સૂર્ય દેખાય છે. જુઓ! આ સૂર્ય દેખીને પણ આ વિચાર આવ્યો. ઉત્પ્રેક્ષા અલંકાર છે. છે એમાંથી બીજું રૂપ કાઢવું એનું નામ ઉત્પ્રેક્ષા, ઉત્પ્રેક્ષા અલંકાર (છે). ધ્યાનમાં હતા ત્યારે એ ધ્યાનને દેખીને ભક્તો કહે છે, હે નાથ! આપના આનંદના કંદમાં જ્યારે પ્રભુ આપ મસ્ત હતા ત્યારે એ ધ્યાનરૂપી અગ્નિ વડે કર્મરૂપી જ્વાળા સળગી, એની અગ્નિનો એક તણખો ઉડીને આ સૂર્ય દેખાય છે. શું કીધું સમજાય છે કાંઈ?

પહેલું એક ફેરી કહ્યું હતું, 'જગતડા કહે છે રે ભગતડા કાલા છે.' સાંભળ રે સાંભળ! 'કાલા ન જાણશો રે, પ્રભુને એ વ્હાલા છે.' પ્રભુની રમતું અને ધર્મની રમતું અજ્ઞાનીના કાળજે બેસે નહિ. એ આમ પરમાત્માને દેખીને એમ કહે છે, હે નાથ! આ સૂર્ય શું છે? એ તો આપ ધ્યાન કરતા હતા, એમાં કર્મ સળગ્યા ને, એનો એક તણખો ઉડીને ઉભો રહ્યો છે. શું કહ્યું સમજાય છે કાંઈ? એ પરમાત્માના આનંદના લક્ષમાં રહીને રહેનારા જીવો...

અને એક ઠેકાણે એમાં એમ પણ કહ્યું છે, પેલા દાનના અધિકારમાં. જેના ઘરમાં સંતોની ભક્તિ નથી, જેના ઘરમાં પરમાત્મા છદ્મસ્થપણે હોય અને જેને ઘરે સત્સમાગમ અથવા આહાર લેવા આવે, છદ્મસ્થમાં, એવા પ્રસંગ નથી એવા ઘરને અમે પ્રયોજન વિનાના મસાણ કહીએ છીએ. સમજાય છે? એ અધિકાર આમાં છે. પદ્મનંદી આચાર્યે ઘણી જાતના .. ઓહો..! જે આત્માનો શાંત સ્વભાવ વિકાર વિનાનો આત્મા સાધી રહ્યા (છે), જેના ઘરમાં પ્રવેશ નથી, જેને ઘરે એના પગલાં નથી, એ ઘર મસાણ જેવા અને પ્રયોજન વિનાના (છે). આચાર્યે તો ત્યાં સુધી કહ્યું છે, જેને આવા સત્સમાગમના પ્રસંગ નથી એવા ગૃહસ્થાશ્રમના જાળને ઊંડા પાણીમાં બોળી દેજે. અંજલી આપજે કે હરામ છે આ ઘરને. એમ આમાં આગળ કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્યાં પરમાત્મા ૠષભદેવ ભગવાન પૂર્ણાનંદને પ્રાપ્ત કરવા અંદર મંથન અને મનન કરતા હતા, કહે છે, ભગવાન! ઓહો..! આપના દર્શન, આપની ભક્તિ,...

ભક્તિ એવી રે ભાઈઓ એવી, જેમ તરસ્યાને પાણી જેવી.

તૃષા લાગી હોય ને મોસંબીના પાણી આપે (તો) આમ ઝપટ મારે. એમ જેને પરમાત્માના અનંતા ગુણોની અંતર રુચિ અને ભાન થઈ ગયું છે, એવા પરમાત્માના ધ્યાન અને પરમાત્માને દેખીને ઝપટ મારે છે ભક્તિની અંદર. આહાહા..! આ પ્રભુ... છે ભક્તિનો શુભ વિકલ્પ. અંતરના આનંદમાં સ્થિરતા એટલી નિશ્ચય ભક્તિ એ ધર્મ. પણ એવા ધર્મીને, સવારે કહેવાય છે, એ રાગની રુચિ નથી. પણ રાગ આવ્યા વિના રહેતો નથી. એને પ્રેમ ઉછળી જાય છે કે આહાહા..! આવા પ્રભુ!! પાપથી બચવા એવો શુભભાવ મુનિઓને અને સમકિતીને પણ આવે, આવે ને આવે. સમજાય છે કાંઈ?

કહે છે, હે નાથ! જેના મનમાં પરમાત્મા અને સાચા સંતનો વાસ નથી, એ મન નિરર્થક

છે. સમજાણું કાંઈ? અહીં પણ આચાર્યે કાયોત્સર્ગનું લક્ષ કરીને ભગવાનના ગુણગ્રામ ગાયા છે. હવે એક બીજો શ્લોક-૧૮મો.

**हिययत्थझाणसिहिओज्झमाण सहसा सरीरधूमो व्व।**
**सोहइ जिण तुह सीसे, महुयरकुलसंणिहो केसभरो।।१८।।**

ભગવાન! આનંદમાં-સ્વરૂપના આનંદમાં ધ્યાનમાં હતા. જુઓ! ધ્યાન કેવું, ધ્યાનનું ફળ શું, ધ્યાનમાં થાય શું, ધ્યાન કરી કોણ શકે વગેરે બધી વાત એમાં (કહે છે). આત્માના અનંત ગુણનો જેને પ્રેમ થઈ ગયો છે, એવા પ્રેમની પાછળ એકાકાર થાય છે, એ ધ્યાન કરતાં (કહે છે), હે નાથ! મને એમ લાગે છે, પ્રભુ! '**આપકે મસ્તક પર ભૌંરોંકે સમૂહ સમાન કાલા,...**' ૠષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વે દીક્ષા લીધી હતી. પણ પુણ્યવંત પ્રાણીને વૃદ્ધાવસ્થા દેખાય નહિ. એને વૃદ્ધાવસ્થા હોય નહિ. મહા પુણ્ય લઈને આવ્યા છે. પૂર્વના તીર્થંકરપણાના એટલા પુણ્ય છે, ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું, ૮૩ લાખ પૂર્વે દીક્ષા લીધી. પણ જુવાન અવસ્થા જેવી દશા. કાળા વાળ દેખીને, કાળા ભમ્મર જેવા વાળ છે ભગવાનના, ધ્યાન વખતે. હજી કેવળ પામ્યા નથી એ વખતે. ભગવાન! '**ભૌંરોંકે સમૂહ સમાન...**' ભૌંરો એટલે ભમરો. એવા કાળા વાળનો સમૂહ આપના મસ્તક ઉપર છે '**વહ..**' મને તો એમ લાગે છે, પ્રભુ! '**હૃદયમેં સ્થિત ધ્યાન રૂપી અગ્નિસે શીઘ્ર જલાયે હુએ શરીર...**' કર્મ ઝળે-બળે છે એનો ધુમાડો બહાર દેખાય છે. એ ભક્તિના પ્રેમ અને ભક્તો કેવા ભક્તિ કરે એની પણ ખબરું ન મળે. સમજાય છે કાંઈ?

આમ પરમાત્મા ઝુલે છે ને આનંદમાં! અતીન્દ્રિય આનંદના ધ્યાનમાં ભગવાન કેવળજ્ઞાન લેવા માટે સ્થિર થઈ રહ્યા છે. એમના કાળા વાળ દેખીને ભક્ત પરમાત્માની ભક્તિમાં ઉછળે છે. ઉત્પ્રેક્ષા અલંકાર લગાવે છે. હે નાથ! આ કાળા વાળ છે ઈ વાળ નહિ, હોં! ત્યારે (શું છે)? આપ આનંદ સ્વભાવનું ધ્યાન કરો છો ને, એ કર્મ બળીને ધુમાડો આવે છે. આ ધુમાડો દેખાય છે માથે વાળનો. મનસુખભાઈ! ગાંડા હશે આ? દુનિયાની દૃષ્ટિએ તો ગાંડા ખરા.

પરમાત્મ પ્રકાશમાં કહે છે ને? ભાઈ! યોગીન્દ્રદેવ કહે છે. દુનિયાની દૃષ્ટિએ ધર્માત્મા ગાંડા-પાગલ છે અને જ્ઞાનીની દૃષ્ટિએ જગત પાગલ છે. પરમાત્મ પ્રકાશ, યોગીન્દ્રદેવ મહા અધ્યાત્મની વાત જ્યારે પરમાત્મ પ્રકાશમાં કરતા હતા, સમજાય છે કાંઈ? આત્માના ભાનવાળા જીવો, એને અજ્ઞાનીઓ પાગલ કહે છે, મૂરખ કહે છે. અને જ્ઞાનીની દૃષ્ટિએ દુનિયા પાગલ થઈ ગઈ છે. એનું એને ભાન નથી. અરે..! આત્મા! અરે..! આ તું કોણ છો એની તને ખબરું નહિ, બાપા! બે ખબરો થઈને અજ્ઞાનમાં મૂઢતાથી અનાદિ રખડી રહ્યો છે. એ તારા પાગલપણા અને ગાંડપણા છે. સમજાણું કાંઈ?

કહે છે, નાથ! શું છે આ? '**શીઘ્ર જલાયે હુએ...**' એ વાળ.. આહા..! ત્યાં પણ

અંતર આનંદનું ધ્યાન છે એની (મહિમા કરે છે). આહા..! આત્મામાં જેટલી શક્તિ છે..

એક વાર પાણીનો દાખલો આપ્યો હતો કે પાણી અગ્નિના નિમિત્તે ઉષ્ણ થાય, ઉષ્ણ થાય વર્તમાન. પણ એના પાણીના મૂળ સ્વભાવમાં ઉષ્ણતા કાળે એટલી ઠંડો, ઠંડો સ્વભાવ ભર્યો છે કે જેના નિમિત્તે ઊનું થયું, ઊનું થવાની લાયકાત એની-પાણીની, અગ્નિને લઈને નહિ, અગ્નિને લઈને હોય તો આકાશ ઊનું થવું જોઈએ. એની લાયકાત. પણ છતાં એ વખતે અંદર સ્વભાવ ઠંડો એટલો છે કે એ પાણીનો બેઘડો જો આમ ગુલાંટ મારે, આમ ભરેલું પાણી ખદબદ ખદબદ પૈસા જેવું થયું, શું કહે છે? પૈસાનું કે એવું કાંઈક કહે છે ને? આ ચોખાનું. ફદિયા પડે એવું એમ કહે છે ને કાંઈ? આ ચોખા ઊના ઊના, આ ચોખા રાંધે ને. ફદિયા જેવું હોય એમાં ચોખા નાખે. એ પાણીને આમ અગ્નિ ઉપર નાખો (તો) એક ક્ષણમાં અગ્નિને ગારો કરી નાખશે પાણીને. એટલો એમાં શીતળતાનો ઠંડો સ્વભાવ છે. એના સ્વભાવની એને ખબરું, ભગવાન આત્મા વિકારના ભાવથી ખદબદાટ-ઉષ્ણ ભલે થયો હો, પણ એના સ્વભાવમાં શીતળતા અને આનંદકંદ ભર્યો છે. એટલી શક્તિ છે. એની દૃષ્ટિ આપતાં એ વિકારનો અને કર્મનો નાશ કરે એવી એનામાં તાકાત છે. પણ પરપદાર્થનો એને ભરોસો, ભગવાન આત્મા (એનો ભરોસો નહિ). અને એના ભરોસા વિના ભગવાનની સાચી ભક્તિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, હે નાથ! '**ધુંએ સમાન શોભિત હોતા હૈ.**' જાણે ધુમાડો હોય. એ આત્માની શાંતિ અવિકારી સ્વભાવ અનાદિઅનંત આત્માનો, એમાં લીન થઈને જે પડ્યા, એના અજ્ઞાનપણા, રાગ-દ્વેષ અને અજ્ઞાનપણે બંધાયેલા પૂર્વના કર્મો, એ બધા બળીને રાખ થાય છે. એમ ઉદ્દેશીને ભગવાનની ભક્તિ-જ્ઞાનમાં મહિમા-કરે છે. કહો, સમજાણું આમાં? હવે જરી જ્ઞાન સુધી આવ્યા. હવે એનું કેવળજ્ઞાન સુધી લઈ ગયા. એવા ધ્યાન કરતાં આત્માને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવું જ્ઞાન પ્રગટ્યું. એવા ભગવાનની કેવળજ્ઞાનના વખતની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? અત્યારે તો ભક્તિનો વિષય ચાલે છે ને. તો ભક્તિને લગતી વાત હોય ને. ભક્તિને લગતી.

નિયમસારમાં આવે છે, ભાઈ! પાંચમા શ્લોકમાં. આપ્ત પુરુષ ભગવાન, આગમ અને તત્ત્વો એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પછી પદ્મપ્રભમલધારીદેવે એક શ્લોક કર્યો. નિયમસારના પાઠમાં શ્લોકનો હેઠે કળશ કર્યો. અરે.. આત્મા! ભવના ભયના ભેદનારા ભગવાન પ્રત્યે, નિમિત્ત તરીકે છે, ભવના ચોર્યાશી લાખના ભવના ભયના ભેદનારા ભગવાન પ્રત્યે તને ભક્તિ નથી તો ભવસમુદ્રના મધ્યમાં મગરના મુખમાં છો. શું કીધું સમજાણું આમાં? એ નિયમસારમાં છે. નિયમસાર છે ને કુંદકુંદાચાર્યનું કરેલું, એનો એક પાંચમો કળશ છે. જુઓ! આવ્યું. ભાઈ! છે ને? હિંમતભાઈ!

भवभयभेदिनी भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि।।१२।।

સંસ્કૃત છે. હે આત્મા! '**ભવના ભયને ભેદનારા...**' એવા ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા, એના '**પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં...**' ભવસમુદ્રના ચોર્યાશીના અવતારમાં '**મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.**' મગરનું મુખ એટલે મગરે ટાંગો પકડ્યો (હોય) એ ગળી જાય. ખાઈ જાય આખો. મગરનો એવો સ્વભાવ છે કે જ્યાં સુધી ટાંગો પકડ્યો ન હોય, પણ જો ટાંગો પકડ્યો તો ખલાસ. એમ કહે છે કે ભવસમુદ્રના ચોર્યાશીના અવતારમાં મધ્યમાં ભગવાન પરમાત્મા પ્રત્યે તને પ્રેમ અને ભક્તિ નથી, એ ભવસમુદ્રના મધ્યમાં મગરના મુખમાં છો. ટાંગો ઝાલીને ચોર્યાશીના અવતારમાં લઈ જશે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં ભગવાનને આત્માનું ધ્યાન કરતાં... એટલે પાછું કેવળ કેમ પામે એ વાત પણ ભેગી કહેતા જાય છે. કોઈ બહારના દયા, દાન, વ્રતના વિકલ્પથી કેવળ પમાતું નથી. આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એના એકાકાર દ્વારા આત્મા ધ્યાન કરીને કેવળજ્ઞાન પામી શકે છે. એ એના ઉપાયની વાત પણ કરે છે અને કેવળજ્ઞાનની મહિમા પણ ગાય છે. ૧૯મો શ્લોક.

**कम्मकलंकचउक्के, णट्ठे णिम्मलसमाहिभूईए।**
**तुह णाणदप्पणेच्चिय, लोयालोयं पडिप्फलियं।।१९।।**

આ મૂળ શ્લોક છે. એનું સંસ્કૃત છે એ આપણે નથી કહેતા. પણ સંસ્કૃત છે, જુઓ!

**कर्मकलंकचतुष्के नष्टे निर्मलसमाधिभूत्या।**
**तव ज्ञानदर्पणेऽर्च्य! लोकालोकं प्रतिबिम्बितम्।।**

શું કહ્યું? હે પરમાત્મા! આપે જ્યારે આત્માના સ્વભાવની એકાગ્રતાના ધ્યાન કર્યા, ત્યારે '**निर्मल समाधिके प्रभावसे...**' સમાધિ એટલે ઈંગળા ને પીંગળા ચડે ઈ સમાધિ નહિ. નિર્મળ સમાધિ. શાંતિ.. શાંતિ.. શાંતિ. અંતરમાં વિકાર વિનાની શાંતિ. એ આખો શાંતિનો સાગર ભગવાન, એમાં શાંતિ પ્રગટ કરીને જે અંદર સમાધિ લગાવી દીધી, આત્માની શાંતિ. પેલા સમાધિ-બમાધિ કરે ને? પંદર દિ' ચડાવે, ઢીકણું કરાવે એમાં ખોટા, હોં! કાંઈ ન મળે. સમજાણું કાંઈ? સમાધિ લગાવી. ધૂળમાં સમાધો નથી ત્યાં.

સમાધિ તો આત્મા એક સમયમાં પૂર્ણાનંદનું ભાન થઈ અને એમાં લીનતા થાય તેને સમાધિ કહે છે. લોગસ્સમાં આવે છે. મોઢે કર્યું છે કે નહિ લોગસ્સ? 'સમાહિવરમુત્તમં દિંતુ'. ભાષા નહિ, ખબરેય ન મળે, અર્થની ખબરેય ન મળે, ભગવાન જાણે. એમાં એક શબ્દ આવે છે. ન્યાલભાઈ! કર્યું છે? અર્થની ખબર છે? ના પાડો ને તરત જ. 'સમાહિવરમુત્તમં દિંતુ' એવો શબ્દ છે. એ સમાહિ એટલે શું? આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત તે સમાધિ.

વ્યાધિ એટલે શરીરનો રોગ, આધિ એટલે બહારની ચીજની ઉપાધિ, ઉપાધિ એટલે બહારનો સંયોગ. આધિ એટલે મનના પ્રસંગમાં થતાં શુભ અને અશુભના વિકલ્પો. એ આધિ. વ્યાધિ શરીરની અને ઉપાધિ બહારની. ત્રણ રહિત આત્માના આનંદમાં એકાકાર થાવું તેને સમાધિ કહે છે. ભગવાન જાણે શું સમાધિ હશે. ભગવાન તો જાણે જ છે ને. એની તો વાત ચાલે છે આ. સમજાણું આમાં કાંઈ?

ભાઈ! આવા મનુષ્યદેહ મળ્યા અને સાચી વાતના જ્ઞાન ન કર્યા તો એ ચોર્યાશીના અવતારમાં બાપા! રખડતો હાથ ક્યાંય નહિ આવે. વંટોળિયામાં જેમ તણખલું ઊડે અને ક્યાંય ઠરે નહિ, એમ ચોર્યાશી લાખના અવતારમાં મિથ્યાત્વની ભ્રમણાને કારણે ક્યાંય ઠરવું નહિ થાય, ભગવાન! ક્યાંના ક્યાંય રખડપટ્ટી આ ભવ ને આ ભવ ને આ ભવ. કહે છે કે, અરે..! આવા મનુષ્યદેહ મળ્યા, તને ભગવનની ભક્તિ નહિ? ભવસમુદ્રમાં મધ્યમાં મગરના મુખમાં પડ્યો છો. આહાહા..!

કલકત્તાનો એક દાખલો છે, પેલા છોકરાઓનો નહિ? કલકત્તામાં એક મા-બાપ હતા. આઠ, દસ, બાર જણાં સાંજે ફરવા નીકળેલા. હોડીમાં, હોડીમાં. સાંજના ફરવા નીકળે છે ને? એમ નીકળેલા. એમાં આઠ વર્ષનો એક છોકરો (હતો). આમ જરી આઘા ગયા ત્યાં એણે પગ બહાર કાઢ્યો. એમાં એક મગર આવ્યો. પકડ્યો પગ. હોડીવાળો કહે છે, નાખી દઈશ હમણાં હેઠે છોકરાને. કેમકે આ બહાર બધા મરી જવાના. મગરમચ્છ મોટો છે. એ પગ ઝાલ્યો એ મૂકશે નહિ. હમણાં ખેંચશે તો આખી હોડી ડૂબી જશે. હાય.. હાય..! હવે કરવું શું? મા-બાપ જોડે બેઠેલા. મા-બાપને કહે છે, નાખી દે એને, નહિતર હું નાખી દઉં છું હમણાં, નહિતર આ (હોડી) બૂડશે. માએ ઉપાડ્યો એક હાથ, આની કોરનો બીજાએ હાથ ઉપાડ્યો. બેયે ફેંકી દીધો દરિયામાં. છોકરો (બૂમ પાડે છે), એ.. બાપા! પણ ભાઈ! કહેવાનો અવસર ક્યાં હતો? પેલો નાવડિયો કહે છે, હમણાં હું નાખી દઈશ, નહિતર બારેય જણા બૂડી જવાના. મગર આમ પગ ખેંચશે. જબરો મગર છે, પકડ્યો છે પગ એણે. મા-બાપે બેય જણાએ ફેંક્યો. એ મગરના મુખમાં આવેલો પગ કોઈ દિ' મૂકે નહિ.

એમ મિથ્યાત્વની ભ્રમણાના કારણે ચોર્યાશી લાખના મગરના (મુખમાં) ગયો, એ દુઃખથી નહિ મુકાય. ચાર ગતિના દુઃખના ઘાણ તને સહન કરવા પડશે. બાપા! એક વાર સમજણ કર, સાચી ઓળખાણ કર અને ભક્તિની ભક્તિથી ...

અહીં કહે છે, '**નિર્મલ સમાધિકે પ્રભાવસે ચાર ઘાતિયા કર્મોંકે નષ્ટ હોને પર, આપકે સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણમેં...**' અરીસો હોય ને, અરીસો. બહાર ચીજો જેવી હોય-કાળી, ધોળી બધી એમાં દેખાય. એ એમાં નથી, હોં! એ અરીસાની સ્વચ્છતા છે. અરીસો હોય મોટો પાંચ હાથનો. એની સ્વચ્છતામાં કોલસો, કેરી આદિ પડી હોય ઈ દેખાય અંદર. અગ્નિ હોય તો અગ્નિ દેખાય. ઈ અગ્નિ નથી. આ અગ્નિને હાથ અડાડો તો ઊનું લાગશે.

અહીં હાથ અડાડો તો ઊનું નહિ લાગે. જ્વાળા દેખાશે. એ અરીસાની સ્વચ્છતા છે. એમ બરફ હોય એ દેખાય. એ ઠંડો નહિ લાગે. અહીં બરફ નથી. અરીસાની સ્વચ્છતા છે.

એમ ભગવાન અહીંયાં આત્માને દર્પણની ઉપમા આપીને આચાર્ય કેવળજ્ઞાનનું વર્ણન કરે છે. આત્મારૂપી દર્પણ એમાં જ્યાં પૂર્ણ વિકાસ થયો (તો) લોક અને અલોકનું જ્ઞાન આત્માની પર્યાયનું પોતાનું નિર્મળ થઈ જશે. એ ચીજો અહીંયા આવતી નથી. પણ એ ચીજ સંબંધીનું અને પોતાનું જ્ઞાન, કેવળજ્ઞાન એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણ જ્ઞાન થઈ જાય છે. એવી આત્માની અવસ્થા થાય એને કેવળજ્ઞાની અને પરમાત્મા કહેવામાં આવે છે. આ દેવની ઓળખાણ આપે છે ભેગી. સમજાણું કાંઈ?

આવા સર્વજ્ઞ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં જ્ઞાનની દશા પૂર્ણ પ્રગટી, દર્પણની જેમ લોકાલોક પ્રતિબિંબિત થઈ ગયા. હે નાથ! આવું કેવળજ્ઞાન, એના અમે અભિલાષી, આપના કેવળજ્ઞાનના ભક્ત અમે આપની પ્રશંસા અને ગુણગ્રામ કરીએ છીએ. એટલે કેવળજ્ઞાનના વખાણ સુધી આ વાત આવી. હજી વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ-૦)), સોમવાર, તા. ૧૧-૫-૧૯૬૪**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૯થી૨૨, પ્રવચન-૭૮૮**

આ એક પદ્મનંદી પંચવિંશતિ નામનું શાસ્ત્ર છે, જેના કર્તા વનવાસી એક પદ્મનંદી નામના મહામુનિ સંત (થયા, તેમણે રચેલું છે). આત્માના અંતરના સ્વભાવનો જે આનંદ, એને સાધનારા એવા સાધકજીવ તરીકે સાધુ હતા. એ પરમાત્માની ભક્તિ કરે છે અને એ રીતે જગતને કહે છે કે ભક્તિવંત ભક્તો કેવા હોય અને જેની ભક્તિ કરાય એ આત્મા-પરમાત્મા કેવા હોય, બેયનું એને જ્ઞાન હોવું જોઈએ. આપણે અહીંયાં ૧૯ ગાથા સુધી આવ્યું.

ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી છે. આત્મા, એમાં ત્રણ પ્રકારની દશા થવાને લાયક છે આત્મા. એ બહિરાત્મ થવાને લાયક એની પર્યાયમાં છે. શું કહ્યું? આ આત્મા છે ને? આત્મા. દેહથી ભિન્ન તત્ત્વ, એ આત્મામાં બહિરાત્મ નામ દેહ અને રાગ હું, એવી માન્યતા હોય તેને બહિરાત્મા કહે છે. એવી બહિરાત્મ થવાની એની પર્યાયમાં લાયકાત છે. શું કહ્યું? આ આત્મા અનંત અનંત અંતર જ્ઞાનાદિ ગુણનો પિંડ છે. પણ કોઈ એમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે અને સંસારમાં રખડે એવો ગુણ નથી. શું કહ્યું આ? ખબર ન મળે આત્મા શું, એની શક્તિ શું, એની યોગ્યતા શું. એને વાસ્તવિક પરમાત્મા થયેલાની ભક્તિ પણ યથાર્થ હોઈ શકે નહિ.

ભગવાન આત્મા, એની દશામાં-અવસ્થામાં-હાલતમાં-પર્યાયમાં-બધો એકાર્થ છે, એને વિકાર કરીને વિકાર મારા, એમ બહિરાત્મપણું કરવાની એની પર્યાયમાં-અવસ્થામાં લાયકાત છે. ૧૯ ગાથા ચાલે છે, ભાઈ! અને અંતરાત્મા થવાની શક્તિમાં તાકાત છે. આત્મા આનંદ અને જ્ઞાન છે, એવું જેને અંતર ભાન થાય અને વિકાર હોવા છતાં એ વિકાર મારા નહિ અને શરીર મારું નહિ, એવી અંતરમાં અનુભૂતિ આત્માની-જ્ઞાનની-થાય, એવો તો એનો તાકાત-સ્વભાવ છે. અનુભૂતિ કરી શકે એવો તો એનો ગુણ સ્વભાવ છે. અહીં પરમાત્માની ભાઈ, વાત લેવી છે ને. એટલે વળી એ આવ્યું અત્યારે મગજમાં. આહાહા..!

શું કહે છે? ભાઈ! ભક્તિ કરનાર જેની ભક્તિ કરે છે એનું પણ એને ભાન હોય છે અને હું કોણ છું એનું પણ એને ભાન હોય છે. હું તો જ્ઞાન, દર્શન ને આનંદસ્વરૂપ છું. એ પુણ્ય ને પાપના રાગ ભાગ હોવા છતાં મારી ચીજમાં-એ સ્વભાવમાં-મારો અંતરાત્મા જે સ્વભાવ છે એમાં એ નથી. એવું જેને ભાન હોય એને આત્મામાં પરમાત્મા થવાની શક્તિ છે, એવી એને પ્રતીત થયેલી હોય તેથી પરમાત્મ થયેલા છે તેની ભક્તિ અને ઉલ્લાસ ને પ્રેમથી આત્માનો સ્વભાવ, એમાં રાગ થવાનો (સ્વભાવ) નથી છતાં, પર્યાયમાં ભક્તિનો રાગ એ ઉત્પન્ન કરે છે. થાય છે એને ઉત્પન્ન કરે છે એમ કહેવામાં આવે છે.

એ અહીંયાં આચાર્ય મહારાજ... કથન પદ્ધતિ એવી હોય છે. વસ્તુ સ્વભાવ એ તો જેમ છે તેમ છે. રાગ કરું એવો સ્વભાવમાં એક્કે ગુણ નથી. સંસાર વિકાર કરું એવો કોઈ ગુણ નથી. ભારે ઝીણી વાત. એની દશામાં વર્તમાન અવસ્થામાં વિકાર કરું એવી લાયકાત છે. એ લાયકાતની રુચિ છોડી અને જેને આત્મામાં પરમાત્મા થવાની મારામાં શક્તિ છે એમ જેણે અંતરમાં આનંદ અને જ્ઞાનસ્વભાવનું ભાન કર્યું છે, વિકાર હજી બાકી છે એને અંતરાત્મા કહેવામાં આવે છે. અને જેને વિકાર ટળીને પૂર્ણ દશા પ્રાપ્ત થઈ છે એને પરમાત્મા કહેવામાં આવે છે. એ અંતરાત્મા પરમાત્માની ભક્તિ કરે છે એ અહીં ચાલે છે. સમજાય છે કાંઈ? આ બધું એને જ્ઞાન કરવું પડશે. એના વિના કલ્યાણ થઈ જાય અને હિત થઈ જાય (એમ બને નહિ).

મુમુક્ષુ :- ગુરુ-કૃપાથી થાય.

ઉત્તર :- ગુરુ-કૃપાથી થાય (એ તો) એને થાય ત્યારે ગુરુ કૃપા કહેવાય. ગુરુ-કૃપા... અનંતા કેવળીઓ મળી ગયા. સમજાય છે કાંઈ? અનંતા સર્વજ્ઞોના સમવસરણમાં અનંત વાર ગયો છે, ભાઈ! એના અનાદિ કાળના પ્રવાહમાં. અનંત સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ બિરાજે, એની ધર્મસભામાં પણ અનતં વાર ગયો. કલ્પવૃક્ષના ફૂલે, મણિરત્નના દીવાએ પૂજા કરી. પણ એ ભગવાન આત્મા શું કહેવા માગે છે? એ કહેવા માંગે છે, વિકાર અને સંયોગ રહિત તારી ચીજ છે, આનંદ અનુભવ કરવા લાયક તારો સ્વભાવ છે, એમ જે કહેવા માગતા (હતા) એને સમજ્યો નહિ. સમજ્યો નહિ અને આવી ભક્તિ કરીને અનંત વાર એની પાસે ગયો પણ એમાં કાંઈ આત્માને લાભ થયો નહિ. કોઈની કૃપાથી મુક્તિ મળે તો કો'ક શ્રાપ આપીને મુક્તિ લઈ લે. એમ છે નહિ. મહાસુખભાઈ! કેમ હશે? કોઈ ભગવાનની કૃપા-બૃપા થઈ જાય તો? બાપુ! એ વાતું જાણવા જેવી છે. એ કૃપા એની દયા એને થાય. અરે..! આત્મા ચોર્યાશી લાખમાં અવતરે છે. અરે..! હું દુઃખી છું. એમ જેને પોતાની દયા આવે એને પોતાના ચૈતન્ય ભાવપ્રાણનો અનુભવ અને પ્રતીત થાય અને કરે, એની કૃપા એણે આત્મા ઉપર મેળવી. મનસુખભાઈ! એવા આત્મા..

પ્રવચનસારમાં આવે છે ને? ભાઈ! ભક્તિમાં નહિ? હું કોણ? અને હે પરમાત્મા! તમે કોણ? એમ કુંદકુંદાચાર્ય શરૂઆતમાં વર્ણવે છે. પ્રભુ! હું તો જ્ઞાન, દર્શનનો ભંડાર ભરેલો ચૈતન્ય છું, હોં! અને આપની પૂર્ણ દશા પ્રગટ થયેલી છે એને હું વંદન અને ભક્તિ ને સ્તવન ને વિનય કરું છું.

એમ અહીંયાં આચાર્ય મહારાજ પદ્મનંદી પ્રભુ આચાર્ય છે, સંત છે, મહંત છે, આત્માના આનંદમાં ઝુલતા (સંત છે). લોકોને એવો રસ પડે છે કે આ બાહ્ય આચરણ છે ને? દયા, દાન, ભક્તિ એ આચરણ જ આખું કલ્યાણ અને માર્ગ છે. ભગવાન! એ વસ્તુ આચરણ-ફાચરણ (નથી). આત્મા અખંડાનંદ જ્ઞાતા-દ્રષ્ટાના ભાન વિના એ આચરણમાં ચોર્યાશીના અવતાર

પ્રગટ કરવાની તાકાત છે. સમજાય છે કાંઈ? ભલે સ્વર્ગ મળે, તોય સ્વર્ગ મળીને પાછો ઢોરમાં જશે. જેને આત્મદર્શન, આત્મદર્શન (નથી), પોતે કોણ એની એને કિંમત ન મળે અને દુનિયાની કિંમત ટાંકવા જાય, એને કિંમત સાચી હોઈ શકે નહિ.

અહીં તો આત્માની કિંમત થઈ, પ્રભુ! આપે કહેલો આત્મા, હું શુદ્ધ ચિદાનંદ આનંદઘન છું. એવી પ્રતીત અનુભવ કરી અને પ્રતીતમાં આત્મા જેણે લીધો છે એ પૂર્ણાનંદ પરમાત્માની ભક્તિ કરવા ઉછળી નીકળ્યા છે. મારે પણ હવે પૂર્ણાનંદ થાવું છે, તો પૂર્ણાનંદને પામેલા એવા ભગવાનની ભક્તિ કરે છે.

હવે અહીંયાં ૧૯મી ગાથામાં એમ આવ્યું છે, ઋષભદેવ ભગવાન પૂર્વના ભવથી લેતા લેતા અહીં સુધી આવ્યું. હે નાથ! આપે '**નિર્મલ સમાધિકે પ્રભાવસે ચાર ઘાતિયા કર્મોકે નષ્ટ હોને પર, આપકે સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણ...**' દેખો! કેવળજ્ઞાન! કેવળજ્ઞાન એ આત્માનું સમ્યગ્જ્ઞાન દર્પણ છે. આહાહા..! એ અંતર ચૈતન્યનો જ્ઞાનસ્વભાવ, એ અંતરમાં એકાકાર થઈને જ્યારે એની દશામાં (પ્રગટ થયો)... સમ્યગ્જ્ઞાન શબ્દ વાપર્યો છે, છે? સમજાણું કાંઈ? '**कम्मकलंकचउक्के, णट्ठे णिम्मलसमाहिभूईए। तुह णाणदप्पणेच्चिय**' જ્ઞાનનું દર્પણ એમ કરીને એમાં નિર્મળ કાઢ્યું. એક સમયની અંદર.. આહાહા..! જ્ઞાનગુણની શક્તિ છે આત્માની, એની દશા ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી જ્ઞાનની પર્યાયને પરમાત્મદશા કહેવામાં આવે છે.

કહે છે કે, હે નાથ! જુઓ! પોતાને એનો ખ્યાલ છે કે આત્માની શાંતિ અને અંતર સમાધિ દ્વારા કેવળજ્ઞાન પ્રગટ થશે. એથી જ ભગવાનને કેવળજ્ઞાન કેમ થયું એમ પણ લક્ષમાં લઈને ભક્તિ કરે છે. પરમાત્મા! પૂર્ણાનંદ અને પૂર્ણ શાંતિ આપે પ્રગટ કરી, એ આત્માના અંતરમાં સમાધિ અને શાંતિ દ્વારા પ્રગટ કરી. એ રાગ ને પુણ્ય ને શરીર દ્વારા નહિ. શરીર સારું હતું માટે ક્રિયા થઈ અને કેવળ થયું, અંદર દયા, દાનના, ભક્તિના ભાવ હતા માટે કેવળ થયું. ના, ના. એ આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિમાં એકાકાર થઈ શાંત, નિર્મળ, સમાધિ.. સમાધિ અટલે આનંદ, એ આનંદની લહેર કરતાં કરતાં એણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું છે. એમ ભક્તોને ભક્તિમાં આવો ખ્યાલ (છે). પરમાત્માએ કેમ પરમાત્મપણું પ્રગટ કર્યું, એવો એને ખ્યાલ હોય છે. એ ખ્યાલ ન હોય તો તેની ભક્તિ અને ભક્ત બેય સાચા નથી.

હે નાથ! '**આપકે સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણમેં લોકાલોક પ્રતિબિંબિત હો રહા હૈ.**' શું કહે છે? એક સમયના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. આ પ્રતીત કોને (આવે)? હજી તો આત્મા કેવડો એની ખબર ન મળે. એના એક જ્ઞાનગુણની એક દશા,.. આહાહા..! એક સમયની અવસ્થા, જળહળ જ્યોતિ આત્મા પ્રગટ થાય, એથી ત્રણ કાળ ત્રણ લોક જેમાં જણાય, એવા કેવળજ્ઞાનને મોક્ષતત્ત્વ અથવા કેવળજ્ઞાનીની દશા, પરમાત્મ દશા કહે છે. એને પ્રતીતમાં લીધી છે જેણે. હું રાગપણે, દ્વેષપણે રહેવાને લાયક નથી. સમયની અવસ્થા

ભલે હો, પણ હું કેવળજ્ઞાન થવાને લાયક છું, એવી જેણે આત્મદ્રવ્યની પ્રતીતિ કરી છે એ પરમાત્માની સાચી ભક્તિ કરી શકે છે.

જુઓ! આમાં તો એમેય આવ્યું કે એક સમયમાં ભગવાનનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને દેખે. હવે એ જ્ઞાન પ્રમાણે જગતમાં થાય.

મુમુક્ષુ :- જ્ઞાનને તાબે થાય.

ઉત્તર :- જ્ઞાનને તાબે થાય એમ નથી. જાણ્યું માટે એને કારણે થાય એમ નથી. પણ ભગવાને જ્ઞાનમાં જાણ્યું એ પ્રમાણે જગતના પદાર્થ પોતાને કારણે પર્યાયપણે પરિણમી રહ્યા છે. એવો જ એનો બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાય છે કાંઈ? જેટલા જગતના પદાર્થ (છે), એનું ત્રિકાળ ક્ષેત્ર, વ્યવહારનું .. એની દશા અને એનો ભાવ અને એના ભવ, એ બધા ભગવાનના જ્ઞાનમાં જણાઈ ગયેલા હોય છે. અને એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, રાજનીતિએ ચાર, એ રાજનીતિને ભગવાન! આપની આજ્ઞાને કોઈ ઓળંગી શકે નહિ. શું કીધું? એ જ્ઞાનમાં આપે જાણ્યું એ જ પ્રમાણે જગતનું પરિણમન જ્ઞાનને કારણે નહિ, પોતાને કારણે થાય છતાં જ્ઞાને જાણ્યું તે પ્રમાણે જ એમાં થાય. ભારે વાત, ભાઈ! આ બધા વાંધા, જગતને હજી કેવળજ્ઞાનની શ્રદ્ધાની ખબર ન મળે. કેવળજ્ઞાન શું છે, અરિહંતપદ શું છે, પરમાત્મપદ શું છે (એની ખબર ન મળે).

એક સમયનું જ્ઞાન, જેણે ત્રણ કાળ ત્રણ લોક જોયા એ જ પ્રમાણે ત્યાં પર્યાય જે સમયે જ્યાં જે દ્રવ્યની થવાની તે થવાની. ચક્રવર્તીની આજ્ઞા ઓળંગાય, પણ ભગવાને જાણ્યું એવા જ્ઞાનની આજ્ઞા ઓળંગીને જગતની પર્યાય બીજી રીતે થાય એમ બને નહિ. એમ ભાઈ! શબ્દ આવે છે, હોં! દેવચંદજીમાં એક આવે છે. શીતલનાથ (ભગવાનના સ્તવનમાં) કે એમાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રાજનીતિએ ચાર. ભગવાન! આપની આજ્ઞાને કોઈ ઓળંગતું નથી. ચક્રવર્તીને આજ્ઞા ઓળંગે પણ આપના જ્ઞાનમાં જાણ્યું ઈથી જગતમાં બીજું થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. ઠીક! ત્યારે તો જ્ઞાને જાણ્યું એમ થાય એટલે આત્માને કાંઈ કરવાનું રહ્યું નહિ.

અહીંયાં આચાર્ય સ્તુતિ કરે છે, સમજીને. ભગવાન! આપના એક સમયના જ્ઞાનમાં બધું જણાણું એમ અમને પ્રતીતિ આવી છે. અમારો આત્મા અંતર જ્ઞાનસ્વભાવને અવલંબીને આપના કેવળજ્ઞાનની પ્રતીતિ કરી છે. અમારો પુરુષાર્થ અંતરના સ્વભાવમાં ગયો અને જેમાં સર્વજ્ઞપદ ચૈતન્યમાં પડ્યું છે, એને અવલંબીને અમારી પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ થતાં, શક્તિની પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ થતાં આપના કેવળજ્ઞાનમાં જે પૂર્ણ દશા છે અને તે જાણ્યું તેમ થાય એવી અમને પ્રતીતિ સમ્યગ્દર્શનમાં આવી ગઈ છે. સમજાય છે કાંઈ? વાંધા ઉઠાવે છે કે નહિ? નેમિચંદભાઈ! બધા મૂળમાં વાંધા. હજી કેવળજ્ઞાન અને પરમાત્માની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. હજી કેવળજ્ઞાન થાય તો ક્રમબદ્ધ થઈ ગયું, ક્રમબદ્ધ થઈ જાય તો આમાં (કાંઈ

કરવાનું રહેતું નથી). અરે..! ભગવાન! તેં એક્કેય તત્ત્વને જાણ્યું નથી, સાંભળને! સમજાય છે કાંઈ?

જેણે કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી જેને પ્રતીત થાય, એવી પ્રતીત અલ્પજ્ઞ દશામાં અલ્પજ્ઞને અવલંબે થાય નહિ. એવી પ્રતીત કરવા જાય ત્યાં સર્વજ્ઞ આત્માનો અંદર સ્વભાવ છે એનો આશ્રય લે ત્યારે એને સર્વજ્ઞની પ્રતીતિ થાય. એમાં આત્માના સ્વભાવનો પુરુષાર્થ આવી જાય છે. બહુ ઝીણું પણ. દલીચંદભાઈ! આ કોણ માથા ફોડે? જેમ રખડીએ એમ રખડવું. આમાં સમજવા માગે તો આમાં ક્યાં સમજવું આવું? બહારનું કરીએ એમાં ઠીક, આ સમજણમાં આવે નહિ અને રખડવાનું કોઈ દિ' મટે નહિ. ભગવાન! એ માથાકૂટ નથી. માથાકૂટને તોડી નાખવાની વાત છે આ. શું કરે?

અહીં એ કહે છે કે હે નાથ! આપે એક તો આત્માની શાંતિ, શાંતિ, શાંતિ.. એના સ્વભાવ દ્વારા આપે કેવળજ્ઞાનને પ્રગટ કર્યું અને એ કેવળજ્ઞાન અમારી પ્રતીતિમાં અમને મોક્ષતત્ત્વની પ્રતીત વર્તે છે. સાત તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. એમાં મોક્ષતત્ત્વ આવી જાય છે. અમને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ છે. કેવળજ્ઞાનમાં જોયું તે પ્રમાણે થાશે. એવું અમારા જ્ઞાનના સ્વભાવમાં અમને પ્રતીતમાં આવી ગયું છે. અમને પ્રગટ નથી એટલે ભગવાન, આપની ભક્તિ કરીએ છીએ. શુભરાગ છે હોં ઈ. રાગ આવ્યા વિના રહે નહિ. છે બંધનનું કારણ. એ ભક્તિનો શુભરાગ છે બંધનનું કારણ. પણ પૂર્ણ દશા નથી ત્યાં એ ભાવનો રાગ એના કાળક્રમમાં આવ્યા વિના રહેતો નથી. એ ૧૯મી ગાથામાં કહ્યું.

હવે ૨૦મી (ગાથા). હે નાથ! જુઓ! આ આત્માની દશા. આત્મા વસ્તુ, એના અનંતા ગુણની શક્તિ એટલે સ્વભાવ અને પ્રગટેલી અવસ્થા તેને પર્યાય કહેવામાં આવે છે. એ પર્યાય જેની પૂર્ણ પ્રગટ થઈ ત્યારે કેવળજ્ઞાની (થયા). ચાર ઘનઘાતિ કર્મો, એનો આત્મસમાધિ દ્વારા નાશ કર્યો એ પણ એક વ્યવહારના વચન છે. અપૂર્ણતાનો પૂર્ણતાના લક્ષે પૂર્ણતા પ્રગટ થતાં અપૂર્ણ દશાનો નાશ થયો એને પણ કર્યો એમ વ્યવહાર કહેવામાં આવે છે. તો ચાર ઘનઘાતિ (કર્મ) નાશ કર્યા, એ તો અસદ્ભુત વ્યવહારનયના કથન છે. ભારે વાત, ભાઈ! લખાણ છે એનાય અર્થ બીજા. જડને કોણ આત્મા નાશ કરી શકે? જડનો સ્વામી છે તે જડને નાશ કરે? અને પોતાની અલ્પજ્ઞતાનો નાશ, અલ્પજ્ઞતાનું લક્ષ કરીને કરી શકે? લે આ મારું અલ્પ જ્ઞાન છે, એનો નાશ કરું. સર્વજ્ઞ અંતર સ્વભાવ છે એનું અવલંબન લેતાં સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ થાય ત્યારે અલ્પજ્ઞનો નાશ થઈ જાય. સર્વજ્ઞનો ઉત્પાદ થાય, અલ્પજ્ઞનો વિનાશ થાય અને ધ્રુવ કાયમ ટકી રહે. એવા તત્ત્વની દૃષ્ટિવંત સાચા પરમાત્માને માને છે અને એવા સાચા અરિહંતને ઓળખે છે. એ સાચા અરિહંતની ભક્તિ કરે છે. બાકી બધા તુંબડામાં કાંકરા. ઠીક! એક વાત (થઈ).

એ વાત યાદ આવી હતી, ભાઈ! પ્રવચનસારમાં આવે છે ને? અચિંત્ય આદિત્ય અને

સૂર્યનો દાખલો હમણાં ત્યાં આવ્યો હતો. આત્મા કેવો છે? સિદ્ધ કેવા છે, એમ વર્ણવતા આત્મા એવો છે. સિદ્ધ છે તે ચૈતન્ય તેજવાળા છે, દિવ્ય શક્તિ પ્રાપ્ત છે, દેવ છે દેવ. અને એ દેવ સિદ્ધ પરમાત્મા પૂર્ણાનંદ કે અરિહંત, એ ગણધર જેવા બુદ્ધિવંત અને ધર્માત્માના ચિત્ત રૂપી થાંભલામાં કોતરાઈ ગયા છે. ભાઈ! આવે છે ને? ઈ ત્યાં હમણાં યાદ આવ્યું હતું. ગણધર સંત મુનિઓ મહા આત્માના આનંદમાં ઝુલતા, પણ હજી પૂર્ણ વીતરાગ અને પૂર્ણ કેવળ નથી, એના ચિત્ત રૂપી સ્તંભમાં પૂર્ણાનંદને પ્રાપ્ત પરમાત્મા કોતરાઈ ગયેલા છે. માટે તે દેવ કહેવામાં આવે છે. એવા ગણધરો પણ જેને પૂજે છે. આહાહા..!

અરે..! પણ એક પદની હજી ણમો અરિહંતાણંની ખબર ન મળે. પહેલું પદ. અરિ એટલે વિકાર રૂપી દુશ્મન, એને જેણે ટાળ્યા એ પણ એક વ્યવહારનું કથન છે. પણ પૂર્ણાનંદના સ્વભાવમાં દૃષ્ટિ અને એકાકાર થતાં એ વિકારની અલ્પજ્ઞતા અને વિપરીતતા ટળી ગઈ, એને અરિહંત કહેવામાં આવે છે. આહા..! એવા અરિહંતને આ રીતે ઓળખે એને સમ્યગ્દર્શનની પ્રતીતિ થયા વિના રહે નહિ. એટલે કહે છે, ભગવાન! આપ તો સંતોના જ્ઞાનના સ્તંભમાં કોતરાઈ ગયા છો. કારણ કે એને પણ પરમાત્મપદ લેવું છે. હવે ૨૦મી (ગાથા).

જુઓ! આ કેવળજ્ઞાનની પરમાત્મદશાની વાત કરી. પહેલી બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા(ની વાત કરી). બહિરાત્મા (અર્થાત્) રાગ-દ્વેષ અને શરીર મારા એમ દૃષ્ટિ જેની અજ્ઞાન ઉપર-પર ઉપર છે, એ બહિરાત્મા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જ્યારે ધર્મી થાય છે ત્યારે પરમાત્માની ભક્તિ કરવાને લાયક છે. એ ધર્મી પુણ્ય અને પાપ ને દેહાદિ નહિ, હું ચિદાનંદ આત્મા છું, મારામાં કેવળજ્ઞાન પ્રગટ થવાની તાકાત છે. પ્રગટ થયેલી નથી. એમ જેને અનુભવમાં પ્રતીત થાય, એને અંતરાત્મા ધર્મી સાધકજીવ કહેવામાં આવે છે. એ પૂર્ણ દશાને પ્રાપ્ત એવા પરમાત્માની દશા જેને પ્રગટ થઈ એની ભક્તિ કરે છે.

હવે કહે છે કે હે નાથ! આપને ચાર કર્મો નાશ થયા, નાશ કર્યા પણ હવે ચાર બાકી રહ્યા એ મડદાં જેવા રહી ગયા. જુઓ! આઠ કર્મ છે, આઠ કર્મ. એમાં ચાર છે એ ઘાતિ છે અને ચાર છે એ અઘાતિ છે. આત્માની દશા જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યની હિણી થવામાં જે નિમિત્ત છે તેને ઘાતિકર્મ કહે છે. અને એક અઘાતિ કર્મ જે સંયોગ-વિયોગમાં નિમિત્ત થાય અને અવ્યાબાધ આદિ ગુણને હણવામાં નિમિત્ત હોય, એને અઘાતિકર્મ નામ અપાય છે. જુઓ! એને અરિહંતનો ખ્યાલ છે અને આત્માની દશા કેમ વધે છે અને વધવામાં બાકી શું રહ્યું એનો પણ એને ખ્યાલ છે.

હવે કહે છે, હે નાથ! આપે જ્યારે ચાર ઘાતિનો નાશ કર્યો ત્યારે રહ્યા બાકી ચાર. એને ત્રાસ થયો કે આને મારી નાખ્યા, અમને પણ મારી નાખશે. સમજાય છે કાંઈ? મોટા જોદ્ધા જેવાને, નિયાળા જેવાને મારી નાખ્યા તો આ ટેંટા જેવા બાળક પડ્યા એ તો મડદાં જેવા (છે). ભય થઈ ગયો એને કે મારી નાખશે અમને તો હવે. એમ કહીને કાંઈક કહેવા

માંગે છે, હોં! શું કહે છે? જુઓ!

आवरणाईणि तए, समूलमुम्मूलियाइ दट्ठूण।
कम्मचउक्केण मुअं, व णाह भीएण सेसेण।।२०।।

હે નાથ! હે પ્રભુ! હે પરમાત્મા! આત્માના શાંતિના સાધન દ્વારા આપે ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો. એ દેખીને... **'જિસ સમય આપને જ્ઞાનાવરણાદિ ઘાતિયા કર્મોંકા જડ સહિત સર્વથા નાશ કર દિયા થા,...'** મનસુખભાઈ! આવે છે ને? ખામણામાં આવે છે. શબ્દો આવે છે ન્યાં. **'ઉસ સમય ઉન સર્વથા નષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મોંકો દેખ કર,...'** પેલા ચાર ઘાતિ નાશ થયા ને? ત્યારે પેલા **'શેષ અઘાતિયા...'** રહ્યા... અઘાતિયા લખ્યું છે ભાઈ એમાં? ચાર ઘાતિયા રહ્યા આમાં લખ્યું છે. પેલો 'અ' પડ્યો રહ્યો છે આમાં. એમાં પણ 'અ' રહી ગયો છે, આમાં પણ 'અ' રહી ગયો છે.

મુમુક્ષુ :- આ બીજી આવૃત્તિ છે.

ઉત્તર :- બીજી આવૃત્તિ છે, ઠીક! આમાં 'અ' રહી ગયો છે. ચાર અઘાતિયા રહે. શું કીધું? આત્મા પોતાની વિપરીત દશા અને ઊણી દશા પ્રગટ કરે છે એમાં એક કર્મ જડ નિમિત્ત રૂપે છે એની સાબિતી કરે છે. અપૂર્ણતા પોતાના લક્ષે ન થાય. એ પરલક્ષે થાય એવી એક ચીજ છે એને અહીં કર્મ કહેવામાં આવે છે. એનું જ્ઞાન કરીને, કહે છે, હે નાથ! ચાર કર્મોનો જ્યારે આપે નાશ કર્યો, પરમાત્મા! ત્યારે બાકી રહેલા ચાર **'ભયકે કારણ આપકી આત્મામેં મૃતદેહકે સમાન સ્થિત રહે.'** વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. એ ચાર કર્મ છે, રજકણની ઝીણી ધૂળ. એ ચાર જોદ્ધાનો જ્યાં આત્માના ધ્યાન દ્વારા નાશ કર્યો, ત્યારે ચાર બાકી મરેલી જેવા રહ્યા છે. સમજાણું કાંઈ? વાતે વાતે (ફેર). શું ઘાતિ ને શું અઘાતિ. ભગવાન જાણે, આપણે તો ધર્મ કરવો છે, ચાલો. અરે.. બાપા! ધર્મ તે કેમ થાય? આત્મા સ્વભાવ શું છે? એની દશામાં વિકાર શું છે? એ વિકારમાં નિમિત્ત અને સંયોગી ચીજ શું છે? એના ભાનના વિવેક વિના એને આત્માની દૃષ્ટિ અને આત્માનું જ્ઞાન થાય નહિ. આહાહા..!

આચાર્ય મહારાજ કહે છે, હે નાથ! આપે ચાર કર્મોનો નાશ કર્યો. એને દેખીને પેલા ચાર અઘાતિ કર્મ, **'मुअं, भीएण'** ભયથી.. અલંકાર કર્યો છે, હોં! જડને કાંઈ ભય-બય હોય નહિ. પણ અલંકાર કરીને કહે છે, હવે મડદાં જેવા રહ્યા, હવે ટળવાને લાયક થઈ ગયા. શ્રીમદ્દે કહ્યું ને? ભાઈ! પેલામાં આવે છે, અપૂર્વ અવસરમાં આવે છે. 'ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં'. પરમાત્મ (પદ) પામેલા અરિહંત સર્વજ્ઞને...

ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો

લ્યો, ભવનું બીજ ઈ કીધું. ચાર ઘાતિકર્મ નિમિત્ત તરીકે અને પોતાની અપૂર્ણતા અને

વિકાર એ ભવના બીજ છે. 'ભવના બીજ તણો આત્યંતિક નાશ જો'. પરમાત્માને કહે છે. સમજાણું કાંઈ?

ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા

જુઓ! આ શું પ્રગટ્યું એમ કહે છે.

સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા

હે નાથ! જ્ઞાનાવરણી ટળીને આપને સર્વજ્ઞાતાપણું પ્રગટ્યું. દર્શનાવરણી ટળીને સર્વદૃષ્ટાપણું ટળ્યું, મોહનીય ટળીને શુદ્ધતા પ્રગટી.

સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો

હે નાથ! આપની પૂર્ણ પ્રાપ્તિમાં આપનું વીર્ય એવું પ્રગટ્યું, કૃતકૃત્ય વીર્ય. બધું કરવા લાયક હતું તે વીર્યએ કરી લીધું. અનંતજ્ઞાન, અનંતદર્શનને પ્રાપ્ત કર્યું.

કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.

જુઓ! આ વર્ણવીને શું કહે છે?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

હે નાથ! આપની આવી દશા પ્રગટ થઈ. નાથ! અમને એ અવસર ક્યારે આવે? એટલે કે અમે એટલો પુરુષાર્થ જગાડીને કેવળજ્ઞાનને અને આ દશાને ક્યારે પ્રાપ્ત થઈએ? 'અપૂર્વ અવસર એવો...' ગૃહસ્થાશ્રમમાં હતા ને? ભાવના ન કરી શકે? પાંચ લાખની મુડીવાળો કરોડના ધંધા નથી કરતા? રમણીકભાઈ! કરે છે કે નહિ? મોટી ફલાંગ મારે. હોય પાંચ લાખ ને દસ લાખની મુડી અને મારે કરોડ ને બે કરોડની ધપાલ મારે, ધપાલ.

એમ મુડીમાં જ્ઞાનની પર્યાય સમ્યક્‌ની પ્રગટી છે, અંતર મુડીમાં કેવળજ્ઞાન થવાની શક્તિમાં તાકાત છે. ભાવના ભાવે છે કે અહો..! નાથ! ક્યારે કેવળજ્ઞાન, ક્યારે કેવળદર્શન, ક્યારે હું આત્માની પૂર્ણાનંદ દશા પ્રાપ્ત કરું? એ અપૂર્વ અવસર ક્યારે અમને આવશે? પછી કહી છે આની વાત.

વેદનીય આદિ ચાર કર્મ વર્તે જ્યાં
બળી સિંદરીવત્ આકૃતિ માત્ર જો.

અર્થની ખબર ન મળે, દલીચંદભાઈ! આ ઈ વાત કરે છે આચાર્ય, ભગવાનને ઉદ્દેશીને. હે નાથ!

વેદનીય આદિ ચાર કર્મ વર્તે જ્યાં
બળી સિંદરીવત્...

આ સિંદરી હોય છે ને? સિંદરી. શું કહેવાય? રસ્સી, રસ્સી. આ દોરડી. એ બળી સિંદરીવત્. એ સિંદરી બળેલી હોય ને? એમાં આકાર દેખાય. એ લાકડા બાંધવામાં કામ ન આવે. બળી સિંદરી-બળેલી સિંદરી. દેખાય ખરો આકાર અને આમ લાંબી. પણ એ કાંઈ કોઈ ચીજ બાંધવામાં કામ ન આવે. એમ હે નાથ! આપને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ચાર કર્મ એવા બળી દોરડી જેવા રહી ગયા છે. અહીં આચાર્યે મડદાં જેવા રહ્યા એમ કહ્યું છે.એ અઘાતિકર્મમાં તાકાત નથી કે આત્માની શાંતિને રોકે અને કેવળજ્ઞાનને રોકવામાં નિમિત્ત પણ ન થાય. રોકે તો કર્મ કોઈ રોકતું નથી, પણ નિમિત્ત થવાની અનંતઆનંદમાં વિઘ્ન કરવાની પણ એનામાં તાકાત નથી. ફક્ત સંયોગોમાં જરી ઓછીવત્તી ખામી હોય અથવા પોતાના અવ્યાબાધ સુખની પ્રાપ્તિ નથી એમાં એ નિમિત્ત કહેવાય.

કહે છે, નાથ! આપને ચાર કર્મ ટળ્યા અને ચાર કર્મ બાકી (છે, એમ) અમારા જ્ઞાનમાં ભાન છે. એ મરેલા મડદાની જેમ રહ્યા (છે). હવે આત્માની એકાગ્રતા દ્વારા એ ટળ્યે છૂટકો અને સિદ્ધપદ થયે છૂટકો. અરિહંતપદને જીવનમુક્ત દશા કહેવાય છે અને આઠેય ટળીને શરીરરહિત થાય ત્યારે તેને વિદેહમુક્ત કહેવાય છે. દેહ વિનાના સિદ્ધ ભગવાન, એને વિદેહમુક્ત કહેવાય છે. અને અરિહંતપદમાં ચાર બાકી અને ચાર ટળ્યા દેહસહિત એને જીવનમુક્ત કહેવાય છે. એવા પદનું જેને જ્ઞાન (થયું છે એવા) ભક્ત, ભક્તિ કરવાલાયક છે એની સ્તુતિ કરે છે. કહો, સમજાણું કાંઈ? હવે ૨૧. શું કહે છે હવે? અહીં સુધી આવ્યા. કેવળજ્ઞાન અને કેવળદર્શન સુધી. હજી ચાર કર્મ બાકી છે.

સમવસરણ-એની એક ધર્મસભા હોય છે. હવે ઠેઠથી ઉપાડીને વાત કરતાં કરતાં (કહે છે), હે નાથ! આપને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારે ઈન્દ્રોએ આવીને એક ધર્મસભા રચી. જેને સમવસરણ કહે છે. સમવસરણ, જેમાં અનેક દેવો ને વાઘ ને નાગો, રાજા અને રંક આદિ સાંભળવા આવે. એવી એક સભા ઈન્દ્રો રચે છે, એને સમવસરણ કહે છે. આ અલંકાર નથી, હોં! એ પરમાત્મપદ જ્યાં અંદરમાં પૂર્ણાનંદની દશા થાય ત્યારે વાણીનું પછી કહેશે. હજી તો અહીં આપ સમવસરણમાં બિરાજમાન છો, એક ધર્મસભા ઈન્દ્રો (રચે છે). આઠ પ્રકારની સભા હોય છે. એવી રચે છે. આઠ પ્રકારની.. સભા તો બાર પ્રકારની પણ આઠ પ્રકારની... શું કહેવાય એને? રચના. આઠ ભૂમિ.. ભૂમિ. શબ્દ ભૂલી ગયા. આઠ ભૂમિ રચે છે. એ આઠ ભૂમિમાં એક અંદરની ભૂમિ... બાર સભા હોય છે. પશુ, પક્ષી, દેવ, દેવીઓ, નાગ, મુનિ, આર્જિકા (બેસે) એવી બાર સભા (હોય છે).

પૂર્ણાનંદને પ્રાપ્ત પરમાત્મા! આપને જ્યારે સમવસરણમાં ઈન્દ્રોએ સભા રચી ત્યારે કેવી સભા હતા? અને એની શોભા કોને લઈને થઈ? એ જરી વર્ણવે છે. અહીંયાંના મહાવીર ભગવાન આદિ થયા ત્યારે અરિહંતપદે હતા ત્યારે આમ હતું. અત્યારે તો સિદ્ધપદ થઈ ગયા. આ ઋષભદેવ ભગવાન અત્યારે સિદ્ધ છે. પણ આ આચાર્ય વર્તમાનમાં જાણે તીર્થંકરપણે

હોય એ લક્ષ કરીને વાત કરી રહ્યા છે. જ્યારે આપને કેવળજ્ઞાન થયું ત્યારે હે પ્રભુ!

**णाणामणिणिम्माणे, देव ठिओ सहसि समवसरणम्मि।**
**उवरिव्व सण्णिविट्ठो, जियाण जोईण सव्वाणं।।२१।।**

આ સમવસરણ. પૂરણચંદજી! આ તમારે સમવસરણ રચ્યું છે ને અહીં? નવનીતભાઈ! આ સમવસરણ છે ને દાદરમાં? આ શેનું પંચકલ્યાણિક ચાલશે? આ એનો નમૂનો (છે). અહીં ક્યાં ભિખારીને એવી તાકાત હોય? ઈન્દ્રો એની સભા રચે તો એક એક માનસ્તંભ અંદર હોય. આનસ્તંભ કર્યા છે અંદર. ચાર બાજુ ચાર (માનસ્તંભ હોય). આમ છે જોવા જેવું. અહીં દાદરમાં આ લોકોએ કર્યું છે. આ એનો મહોત્સવ છે ને પાંચમથી. એ સભા ઈન્દ્રો આવી રચે. અહીં પામરને શું શક્તિ હોય. બે-પાંચ લાખ ખર્ચીને કરે. પેલો તો એક પત્થરનો એક માનસ્તંભ હોય છે. સોનાનો આખો. ચાર બાજુ ચાર માનસ્તંભ સભાને હોય છે. અહીં જોવા ગયા હતા હમણાં બે-ત્રણ દિ' પહેલા. રીતસર ઠીક થયું છે. રીતસર ઠીક ને? પેલું તો અહીં હોય નહિ.

એવી સભા ઈન્દ્ર આવીને રચે. અને રચીને આમ જોવે ત્યારે ઈન્દ્રને એમ થાય.. ઈન્દ્ર ત્રણ જ્ઞાનના ધણી છે, હોં! માથે સ્વર્ગના. બધું લોજીક-યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. પણ એક્કે વાતની ખબર ન હોય એને આવી એકદમ મોટી વાત આવે ત્યારે (થાય કે) કેમ હશે આ? એ એમ જ છે. કેમ હશે શું. એ ઈન્દ્રો આવીને જ્યારે ધર્મસભા રચે છે ત્યારે એમાં ચાર બાજુ માનસ્તંભ રચે. સોનાના! અને પહેલો ગઢ રચે છે અંદર, એ '**णाणामणिणिम्माणे, देव**' હે નાથ!

**णाणामणिणिम्माणे, देव ठिओ सहसि समवसरणम्मि।**
**उवरिव्व सण्णिविट्ठो, जियाण जोईण सव्वाणं।।२१।।**

હે પ્રભુ! હે વીતરાગ! હે પરમેશ્વર ત્રિલોકનાથ! '**જિસ સમવસરણકી રચના,...**' જે ધર્મસભાની રચના... પુણ્ય પણ એવા તીર્થંકરના હતા અને ભક્તો પણ એવા. બેય હોય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. એવી સમવસરણની રચના. અહીં દાદરમાં નમૂના તરીકે કાંઈક ઠીક કર્યું છે. દેખાવ તરીકે બધું ઠીક છે. થોડું થોડું જોયું હતું હમણાં ત્રણ દિ' પહેલાં. નવનીતભાઈ! આ બધા પ્રમુખ છે ને. બધાએ કર્યું છે. ક્યાં ગયા મણિભાઈ? આ રહ્યા. કર્તા-હર્તા કોઈ નથી, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ વાતું એવી છે આ. એ રચનાને કાળે રચના થાય ત્યારે નિમિત્ત હોય એને કહેવાય કે આણે રચ્યું. એટલે કે એમ નથી. પણ રચવા કાળે થયું ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ વાત હોય છે. અરે..! બાપા! એ વાતું કોઈ (અલૌકિક છે)! એ આંખની પાંપણ ફરે એ આત્માથી ત્રણ કાળમાં નહિ. અરે..! વાંધા ઉઠાવે છે. લ્યો, એમ

કહે છે, હાથ આત્માથી હલે નહિ, એની સાથે શું અમારે ચર્ચા કરવી? ભગવાન! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ.. શું થાય? અરે..! ચૈતન્યનાથ, તું જ્ઞાનનો સ્વામી, પ્રભુ! અને ભૂલ તો રાગનો સ્વામી (થા), પણ જડનો સ્વામી નહિ, હોં! આહા..!

અરે..! મરણના ટાણા આવશે. બાપા! 'એક દિન એવો આવશે... જે સબળો સાલે આમ પડશે. શ્વાસ પણ હખે નહિ લેવાય, હોં! એ શ્વાસ ચાલવે, ન ચાલવો, પ્રભુ! તારે આધીન નથી, હોં! કેમ બેસે? આવા સત્યના સત્ય પરમેશ્વરના કથનો અને સત્યનું સ્વરૂપ, એને ન બેસે એને શરણ ક્યાંથી મળે? એ શ્વાસની ગતિ ચાલે, પ્રભુ! એ તારાથી નહિ. એ મરવા.. કહ્યું હતું એક ફેરી. દેહ પોતાનું સ્થાન છોડશે. ડૂંટીનું સ્થાન છૂટી જશે, ભગવાન! .... શું તું કરી શકે પરનું? સાંભળને ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારે કરાય શું ધૂળ? એ થવા વખતે નિમિત્ત કોણ એનું જ્ઞાન કરાવવા એ કથન છે. એ જૂઠા નયના, અસદ્‌ભુતના કથન છે. અરે..રે..! પણ કેમ બેસે? આમ ધમધમ ચાલતો હોય, ... ભાષા કાઢતો હોય ને જાણે હું જ બધું... કંઈક મળ્યું હોય પૈસા, આબરૂ ને કીર્તિ ને કાંઈક બોલવાનું ને કાંઈક લખવાનું... વિકલ્પ, એમાં થઈ જાય કે અમે તો બધા આ પરના કર્તા. અરે.. પ્રભુ! એ શ્વાસ નહિ ચાલે, હોં! એ વાણી નહિ બોલાય. ધ્યાન રાખજે! લોકો એમ કહે છે કે વાચા બંધ થઈ ગઈ. મરતા એમ નથી કહેતા હતા કે આત્મા વયો ગયો માટે આ વાચા નથી થાતી. દલીચંદભાઈ! એમ કહે છે ને? વાચા બંધ છે. અંદર આત્મા છે, જાણે છે ટગટગ એમ લાગે છે પણ વાચા થતી નથી. ત્યારે કહે કે, આપો કંઈક સ્લેટમાં (લખે). સ્લેટમાં હાથ હાલે તો હાલે, નહિ તો હાથેય હાલે નહિ. અરે..! ભગવાન! આ દેહના કામ દેહ કરે. તારાથી (થાય) નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..વિના ન ચાલે, એમ કહે છે.

ઉત્તર :- ઈ કહે છે, વાત તો સાચી છે, બાપા! મોટર મોટરથી ચાલે, પ્રભુ! એ તને ગળે ઉતારવું પડશે, ભાઈ! મશ્કરી કરે છે, કરો, બાપા! કરો. ટાણા આવ્યા છીએ અમે. આહાહા..! ભાઈ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ શું ચીજ છે અને એના સ્વભાવમાં શું હોય છે અને ઈ શું નથી કરતો અને કરે, એ બધું પરખવું કઠણ છે. આહા..!

નરસિંહ મહેતા કહે છે ને? ભાઈ! જૂનાગઢમાં થયા.

અનેક યુગ વીત્યા રે, એને પંથે ચાલતા રે.. જી
નાવ્યો નાવ્યો પંથડા કરો રે પાર..

અમે કર્યા, અમે કર્યા, અમે કર્યા. બાપુ! એ શ્વાસની ક્રિયા તારી નહિ, ભાઈ! અને રાગ ઉઠે તે પણ તારું કર્તવ્ય નહિ, પ્રભુ! એવી જ વસ્તુની ચીજ છે.

અનેક યુગ વીત્યા રે, એને પંથે ચાલતા રે.. જી

નાવ્યો નાવ્યો પંથડા કરો રે પાર..

પ્રભુ તારી પાસે રે, હરિ નથી વેગળા જી..

પંચાધ્યાયી (શાસ્ત્રમાં) કહે છે, હરિ એટલે આત્મા. કેમ? (વિભાવ) અને વિકારના ઓઘને હરે તેને હરિ કહીએ. વિકારના ઓઘને હરે તેને હરિ કહીએ. ભાઈ! પંચાધ્યાયીમાં છે. પંચાધ્યાયી પુસ્તક છે ને? એમાં હરિની વ્યાખ્યા કરી. હરિ તું, હોં! બીજો નહિ.

પ્રભુ તારી પાસે રે, હરિ નથી વેગળા જી..

પણ તને આડો આવ્યો અહંકાર

આ દેહના કામ કરું ને શ્વાસના કરું ને ધૂળના કરું, એ અહંકાર. મરી ગયો તું, સાંભળને હવે. દલીચંદભાઈ! આહાહા..! અરે.. ભગવાન! તારી મહિમા પરના કરવામાં નથી, પ્રભુ! તારી મહિમા પરનું નહિ કરવામાં છે. અને તારી મહિમા વિકાર કરવામાં પણ નહિ. વિકાર થાય તેને જાણવામાં તારી મહિમા છે. આહાહા..! કેમ ગળે ઉતરે?

આમ પચીસ-પચીસ વર્ષના જુવાન હોય. ત્રણ ત્રણ લાડવા ખાતા હોય, અત્તર અત્તરિયા. અને આમ હાલતા હોય (ધમ ધમ). આ જડનું કામ, બેસે શી રીતે એને? પાટની! શું હશે આ? આડો આવ્યો અહંકાર. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે'. મેં કર્યા, આ વ્યવસ્થાના કામ મેં કર્યા. ભગવાન! દેહની વ્યવસ્થા રાખવાની તાકાત તારામાં નથી, હોં! એ નક્કી કરવું પડશે, પ્રભુ! એ વિના તને શરણ નહિ મળે. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે, હે નાથ! સમવસરણ જે ઈન્દ્રે રચ્યું, એ નિમિત્તથી કથન છે, એમ કહેવું છે. મણિભાઈ! એ કાળે પરમાણુની રચના ધર્મસભાની થવાને લાયકાત હતી, તે પરમાણુમાં એ પરિણમી ગઈ. એને ઈન્દ્રોએ રચી એમ વ્યવહારથી, એમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા આચાર્ય મહારાજ કહે છે, હે નાથ! **'णाणामणिणिम्माणे'** **'णिम्माणे'** **'णिम्माणे'** છે ને? રચના એમ શબ્દ પડ્યો છે ને? રચના શબ્દ છે એટલે જરી વ્યાખ્યા કરી. અનેક પ્રકારના મણિરત્નથી સમવસરણ રચાયું. એમાં ભગવાન ભિન્ન બિરાજે છે, હોં! એને ને એને કાંઈ લેવાદેવા ન મળે. આહાહા..! મહા પુણ્યવંત છે, એના પુણ્ય દુનિયામાં સમાય નહિ એટલા પુણ્ય છે. એ પુણ્યના ઝબકારા જ્યાં આવ્યા, અહીં કેવળજ્ઞાન થયું અને તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો. અને ઈન્દ્રોએ સમવસરણ ધર્મસભા રચી. એમાં ભગવાન સિંહાસન ઉપર ઉપર બિરાજે છે. સિંહાસન ઉપર નહિ, હોં! સિંહાસનથી અદ્ધર ચાર તસુ ઊંચા બિરાજે છે. હજી ચાર બાકી છે. વાણી, શરીર બાકી છે. આહાહા..!

જેણે ઓળખી છે, એટલે કે ભગવાન આત્મા આ, જ્યારે એવી દશા પ્રાપ્ત કરનારો આત્મા છે તો એ દશાનું સ્વરૂપ શક્તિરૂપે મારામાં પણ છે. હું રાગ અને પુણ્યના વિકલ્પવાળો એ હું નહિ. આહાહા..! ભારે વાત! હું તો પૂર્ણ, જે આ પરમાત્મદશા પ્રગટ થઈ છે તે દશાની શક્તિનું તત્ત્વ આખું ધ્રુવમાં અનંત ગણું પડ્યું છે. એક અવસ્થા નહિ પણ અનંત ગુણનું તત્ત્વ અંદર પડ્યું છે. આરે..!..

.. વ્યવસ્થા છે. શું કીધું ઈ? અવસ્થા ને દ્રવ્ય ને પર્યાય ક્યાં શેની? તેથી તો પહેલેથી તો વાત કરી છે કે ત્રણ દશાઓ છે. પરમાત્મા સર્વજ્ઞપદ પરમેશ્વર પણ એક દશા છે. તો એ દશા જ્યારથી પ્રગટ થાય છે .. એવી એવી સાદી અનંત દશા.. .. સમજાણું કાંઈ? સંસારની જે દશા છે-અવસ્થા તે તો કીધું કે અનાદિથી વિકાર .. દશા ચાલી આવે છે પણ એનો અંત થઈ જાય છે. એટલે એ જે એક એક સમયની સંસારની દશા અનંત થઈ એના કરતાં પરમાનંદની પરમાત્માની પોતાની પૂર્ણ દશા એવી એ સંસારની અવસ્થા કરતાં એ દશા અનંતગુણી છે. સમજાય છે કાંઈ આમાં? આ કોણ જાણે કોણ હશે?

ભગવાન! તારી તને ખબર નથી. તો પરમાત્મા કેવા હોય એની પણ એને ખબર નથી. ભાઈ! કહ્યું ને પહેલા? સંસાર કોઈ ચીજ બાયડી, છોકરા અને કુટુંબ એ સંસાર નથી આત્માનો. સંસાર એક ભૂલ છે. તો ભૂલ એની દશા બહાર રહી શકે નહિ. નથી તેના દ્રવ્ય, વસ્તુ અને ગુણમાં ભેદ કે નથી ભૂલ બાયડી, છોકરા કર્મમાં. એની ભૂલ એની દશામાં છે. આહાહા..! એ ભૂલને સંસાર કહે છે. સમજાણું કાંઈ? સંસરણ ઈતિ સંસારઃ. ભગવાન જ્ઞાનઘન આત્મા, એના નિજ દળમાંથી ખસીને નિજ દળ આનંદનું શુદ્ધ, એમાંથી ખસીને ક્ષણિક પુણ્ય-પાપના વિકાર, શરીર આદિમાં એવી જે વિકૃત માન્યતા એને ભગવાન સંસાર કહે છે. સમજાણું કાંઈ? એ બહિર્આત્માની પર્યાયને સંસાર કહે છે.

કેટલાક એમ કહે, અમે બાયડી-છોકરા છોડી દીધા, સંસાર છોડ્યો. બાપુ! સંસાર ક્યાં છે એની તને ખબર નથી. જો બાયડી, છોકરા ને શરીર સંસાર હોય તો તો આ છૂટી જાય છે. દેહ છૂટતાં. તો એનો સંસાર છૂટી ગયો એટલે મોક્ષ થઈ જાય. ન્યાય સમજાય છે કાંઈ? આ સ્ત્રી, કુટુંબ, શરીર, કર્મ જો સંસાર હોય તો આ શરીર તો છૂટી જાય છે, એનું પણ છૂટી જાય છે મરે ત્યારે. એટલે સંસારી હોય તો એનો નાશ થઈ ગયો એટલે મુક્તિ થાય એની. એ સંસાર નથી. એને ખબર નથી મારો સંસાર ક્યાં રહે છે? સમજાણું કાંઈ? કેટલાક કહે ને આ સંસાર ત્યાગ્યો. ભગવાન! સંસાર કોને કહેવો? સમજ્યા વિના ત્યાગ્યો કોને કહેવો? સમજાણું કાંઈ?

સંસાર, ત્રિકાળ આનંદ જ્ઞાનાનંદ મૂર્તિને ભૂલી અને ક્ષણિક વિકૃતભાવને પોતાનો માને છે તે તેની દશામાં તેનો સંસાર અને ભૂલ છે. એ સંસારની અવસ્થા અનંત છે, પણ છે મર્યાદિત. મર્યાદિત એટલે બહુ થોડી. અનાદિ કાળની તે અત્યાર સુધીની અંત આવી જાય

એનો, મોક્ષ થશે એટલે. એટલે એ સંસાર અવસ્થાની પર્યાયની... પર્યાય એટલે અવસ્થા છે, એક-બે-ત્રણ એમ અનંત ગણો તો અનંત છે. પણ એનાથી ભવિષ્યની જે અવસ્થા પ્રગટ થાય, સંસારની દશાનો વ્યય થઈ, આત્માનું અંતર મુક્ત સ્વરૂપ ભગવાન છે એમાંથી પર્યાય પ્રગટ પૂર્ણ થાય એ દશા-એ અવસ્થા અનંત... અનંત... અનંત... અનંત.. ભવિષ્યમાં પ્રગટ થયા કરશે. ભીખાભાઈ! આ શું કહે છે? એવી સિદ્ધની એક સમયની દશા, કેવળજ્ઞાનની એક સમયની દશા એની એ સમયની દશા રહેતી નથી. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. પૂર્ણ જ્યારથી પ્રગટે એ અનંત કાળ રહે. એ બધી પૂર્ણની અનંત દશા સંસાર કરતાં અનંતગુણી એ આત્માના એક જ્ઞાનગુણમાં પડી છે. શક્તિરૂપે, અવસ્થા તરીકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એને નથી ખબર દ્રવ્યની, નથી ખબર શક્તિની, નથી અવસ્થાની ખબર અને ધર્મ કરવો છે. ભગવાન અનાદિ કાળથી એમ ને એમ ધુનમાં ભમે છે. કહે છે કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારો એક જ્ઞાનગુણ જે અંદર ત્રિકાળ છે જ્ઞાન-જાણવું, એના અનંતા કેવળજ્ઞાનની જે સાદિઅનંત ગુણી પર્યાય એમાં સમાણી છે, પડી છે. શક્તિરૂપે. સમજાય છે કાંઈ આમાં?

કહે છે, એવો જે મારો ભગવાન, એમ જેની અંતરમાં દૃષ્ટિ થઈને રાગ અને વિકલ્પને પૃથક્ કરીને સ્વભાવનું ભાન, આવો આત્મા છે એવી જે પ્રતીત અનુભવમાં પ્રતીત કરી, જાણીને આવું વેદ્યું એને અંતરાત્મા અને તેને સમ્યગ્દૃષ્ટિ જીવ કહેવામાં આવે છે. એ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની પૂર્ણ દશા પ્રગટી નથી, એ જેને પ્રગટી છે, આ એની ભક્તિ કરે છે એનું નામ સ્તવન અને સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સ્તુતિમાં પણ ઝીણું કાંત્યું. બાપુ! સ્તુતિ એટલે આ તો વિકલ્પ ઉઠે છે, ધર્માત્માને પોતાના સ્વરૂપની દૃષ્ટિનું ભાન છે. પ્રવચનસારમાં કહે છે પહેલી ગાથાઓમાં. પ્રભુ! હું કોણ? અને જેને વંદન કરું છું એ કોણ? પહેલી જ ગાથામાં સંસ્કૃત ટીકા લીધી. અહં-હું કોણ? હું તો જ્ઞાન ને દર્શન ને આનંદથી ભરેલો પદાર્થ તે હું. હું રાગ ને પુણ્ય ને શરીર હું નહિ. જેમાં હુંપણું આવે એમાંથી શુભ કોઈ દિ' ખસે નહિ. રાગ-દ્વેષાદિ હુંપણામાં-આત્મામાં નથી. આહાહા..! એ નથી તો ટળે છે. જો હોય તો ટળે નહિ. એની દશામાં છે. ભાઈ! એને ખબર નથી. મૂળ વાતની વાત છે અહીં તો, ભાઈ!

એની દશામાં એ વિકાર છે, ભ્રમણા છે, દુઃખ છે એ વસ્તુના સ્વભાવમાં નથી. એમ જેણે સ્વભાવનું ભાન કરી અને દુઃખની દશા મારી નહિ એમ પૂર્ણાનંદ છું એમ પ્રતીત, અનુભવ, સમ્યગ્દર્શન, સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કર્યા છે, તે પૂર્ણ પરમાત્મદશા જેને પ્રગટી છે તેને ઓળખી છે. આ એની સ્તુતિ કરે છે. એનું નામ ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. બાકી એકડા વિનાના મીંડા. એકલા ભગવાનના ગાણા ગાયા કરે કે આવા ભગવાન, આવા ભગવાન. પણ એને અંદરમાં તો ભગવાન મહિમાવંત છે એવું તત્ત્વ તો બેઠું નથી. સમજાણું

કાંઈ?

આ મુનિ પોતે સમ્યગ્દૃષ્ટિ આનંદમય હતા. જંગલમાં દશા વસતી હતી. મુનિ તો જંગલમાં જ રહે છે. જેની દશા મુનિપણાની થાય તે જંગલમાં આત્મા આનંદમાં બ્રહ્માનંદ સ્વરૂપમાં એટલી લહેર અને આનંદ હોય કે જેને વસ્તુના પગરમાં પ્રસાર જ્યાં હોય ત્યાં પણ રહેવું, અંદર વિકલ્પ હોઈ શકે નહિ. એય..! વનવાસમાં આનંદની ... વસતા હોય છે. આનંદના ભાનમાં વસતા હોય છે. એને જરી વિકલ્પ આવ્યો છે શુભરાગ, તો પરમાત્માની સ્તુતિ કરે છે. પણ એ શુભરાગને સમજે છે કે એ પુણ્યબંધનું કારણ છે. મારા સ્વભાવની દૃષ્ટિમાં હું ઠરી શકતો (નથી). દૃષ્ટિ થઈ છે, પણ ઠરી શકતો નથી એથી આ એક શુભરાગ આવ્યો છે. એને હેયબુદ્ધિએ (જાણીને) સ્તુતિ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાદેય બુદ્ધિ જાણીને સ્તુતિ કરે તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ ભગવાનની સ્તુતિ કરવાને લાયક નથી. આહાહા..! ભારે કામ, ભાઈ! ઝીણી વાત છે પણ હવે સાંભળવી તો પડશે ને એને. આ અનંત કાળથી રખડે છે. આહાહા..! એની એને ખબર ન મળે. શું કરું છું અને શું છે એની કાંઈ ખબર ન મળે. આંધળે આંધળા આમ ને આમ ચાલ્યા જાય છે.

એ અહીં કહે છે, આત્મા પોતાના સ્વરૂપમાં સ્વભાવને ઓળખે છે. કેમ? શાસ્ત્રમાં લેખ છે ને? ૮૦મી ગાથા પ્રવચનસારમાં '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।। सो जाणदि अप्पाणं**' જેણે સર્વજ્ઞ પરમેશ્વરના દ્રવ્ય-ગુણ અને પર્યાય જાણ્યા... દ્રવ્ય-ગુણ-પર્યાય શું હશે? કોણ જાણે? આ દ્રવ્ય એટલે પૈસો હશે આ? ભગવાન દ્રવ્ય એટલે કાયમ રહેનારી ચીજ. અને દ્રવતું દ્રવે છે, પર્યાયદૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યનું કથન છે એ. ધ્રુવની દૃષ્ટિએ તો દ્રવતું નથી તો પર્યાય ભિન્ન થાય છે. પણ એ વાત અત્યારે કઠણ પડે જીવને-લોકોને.

દ્રવ્ય જે વસ્તુ છે, કાયમી ચીજ છે એ દ્રવે છે પર્યાયદૃષ્ટિ દ્વારા. ધ્રુવ છે તે ખરેખર દ્રવતું નથી. પણ ધ્રુવને જ્યારે ભેદદૃષ્ટિએ કહીએ તો એ પોતે છે આમ દ્રવ્ય. જેમ પાણી છે એમાંથી પ્રવહે છે, પાણી દ્રવે છે, દ્રવે છે. એમ ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ છે દ્રવ્ય, એમાંથી પર્યાય દ્રવે છે, વહે છે, પ્રવહે છે, થાય છે. સમજાય છે કાંઈ? એને દ્રવ્ય કહીએ. અને એની ત્રિકાળી ગુણને-શક્તિ અને સ્વભાવ કહીએ અને એમાંથી દશા થાય તેને પર્યાય કહીએ. સમજાણું કાંઈ?

સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ બધી ત્રણે પર્યાય છે. દ્રવ્ય-ગુણ નહિ. સમજાણું કાંઈ? કોને ખબર આ શું હશે? માથાફોડ કરીને મરી જાય બહારમાં ને બહારમાં. અને વિકલ્પને નામે મરી ગયો અનાદિથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, એ ત્રણે દશાઓ છે. વસ્તુ ગુણ નહિ. દ્રવ્ય નહિ. બહિરાત્મ પુણ્યને-પાપને પોતાનું માને એ મિથ્યાત્વદશા પણ એક દશા છે-અવસ્થા છે. સ્વરૂપનું ભાન થઈને, રાગથી ભિન્નનું ભાન થાય એ પણ સમ્યગ્દર્શન એક દશા છે. મોક્ષમાર્ગ એક આત્માની અવસ્થા દશા છે. અને મોક્ષ થાય એ પણ આત્માની

એક ભેખ દશા છે. એના ત્રિકાળી દ્રવ્ય-ગુણનું સ્વરૂપ તો ત્રિકાળ જેમ છે તેમ છે. વજુભાઈ! ક્યાં પણ આમાં નવરાશેય ક્યાં. રૂપિયા એવા લાગે ને. ઝેર જેવા છે પણ લાગે મીઠા એને. બે-ત્રણ લાખની પેદાશ હોય અને પાંચ-પચાસ, સાંઈઠ લાખ થયા. તમારે ગયા? છે? કેમ આવ્યા નહિ છે તો? કહો, સમજાણું કાંઈ? આ સાંભળે તો ખરા કે રૂપિયા જડના અને તું તારા માન, એમ ક્યાંથી ... એમ કહે છે અહીં તો. આહાહા..!

ભગવાન! જડ તો જડપણે થઈને રહ્યા છે. તારા એક સમયમાં થઈને રહ્યા નથી. પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર છે એ વિકાર એક સમયમાં માનીને તું રહ્યો છો. સમજાય છે કાંઈ? શું કહ્યું આ? આત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવે એવો જોયો અને એવો છે. સ્તુતિમાં આવે છે, .. સ્તુતિ કરે છે એમાં. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, પ્રભુ તુમ જાણગ રીતિ...' સર્વજ્ઞદેવ પરમેશ્વરને કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે સર્વજ્ઞ પરમેશ્વર! હે પરમાત્મા! તમે ત્રણ કાળ ત્રણ લોકના જગતને જાણો છો, નાથ! મારા આત્માને તમે એવો જોયો છે, અનંત આત્માને એવા જોયા છે, નિજસત્તાએ શુદ્ધ (જોયા છે). પુણ્ય-પાપ તે કાંઈ આત્મા નથી. દેહ કાંઈ આત્મા નથી. દેહ અજીવ છે, કર્મ અજીવ છે, પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ ભિન્ન તત્ત્વ છે.

ભગવાનના જ્ઞાનમાં આત્મા એ જણાણો છે... ભગવાનજીભાઈ! કોણ જાણે શું હેશે? 'નિજ સત્તાએ શુદ્ધ...' હે નાથ! આપે પૂર્ણ જ્ઞાનમાં, સર્વજ્ઞના જ્ઞાનમાં આપે મને એવો જોયો છે કે શુદ્ધ મારી સત્તા છે. એ શુદ્ધપણું તેને આપે આત્મા તરીકે જોયો છે. એમ ભગવાનને કહે છે. ખરો ત્યારે સ્તુતિકાર એને કહીએ કે હું.. જેવી ભગવાનને શુદ્ધ સત્તા, પુણ્ય-પાપ અશુદ્ધ સત્તા, કર્મ પર સત્તા, ભગવાન આત્માની શુદ્ધ સત્તા એવી શુદ્ધતા દૃષ્ટિમાં લે ત્યારે તેને આત્માને જેમ ભગવાન દેખે છે એમ એ માને ત્યારે એણે આત્માને માન્યો અને સમ્યગ્દૃષ્ટિ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કોણ જાણે શું હશે આ? ભગવાન જાણે. ભગવાન તો જાણે છે એમ તો આ કહે છે. સાંભળને! શુદ્ધ સત્તા. આત્મા અંદર નિર્મળાનંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ છે. એવું ભગવાને જોયું. ભગવાને એવું જોયું અને તું બીજી રીતે જો (તો તું) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે.. ભગવાન! શું ક્યાં હશે એની એને ખબર નથી.

ભગવાને જોયો કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્ફટિક રત્ન. જેમ પત્થરનો સ્ફટિક રત્ન નિર્મળ અને સ્વચ્છ છે. એમ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાનાનંદ અને સ્વચ્છ અને શુદ્ધતાનો પરમેશ્વર પોતે છે. એવો ભગવાન આત્માને જોયો છે. એવો એ આત્મા પોતાને જોવે ત્યારે સર્વજ્ઞ અને પોતાની જ્ઞાનની દશા બે એક સરખી કહેવાય છે. જેઠાભાઈ! ભારે વાતું, ભાઈ! સ્તુતિ કરવા દો ને. પણ સમજ્યા વિના શેનો સ્તુતિ કરશે? પરમાત્માનું સ્વરૂપ શું છે અને મારી પાસે

શું ચીજ છે? અને હું પરમાત્મા થવાને લાયક છું તો એ લાયકાતની દશા આવશે ક્યાંથી? અને હું જે પરમાત્માની સ્તુતિ કરું છું એ કાંઈ મારામાં .. છે? નહિ. એ તો ભિન્ન તત્ત્વ છે. સમજાય છે કાંઈ?

એક બોલ એવો છે 'પ્રવચનસાર'માં કે આત્માના જે જ્ઞાન-દર્શનનો ઉપયોગ છે એ બહારથી લવાતો નથી. એટલે કે એ ઉપયોગ બહારના નિમિત્તના લક્ષે આવે છે એ આત્માનો ઉપયોગ છે જ નહિ. આહાહા..! શું કીધું સમજાય છે કાંઈ? જો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... કહેવાય દશામાં, એ દશા નિમિત્તને લક્ષે થાય તો તે જ્ઞાન જ કહેવાતું નથી. એ જ્ઞાનની દશા નિમિત્તને લક્ષે આવે એ જ્ઞાન જ નહિ. એ આત્માનો ઉપયોગ નહિ. આહાહા..! જે જ્ઞાનનો વેપાર જ્ઞાનગુણના સ્વભાવને આશ્રયે થઈને જે જ્ઞાનની દશા થાય તેને ભગવાને જ્ઞાનનો ઉપયોગ તેનો છે, બહારથી લવાતો નથી, અંદરમાંથી તે આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા જરી લાગશે ઝીણી પણ છે આ, હોં બાપા! સત્ય આ રીતે સમજ્યા વિના એને નિવેડો આવે એવો નથી. કહે છે, એવો આત્મા શુદ્ધ સત્તાએ ભગવાને જોયો એવો આત્મા પોતે પોતાને જોવે. હું રાગ અને પુણ્યની ક્રિયાના રાગથી ભિન્ન છું અને મારા પૂર્ણ સ્વભાવથી અભિન્ન છું. એવી દૃષ્ટિ થાય તેને અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ અંતરાત્મા પરમાત્માની સ્તુતિ કરે છે એ અહીં વ્યાખ્યા ચાલે છે.

ઋષભ ભગવાનની સ્તુતિ છે. ૧૩મો અધિકાર છે. 'પદ્મનંદી પંચવિંશતિ'નો. એ આ મુનિ સમ્યગ્દૃષ્ટિ પોતે પોતાના સ્વભાવને ઓળખીને એક વિકલ્પ ઉઠ્યો છે એટલે ભગવાન આવા છે... આવા છે.. આવા છે... એમ કરતાં હું એવો છું એવું એમાં છે. સમજાણું કાંઈ? પણ વ્યવહારથી-નિમિત્તથી કથન કરે છે.

શું કહે છે? ઋષભદેવ સ્તોત્રનો પહેલો શ્લોક. એ પુસ્તક નથી 'પદ્મનંદી પંચવિંશતિ.'

**जय उसह णाहिणंदण तिहुवणणिलएक्कदीव तित्थयर।**
**जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह।।१।।**

અહીંથી નિમિત્તથી કથન ઉપાડ્યું છે. નહિતર એ નાભિ રાજા ને મરુદેવીના પુત્ર એ કાંઈ આત્મા નથી. આત્માની એ ઓળખાણ આપવી એ તો બહારના સંયોગથી અપાય છે. પણ એ ભગવાન એવા હતા કે જેને માતા-પિતાના નિમિત્ત તરીકે ઋષભદેવને.. સમજાય છે કાંઈ? નાભિ રાજા તરીકે નિમિત્ત હતા પિતા. મરુદેવી માતા હતા નિમિત્ત તરીકે. એ કાંઈ એનાથી થયા નથી. સમજાણું કાંઈ? આત્મા, વીર્ય અને લોહીનું બિંદુ એનાથી આત્મા થતો નથી. આહાહા..! આત્મા ઊપજતો નથી. આત્મા છે. તે પોતાના અંદરમાં... લોહીનું બિંદુ અને વીર્યમાં ઊપજે છે એ આવ્યું એમ કહેવું એ તો સંયોગની વાત છે. લોહીનું બિંદુ અને વીર્ય તો રજકણ જડની દશા છે. એ જડમાં આત્મા આવે અને આત્મા જડમાં ઊપજે એમ છે નહિ. એ આત્મા અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવની રમણતા કરતાં પૂર્ણ રમણતા ન

હોય ત્યારે .. આવે. સંયોગનો ભાવ છે. એ સંયોગથી આને ઓળખાવે છે કે એ આત્મા તો છે આ. પણ નિમિત્તપણે ક્યા ક્ષેત્રે અને ક્યા મા-બાપ હતા એની વ્યવહારે ઓળખાણ કરીને એને કહે છે.

**'जय उसह'** હે ઋષભનાથ! તમારો જય હો. આ સ્તુતિ છે મુનિની. મહામુનિ સંત થઈ ગયા દિગંબર જંગલમાં વસનારા. એણે આ પહેલી ઓળખાણ કરીને પછી આ સ્તુતિ કરી છે. **'जय उसह णाहिणंदण'** નાભિનંદન. નાભિ રાજાનું નિમિત્ત હતું, એમાં તમે પર્યાય તરીકે અહીંયાં આવ્યા. તો નાભિનંદન કહેવામાં આવ્યા. આત્મા કોઈનો નંદન પણ નથી અને કોઈનો બાપ પણ નથી અને કોઈનો પુત્ર પણ નથી. સમજાણું કાંઈ?

આત્મા છે એ કોઈનો બાપ છે? શું આત્મા કાંઈ દીકરાને ઊપજાવે છે? એ તો આત્મા અને શરીર તો જુદું તત્ત્વ છે. અને એ શરીર અને આત્મા બીજાના આત્મા એનાથી આત્મા ઊપજે છે? આહાહા..! નિમિત્તથી ઓળખાણ કરાવે કે આ આત્મા આ કાળે, આ ક્ષેત્રમાં, આ સ્થિતિએ હતા એનું અસ્તિત્વ સ્થાપીને વાત કરે છે. સમજાણું કાંઈ? અદ્ધરથી આવ્યા છે અને ઊપજ્યા છે એમ નહિ એટલું સિદ્ધ કરવા કે કોઈ પરમેશ્વર છે અને અદ્ધરથી મા-બાપ નિમિત્ત નહોતું અને આમ થયા. એ નહોતું એ સમજાવવા વાત કરે છે. બાકી કોઈ નાભિના નંદન છે એ ઓળખાણ આત્માને માટે નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'जय उसह'** નાભિનંદન **'तिहुवणणिलएक्कदीव तित्थयर'** હવે આ એનું સ્વરૂપ છે.

હે નાથ! હે પરમાત્મા! ત્રિભુવન નિલય. ત્રણ લોકરૂપી ઘર, એનો એક આપ દિવો છો. આ એના આત્માની ઓળખાણ કીધી. ઓલી નિમિત્તથી વાત કરી. હે પરમાત્મા! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા! આપ **'तिहुवणणिलएक्कदीव तित्थयर'** ત્રણ ભુવન-ઊર્ધ્વ, મધ્ય અને અધો. એ ત્રણ લોકમાં આપ સૂર્ય, ચંદ્ર અને દીવો છો. ત્રણ કાળ અને ત્રણ લોકને જાણનાર તે આપ દીવા સમાન છો. સમજાણું કાંઈ? ત્રણ લોકમાં રહ્યા નથી. પણ ત્રણ લોકને જાણનાર તરીકે, દીવા તરીકે તમે રહ્યા છો. સમજાણું કાંઈ? આરે..રે..! આ કઈ જાતના? ઓલું તો કહે. હે ભગવાન! તારજો, શિવપદ અમને દેજો રે મહારાજ! શેઠ! અમારા જીવણલાલ શેઠ... સમજાય છે? સમજ્યા વિના જય ભગવાન.

અહીં તો કહે છે, પરમાત્મા ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ, એની વાણીમાં એમ આવ્યું. ભાઈ! તું તો મારાથી જુદું તત્ત્વ છો ને. અને તારાથી હું જુદો છું. તો જુદામાંથી જુદાને કાંઈ મળે એવું તો છે નહિ. પણ જ્યારે આત્માનું જ્ઞાન અને ભાન પરથી ભિન્ન થાય ત્યારે તારે અંતરમાં એકાગ્ર થઈને પરમાત્મા મુક્ત સ્વરૂપ છે એટલે જે તારાથી અધિક પરમાત્મ દશાને પામ્યા છે એના ગુણગ્રામનો વિકલ્પ એને આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આ એનું નામ વ્યવહારભક્તિ કહેવામાં આવે છે. આહાહા..!

નિશ્ચયભક્તિ તો એને કહીએ કે જે આનંદકંદ જ્ઞાનાનંદમૂર્તિ તેમાં એકાગ્ર થઈને શુદ્ધતા,

શાંતિ પ્રગટ કરે તે ભક્તિ. પણ પરમાત્માને વશ કરીને પરદ્રવ્યને અનુસારે જે વૃત્તિ ઊઠે એ વ્યવહારભક્તિ છે. પણ જેને નિશ્ચય આવું હોય એને આવી વ્યવહારભક્તિ આવે, હોય એ વાત સિદ્ધ કરે છે. જેને ભાન નથી, રાગ ને વિકલ્પથી ભિન્ન મારું તત્ત્વ છે એવું ભાન નથી અને રાગને પોતાનું સ્વરૂપ માને એ બહિર્‌આત્મા (છે). એ ભગવાનની સ્તુતિ કરવાને લાયક નથી. સમજાણું કાંઈ? એવો માર્ગ છે જરી.

એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણના મધ્યમાં ભાખ્યો સીમંધર ભગવાન.

સમવસરણના મધ્યમાં પરમાત્મા .. રહ્યા છે. અત્યારે વિદ્યમાન મોજૂદ છે. આવો માર્ગ વીતરાગનો એટલે આત્માનો. વીતરાગ એટલે વીત્ નહિ રાગ. રાગનો વિકલ્પ પણ જેમાં નથી એવું જે સ્વરૂપ, એનું જેને અંતર ભાન અને સમ્યગ્દર્શન છે એ નિશ્ચય. અને પરમાત્મ દશા અને ભક્તિથી સ્તવન કરે છે એ વિકલ્પ, તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ નિશ્ચય હોય એને આવો વ્યવહાર હોય છે. પણ એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

એવો ભાવ ધર્મીને પોતાના સ્વરૂપમાં જ્યાં સુધી વીતરાગપણે ઠરે નહિ ત્યાં સુધી એવો ભાવ શુભ આવે. પણ એને સમજે કે આ એક રાગ છે. અને રાગ છે તે શ્રદ્ધામાં મને ધર્મ છે એમ એ માનતો નથી. ત્યારે તે રાગને વ્યવહારધર્મનો આરોપ અપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે કે હે નાથ! **'तिहुवणणिलए'** ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક રૂપી ઘર. એ ઘરના આપ દીવા છો, નાથ! પ્રકાશના પુર છો. સમજાણું કાંઈ? એક દીવો હોય તો એક ઘરમાં અજવાળુ કરે. ચંદ્ર-સૂર્ય પણ એની મર્યાદિત જમીનમાં અજવાળું કરે. ભગવાનનું જ્ઞાન ત્રણ લોકમાં અજવાળું કરે એવું જ્ઞાન ભગવાનનું છે એમ કહે છે. આ એવો ભગવાન હું છું. મારા સ્વભાવમાં એમ પ્રતીત કરીને આવી સ્તુતિ કરે છે. આહાહા..! કહો, જેઠાલાલભાઈ! ભારે ભાઈ! ભક્તિમાં આવું ઝીણું નાખ્યું. ભક્તિમાં જાણે કાંઈ .. હોય તો ઠીક. પણ બાપુ! ભક્તિ જ એને કહવાય, ભાઈ!

ભક્તિના બે પ્રકાર-નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચયભક્તિ સ્વઆશ્રયે થાય, વ્યવહારભક્તિ પરાશ્રયે થાય. નિશ્ચયભક્તિ સ્વરૂપની એકાગ્રતા, એ શુદ્ધતાની નિર્જરા. વ્યવહારભક્તિ પુણ્યબંધનું કારણ. આવા નિશ્ચય વ્યવહારની આગળ વ્યવહારભક્તિ હોય, બીજાને હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરવા આ ગાથા લીધી છે. સમજાણું કાંઈ?

કહે છે, અને **'तित्थयर'** એમ શબ્દ છે. હે ભગવાન! આપ તીર્થના તરણહારા છો. વ્યવહારથી છે ને. ખરેખર નિશ્ચયથી પોતાના તરવાના સ્વભાવને આપે તો કર્યો છે. 'પ્રવચનસાર'માં એમ છે પહેલી ગાથામાં. પોતાનું તીર્થ સ્વરૂપ તરવાનું જ્ઞાનાનંદ સ્વભાવ, તેને આપે કર્યો માટે આપ તીર્થના કર્તા કહેવામાં આવો છો. પણ વ્યવહારે આપે જે કેવળજ્ઞાનથી

વાણી આવી અને એ જે કોઈ સમજે એને સમજનારને તમારી વાણી અને તમે નિમિત્ત થાવ છો માટે ધર્મના કર્તા વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**तित्थयर**' ધર્મતીર્થની પ્રવૃત્તિ કરનાર.

'**હે ભગવાન! આપ ઈસ લોકમેં જયવંત રહો.**' જય શબ્દ પહેલો પડ્યો ત્ચે. જયવંત રહો. જે આપની દશા થઈ છે એમ ને એમ રહો. એમ કરીને મંગળિક કરે છે. એમ અમારી દશા રાગથી ભિન્ન પડીને જે સમ્યગ્દર્શન આદિ થયું એ દશા એમ ને એમ રહો. અને આગળ વધીને પરમાત્મા અમે થઈએ એમ ભાવના કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાષા!

કહે છે, '**આપ ઈસ લોકમેં સદા જયવંત રહો.**' પહેલો શબ્દ છે ને? '**जय उसह णाहिणंदण तिहुवणणिलएक्कदीव तित्थयर। जय सयलजीववच्छल**' હે પરમેશ્વર! શું ગાથા છે જુઓ તો ખરા! મુનિ છે, દિગંબર છે નગ્ન દશા, અંતરમાં આનંદકંદમાં ઉતરે છે. એને વિકલ્પ આવ્યો છે એટલે ભક્તિ જગત પાસે જાહેર કરે છે. કેવા છે નાથ? '**सयलजीववच्छल**' હે નાથ! હે પરમાત્મા! સકલ જીવના વાત્સલ્યકારી આપ છો. ભગવાનને રાગ હશે? ઈ તો પાછળ લીધું, જુઓ! '**ઈસી પ્રકાર સમસ્ત જીવોં પર વાત્સલ્ય કો ધારણ કરનેવાલે...**' એનો અર્થ કે જે ધર્માત્મા પોતાના સ્વરૂપની પ્રીતિ અને રુચિવાળા છે તેને પૂર્ણ પરમાત્મા પ્રત્યેનો વ્યવહાર-પ્રેમ આવે છે. તેથી આવે છે એ ભગવાનનો આરોપ કરીને પ્રભુ! આપ વાત્સલ્યના ધારણ કરનારા છો. સર્વ જીવ ઉપર વાત્સલ્ય કરનારા છો. આહાહા..! થોડું થોડું ઝીણું પડે પણ સમજવું, હોં! આ સમજ્યા વિના કાંઈ નીવેડો નથી. આ બધા દુઃખીના દાળીયા છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમે સુખી છીએ. ધૂળમાંય નથી લે. તારા પૈસામાં નથી. ક્યાં આવ્યા નહિ પાછા? શું થયું? સંતાઈ ગયા? વયા ગયા? હવે આ આમંત્રણમાં આ કરવાનું હોય કે પહેલા ધૂળનું કરવાનું હોય? એ તો બધું છે, એનું બધું કરે છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? હોળી એટલે કષાય. ચારે કોર કરે જ છે. હવે એમાં નવું શું થયું? મારી નાખ્યા પણ. બે-ચાર કરોડના કાંકરા થાય ને જ્યાં... કોના? જડના, હોં! એના ક્યાં હતા આત્મામાં. એ મૂરખ થઈને માને છે કે હું પૈસાવાળો. ભગવાન તો એમ કહે છે, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે ને? એની ૧૪મી ગાથા છે. 'અમૃતચંદ્રાચાર્ય' મહામુનિ! જે આપણે સવારે ટીકા વાંચીએ છીએ. એમણે ૧૪મી ગાથા લીધી છે. આ આત્મા કર્મ અજીવ અને પુણ્ય-પાપના આસ્રવથી રહિત છે. '**असमाहितो**' એવો પાઠ છે.

ભગવાન આત્મા કર્મ અજીવ અને પુણ્ય-પાપ આસ્રવ. બે તત્ત્વથી આત્મતત્ત્વ ભિન્ન છે. નહિતર ત્રણ તત્ત્વ એક થઈ જાય છે. જીવ, આસ્રવ અને અજીવ એવા ત્રણ તત્ત્વ છે ને નવમાં? તો કર્મ, શરીર અજીવ અને પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો પુણ્ય. અને હિંસા, જૂઠું, ચોરીના પાપ બે થઈને આસ્રવ. એ આસ્રવતત્ત્વ ભિન્ન છે. ભગવાન ભિન્ન

છે. પણ જે બે તત્ત્વથી '**असमाहितो**' ... પુરુષાર્થસિદ્ધ છે ને? સમજાણું કાંઈ?

પંડિતોને કહ્યું હતું ત્યાં. જયપુરમાં બધા પંડિત મોટા બધા બેઠા હતા. મોટા-મોટા. બંસીધરજી ને ફૂલચંદજી ને કૈલાસચંદજી ને પેલા કાશીના શું કહેવાય? ભગવાન આત્મા, ભાઈ! તને ખબર નથી એ પોતે તત્ત્વ છે. એ તો શરીર, કર્મ અને પુણ્ય-પાપના આસ્રવ વિનાનું છે. '**असमाहित**'. એને '**समाहित**' નામ સહિત '**युक्त इव प्रतिभाति**' જે અસહિત છે, છતાં સહિત પ્રતિભાસે છે એ મિથ્યા સંસારનું મોટું બીજ છે. એ ૧૪મી ગાથામાં છે. સમજાણું કાંઈ?

અસ્તિ છે. પુણ્ય-પાપના ભાવની અસ્તિ છે. શરીરની અસ્તિ છે. અસ્તિ એટલે છે. વસ્તુ પણ છે. પણ આ વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનાનંદ, એ પુણ્ય-પાપના આસ્રવ અને અજીવથી સહિત નથી. છતાં '**युक्त इव प्रतिभाति**' એવો પાઠ છે અમૃતચંદ્રાચાર્યનો. પણ સહિત છું એવો જેને ભાસ થાય છે એ ભવનું બીજ છે એવો પાઠ છે. એ ચોર્યાસીમાં રખડવાનું મોટું મહા દુઃખ છે. ભારે વાત! સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિમાં જોઈ લેજો, ૧૪મી ગાથા છે. અમૃતચંદ્રાચાર્યનું પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે.

કહે છે, હે નાથ! '**सयलजीववच्छल**' પણ જો ભગવાનને પર ઉપર પ્રેમ હોય તો એ વિકલ્પ છે અને એ તો આસ્રવ છે. એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે. પણ પ્રભુ! આપનું જ્ઞાન છે એ સર્વને જ્ઞેય તરીકે જોવે છે. એ જ્ઞેય તરીકે, મને જ્ઞેય તરીકે, જડને જ્ઞેય તરીકે, અવગુણને કે ગુણને જ્ઞેય તરીકે જોવે છે. અને કોઈ પ્રત્યે તમારા જ્ઞેયના ભાગલા નથી કે આ જ્ઞેય ઠીક અને આ જ્ઞેય ઠીક નથી. એવો ભાગ નથી. માટે અમે આપને એમ કહીએ છીએ કે સર્વ જીવ પ્રત્યે આપને વાત્સલ્ય-પ્રેમ વર્તે છે. જેઠાલાલભાઈ! આહાહા..!

આ દુશ્મન છે, સર્વજ્ઞને નથી માનતો માટે દુશ્મન છે અને આ સર્વજ્ઞને માને છે માટે મિત્ર છે એમ છે ભગવાનને? બસ, એ વાત્સલ્ય છે. બધા આત્માઓ પૂર્ણાનંદ સ્વરૂપ છે. એ જીવને, બધા જીવને હે નાથ! વાત્સલ્ય છે. આપે જે જ્ઞાનસ્વરૂપે વસ્તુને અનુભવી, જોઈ પૂરી થઈ, એવું કહ્યું. એવું જે સાંભળીને એ પ્રમાણે કરે છે તો પ્રભુ! આપને બીજા પ્રત્યે વાત્સલ્ય છે એમ અમે આરોપથી કહીએ છીએ. સમજાણું કાંઈ?

'**सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह**' હવે આ એક મોટો શબ્દ આવ્યો. હે નાથ! હે પરમેશ્વર! પરમ-ઈશ્વર. પરમ-ઈશ્વર. પરમ-ઈશ્વરતા જેટલી પ્રગટ આપને થઈ ગઈ છે. કેટલી? કે '**निर्मल ગુણરૂપી रत्नों के આકર (ખજાના) હે નાથ! આપ सदैव ईस लोकमें જયવંત રહો.**' એમ કહીને શું કહે છે? થોડું થોડું ઝીણું પડે પણ સત્ય આ છે, ભાઈ હોં! બીજું કાંઈ નથી. કોઈ રીતે ઠગાઈ જશે તો મરી જશે. સમજાણું કાંઈ? આત્મા, એક આત્મામાં એટલા ગુણોની સંખ્યા પડી છે, એને કહે છે કે '**णिम्मलगुणरयणणिहि**' નિર્મળ ગુણની રતનની નીધિ છો, નાથ! એ પર્યાય પ્રગટી છે, અવસ્થા એને કહે છે. એમ કરીને

મારો આત્મા પણ અનંત ગુણનો નીધિ છે એ મેં પ્રતીત અને અનુભવમાં લીધો છે. આપને પ્રગટ થઈ ગયેલી દશા છે. નિર્મળ ગુણોનો નીધિ. આત્મા શું છે એની એને ખબર ન મળે.

જેટલા ગુણની સંખ્યા છે... ન બેસે તો ખ્યાલમાં રાખવું. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પરમાત્માએ એવું જોયું છે કે આ જગતની અંદર જે જીવની સંખ્યા છે, સંખ્યા, એમાંથી છ માસ અને આઠ સમયમાં, છસ્સોને આઠ મુક્તિ પામે. એવા જીવો સદાય રહે છે. શું કીધું? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. પહેલું આવી ગયું. એમાં એવું જોયું છે ભગવાને કે છ માસ અને આઠ સમયમાં છસ્સોને આઠ તો મુક્તિને પામે. એટલા બધા જીવની સંખ્યામાં આવા જીવ તો સદાય હોય છે. સમજાણું કાંઈ? એ જે જીવની સંખ્યા અનંત કાળથી સંખ્યા થઈ, છ મહિના અને આઠ સમય... છ મહિના ને આઠ સમય... કેટલા થયા અનંત કાળથી.

કહે છે કે જે અનંત પરમાત્મપદ સિદ્ધને પામ્યા, એના કરતાં જીવની સંખ્યા અનંતગુણા છે. સમજાણું કાંઈ? સંસારી જીવ છે એ અનંતગુણા છે. અનંત-અનંતગુણા. ઓલા તો અનંતમે ભાગે છે. સંખ્યાએ. સંસારી જીવની સંખ્યા સિદ્ધ ભગવાન કરતા અનંતગુણી છે. સંસારીની સંખ્યા કરતાં આ પરમાણુ માટીના કણિયાના કટકા જે ટૂકડા અનંત કહેવાય એ અનંત જીવ કરતા, અનંત જીવ કરતા પરમાણુ અનંતગુણા છે. ઘરની સંખ્યાની ખબર હોય. કેટલી થાળી ને કેટલા વાટકા ને કેટલા બોઘડા. કેટલાનું મકાન કર્યું? બે લાખનું અને પાંચ લાખનું. ફૂકા આટલા થયા ઘરમાં. ફૂકા સમજ્યાને? પૈસા. એ છોડ્યું રમે ને? આમ આમ કરીને. આ આડાઅવળા રમે. એમાં છે શું? એની એને ખબર હોય કે મારી પાસે પચાસ લાખ છે, પાંચ લાખ પેદા થાય છે. બે લાખનો ખર્ચ ઉતરે છે, ત્રણ લાખ ભેગા થાય છે. બધી આંકડાની ખબર ધૂળની. તારામાં ગુણ કેટલા એ ખબર છે? ભગવાન જાણે. આપણને ક્યાંથી ખબર હોય. ભગવાન તો જાણે છે પણ તને ખબર છે?

કહે છે, સંસારી જીવ કરતાં પરમાણુની સંખ્યા અનંતગુણી છે અને પરમાણુની સંખ્યા કરતાં ભગવાન એમ કહે છે કે આ ત્રણ કાળ જે છે, એક સેકન્ડમાં અસંખ્ય સમય થાય. આંખ ઉઘાડીને મીચે એમાં અસંખ્ય સમય (જાય). એક સમય એટલે કાળનું નાનું માપ. એવા ત્રણ કાળના સમય જે છે એ પરમાણુની સંખ્યા કરતાં અનંતગુણા છે. અનંતગુણા છે. એના કરતાં આકાશ છે. ચૌદ બ્રહ્માંડ છે ને વસ્તુ. એ તો આકાશ લોકપ્રમાણ છે પણ બીજા આકાશ છે ને ખાલી. બહાર.. બહાર.. જાય તો શું છે? ખાલી છે કે નહિ? પછી આકાશ ખાલી તે ક્યાં .. આવે? આકાશ ખાલી.. છે... છે... છે... એમ આવશે. પણ નહિ.. નહિ.. નહિ.. એમ નહિ આવે. શું કીધું આ?

આકાશ એક અરૂપી .. પદાર્થ .. ચૌદ બ્રહ્માંડની સાથે દસે દિશામાં આકાશ... આકાશ... આકાશ... નહિ એમ નહિ આવે. છે એમ આવશે. એ છે એના જે પ્રદેશ એક નાનામાં

નાનો એક પરમાણુ મૂકો એટલો પ્રદેશ (છે). એના અનંતગુણા છે. ઓલા ત્રણ કાળ કરતાં એના અનંતગુણા પ્રદેશ છે. એના કરતા એક જીવમાં અનંતગુણા ગુણ છે. આહાહા..! ભગવાન જાણે કેટલા હશે. ક્યાં ખબર છે. સમજાણું કાંઈ?

એ ઓળખીને વાત કરે છે મુનિ સમકિતી. હે નાથ! આપના એવા અનંતા અનંતા જે ગુણ શક્તિરૂપે હતા એને આપે દશામાં પ્રગટ કર્યા છે. એમ મને ખબર છે કહે છે, મને ખબર છે. તમને શું પ્રગટ્યું એ મને ખબર છે. જેઠાલાલભાઈ! ભગવાન પાસે જઈને (બોલે), જય ભગવાન. .. શુભરાગ છે. પણ એની ઓળખાણ કર્યા વિના એને સંવર અને નિર્જરા એટલે ધર્મ-બર્મ થાતો નથી. એને ખરેખર જે આત્માના ભાન વિના સમ્યગ્દર્શન વિનાનો શુભભાવ એને વ્યવહાર ધર્મ પણ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? નિશ્ચય સ્વભાવના ભાનવાળાને જે રાગ આવે તેને વ્યવહારધર્મ અને વ્યવહારભક્તિ કહેવામાં આવે છે. આવું વસ્તુનું સ્વરૂપ ત્રિકાળ છે.

કહે છે, '**णिम्मलगुणरयणणिहि**'. નિર્મળ ગુણના રતનનો નીધિ. ઓલી નીધિની ખબર પડે ધૂળની. સમજાણું કે નહિ? મારી પાસે પચાસ કરોડ છે, ધૂળ લાખ છે. જે ગણવું હોય એ ગણે, ગણવા છે ને. ન્યાં ક્યાં (એના છે). આહાહા..! આ કહ્યું હતું ને? રાત્રે પ્રશ્ન કર્યો હતો. ત્યાં સોનગઢ કીધું હતું ને? સોનગઢ પ્રશ્ન કર્યો હતો. રાતે .. કીધું, સોનાનો ભાવ શું છે? ત્યાં પેલા બધા મુંઝાણા. સોનાનો ભાવ ખબર નથી. શું આવે છે તમારે? તોલાને. સોનાનો ભાવ ઈ ... સોનાનો ભાવ શું? એમ પૂછ્યું ત્યાં બધા મુંઝાણા. કંઈ ખબર નથી. સોનાનો ભાવ એને કહીએ કે સોનું દ્રવ્ય છે-વસ્તુ. એનો જે ગુણ છે રંગ, ગંધ, રસ, સ્પર્શ એનો ભાવ કહેવાય. આ તો કલ્પિત ભાવ તમારા સવાસો ને જે કાંઈ કહેતા હો ઈ.

ભગવાન દ્રવ્યના ભાવ શક્તિને ભાવ કહે છે. સમજાણું કાંઈ? શિવલાલભાઈ! સમજાય છે આ? આ શું છે? કહે છે.. એટલું પૂછ્યું હતું. સોનાનો ભાવ શું? ત્યારે કીધું, .. .. તો નથી. પણ આત્માનો ભાવ શું એટલું પૂછવાનું છે. આત્માનો ભાવ શું? ભાવ એને કહીએ કે જે ત્રિકાળ રહે. બાકી દશા તો એક ક્ષણની હોય છે. કેવળજ્ઞાન હોય તો એક સમયની દશા. બીજા સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. સમજાય છે કાંઈ? આત્માના ભાવની ખબર છે? ... આમાં કાંઈ પ્રશ્ન... કહો, ભગવાન શું કહે છે આ? જુઓ! શું કહે છે?

'**णिम्मलगुणरयणणिहि णाह**' હે નાથ! આપના આત્મામાં જે અનંત ગુણની સંખ્યા હતી, જે આ કીધી એટલી, એ બધી પર્યાયપણે-અવસ્થાપણે નિર્મળ થઈ ગઈ છે. એના આપ નાથ છો. એના આપ રક્ષક છો. જગતના નાથને જગતના રક્ષક કહેવાય એ તો ઉપચારના કથન છે. બીજાના નાથ-બાથ છે નહિ. સમજાણું કાંઈ? '**णिम्मलगुणरयणणिहि णाह**' એમ શબ્દ પડ્યો છે. સંસ્કૃત શબ્દ છે. મુનિનો છે. જંગલમાં દિગંબર સંત વસતા હતા અને ભગવાનની

સ્તુતિનો વિકલ્પ ઉઠ્યો. એમાં ગંભીરતા ઘણી ભરી છે.

કહે છે, હે નાથ! આપ શેના નાથ? નાથ એને કહેવાય છે કે પામેલી વસ્તુને જવા ન દે અને નહિ પામેલીને પમાડે તેને નાથ કહેવામાં આવે છે. જોગ ક્ષેમના કરનારને નાથ કહેવામાં આવે છે. છે તેની પ્રાપ્તિમાં પાછી ન જાય અને નથી મળ્યું એને મેળવે તેને નાથ કહેવાય છે. આપ હે નાથ! આપને પ્રાપ્ત થયેલી પર્યાય તે રક્ષિત છે, ભવિષ્યની નથી થઈ તે થવાની છે. છે તો એને એ. પણ ભવિષ્યની .. એટલે આપ નાથ કહેવામાં આવો છો. શું કહે છે?

કેવળજ્ઞાન અને કેવળદર્શન છે એ એક સમયની અવસ્થા છે. એ કંઈ ત્રિકાળ ગુણ નથી. ત્રિકાળ તો મૂળ શક્તિ જ્ઞાન છે. એક અવસ્થા સમયની છે એનો નાથ છે. નાથ એટલે એમ ને એમ રહે છે. અને ભવિષ્યની પર્યાય અત્યારે નથી. પણ થયા વિના રહેશે નહિ. એને પ્રગટ કરીને પ્રગટ સાદિઅનંત થયા કરશે. એવા આ તમારી નિર્મળાનંદ દશાના નાથ આપ છો એમ મારા જ્ઞાનમાં હું જાણું છું. આહાહા..! સમજાણું કાંઈ?

એમ કહીને એમ પણ કહે છે, જુઓ! '**નિર્મલ ગુણરૂપી રત્નોં કે આકર (ખજાના) હે નાથ! આપ સદૈવ ઈસ લોકમેં જયવંત વર્તો.**' એવી આપની દશા પ્રગટેલી તે એમ ને એમ રહો. એમ કરીને પોતાના આત્માની દ્રવ્ય શક્તિ, દ્રવ્ય એટલે કાયમ રહેવું, ગુણનું કાયમ રહેવું અને મને પ્રગટેલી દશાને તેમ તેમ રહેવું, પાછું પડવું નહિ, આગળ વધીને પૂર્ણ થાવું એમ જયવંત કહીને આ ભાવ કાઢવા માગે છે. સમજાણું કાંઈ?

એક શબ્દ એવો આવે છે શાસ્ત્રમાં-પ્રવચનસારમાં. કે આત્માનો ઉપયોગ હરી શકાતો નથી. એને આત્મા કહીએ. એક શબ્દ આવે છે વીસ બોલમાં. અલિંગગ્રહણ. એમાં વીસ અર્થ છે એટલા શબ્દના. પાંચના વીસ અર્થ છે. એમાં એક શબ્દ એ છે કે આત્માનો ઉપયોગ હરી શકાતો નથી. એટલે? આત્મા એને કહીએ કે જે જ્ઞાન-દર્શન અને આનંદથી આત્માને જાણે છે એ ઉપયોગ પાછો પડે નહિ એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

આત્માનો ઉપયોગ એને કહીએ પરમેશ્વર એમ કહે છે. ત્રિલોકનાથ, પરમાત્મા એમ ફરમાવે છે, ઉપયોગ એને કહીએ કે હરી શકાય નહિ, હણાય નહિ. જેનો ઉપયોગ ઘટે નહિ તેવા આત્માને અમે આત્મા કહીએ છીએ. એટલે શું કીધું? ઉપયોગ એક લક્ષણ છે જાણવાનું. લક્ષ છે દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. એ ઉપયોગ લક્ષણે દ્રવ્યને પકડ્યું છે. એ ઉપયોગ પાછો ન ફરે એવો આત્મા છે. આત્માની સ્થિતિ જ એવી છે, કહે છે. શું કહે છે આ? પડે છે ને ઘણાં? એ પડે એ આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્માનો ઉપયોગ હરી શકાતો નથી. એટલે શું કીધું? આ શું કહે છે આ? જાણવાનું... જાણવાનું... જાણવાનું... જે લક્ષણ છે તે લક્ષણ દ્રવ્યનું છે. એ દ્રવ્યનું લક્ષણ છે. એ વસ્તુનું

લક્ષણ છે. વસ્તુ લક્ષ છે. એ લક્ષને જેણે પકડી, તે લક્ષણ લક્ષનું છે એવું જ્યાં ભાન થયું તેને આત્મા કહીએ. તે આત્માનું લક્ષણ હવે પાછું ફરે નહિ. એ પૂર્ણ થઈને રહે પરમાત્મા થઈને એવું એનું લક્ષણ છે. ભારે વાત, ભાઈ! સમજાણું ..ભાઈ! આ એની સ્તુતિ કરે છે લ્યો.

નાથ! આપને જે પ્રગટ્યું છે એ એમ ને એમ રહો અથવા હું પણ એવો આત્મા છું કે મને જે પ્રગટેલો જ્ઞાનાનંદ છે એને લક્ષે આવ્યું છે. હવે મારું દ્રવ્ય પાછું ન પડે, તો એ દશા પણ પાછી ન પડે એવો હું આત્મા છું. અને એને જ આત્મા કહેવામાં આવે છે. એવો આત્મા ભગવાનની ભક્તિ કરે તેને વ્યવહારભક્તિ કહેવામાં આવે છે. ગાથા વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- ૭૯૭ નંબરના પ્રવચનમાં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

**મહા વદ-૧૨, શુક્રવાર, તા. ૧૪-૨-૧૯૬૯**
**શ્રી ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૩, ૧૪ પ્રવચન-૭૯૮**

.. એમ આત્માની અંદર એવી રીતે સંખ્યા ... હજાર છે. ભગવાન આત્મા દેહના રજકણોથી જુદું તત્ત્વ, કર્મના રજકણો જે અંદર પ્રારબ્ધ છે એનાથી જુદો પદાર્થ અને પુણ્ય અને પાપની વાસના વૃત્તિઓ વિકલ્પ ઉઠે છે, ઉત્થાન વૃત્તિ થાય છે એનાથી એ જુદી ચીજ છે. અને તે પરથી જુદી પણ પોતાના બેહદ સ્વભાવથી અભિન્ન છે. સમજાય છે કાંઈ? એવો આત્મા અનાદિ કાળથી પોતાની જાતને ભૂલી, પોતામાં આનંદ છે એને ભૂલી અને શરીરાદિ પરપદાર્થમાં આનંદ છે અથવા શુભ અને અશુભભાવ થાય છે, શુભ અને પુણ્ય-પાપની વિકલ્પ લાગણી, એમાં પણ મને સુખ છે એમ માને છે, એ એની ભ્રમણા અને ભ્રાંતિ અને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

જેમ કાચો ચણો વાવે તો ઊગે. ખાય તો તુરો સ્વાદ આપે. પણ જો એને શેકવામાં આવે તો ફોલવાની મીઠાશ જે પ્રગટ થાય છે એ એમાં હતી તે પ્રગટ થાય છે. કાંકરા અને કોલસાને શેકે કાંઈ ફોલવાની મીઠાશ ન આવે. સમજાય છે કાંઈ? એમ આ દેહમાં ભગવાન આત્મા આનંદથી ભરેલો, જેમ ચણામાં મીઠાશ છે એને શેકવામાં આવે તો વાવ્યો ઊગે નહિ, તુરાશ જાય અને મીઠાશ થાય. બરાબર છે? .. જ્ઞાનને લઈને. એ પુણ્ય-પાપની વિકૃત અવસ્થાઓ એમાં મને ઠીક છે, એમાં મને મઝા છે એમ અનાદિથી કાચો ચણો જેમ ઉગે છે એમ સ્વભાવના ભાન વિના અજ્ઞાનરૂપી કચાશને લઈને ચોર્યાસીના અવતારમાં એ ઊગે છે એટલે અવતરે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ન્યાયથી તો સમજવું પડશે ને. એ આત્મા છે કે નહિ અંદર? અને એને કહેવામાં આવે છે ને. આ કાંઈ જડને કહેવામાં નથી આવતું.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, ભાઈ! એ સત્ છે, શાશ્વત છે. અને શાશ્વત જેવી ચીજ છે એવી એમાં જ્ઞાન, આનંદ અને શાંતિ એ શાશ્વત પડી છે અંદર. સમજાણું કાંઈ? એનો સ્વાદ આનંદનો અંદર પડ્યો છે. પણ સ્વરૂપના અજ્ઞાનને લઈને એનો આનંદનો સ્વાદ એને નથી અને રાગ-દ્વેષનો અજ્ઞાનનો કલુષિત-મેલો સ્વાદ તેને એ અનુભવે છે. સમજાય છે કાંઈ? આત્મા એકવાર પણ એ કચાશ પુણ્ય-પાપની વૃત્તિની મીઠાશ, એની રુચિ છોડી, ભગવાન આનંદકંદ છે, નિત્યાનંદ આત્મા છે, નિત્યાનંદ છે, ચિદ્ઘન છે એવા આત્માની

અંતરમાં રુચિ સ્વસન્મુખની કરીને આત્માનો એક ક્ષણ પણ જો અનુભવ કરે તો તેને અજ્ઞાનરૂપી કચાશ બળે અને સ્વભાવનું ભાન થઈ પ્રગટ પાકો આત્મા થયો. આનંદ છે તેવી દશા પ્રગટ કરે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનના અનુભવ દ્વારા. પછી એ આત્મા કચાશનો સ્વાદ હતો તે ગયો, હવે એ વાવ્યો ઊગે નહિ. અવતાર નહિ એને અને આનંદ સ્વરૂપ જે ભગવાન આત્મા છે અંદરમાં તેની એને મીઠાશ આવે. એવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ ધર્મ કહેવાય છે. આરેરે..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

કેમ કે વસ્તુનો સ્વભાવ તે ધર્મ. તો વસ્તુ જે ભગવાન આત્મા એનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ અંદર છે. આહાહા..! ડાહ્યાભાઈ! ક્યાં ગોતવો? અહીં બહારમાં ઝાંવા નાખે છે ને. કાંઈક પાંચ-પચાસ લાખની ધૂળ મળે ત્યાં સુખી છીએ. બીજા પણ એવા પાગલે પાગલ સુખી કહે એને. પાગલનું .. પાગલ જ હોય ને બધા. એવા પૈસા કાંઈક થાય અને કાંઈક રૂપાળું શરીર હોય અને કાંઈક બે-પાંચ-દસ છોકરા હોય લાંબા રળાવ. આ સુખી છે. ભગવાન! તારી વ્યાખ્યા ખોટી છે. સમજાણું કાંઈ?

સુખી તો એને કહીએ કે આત્મા આનંદની ખાણ છે એમાં તો નજર નાખતાં શક્તિ જે આનંદ છે તેની વ્યક્તતા અંદરમાંથી સમ્યક્ અનુભવદષ્ટિ દ્વારા થાય તેને સુખી અને સુખનો વેદનાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેમ હશે ચીમનભાઈ આ? સાચું હશે? શરીરમાં રોગ થયો માટે દુઃખી એમ નહિ. પાંચ-પચાસ લાખ, બે-ચાર કરોડ ભેગા થયા (એટલે) બ્લડ પ્રેશર છે, એ નહિ. બ્લડ પ્રેશર ન પણ હોય, શરીર સુંદર હોય, માખણ જેવું. માટીના પીંડલા છે આ ધૂળ. સમજાય છે? ભારે! બાયડીનું જરી માખણ જેવું રૂપાળું દેખે ત્યાં આહાહા..! શું છે પણ મૂર્ખ!

અજ્ઞાનને લઈને આત્મા આનંદમૂર્તિને ભૂલી અને જ્યાં ત્યાં અજ્ઞાનથી સુખ માની બેઠો છે. છે નહિ. આહાહા..! એ પરમાં સુખ માનવું એ બુદ્ધિ, અધર્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ? અધર્મની વ્યાખ્યા એ છે, હોં! અધર્મ એટલે? જે આનંદમૂર્તિ જ્ઞાનનો પિંડ પ્રભુ છે, એનાથી ઊંધી દશા વિકારની, એમાં સુખ માનવું તે દુઃખ છે. એ દુઃખ છે. આનંદમૂર્તિની ઊલટી દશા, વિકૃત અવસ્થા એ દુઃખ છે. સમજાણું કાંઈ? એ દુઃખને જેણે અંતર દષ્ટિ આત્માના જ્ઞાન દ્વારા, ધ્યાન દ્વારા દુઃખને બાળ્યું, નાશ કર્યો અને અંતરમાં આનંદ પ્રભુ છે એને અંતરના વેદનમાં જ્ઞાનમાં સ્વસંવેદન, સ્વસંવેદન (પ્રગટ કર્યું), આ ધર્મની વ્યાખ્યા ચાલે છે, હોં! વળી કોઈ કહે, મોટી .. હશે. ધર્મ આનું નામ છે.

સ્વ નામ ભગવાન આત્મા પોતાનો આનંદ, એને સ્વ નામ પોતાનું સ્વરૂપ આનંદનું સં- સ્વસંવેદન. સં નામ સમ્યક્-પ્રત્યક્ષ. રાગના વિકલ્પનો ભાગ છોડી નિર્વિકલ્પ આનંદમૂર્તિ પ્રભુ, એની ઉપર દષ્ટિ આપતા પોતાનો પ્રત્યક્ષ રાગ વિનાનો આનંદનો સ્વાદ અતીન્દ્રિયનો અનુભવ આવે, એને ભગવાન વસ્તુનો સ્વભાવ અને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? વૃજલાલભાઈ!

આવી વ્યાખ્યા કેવી હશે આ? તમારા હાઈકોર્ટમાં કાંઈ આ કાયદા ચાલે નહિ. સરકારે કાયદા લખ્યા હોય, તમારે દીધે રાખવા. આ બધા જજો છે ને ત્યાં હાઈકોર્ટના. સમજાણું કાંઈ? ..ભાઈ! તમારે ત્યાં ઓલા પૈસાવાળા જ્યાં હોય ત્યાં બેઠા હોય, ઓહોહો..! શું શેઠ સાહેબ! શેઠ સાહેબ! શેઠ સાહેબ! લાખવાર શેઠ સાહેબ કહે ત્યાં ફૂલીને .. થઈ જાય. અરે..! ભગવાન! શેઠ એને ન કહેવાય, નાથ! આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ તેની દૃષ્ટિ કરીને શ્રેષ્ઠ દશા પ્રગટ કરે એને શેઠ કહેવામાં આવે છે. બાકી બધા વેઠ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ યાદ આવી ગયું, લ્યો. શેઠ છે ને.

એક ગૃહસ્થ છે. જે અત્યારે છે. સરદાર શહેર છે ત્યાં. એણે ચાલીસ વર્ષ પહેલાં એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા. ૬૦ લાખ. એય..! ચાલીસ વર્ષ પહેલા ૬૦ લાખ એટલે? આ તમારા અત્યારે ૧૬ લાખ હોય ત્યારે પહેલાના એક લાખ કહેવાય. કારણ કે સોળ ગણી કિંમત ઘટી ગઈ છે. દાણા-ઘીનો સોળ ગણો ભાવ વધી ગયો છે. એને ૬૦ લાખ આપતા હતા. શું કરું હું મામા, ૬૦ લાખને? ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ, હોં! લોકોને એમ થઈ ગયું કે લઈ લેવા હતા ને પછી ધર્માદિ લેવા હતા. સાંભળ તો ખરો પણ. એ ૬૦ લાખ લેવાની તૃષ્ણાનું માપ છે એ પાપ છે. સમજાણું કાંઈ? એને ના પાડી. મામા. મામા હતા ને. એને તો દીકરી હતી. અને ભાણેજ ઉપર પ્રેમ હતો. ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલા હોં! ૩૦ વર્ષની ઉંમર હતી એની. અત્યારે ૭૦ છે. જીવે છે. વૈરાગી છે. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખની ના પાડી હશે એને વૈરાગ્ય કેવો હશે! અહીં તો દસ હજાર માટે ફાફાં મારે છે. લાખ-બે લાખ થાય ત્યાં તો જાણે ફુદડી થઈને.. ઓહોહો..! શું થઈ ગયું! એને પછી આત્માના મનન આદિ ધ્યાન આદિમાં એણે મનાવ્યું છે. આ તો બહુ ઊંચા શબ્દ છે. વસ્તુ તો એ, પણ તાત્ત્વિક અભ્યાસી છે. આ તો એક યાદ આવી ગયું શેઠનું એટલે. છે ને આમાં. ૧૩મે પાને છે ને? ૧૩મે. શું હતું?

એમના ઘરે એક અઢી વર્ષનો દીકરો મરી ગયો. દીકરાનો દીકરો. હમણા વાત નીકળી. પછી એના છોકરાની વહુને કહ્યું. કેમ બેટા! બેટા જ કહે ને. છોકરાની વહુ એટલે દીકરી જ હોય. દીકરી કહેવાયને. સસરો બાપ કહેવાય. પિતાજી! આપ કહો એમ કરીશ. કેમ બેટા રડવું છે? પિતાજી! આપને ઘરે રડું નહિ. મડદું પડ્યું છે ને ગૃહસ્થ માણસ. અઢી વર્ષનો છોકરો. કહે, હું ગાયન બોલું એ બોલો. રોવાની વાત નહિ અમારે ઘરે. સમજાય છે? પછી એણે ગાયન બનાવ્યું ઘણું પણ મારે તો અત્યારે એક કડી કહેવી છે. આ શેઠ શબ્દ આવ્યોને એટલે. સોળમી કડી છે, તેરમું ગાયન છે અધ્યાત્મિક. 'ગુણીજન સંભાળે સોહી શેઠે, અન્ય તો અનુચર જાણજો જી, ગુણીજન સંભાળે સોહી શેઠે.' ગુણી જન એટલે અનંત આનંદનો પિંડ, ગુણ આનંદનો પિંડ એવો આત્મા. એને અંતરમાં સંભાળે અને સાવધાન થઈને એની સંભાળ કરે એ 'ગુણીજન સંભાળે સોહી શેઠે.' એને શેઠિયા કુટુંબ કહેવાય છે. એના કુટુંબને

શેઠિયાનો ... છે. એટલે ઓલી વહુ.. ગુણીજન આ આત્મા આનંદ પ્રભુ છે એની અંતર દૃષ્ટિ કરીને એને સંભાળે અને વિકારના પરિણામમાં સુખબુદ્ધિ ટળી જાય, એને અહીં શેઠ કહેવામાં આવે છે.

અહીં તો પાંચ-પચાસ (લાખ) હોય, કરોડ-બે કરોડ આવે ત્યાં તો ફાવી જાય, ફુલી જાય અંદર. શું હશે? ધૂળેય નથી, સાંભળને હવે. એ તો કાંકરા બધા ઘણા જગતના છે. તારે ઘરે શું છે એ તો સાંભળ. ડાહ્યાભાઈ! 'અન્ય તો અનુચર જાણજો જી.' જેણે આનંદસ્વરૂપ ભગવાનને અનુસરીને-અનુસરીને આત્માના સ્વ વેદનની ધર્મ દૃષ્ટિ પ્રગટ કરી નથી એ બધા ભિખારા અનુચર-અનુચર ભિખારી છે. ..ભાઈ! સાચું હશે આ? ... રૂપિયા જ દેખાય છે ને. એનો બાપ આવે તો પણ વાત કરવા નવરાશ ન હોય. અહીં બેઠા છે. નવરા. સમજાણું કાંઈ?

'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન..' આ શબ્દ વાપર્યો છે. આપણે રિવાજ છે ને? છોકરો મરી જાય ત્યારે મારા પેટ! એમ કરે છે ને? પેટ પણ ક્યાં હતું તારું. આ પેટ પણ નહિ અને છોકરો પણ નથી. પણ બાયુંને રોવાની ટેવ હોય છે. એટલે એ વખતે આમ બનાવ્યું છે. 'મારા જ્ઞાન.' હું તો જ્ઞાન ચૈતન્ય બ્રહ્મ છું. મારું સ્વરૂપ તો ચૈતન્ય બ્રહ્મ એ મારું સ્વરૂપ છે. આ પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર આ બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? પછી મરવા ટાણે બોલે છે ને? એટલે પછી 'મારા જ્ઞાન' એમ લીધું. મારા પેટ એમ બોલે છે ને બાયડ્યું? આ મારા જ્ઞાન લીધું છે. 'અન્ય તો અનુચર જાણજો.' એક જ કડી છે. એવી તો ઘણી કડી છે.

બીજાઓ ભગવાન આત્માના આનંદને અનુસરીને સ્વભાવની સમૃદ્ધિ અને સંપદાની પ્રતીત અને અનુભવ જેને નથી અને બહારની સંપદા ને સમૃદ્ધિનો સ્વામી થાય છે, તે પરમાત્મા સ્વભાવની અપેક્ષાએ તેને અનુચર નામ ભિખારી કહે છે. ભગવાનજીભાઈ! આકરું પડે પણ, હોં! પૈસાવાળા અને રૂપાળા ને બધા .. ભિખારી છો. આ ભિખારીનો બાપ. સાંભળને હવે. માગે. બહારનું માગણ માગે છે. મને દ્યો... મને દ્યો... મને દ્યો. આ થોડું માગે એ થોડો માગણ, ઝાઝું માગે એ ઝાઝો માગણ. આત્માના આનંદમાં માગતા બીજું કાંઈ ન માગે તે બાદશાહ. સમજાણું કાંઈ?

આપણે આવ્યા હતા ને દરબાર ત્યાં વ્યાખ્યાનમાં? સોનગઠ. આ ભાવનગર દરબાર. ..નો તાલુકો. કૃષ્ણકુમાર ગુજરી ગયાને? આવ્યા હતા વ્યાખ્યાનમાં. પછી કીધું કે દરબાર! આ પાંચ હજાર મહિને માગે એ થોડો માગણ-નાનો. પાંચ લાખ મહિને માગે એ મોટો માગણ. આ કરોડ રૂપિયા બાર મહિને તાલુકા માગે એ મોટો માગણ છે. દરબાર આવ્યા હતા ને કૃષ્ણકુમાર. મરી ગયા ને, ગુજરી ગયા. આ શું? અંતર તો ભગવાન આત્મા અંદર ચૈતન્યધામ બિરાજે છે. આનંદની લક્ષ્મી છે અંદરમાં. અને ભગ્ નામ સ્વરૂપની લક્ષ્મી, વાન

નામ જેનું સ્વરૂપ લક્ષ્મીનું આનંદનું સ્વરૂપ છે. એવો જે ભગવાન આત્મા એની તને કિંમત નથી, એની તને માન્યતા નથી, એની તને પીછાન નથી, એની તને અધિકાઈ નથી. અને એના સિવાયની બીજી ચીજને અધિકાઈ માને છે. પરમેશ્વરની વ્યાખ્યામાં એને મિથ્યાદષ્ટિ કહે છે. સમજાણું કાંઈ?

એટલે જ્યારે ધર્મની દશા પ્રગટ થાય છે ત્યારે એને પ્રથમ આત્માનું ભાન સ્વસંવેદન જ્ઞાનનું થાય છે. આહાહા..! એને આત્મજ્ઞાન કહે છે, એને આત્મદર્શન કહે છે, એને ધર્મની પહેલી કળા કહે છે. એ કળા સાધતા... સાધતા... સાધતા... પૂર્ણદશાને જ્યારે (પામે છે), બીજ ઊગે છે તે પૂનમપણાને પ્રાપ્ત થાય છે. એમ આત્માનું એવું અંતરમાં ભાન અનુભવનું થાય છે ત્યારે આગળ સ્વરૂપના સાધકમાં વધે છે. વધતા-વધતા પૂર્ણ દશા જ્યારે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય એને પૂનમ એટલે પૂર્ણતા, એને પરમાત્મ દશા, સર્વજ્ઞ દશા કહેવામાં આવે છે.

એવી દશાને પામવાના અભિલાષી જ્યારે ઋષભદેવ ભગવાન હતા... આ તો ઉપોદ્ઘાત કર્યું. એ ઋષભદેવ વર્તમાન ચોવીસીમાં તીર્થંકર થયા સર્વજ્ઞદેવ. પણ પહેલા પૂર્વે નહોતા. પૂર્વે તો અનાદિ રખડતા જાતિમાં હતા. પછી જ્યારે આત્મભાન થયું.. ઓહો..! મારી પુંજી તો મારી પાસે છે. ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદનો કંદ હું છું. એવું સમ્યગ્દર્શન અને અનુભવ થતાં ધર્મી થાય છે, પછી આગળ વધતાં એને હજી રાગ બાકી રહે છે. પૂર્ણ પરમાત્મ સર્વજ્ઞ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી સાધકને પણ રાગભાગ હજી ભક્તિનો, પૂજાનો, દાન, દયાનો રાગ રહી જાય છે. એ રાગના ફળમાં પુણ્ય બંધાય છે. સ્વભાવની શુદ્ધતાની એકાગ્રતામાં આત્માને આનંદ આવે છે. સમજાણું કાંઈ? એ પૂર્ણ આનંદ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને વિકલ્પ વૃત્તિ ભક્તિની, પૂજાની, દાનની એવી વૃત્તિ હોય છે. એવા આમાં પુણ્ય બાંધે છે. એ પુણ્યને લઈને પહેલા સ્વર્ગમાં ગયા હતા. અને પછી અહીંયાં આવીને માતા મરુદેવીને કૂખે અવતર્યા છે. હજી પૂર્ણ પ્રાપ્તિ થઈ નથી. પણ પૂર્ણ પ્રાપ્તિનો છેલ્લો અવતાર છે. એને લક્ષમાં લઈને અહીંયા સાધક, સાધક થયેલા પૂર્ણ પ્રાપ્ત કરનારની આ સ્તુતિ ને વખાણ કરે છે. ન્યાય સમજાય છે કાંઈ?

અહીંયાં આપણે આવ્યું છે. ભગવાનની ભક્તિ કરતાં ભક્ત એમ કહે છે, પ્રભુ! જ્યારે આપનો અવતાર થયો.. બધી વાત સિદ્ધ ન કરાય હોં! લોજિકથી, યુક્તિથી વાત સિદ્ધ થઈ શકે છે. આ તો અમુક ચાલતી હોય એ વાત સિદ્ધ થાય. પ્રવાહના કાળમાં ઉન્નતિ ક્રમમાં ચડેલો આત્મા અંતર દશાની રમણતાએ આવેલો, એની પૂર્ણ રમણતા પૂરી થઈ ન હોય ત્યાં સુધી એને પુણ્યના ભાવ હોય છે. ભક્તિના, દયાના, દાનના. સમજાય છે કાંઈ? અને એ ભાવમાં એને ફળ પુણ્ય તરીકે બંધાય છે. અને પુણ્ય તરીકેના ફળમાં એને સ્વર્ગાદિની ગતિ મળે છે. અને બાકી હજી પુણ્ય રહ્યું ... એ પુણ્ય પણ ત્યાં ક્ષય થયાં અને મૃત્યુલોકમાં

આવે તોપણ હજી પુણ્ય ઘણાં બાકી છે. સારા કૂળે અવતરે. સમજાણું કાંઈ? 'સંત બીજ પલટે નહિ ભલે જુગ જાય, અનંત એક નિત્ય ઘર અવતરે તોય સંતનો...' સ્વરૂપના ભાનવાળાની કળા જ્યાં ખીલી છે, આત્મવેદન રાગથી ભિન્ન, પરથી ભિન્ન, એને અંતર વેદનમાં જ્યાં ભાન આવ્યું, હવે એને અવતાર હજી રાગ બાકી છે તે એકાદ હો. પણ ઉત્તમ કુળમાં એનો અવતાર હોય છે. આ રાજકુળે અવતર્યા છે. ઋષભદેવ રાજકુળે અવતર્યા છે. એ વખતની સ્તુતિ કરે છે.

પ્રભુ! જ્યારે આપનો જન્મ થયો, દેહનો, હોં! આત્મા તો ભિન્ન છે ને અંદર, ભાન છે. આત્મા જન્મે છે? જન્મતો નથી? આ દેહની સ્થિતિ આટલા વર્ષની છે. આત્માની સ્થિતિ છે? આત્મા તો અનાદિઅનંત છે. વૃજલાલભાઈ! હમણાં કહ્યું હતું ને? ત્યાં એકવાર મેં પ્રશ્ન કર્યો બધાને. સોનાનો ભાવ ક્યો છે? સોનાનો ભાવ કેટલો છે? મુંઝાણા બધા. સોનાનો ભાવ કેટલો છે? કીધું. કોઈ કહે સવા સો, દોઢસો, બસ્સો. એ મેં પૂછયું હતું? સોનાનો ભાવ એટલે? તમારા આ સવાસો, દોઢ સોનો સોનાનો ભાવ કહેવાય? તમને ખબર નથી? સોનું એટલે રજકણ-ધૂળ. એનો ભાવ એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ, જે એની શક્તિ તે એનો ભાવ કહેવાય. આ તમારો કલ્પેલો ભાવ ક્યાં હતો એમાં? સમજાણું કાંઈ? એ પ્રશ્ન પૂછ્યો એ જાણે મહારાજને શું સોનું લેવું છે? સોનાનો ભાવ શું? ત્યારે ઓલા મુંઝાઈ ગયા. કોણ જાણે. એક જણો કહે.. ભાઈ! એ શું પૂછ્યું ખબર છે તમને? સોનું એક રજકણ છે, પીળા પરમાણુ ધૂળ. વસ્તુ. એનો ભાવ એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ, ચિકાશ, પિળાશ એ એનો ભાવ છે. સમજાય છે કાંઈ? એનો ભાવ આ છે તો આત્માનો ભાવ શું?

આત્માનો ભાવ વળી શું? ભગવાન! તું આત્મા છો કે નહિ? તો તારી શક્તિરૂપ સ્વભાવ ત્રિકાળ છે કે નહિ? વસ્તુ સ્વભાવવાન છે. તો એનો સ્વભાવ છે કે નહિ? સ્વ-ભાવ. તો જ્ઞાન-આનંદ એ એનો સ્વભાવ છે, એ એનો ભાવ છે. સમજાણું કાંઈ? એ ભાવનું ભાન થયા છતાં પૂર્ણ દશા ન હોય ત્યારે વિકલ્પ રાગનો ભક્તિ આદિનો ઉઠે છે. એટલે ભક્તો પરમાત્મદશાને પ્રાપ્ત થવા પહેલાં જ્ઞાનીઓ એની પ્રશંસા કરે છે. હે પ્રભુ! આપ પૂર્ણતાને પામવાના છો. આનંદ સ્વભાવની પૂર્ણ દશા પ્રાપ્ત થશે એ પહેલા આપે આનંદ પ્રગટ કર્યો છે. આપની ભક્તિ કરતા અમે એમ કહીએ છીએ. જરી વાત ઈતિહાસિક છે એટલે લાંબી વાત કાંઈ સિદ્ધ ન કરાય બધી.

એક મેરુ પર્વત છે જંબુદ્વીપના મધ્યમાં. આ જંબુદ્વિપ છે એના મધ્યમાં એક મેરુ પર્વત છે. સમજાણું કાંઈ? તમારા રોકેટ-બોકેટની વાતું અત્યારે યાદ ન કરવી. એ બધી અમને ખબર છે કે રોકેટ અહીં જાય છે ને ઢીકણે જાય છે. આ જંબુદ્વિપ એ એક દ્વીપ છે. આપણી 'જંબુદ્વિપ...' નથી આવતું? આ જંબુદ્વિપ એટલે લાખ યોજનનો દ્વિપ છે આમ લાંબો-પહોળો. આમ-આમ ચારે બાજુ ગોળ ચક્કર છે. એના મધ્યમાં એક મેરુ પર્વત છે લાંબો.

એની અંદર પૂર્ણ પરમાત્મ દશા જેને થવાની હોય છે અને પુણ્યમાં પણ ઘણાં પૂરા હોય છે એના જન્મના અભિષેક માટે ત્યાં લઈ જાય છે. સમજાય છે કાંઈ? પવિત્રતાની પ્રાપ્તિ માટે તો પ્રયત્ન પૂરો કરશે. પણ પ્રયત્ન પૂરો થવા પહેલાં પુણ્યના ફળ તરીકે એવો શરીર આદિનો સુંદર અવતાર હોય છે કે ઈન્દ્રો આવીને મેરુ પર્વતે પ્રદક્ષિણા કરશે. ત્યાં મેરુ ઉપર જન્માભિષેક કરે છે. એ વાતને લઈને જરી કાલે કહ્યું હતું. ઈન્દ્રો ... મહારાજ પ્રભુ! આ વાદળા જે અખંડ છે ને. એ કટકા થયા છે કેમ? કટકા-કટકા દેખાય છે. એનો અંલકાર કર્યો છે. પ્રભુ! આપ પરમાત્મ દશાને પ્રાપ્ત થવા પહેલાં પણ જ્યારે આપની દશા હતી એને અમે લક્ષ કરીને ઈન્દ્રો આમ નાચતા હતા. નાચતા-નાચતા એના હાથ આમ લાંબા થઈ ગયા. એટલે અખંડ જે વાદળા હતા એના થઈ ગયા કટકા. એ કટકા હું ભાળું છું. સમજાણું કાંઈ? આહાહા..! અલંકાર છે.

વસ્તુની સ્થિતિનું ભાન છે. અખંડાનંદ પ્રભુનું ભાન થયું ત્યાં રાગ કર્મ હતા એના કટકા થઈ ગયા, ભૂક્કો થઈ ગયો. પછી થોડા થોડા રહ્યા. પૂર્ણ થશે ત્યારે કોણ સંભારે શું હતું ઈ? કલ્યાણજીભાઈ! આહાહા..! કહે છે, ભગવાન! એ સમયની સ્થિતિ, અમારો આત્મા જ્યારે પૂર્ણાનંદનો નાથ એવું અમને સંભાળમાં આવ્યું, જે કર્મના કઠણ કાળજા કઠણ હતા એને અમારા અનુભવ દ્વારા અમે ભુક્કો કરી નાખ્યો છે. સમજાણું કાંઈ? હવે અમારે થોડું સ્વરૂપમાં સ્થિર થઈને એ કટકાનો નાશ કરવો છે (તો) એ અમે પ્રયત્નમાં છીએ. એમ સાધકજીવની આ દશા ધર્માત્માની હોય છે. સમજાણું કાંઈ? આ ઈતિહાસ વાર્તા નથી પણ વાર્તમાં ધર્મની વાત ભેગી ભળેલી છે.

પછી એમ કહે છે. ... પહેલો જંબુદ્વિપ જ્યારે અવસર્પિણી શરૂ (હતો એ) પહેલા કલ્પવૃક્ષો હતા. અખંડ અબજ વર્ષ પહેલા જંબુદ્વિપમાં કલ્પવૃક્ષનું જીવન હતું. કલ્પવૃક્ષો હતા. એ જીવોને એમાંથી જોઈતું એ મળતું. સમજાય છે? પછી કલ્પવૃક્ષ ઘટવા માંડ્યા ત્યારે પરમેશ્વર ૠષભદેવ ભગવાનનો જન્મ થયો. ત્યારે એ કલ્પવૃક્ષની આજીવિકા તૂટવા માંડી ત્યારે એમણે બતાવ્યું, આમ કરો, આજીવિકા થશે. એ લક્ષમાં રાખીને આ સ્તુતિ કરે છે. બધી ઈતિહાસિક વાત છે. સિદ્ધ થયેલી છે પણ એને વર્તમાન યુક્તિથી સિદ્ધ કરવાને વાર લાગે છે. દરેક સિદ્ધ થઈ શકે છે. સમજાણું કાંઈ?

આ કાળ પહેલાં જ્યારે કલ્પવૃક્ષો હતા, પ્રભુ! એ કલ્પવૃક્ષો સુકાણા. મનુષ્યની આજીવિકા એના ઉપર હતી. ત્યારે આપ કલ્પવૃક્ષરૂપે થઈ અને બીજાને આજીવિકાની કળા તમે બતાવી છે. આજીવિકાની કળા, હોં! હજી ધર્મકળા પછી. સમજાણું કાંઈ? એ ઘણાં કલ્પવૃક્ષનું કામ સુકાણા એટલે તમે એકલાએ કર્યું છે. એ ચોવીસીનો કાળ છે લાંબો. એના પહેલા ઘણા કાળ પહેલાની વાત છે. સમજાય છે કાંઈ?

એટલે આ આત્મા કલ્પવૃક્ષ સમાન છે. એ તો કલ્પવૃક્ષ હતા, હોં! ૠષભદેવ ભગવાન

પરમાત્મા જ્યારે થવાના હતા તે અવતાર હતો ત્યારે કલ્પવૃક્ષો હતા. પણ સુકાવા માંડ્યા. જે ફળ આપે કુદરતે એ ઘટવા માંડ્યા. એટલે પોતે એમ કહ્યું કે આ પ્રમાણે તમે કરો, અનાજ પાકશે અને આમ થાશે. એ લોકોને એ કળા હતી નહિ. ઘણાં કલ્પવૃક્ષો જ્યારે ગયા ત્યારે હે નાથ! આપે એકલે કલ્પવૃક્ષે એની આજીવિકા પૂરી કરી. ઓલું બતાવવા, નિમિત્ત થયા એટલે.

એમ આ આત્મા કલ્પવૃક્ષ સમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? કલ્પવૃક્ષ-જે માગે તે મળે. એમ ભગવાન આત્મા, જેટલો અંતરમાં એકાકાર થાય એટલી આનંદની દશા એને પ્રગટ થાય. બહારની સામગ્રીની ધર્મીને જરૂર રહેતી નથી. આરે..રે..! ભારે! જેઠાલાલભાઈ! શું હશે આ તે? કહે છે, આપ એકલા કલ્પવૃક્ષ (હતા). હું ચિદાનંદ આત્મા હું કલ્પવૃક્ષ છું. આહાહા..! મારું વજ્ર જેવું ચૈતન્યબિંબ, એમાં હું જેટલો અંતર એકાગ્ર થાઉં તેટલા મને આનંદના ઝરણા ઝરે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ ભગવાન આત્મા હોવાપણે આનંદપણે છે ઈ, એમ જ્યાં ભાન થયું છે એટલે હવે ક્ષણે ક્ષણે આનંદનું વેદન વધતું જાય છે. એટલે કલ્પવૃક્ષ આત્માને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ધૂળના હોય એને નહિ. આ કામધેનુ આવે છે ને? ગાય દરરોજ દૂધ આપે, ધૂળ આપે. એ બધા કરતાં આ આત્મા કામધેનુ છે. કલ્પવૃક્ષ આત્મા છે.

એ અધિકાર ભક્તિનો કરીને આપ જ્યારે '**પૂર્વ મેં પ્રજાજનોં કી આજીવિકા, બહુત સે કલ્પવૃક્ષોં કે માધ્યમ સે હોતી થી;...**' હિન્દી અર્થ છે. સંસ્કૃત શબ્દ છે.

**जाण बहुएहिं वित्ती, जाया कप्पद्दुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए, पयाण परिकप्पिया णाह।।१३।।**

આ શ્લોક છે. હજાર વર્ષ પહેલાનો છે. મહામુનિ જંગલમાં વસતા હતા. આત્માના આનંદમાં ઝુલતા હતા. એમને એકવાર આ વિકલ્પ ઉઠ્યો. સ્તુતિ કરી નાખી છે. થઈ ગઈ છે. જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. હે નાથ! '**ઉન કલ્પવૃક્ષોં કે અભાવ મેં, ઉન પ્રજાજનોં કી આજીવિકા આપ અકેલે ને હી કી.**' એમ આત્મા જ્યાં ત્યાં માગતો હતો આ જોવે.. આ જોવે.. આ જોવે... એવું અજ્ઞાનભાવમાં જે અનેક પ્રકારની સામગ્રીને ઈચ્છતો હતો, એ આત્માના આનંદ સ્વરૂપના જ્યાં અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યો, ત્યારે એકલો આત્મા બધી શાંતિને પૂરી પાડે એવો એકલો આત્મા છે. એની શાંતિને માટે કોઈ ચીજની જરૂર પડી નથી. ભારે વાત, ભાઈ! આવો આત્મા પણ આ કેમ સૂઝતો નથી?

એકવાર આ રામજીભાઈના મિત્ર હતા. એય..! મોહનભાઈ! રામજીભાઈના મિત્ર હતા ઓલા ભગવાનભાઈ. ભગવાન વકીલ. તમારા વકીલ હતા ને બધાના. એ સાંભળવા આવે. મહારાજ! આવા આત્માના વખાણ કરે છે, પણ ધોયેલ મૂળા જેવો આત્મા ગયો ક્યાં છે? એમ કહેતા હતા. આ વકીલ મોટા, હોં! એ તો ભાઈ ઓળખે છે. ભગવાનજી વકીલ હતા.

આમ બે-ચાર-પાંચ લાખ કર્યા હશે ધૂળ ક્યાંક. વકીલાતમાં. બુદ્ધિ ત્યાં શું કામ આવે? એ તો પુણ્યને લઈને થાય છે. ત્યાં બુદ્ધા કાંઈ કામ કરતા નથી. બુદ્ધિના બારદાન હોય એ કરોડોપતિ દેખાય છે. સમજાણું કાંઈ? એમાં કાંઈ માલ છે નહિ. બારદાન સમજાણું કે નહિ? ખાલી કોથળા. એ પૂર્વના પૂણ્યને લઈને દેખાય પાંચ-પચ્ચીસ કરોડ, ધૂળ કરોડ. અને બુદ્ધિવાળા બિચારા હોય તો મહિને બસ્સો ને પાંચસો.. અત્યારે મોંઘવારી થઈ ગઈ. ત્રણ સો રૂપિયાનો પગાર માંડ મળે. હવે એમાં આઠ છોકરા, મોંઘવારીના પાર નહિ. બુદ્ધિવાળો હોય તો શું કરે? એ પૂર્વના પુણ્ય પ્રમાણે મળે. એમ કે પૈસા તો અમુક ભેગા કરેલા. પણ આત્માની વાત ક્યાં કરે? શું કહે છે મહારાજ? આત્મા આવો? ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? દેખાતો તો નથી. અરે..! ભગવાન! તેં જોવાની નજર કે દિ' કરી છે? સમજાણું કાંઈ? લ્યો, આ વકીલ. એય..! ડાહ્યાભાઈ! ભાઈ! તેં નિજ નજર ક્યાં કરી છે? ... 'મારી નયણને આળસે રે, મેં નિરખ્યા ન નયણે હરિ.' મારો આત્મા હરિ એટલે વિકાર અને અજ્ઞાનનો નાશ કરનાર એવો હું. મારા જ્ઞાનના નેત્રને આળસે મેં મારા આત્માને જોયો નથી. નવરાશ જ ક્યાં છે? આ બધું બહાર ભભકો લાગે.

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રકાશનું નૂર પૂર છે. એની નજર નાખતા એની ખબર ક્યારે પડે? આમ બહાર નજરે (પડે)? એક બાઈ હતી. એ બાઈ હતી તો એની ખોવાણી સોઈ. અંધારે ખોવાણી. અંધારે હાથ ન આવે. એટલે બહાર અજવાળે ગોતવા લાગી. કો'કે પૂછ્યું શું કરો છો બા? આ સોઈ ખોવાણી. ક્યાં ખોવાણી છે? અંધારે. પણ ત્યાં હાથ નથી આવતી કાંઈ. પણ ખોવાણી ત્યાં ગોત કે અહીં અજવાળે છે? એય..! મોહનભાઈ! એક ડોશી હતી. સોઈ ખોવાઈ ગઈ રાતે. અંધારે નજર પડે નહિ. ખોવાણી ત્યાં. બહાર નીકળી અજવાળુ હોય ને ગોતવા ત્યાં માંડી. કોઈએ પૂછ્યું કે આ શું કરો છો બા? સોઈ ખોવાણી. ક્યાં ખોવાણી છે? અંધારે. પણ અંધારે હાથ આવતી નથી. અજવાળે ગોતું છું. પણ અહીં ક્યાં મળે એવી છે. હોય ત્યાં ગોત તો મળે. ન હોય ત્યાં ગોત તો મળે?

એમ ભગવાન આત્માને શરીર અને પુણ્ય-પાપના વિકલ્પમાં ગોતે તો ત્યાં અંધારે આત્મા નથી. એ અંધારે ખોવાઈ ગયો છે ત્યાં. સમજાણું કાંઈ? એ શુભ-અશુભ રાગના પ્રેમમાં ભગવાન ખોવાઈ ગયો છે. તો ત્યાં પાછો ગોતીશ ત્યાં એમ નહિ મળે. શુભ-અશુભ વિકલ્પની પાર ભગવાન ચિદાનંદમૂર્તિ (છે) ત્યાં ગોત તો મળે એવું છે. શું પણ ગોતવું અને શું કરવું એ સૂઝ પડે નહિ. કરવું શું આમાં? કાંઈક ટોકરી વગાડીને પૂજા કરીએ તો સમજાય છે. પૈસા ખર્ચવા હોય તો સમજાય. ભાઈ! આ લાવો પચ્ચીસ-પચાસ હજાર, લાખ-બે લાખ ખર્ચે. એમ તો કાંઈ ભડના દીકરા. મૂડી હોય પચાસ લાખ તો કાંઈ દસ લાખ ખર્ચી નાખે એવા તો હોય નહિ. સમજાણું કાંઈ? એનો અધિકાર આવે છે શાસ્ત્રમાં. દાનનો અધિકાર આવે છે. સમજાણું કાંઈ?

દાનનો એક અધિકાર આવે છે. વસ્તુના સ્વરૂપના ભાનની વ્યાખ્યા આવે ત્યારે તો આત્માનું ધ્યાન અને આત્માની શ્રદ્ધાની વાત કરે. પણ જ્યારે રાગ ઘટાડવાની વ્યાખ્યા આવે તો ભક્તિની પણ વ્યાખ્યા આવે અને દાનની પણ વ્યાખ્યા આવે. પણ એનું ફળ કેટલું? પુણ્ય કેટલું? એકવાર એવો અધિકાર પણ.. આમાં અધિકાર છે. ભાઈ! આ કાગડા છે કે નહિ? પહેલું એવું રાખે મકાન પાસે પત્થરની ઓલી રાખે. ઉકડીયા (નાખે). ખાઈ લે પછી ઉકડીયા રહે ને ઉકડીયા, ઈ ત્યાં બહાર નાખતા. શું કહેવાય પત્થરની? કુંડી.. કુંડી. અમારે ત્યાં પાલેજમાં બધું ઘણું જોયું છે ને. કુંડીમાં નાખે. કાગડાનો એવો રિવાજ છે. કૂતરાનો એવો રિવાજ છે કે એક ખાય તો બીજા આવે તો વઢે. પણ કાગડાનો એવો રિવાજ છે કે એ જે મળ્યું હોય તો એ ઉકડીયો એકલો ન ખાય. કોં... કોં... કોં... કરીને ખાય. એય..! ચીમનભાઈ! સાંભળજો આ. આમાં દાખલો છે, હોં! દાન અધિકારમાં છે આગળ. દાન અધિકારનો દાખલો છે.

કહે છે કે હે આત્મા! તારા સ્વભાવની દૃષ્ટિ ને અનુભવ દૃષ્ટિ, ધર્મ એ તો અલૌકિક વાત છે. પણ તને પૂર્વના પુણ્યને લઈને આ કૂકા મળ્યા. બે-પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ. એ કૂકા કહે ને? કૂકા કહેવાય ને? આ છોડીયું કૂકા નથી રમતી? આ આમ આડા રમે છે. બધા એક ને એક જાતના છે. સમજાણું કાંઈ? આ છોડીયું નથી રમતી? કૂકા કહેવાયને? શું કહેવાય એને? અમે જોયેલું છે. આપણે ક્યાં કરીએ. લોકો કરતા હોઈ એ જોઈએ. આવા રૂપિયા રળે. આમ ફેંકે. નોટું આમ જાય ને ઢીંકણું આમ જાય. બધી કૂકાની રમતું છે. સમજાણું કાંઈ?

પછી આચાર્યદેવ કહે છે, અરે..! આત્મા! એવા કાગડાને પૂર્વના... એના ખાનારા અનાજ તો ખાઈ ગયા અને પછી ઉકડીયા (રહે), ઉકડીયા સમજો છો શેઠ? નથી સમજતા? ઉર્જન. હિન્દી ભાષામાં ઉર્જન કહે છે એને. ચોંટી ગઈ હોય ને. એ ઉખેડીને નાખે. પછી કાગડા આવીને ખાય. આચાર્ય કહે છે, ભાઈ! એવો કોઈ તને શુભભાવ થયેલો, એમાં દાઝેલો ભાવ. આત્મશાંતિથી તો પુણ્ય પણ ન થાય. આત્માના શાંતિ, ધર્મની શ્રદ્ધા, જ્ઞાન, રમણતાથી તો પુણ્ય ન થાય. આત્માના ધર્મથી પુણ્ય થાય તો પછી ધર્મ થાય કે દિ'? બંધ રહિત થાય કે દિ'? પણ પૂર્વે કોઈ એવા શુભભાવ દયા, દાન, ભક્તિ આદિના કર્યા હોય, એને લઈને પુણ્ય બંધાણું હોય, એ ઉકડીયાનું છે, ઉકડીયા. માલ માલ તો રાગથી ભિન્ન આત્મા. એ પુણ્યના પરિણામથી આત્મા ભિન્ન એને અનુભવવો એ માલ છે. પણ એ માલમાં ન રહી શકે એને જ્યારે શુભભાવ થયો હોય, તો એને પુણ્ય બંધાય. એ પુણ્ય બંધનના ફળ તરીકે આ પાંચ-પચ્ચીસ લાખ કે પાંચ-પચાસ કરોડ ધૂળ કરોડ મળે. એને આંકડો ગણવો છે ને, ન્યાં ક્યાં એને આવવા છે ને લેવા છે.

કહે છે, અરે આત્મા! એવા તને પૂર્વના પુણ્યના ઉકડીયના ફળ આ મળ્યા અને એકલો જો ખાઈશ અને દાન ને દયામાં રાગની મંદતામાં નહિ વાપરીશ, તો કાગડામાંથી જાય એવો

છો તું. શું કીધું? એ.. હરિભાઈ! શું કીધું? સાધુને કાંઈ દુનિયાની દરકાર છે? આને સારું લાગશે કે નહિ લાગે. એને ઘરે રહ્યો એ. એની પાસેથી પ્રશંસા લેવી છે? ખરડો કરો અમારા માટે. ભિખારા છો. ખરડો કોનો કરે? એ કાંઈ સાધુને .. જતા નથી કે આ ધર્મીને ખરડો કરે તો રાજી થાય. આચાર્ય તો ચોખ્ખું કહે છે, જેને પૂર્વના પુણ્યના બળેલા ઉકડીયા મળ્યા.. ઉકડીયા છે હોં એ. આત્મા શાંત આનંદ છે ને. એની જેટલી અંતરની શુદ્ધતાના વેદનમાં આનંદ આવ્યો, એનું ફળ તો બંધન હોય જ નહિ. એ તો અબંધ સ્વરૂપી છે. પણ જેટલો હજી રાગ ભાગ પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિ એ ભાવ આવ્યો, એમાં પુણ્ય બંધાઈ જાય છે. અને એ પુણ્યના ફળ તરીકે આ ધૂળ આદિ મળે છે. આ રાગાદિ કહેવાય જે કહેવાય એ.

આચાર્ય કહે છે કે અરે..! ભાઈ! ઉકડીયા કાગડો એકલો ન ખાય. પાંચ-પચ્ચીસ બોલાવીને ખાય. એમ તને મળેલા પાંચ-પચાસ કરોડ કે ધૂળ કરોડ, જે આંકડો ગણાતો હોય એ. સમજાણું કાંઈ? એકલો રાગને ખાઈશ અને એમાં ભાગ નહિ પાડીશ, દયા, દાન, ધર્મ, પ્રભાવના એવામાં જો ભાગ નહિ પાડીશ તો કાગડામાંથી જા એવો છો. શેઠ! બરાબર હશે? ઘણી વાત કરી છે. અને જેમ જેમ ઉત્તમ પાત્રમાં, ઉત્તમ સ્થાનમાં જેમ જેમ એ પૈસાની લક્ષ્મી વાપરે છે તેમ તેમ એને પદ ઊંચુ થાય છે. એટલે? આ મકાન ચણે છે ને મકાન? જેમ જેમ મકાન ઊંચું ચણતો જાય ઓલો કારીગર, ઊંચે ચડતો હતો એ કારીગર પણ ઊંચે જતો જાય. જાય કે નહિ આમ? ... હેઠે બેસીને ઊંચે ચડાય? મકાનોને કરનારો કારીગર કારીગર ઊંચો જાય. એમ કહે છે.

આચાર્ય મહારાજ કહે છે કે ધર્મના પાત્ર જીવોને અમે ઉત્તમ સ્થાને જ્યાં જ્યાં તેની લક્ષ્મીને વાપરવાનો ભાવ થાય, તેમ તેમ એનો ભાવ ઊંચો થતો જાય છે. અહીંયાં મકાન જેમ ઊંચા થાય તેમ કારીગર ઊંચો થાય છે, એમ સારા પાત્ર અને સારા સ્થાને. સમજાણું કાંઈ? આહાહા..! ભોગીભાઈ! શું હશે આ? આ પૈસા ખંખેરવા હશે? આચાર્ય છે. આ તો દિગંબર મુનિ છે. આ તો જંગલમાં વસતા હતા. એણે લખ્યું છે. જંગલમાં રહેનારા વનવાસી સંતો આત્માના આનંદમાં ઝુલતા. એક વિકલ્પ આવ્યો, કરુણાબુદ્ધિથી. એમાં લખ્યું છે પહેલું (કે) તૃષ્ણાના ઊંડા કૂવાની ભેખડમાં ભરાયેલા પ્રાણીને હું એક દાનની વાત કરીશ. કૂવો હોય છે ને કૂવો? એમાં ભેખડ હોય છે ને નીચે નથી (હોતી)? એમાં પગ ભરાઈ જાય તો ભારે મુશ્કેલ પડે. ભેખડ હોય છે ને નીચે.

એમ તૃષ્ણારૂપી, મમતારૂપી .. રાગ મંદ કરવાની તૃષ્ણા, ઓછી કરવાના ભાવ એવા પુણ્યના, એની અમે વ્યાખ્યા કરીએ છીએ. પણ એ વ્યાખ્યા કોને લાગુ પડે? અમારો .. જે દાનની વ્યાખ્યાનો છે, એ પથરાના કમળ હશે એને લાગુ નહિ પડે. કમળ નહિ ખીલે. ભમરો ગુંજારવ કરે ને? ગુંજારવ. અને ગુંજારવ કરીને કળી ઉપર જાય તો કળી ખીલશે.

પણ ગુંજારવ કરતો આરસપહાણ ઉપર જાશે? આરસપહાણના આ નથી બનાવતા? છે ને આગ્રામાં મોટું ચાર-પાંચ કરોડનું નહિ ઓલું શું? દયાળબાગ. આગ્રામાં છે ને એક દયાળબાગ. નીકળ્યા હતા તો જોયું હતું, એક ફેરી ગયા હતા. સાડા ત્રણ કરોડ તો આના.. પછી તો ઘણાં ખર્ચાઈ ગયા. આરસપહાણના .. અને આરસપહાણના તરબુચ અને આરસપહાણની શું કહેવાય એ સાકરટેટી. સાકરટેટી એ આરસપહાણના બનેલા. પણ ભમરો ગુંજારવ કરીને એની પાસે જાય તો આરસપહાણની કળી ખીલતી હશે? એ તો વનસ્પતિની કળી હોય અને ભમરો ગુંજારવો કરતો જાય તો ખીલે.

એમ આચાર્ય કહે છે, અમારા તત્ત્વદષ્ટિની વાત અને દાનની વાત... દાન પુણ્યની વાત છે, તત્ત્વદષ્ટિ ધર્મની વાત છે. એ જેના કાળજા વનસ્પતિ જેવા હશે એના ખીલશે. ગુંજારવ એટલે ઉપદેશનો ગુંજારવ. એ ભમરો ગુંજારવ કરતો વનસ્પતિ ઉપર જાય તો વનસ્પતિ ખીલી જાય. પરાગ લઈ લે. અને પરાગ.. પણ પત્થરની કળી ઉપર બેસશે તો વાગશે સમુકનો એને. એમ જેના કાળજા અપાત્ર છે, જેને સમજવાની દરકાર નથી અને જેને તૃષ્ણા ઘટાડવાની પણ દરકાર નથી, એને અમારો ઉપદેશ નહિ લાગુ પડે. એ પત્થરની કળી જેવા છે. કંજૂસ હોય છે ને? કંજૂસ. ચમડી તૂટે તો દુમડી ન તૂટે. ચમડી ભલે જાય. પણ પૈસા નહિ, બાપા! એ નહિ. એ નહિ.

અહીં તો આચાર્ય કહે છે, અરે..! ભાઈ! જ્યારે જ્યારે કોઈ ધર્મના પ્રસંગ અને ધર્મના ઉદ્યોતના પ્રભાવનાના પ્રસંગ હોય, ત્યારે ધર્માત્મા એ દાનને માટે સરાગની મંદતા કરી અને દાનના ભાવોમાં ઉલ્લાસ કરે છે. કાગડાની જેમ. સમજાણું કાંઈ? એ તો વ્યવહાર દાનની વાત છે. નિશ્ચયદાન? આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એમાં છ કારક છે. ઝીણી વાત છે થોડી. ષટ્કારક નથી આવતા? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. નિશાળમાં આવતું હતું. એ અહીં આત્મામાં ઉતારવાની વાત છે. ભણતા ત્યારે આવતું નહિ? ષટ્કારકો આવે છે. ષટ્કારક આવે છે.

મુમુક્ષુ :- વિભક્તિ.

ઉત્તર :- વિભક્તિ તો સાત બોલ છે. એમાં છ કારક છે અને એક સંબોધન છે. સાતમું સંબોધન. એમ આત્માની અંદર એક સંપ્રદાન નામનો ગુણ ભર્યો છે. કર્તા નામનો ગુણ છે, કર્મ નામનો ગુણ છે, આનંદ નામનો ગુણ છે, જ્ઞાન નામનો ગુણ છે, એમ સંપ્રદાન નામનો એક ગુણ આત્મામાં છે. એ અંતરની દૃષ્ટિ આપતા ભગવાન પૂર્ણાનંદથી ભરેલો છે, એની અંતર દૃષ્ટિ આપતા એમાંથી નિર્મળ દશા થાય તેને પોતે પોતાને દાન આપે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? સંપ્રદાન છે. કારકમાં સંપ્રદાન છે. કર્તા એને કહીએ, સ્વતંત્રપણે કરે તેને કર્તા કહીએ. કર્મ એને કહીએ, કર્તાનું ઈષ્ટ પ્રિય તેને કર્મ. આ બધા સિદ્ધાંતો છે. વ્યાકરણમાં છે અને તત્ત્વમાં પણ છે. આત્મા ભગવાન કર્તા સ્વતંત્ર થઈને પોતાની નિર્મળ વિકારરહિત

દશા સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ પ્રગટ કરે તે કર્તા. અને નિર્મળ દશા થઈ તે કર્તાનું ઈષ્ટ. ધર્મીનું ઈષ્ટ નિર્મળ દશા પ્રગટ કરવી તે. અજ્ઞાનીનું ઈષ્ટ પુણ્ય અને પાપ તે અજ્ઞાનીનું ઈષ્ટ છે. ભારે વાત. સમજાણું કાંઈ?

જરી જરી એક એકના આંતરા બહુ છે, ભાઈ! એણે અનંત કાળથી સ્વ ચીજ ને પરની ભિન્નતાનું માહાત્મ્ય શું છે અને એની કિંમત શું છે એણે કોઈ દિ' જાણી નથી. બાકી ભણી ગયો બધું. પાઠેય ભણી ગયો વેદ્યાની જેમ. વેદ .. આવે છે ને? વેદ્યા નથી કહેવાતા? પણ એને પ્રયોગમાં મૂકીને કામ કરવું એ કામ કર્યું નહિ.

ભગવાન આત્મા, એ શુભભાવના દાન, ક્રિયા આદિ ન હોય અને શુભભાવ હોય એ પુણ્ય છે. એ પુણ્ય છે. એમાં પુણ્ય બંધાય છે. અંતરમાં જ્ઞાનની કળા અને મોરનું ઈંડુ, એમાં મોર સોળ કળાએ ખીલે એ મોર એમાંથી થાય છે. એમાંથી થાય છે કે નહિ? કે ચકલીના બચ્ચામાંથી થાતો હશે મોર? ઈંડામાં એ તાકાત છે.

એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું સત્ત્વ અને તત્ત્વ છે. એમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ ખીલવાની એની શક્તિ છે અંદર. સમજાણું કાંઈ? આ પણ બધું આત્મા કોણ જાણે ક્યાંય હશે, ખબર નથી. એક બીડીમાં વેચાય, એક તમાકુ પાઈની.. હવે તો મોંઘી મળે છે, પણ પહેલી પાઈની ઘણી મળતી હતી ને? .. એટલે. .. આહાહા..! તમાકુની પાઈમાં આટલા ભાગની તમાકુમાં તને તૃપ્તિ લાગે તો એ તમાકુના .. તને બોળી દે તો શું થાતું હશે તને? સમજાણું કાંઈ? લાગે છે ને? આ જુઓને, કેટલાક તો એવા હોય, બેઠો હોય પાયખાને સિગારેટ પીવે ત્યારે દિશા ઉતરે. એ કેમ રાખતો હોય એ ખબર નથી આપણને. આમ રાખે કે આમ રાખે. અંદર બેઠો હોય ત્યારે એને દિશા ઉતરે. આટલા તો જેના બંધાણ. આટલો તો વિકારમાં બંધાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! અહીં તો વાતે વાતે ફેર છે.

એને અહીં કહે છે, અરે..! ભગવાન! આ શું તું કરે છો? તારી ચીજ જુદી છે. એનું તને ભાન નથી. આવી વાતમાં તું અટકી ગયો. આના વિના તને હાલે નહિ, આના વિના ચાલે નહિ. એવી તને દૃષ્ટિની ખબર ન મળે. કહે છે, પાયખાને પણ જ્યાં એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ,.. એક જણો કહેતો હતો, વ્યાખ્યાન સાંભળવા આવીએને, મહારાજ! ચા પીને જો આવીએ તો અમારું મન ઠેકાણે રહે. ... ચા પીધા વિના માથુ ફરે. મૂર્ખાઈના તે કાંઈ ગાડા-ગામ જુદા હશે. ચાના પ્યાલાથી તારું મગજ સ્થિર રહેતું હશે? જડ એ તો માટી ધૂળ છે. ધૂળ છે કે નહિ? એને ... એ જડ છે. આત્મા તો અરૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. એ તારી ચીજ છે? ના, ના એ તો જડ છે. એનું લક્ષ કરીને ઠીક છે, એવી રાગની વૃત્તિ ઊભી કરે છે. એ રાગને વેદે છે, રાગને અનુભવે છે, પરને નહિ. સમજાણું કાંઈ? ભારે વાત.

કૂતરો હાડકાને ચાવે છે તો લોહી ત્યાંથી આવે છે? ક્યાંથી આવે છે? એની દાઢમાં અણી વાગે છે. લોહી અહીંથી આવે. .. એમ અજ્ઞાની બહારની ચીજના નિમિત્તમાં રાગ કરે છે, સ્વરૂપને ભૂલે છે. રાગ કરે છે અને રાગને વેદે છે. ત્યારે એ તો અરૂપી છે. એ ક્યાં રંગ-ગંધને વેદે આત્મા. પરને વેદે એમ અજ્ઞાની ભ્રમણાથી માની રહ્યો છે. સમજાણું કાંઈ? લ્યો! બે-ચાર બીડી હોય તો ઠીક પડે, પ્યાલો ચા હોય તો ઠીક પડે. અરે..! ભગવાન શું થયું તને આ? આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, તારી કિંમત વાણીએ થાય નહિ, વાણીએપૂરું તારું પડે નહિ, એવો તું વચનાતીત છો, વિકલ્પાતીત છો. એની તને કિંમત ન મળે અને આ બહારની ચીજમાં તને કિંમત! શું થયું? ભાઈ! સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, કલ્પવૃક્ષ સમાન હું આત્મા છું. આપ કલ્પવૃક્ષ સમાન... એવું પાડ્યું હતું એ વખતે. મનુષ્યોને જ્યારે આહાર-પાણી નહોતા મળતા ત્યારે કલ્પવૃક્ષે પૂરું પાડ્યું. પોતે બધા .. એમ આત્મા બધી ચીજની સામગ્રીની ઈચ્છા તોડીને ભગવાન એકલો આત્મા કલ્પવૃક્ષ સમાન છે. આહાહા..! પણ એનો આદર અને દૃષ્ટિ કર્યે તેનાથી શાંતિ વહે અને ઝરે એવું છે. જેમાં દૃષ્ટિ મૂકે એવો આત્મા દેખાશે. આહાહા..! આ તો ધર્મની પહેલી સીઢીની વાત ચાલે છે, હોં! કોઈ એમ કહે કે મોટી એલ.એલ.બી.ની વાતું છે. એમ નથી, ભાઈ! ધર્મની પહેલી શ્રેણી અને પહેલી સીઢી ને પગથિયું છે, એ તને ખ્યાલ નથી. કટકો બીજ હોય તો ઉગેલો કટકો એની જાતનો હોય કે નહિ? ..નો બીજ તો એની જાતનું હોય કે નહિ? કે તાવડીનો કટકો હોય? એમ પૂર્ણ આત્માની વીતરાગ સર્વજ્ઞ દશા થાય, એટલે પૂર્ણ દશા (થાય), પણ એના પહેલા આત્માનું જ્ઞાન બોધબીજ થાય એ આત્માની જાતની કળા અંદર ખીલીને નિર્મળ થાય એને બોધબીજ અને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, હે નાથ! આજીવિકા એણે પૂરી કરી. નીચે એક દાખલો આપ્યો. પછી એક બીજો દાખલો આપે છે.

**पहुणा तए सणाहा, धरा सि तीए कहं णहो वूढो।**
**णवधणसमयसमुल्लसिय,-सासछम्मेण रोमंचो।।१४।।**

શું કહે છે? જ્યારે ઋષભદેવ તીર્થંકર જમીન ઉપર આવ્યા એટલે જન્મ્યા, તે વખતે શ્રાવણ મહિનો હતો એટલે રોમાંચ વનસ્પતિના ખીલી ગયા હતા. જેમ પહેલે વરસાદે અંકુરા ખીલે છે ને? પહેલે વરસાદે અંકુરા ખીલે છે ને? એ અંકુરા દેખીને આચાર્ય જરી સ્તુતિમાં અલંકાર કરે છે. પ્રભુ! આપ જ્યારે અહીંયાં અવતર્યા ત્યારે આ વનસ્પતિના અંકુરા ખીલી ગયા. એ પૃથ્વીને કોઈ નાથ નહોતું. સ્ત્રીને નાથ ન હોય,.. કુંવારી હોય પછી પરણે ત્યારે સનાથ થાય છે. .. સમજાણું? **'જો સ્ત્રી, વિવાહકી અત્યંત અભિલાષીણી હૈ, યદિ ઉસકા વિવાહ હો જાયે અર્થાત્ વહ સનાથ હો જાયે...'** શરીરના પરમાણુના રજકણ જુદી જાતના દેખાય. એમ હે નાથ! આ પૃથ્વી અનાથ હતી. ભક્તિ કરવી છે ને. આપ

જ્યારે અવતર્યા ત્યારે સનાથ થઈ. માટે આ વનસ્પતિના અંકુ દેખાય છે. સમજાય છે કાંઈ? અહીં તો વળી ભક્તિના અલંકાર પણ જુદી જાતના છે. આહાહા..! આમ દેખે વનસ્પતિ છે ને આ. હા. તો શું છે આ? એમ લાગે છે કે એને કોઈ નાથ નહોતો અને આપ જ્યારે પરમાત્મ થવાની દશાનો જન્મ થયો અને એને લઈને આ પૃથ્વી સનાથ થઈ. એ સનાથના હોંશમાં અંકુરા ફૂટ્યા છે. સમજાણું કાંઈ? અલંકાર છે, હોં!

અંતરમાં જોઈએ તો આત્મા જ્યારે અનાથ હતો... સમજાણું કાંઈ? રાગ અને પુણ્યને માનીને પોતાના સ્વરૂપને અંદર ભૂલી ગયો હતો, એ જ્યાં અંતરનું ભાન થાય છે ત્યારે આખા આત્મામાં નિર્મળના, શાંતિના આનંદના અંકુર ફૂટે છે. આ શું હશે પણ? સમજાણું કાંઈ? ત્યારે આત્મા સનાથ થાય છે.

શ્રેણિક રાજાનો એક દાખલો છે ને. એક રાજા હતા ને શ્રેણિક. એક મુનિ હતા. રૂપાળુ શરીર, મહાસુંદર શરીર. જંગલમાં બેઠેલા. રાજા નીકળ્યો મોટો, હાથીના હોદ્દે. અરે..! આ મુનિ અહીં ક્યાં? અરે..! મુનિ! અહીં કેમ? રાજા! હું અનાથ હતો. એમ પહેલું કહ્યું. ચાલો મારી સાથમાં. આવું સુંદર શરીર અને આ જંગલમાં? ચાલો, હું નાથ થાઉં. અરે.. રાજા! અનાથ છો તું. .. મહારાજા. મહારાજ! તું અનાથ છો. મહારાજ! મને ઓળખ્યો નહિ મારા ઘરે હજારો રાણીઓ છે. અરે.. રાજા! અનાથ છો કહું છું ને તને? તારા દેદારથી ખબર નથી પડતી અમને કે તારા સુંદર શરીર છે, આ બધું છે તો રાજા તો છો, પણ કહું છું કે અનાથ છો. હેં! આ વળી ક્યાંથી? ભાઈ! તને તારા સ્વરૂપના ભાનના સનાથપણાની ખબર નથી.

નાથ એને કહીએ, મળેલી વસ્તુને રાખે અને નહિ મળેલીને મેળવી આપે. જોગ ક્ષેમનો કરનાર આવે છે ને? ભાષા તો બહુ નથી અર્થ આપણે. જોગ ક્ષેમનો કરનાર તેને નાથ કહેવામાં આવે છે. નાથની વ્યાખ્યા એ છે. એમ આત્માના આનંદની પ્રાપ્તિ છે તેને રાખે અને વિશેષ આનંદની પ્રાપ્તિ કરાવે એવો આત્મા પોતાનો નાથ છે. એ નાથ બીજી ચીજનો પણ નથી અને બીજી ચીજ એનો નાથ નથી.

એવો આત્મા ખીલે છે જ્યારે, ત્યારે કહે હે નાથ! પણ આ વનસ્પતિ ખીલી છે એક આપના સનાથપણાને લઈને. અને અમારો આત્મા જ્ઞાન અને શાંતિથી જ્યાં ભરેલો અમને ભાન થાય સમકિતમાં, ત્યારે અમારા અસંખ્ય પ્રદેશમાં અંકુરા ફૂટી જાય છે. અંદરથી ખીલી જાય છે. એને લઈને અમને આનંદ આવે છે. અમે સનાથ છીએ. હવે અમે અનાથ રહ્યા નથી. વિશેષ ભક્તિ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. ૭૯૮ તથા ૭૯૯ એક જ છે. માટે ૭૯૯ લેવામાં આવેલ નથી.**

**મહા વદ-૧૩, રવિવાર, તા.૧૬-૨-૧૯૬૯**
**શ્રી ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૪, ૧૫ પ્રવચન - ૮૦૦**

આ એક પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્ર છે. એમાં ઋષભદેવ ભગવાનનું સ્તવન ચાલે છે. સ્તોત્ર. એટલે શું? ધ્યાન રાખો અહીં. છેલ્લે આવે ને બેસી જાય. અનંત જીવો સંસારમાં રખડતા અનાદિથી છે. એમાં કોઈ પ્રાણીને આત્માના ભાનસહિત એવા કોઈ પરિણામ થાય છે કે જેથી તેને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડી જાય છે. એ માયલા એક ઋષભદેવ ભગવાનનું સ્તવન છે. એ આત્મા સંસારમાં અનંત કાળથી રખડતા હતા. પહેલું એમને આત્મભાન થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે. એટલે શું? કે આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનું ધામ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ છે. એવી અખંડ દૃષ્ટિ અંતરમાં મૂકતાં, પુણ્ય-પાપ પણ નહિ, શરીર પણ નહિ, એક સમયની વર્તમાન થતી અવસ્થા એ પણ નહિ. હું એક પૂર્ણ શુદ્ધ આનંદકંદ ઘન છું. એવી અંતરમાં દૃષ્ટિ નિર્વિકલ્પ અનુભવ થયો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શનનો ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એ આ ભગવાન ઋષભદેવના જીવને પૂર્વભવમાં થયેલ. આત્મા આનંદની ખાણ છે. બેહદ અપરિમિત જેના શાંતિ અને આનંદ જેના મૂળ સ્વભાવ અસલી અખંડ ભાવમાં એ પડ્યું છે. અખંડ આનંદ અને શાંતિ. એની અંતર્મુખ થઈને, જેમ દરિયામાં પ્રવેશ કરીને નીચેથી જેમ મોતીનો પત્તો મળે છે, એમ ભગવાન આત્મા પોતાની પર્યાય એટલે વર્તમાન અવસ્થાને-દશાને અંતર વાળતા જે વર્તમાન દશા જ્ઞાનનો પ્રગટ અંશ છે એ અનાદિથી પુણ્ય-પાપ, શરીર આદિ પરલક્ષી કામ કરે છે એ અજ્ઞાનભાવ છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાનનો વર્તમાન પ્રગટ અંશ, શાસ્ત્રભાષાએ એને ક્ષયોપશમ કહે છે, આપણે શાસ્ત્ર ભાષા કરતા સાદી ભાષા લઈએ છીએ ને, એ જ્ઞાનનો વર્તમાન પ્રગટ અંશ જે છે એને અંતરમાં જ્ઞેયસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ છે, એમ ધ્યેયમાં, ધ્યાનમાં ચૈતન્યની અખંડતામાં ધ્યેય બનાવી, ધ્યાન કરીને જેનું ફળ પ્રથમ સમ્યગ્દર્શન અને આત્માના આનંદના સ્વાદનો અનુભવ થાય છે, એને પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ધર્મ વિના આગળના ધર્મની સિદ્ધિ એને હોઈ શકે નહિ.

જ્યાં સમ્યગ્દર્શન નથીસ પૂર્ણાનંદ પ્રભુ અંતર શરીરથી જુદો, કર્મથી જુદો અને પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધની લાગણી એ કૃત્રિમ ક્ષણિક વૃત્તિઓથી

પાર અંદરમાં ચિદાનંદ પૂર્ણ આનંદનું ધામ છે એમાં દષ્ટિને પ્રસારતા, શ્રદ્ધાની પર્યાયને તે વસ્તુમાં પ્રસારતા-વ્યાપતા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પ્રથમ આત્મજ્ઞાનની બોધબીજ કળા પહેલી પ્રગટે છે. ત્યારથી તે સાધક જીવને આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો સાધક કહેવાય છે. સમજાય છે કાંઈ? એ સાધકને, હજી પૂર્ણ પરમાત્મદશા, સર્વજ્ઞદશા ન થઈ હોય ત્યારે એને શુભરાગ ભક્તિનો દાનનો, દયા એવી વૃત્તિનો શુભરાગ આવે છે. એ રાગથી તેને પુણ્ય બંધાઈ જાય છે.

એ પુણ્યના ફળમાં ૠષભદેવ ભગવાનને પણ એના ફળમાં સર્વાર્થસિદ્ધના દેવમાં જવું પડ્યું. પૂર્વે આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મ રમણતા-સ્વરૂપ રમણતાનો ભાવ હોવા છતાં, સ્વરૂપની રમણતા પૂરી ન થાય તે કાળમાં એને રાગનો ભાગ પુણ્યનો રહી જાય છે. એનાથી પુણ્ય બંધાય છે. એનાથી સ્વર્ગમાં ગયા અને ત્યાંથી આવીને અહીંયા નાભિરાજાને .. મરુદેવી માતાના કૂખે અવતર્યા. આ એનો ઈતિહાસ છે. આ એની મર્યાદાની રીત છે. એને ઉદ્દેશીને આચાર્ય સ્તુતિ (દ્વારા) જગતને સમજાવે છે.

સાધક જીવો,... બીજ ઊગે છે ત્યારે બીજનો અમુક ભાગ તો પ્રકાશમાં દેખાય છે. સમજાય છે? અને એ બીજ પૂર્ણ ચંદ્ર કેવો હોય એને પણ જણાવે છે અને એ બીજ વચમાં ભાગે કેટલું બાકી છે એને પણ બતાવે છે. સમજાય છે કાંઈ? .. સમજો છો? કાળો ભાગ બાકી રહે છે ને? .. આપણી ભાષા ગુજરાતી છે ને. હિન્દીવાળાને ... શું કહે છે? આ ચંદ્ર ઊગે છે ને આમ ચંદ્ર? ત્યારે આમ આકાર દેખાય છે કે આ પૂરો છે. છતાં અંદર કાળપનો ભાગ બીજ ઉપર એનો ભાગ હોય છે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા અંદર તો એનું સ્વરૂપ પૂર્ણાનંદ, જ્ઞાનાનંદ, અખંડાનંદ એનું સ્વરૂપ છે. એની અનુભવદશા સમ્યગ્દર્શન થતાં, જેમ એ બીજ થાય, એમ બોધી બીજ અંદર પ્રગટ થાય છે. એ બીજ પૂર્ણ સ્વરૂપ કેવું છે એને પણ જાણે છે, વર્તમાન મારો ઓછો અંશ પ્રગટેલો એને જાણે છે અને હજી વચમાં રાગનો બાકી ભાગ છે અંધારું એ પણ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવા જીવની સાધકદશાને લક્ષમાં લઈ અને ભક્તો સ્તુતિ કરે છે. ગુણીની હોં! જે આત્માનો આનંદ ખીલે છે અને બાકી રાગ છે પણ કાંઈ રાગના વખાણ કરતા નથી. આહાહા..!

અંતર શાંતિ અને આનંદની વેદન દશા અંદરમાં સમ્યગ્દષ્ટિને પ્રગટે છે. સમજાય છે કાંઈ? એને શાસ્ત્ર ભાષાએ ચોથું ગુણસ્થાન કહે છે. અવિરત સમ્યગ્દષ્ટિ. ભાષા ન સમજાય એટલે આપણે શાસ્ત્ર ભાષા વાપરતા નથી. સમજાણું કાંઈ? એવી દશા પ્રગટેલી અને વિશેષતા આગળ સ્વરૂપની રમણતા, ચારિત્ર ચરવું, આનંદમૂર્તિની પ્રતીત અને ભાનમાં પછી રમવું, ચરવું, રમવું, જમવું, આનંદમાં પ્રચુર સ્વસંવેદનની દશા ઉત્કૃષ્ટ પ્રગટ થવી તેને ભગવાન ચારિત્ર કહે છે. વ્યાખ્યા બીજી જાતની છે પણ છે એના ઘરની સાચી, હોં! એણે ન સાંભળી હોય તો પણ.. કેટલાક એમ કહે છે કે આ પણ શું કહે છે અમને સમજાતું નથી. અરે.. ભગવાન!

આવી સીધી વાત થાય છે અને ન સમજાય તો શું થાય? અભ્યાસ ન મળે. ચૈતન્ય શું છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાની ત્રિલોકનાથ જેને એક સમય, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞાનના વિકાસમાં, સર્વજ્ઞપદમાં જણાણા, જાણીને વાણી ઈચ્છા વિના નીકળી. એ વાણીને આગમજ્ઞાન-આગમ કહેવામાં આવે છે. એ આગમની રચના વાણીમાંથી સંતોએ કરી. સમજાણું કાંઈ?

અહીંયાં ઋષભદેવનું સ્તવન (ચાલે છે). (પદ્મનંદિઆચાર્ય) સંત હતા, જંગલમા વસતા હતા, આત્મધ્યાનમાં મસ્ત હતા. એને જરી ભક્તિનો શુભરાગ, પૂર્ણ દશા ન હોય એને એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. એવા ભક્તિના કાળને લક્ષમાં લઈ અને જ્ઞાનીને અંદર આનંદ અને શાંતિ જે વર્તે છે તેને જ્ઞાનમાં તરવર કરીને તેની ભક્તિ કરે છે. સમજાય છે કાંઈ?

હવે અહીં સુધી આપણે આવ્યું છે કે ઋષભદેવ ભગવાનનો જીવ એ જન્મે છે, મેરુ પર્વત ઉપર લઈ ગયા. અહીં થશે ને? પરમ દિ' થવાનું છે ને? કે દિ'? પરમ દિ' લઈ જશે અહીંથી મેરુ પર્વત ઉપર. એ બધો ઈતિહાસ વસ્તુસ્થિતિ છે. એનું દશ્ય દેખાડશે. અહીં મેરુ પર્વત બનાવ્યો છે ને ક્યાંક? ત્યાં લઈ જશે. અહીં તો મેરુ પર્વત ક્યાંથી લાવવો? મેરુ ક્યાંથી લાવવા? એટલે એ રૂપક કરીને... સમજાણું કાંઈ? એનું નાટક બનાવે છે. બતાવશે, અહીં .. બતાવશે.

એ ભગવાન જ્યારે ઋષભદેવ તરીકે માતાની કૂખે આવ્યા, ઈન્દ્રોએ પ્રથમ તો આવીને નમસ્કાર કર્યો. સમજાય છે કાંઈ? જન્મ મહોત્સવ કરવા આવ્યા. પરમ દિ' જન્મ મહોત્સવ થાશે. એટલે પહેલેથી તમને... ચાંદીનો એક વેપારી છે મોટો અજમેરનો. હાર પહેરશે કેટલાય, લૂંગડા પહેરશે આથી ઊંચા. ઘરના હોં એના. અને અંદર હાર અને પગે બાંધશે ઘૂઘરા અને ભગવાન પાસે નાચ કરશે. સમજાય છે? એ પ્રમાણે જ્યારે ભગવાનનો અવતાર થયો જ્યારે માતાની કૂખે. ઈન્દ્રો આવીને નાચતા હતા.

પહેલું તો એ કહ્યું, હે માતા! રત્નકૂખ ધારિણી! આવા રતનને તેં કૂખમાં રાખ્યું. એના જન્મ પછી અહીંયાં મુનિપણું ચારિત્ર અંગીકાર કરશે આનંદસ્વરૂપમાં. એ પછી એને કેવલ્ય સર્વજ્ઞદશા, પૂર્ણદશા, સિદ્ધપદ દશા આ ભવમાં થશે. એ કારણે માતાને ઈન્દ્ર નમસ્કાર કરે છે. નમો રયણ કૂખ ધારિણી. રતનને કૂખમાં રાખનારી માતા! તને પહેલો નમસ્કાર. પછી ભગવાનને નમસ્કાર કરે છે. પછી હાથમાં લઈ મેરુ પર્વત ઉપર લઈ જાય છે.

પછી કહે છે, ભગવાન મોટા થયા ત્યારે સિંહાસન ઉપર બેઠા હતા. હજી દીક્ષિત થયા નહોતા. ચારિત્ર સ્વરૂપ, જે રમણતા અંતરના આનંદની ખીલવટની ઉગ્રતા .. .. એ નહોતું. આત્મજ્ઞાન હતું એ ઉપરાંત મતિ, શ્રુત અને અવધિ એવી જ્ઞાનની ત્રણ પ્રકાર અવસ્થા જે છે તે હતી. સમજાય છે કાંઈ? એકવાર સિંહાસન ઉપર બેઠા હતા. એ વખતનું દશ્ય લક્ષમાં લઈને ભક્તિ કરે છે. જાણે કે અત્યારે હોય એમ ભક્તિ કરે છે.

૧૫મો શ્લોક છે. પંડિતજી! ૧૫મો છે. પુસ્તક ઘણા નથી. કહ્યું હતું ખરું ...ભાઈને પણ નહિ મગાવ્યા હોય. ક્યાં ગયા ..ભાઈ! નથી? અહીંથી નહિ. કીધું હતું ને સોનગઢથી. એય..! ક્યાં ગયા ચંદુભાઈ? ... કે આવ્યા નથી? ઠીક. તપાસ કરજો ને... ૧૫-૨૦ પુસ્તકો હશે. કહો, સમજાણું આમાં? ધર્મી જીવને આત્માના ધર્મ એટલે આનંદના સ્વભાવના અનુભવનું વેદન હોય છે. છતાં તે વિશેષ આનંદના ધરનારા એવા પોતાથી સાધકજીવ વધેલા હોય છે એના એ ગુણગ્રામ કરે છે. સમજાણું કાંઈ? .. ગુણગ્રામ કરે છે. ભગવાન સિંહાસને બેઠા હતા ત્યારે કહે છે, જુઓ!

**विज्जुव्व धणे रंगे, दिट्ठपणट्ठा पणच्चिरी अमरी।**
**जइया तइया वि तए, रायसिरी तारिसी दिट्ठा।।१५।।**

ત્રણ જ્ઞાન હતા. મુનિ એટલે જ્ઞાનની દશાઓ ત્રણ હતી. વસ્તુ છે ભગવાન આત્મા એનો જ્ઞ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે. એમાંથી પ્રગટેલી પાક દશા, જ્ઞાનની દશાઓ થાય છે. એમાં મતિ, શ્રુત અને અવધિ એવા ત્રણ જ્ઞાનની કળા ઉઘડેલી હતી. ચોથી કળા મનઃપર્યય મુનિ થશે ત્યારે થશે. અને પછી કેવળ થશે ત્યારે ચોથી કળા .. ખીલશે. સમજાણું કાંઈ? આમ તો સાંભળ્યું નહિ હોય? ત્રણ જ્ઞાન લઈને ભગવાન આવે છે. એવું તો સાંભળ્યું હશે આ. પૂર્ણ પરમાત્મદશા તો હજી પછી થશે. એ આવે છે ત્રણ જ્ઞાન લઈને. એ જ્યારે બેઠા હતા એમાં દેવીઓ આવીને નાચે છે. મૃત્યુ કાળ દેવીનો.

એને કહે છે, **'હે પ્રભુ! જિસ પ્રકાર મેઘ મેં બિજલી પ્રકટ હોતે હી નષ્ટ હો જાતી હૈ,...'** મૂળ સંસ્કૃત છે પણ હિન્દી એનો અર્થ છે. ગુજરાતી થયો નથી ઘણું કરીને. **'ઉસી પ્રકાર આપને નૃત્ય કરતી હુઈ નીલાંજના નામકી દેવાંગના કો પહલે દેખા, પશ્ચાત નષ્ટ હોતે હુએ ભી દેખા તથા ઉસી સમય આપને રાજ્ય-લક્ષ્મી કો ઉસકે સમાન હી ચઞ્ચલ સમજ લિયા.'** શું કહે છે? વૈરાગ્યમૂર્તિ હોય છે ધર્માત્મા સમકિતી. છતાં હજી રાગ બાકી હોય છે. એ રાગને સ્વભાવના આશ્રયે અનુભવથી રાગ ટાળી શકાય એવી દશા હજી જ્ઞાનીને પણ બાકી હોય છે. ત્યારે સિંહાસન પર બેઠા હતા. ઈન્દ્ર દેવ આવીને... અહીં તો સાધારણ રાજા આવે .. પડે, ઈન્દ્ર આવતા હશે એ પુણ્યના ફળ તરીકે મોટપ કેટલી એ બેસવી કઠણ છે. સમજાણું કાંઈ? ધર્માત્માની પવિત્રતાની તો શું વાત કરવી? પણ એમને બાકી રહેલો રાગ પુણ્ય, એના ફળ તરીકે ઈન્દ્રો જેના મિત્ર હોય છે. સમજાણું કાંઈ?

એકવાર ભગવાન સિંહાસન ઉપર બેઠા હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા. સાધુ થયેલા નહિ. ત્યારે ઈન્દ્ર આમ દેવીનો .. માથે છે. **'विज्जुव्व धणे रंगे,'** શું કીધું સમજાણું? **'મેઘ મેં બિજલી પ્રકટ હોતે હી...'** એક નિલાંજના નામની દેવી હતી નાચવામાં. દેવ ઈન્દ્રે કારણથી ઉતારેલી એમાં. જેનું આયુષ્ય ત્યાં નાચતા પૂરું થઈ ગયું. સમજાણું કાંઈ? દેવને પણ આયુષ્ય

હોય છે ને. આયુષ્યની મુદત હોય છે દેવની. ભલે એને અમર કહો. પણ અમર તો એક મનુષ્ય અને પશુના આયુષ્ય કરતાં એનું આયુષ્ય મોટું છે માટે અમર કહેવાય છે. પણ અમર એટલે દેહની સ્થિતિ પૂરી ન થાય અને અમર કહેવાય છે એમ છે નહિ. '**अमरी**' લખ્યું છે ને? '**अमरी**'. એ દેવીને '**अमरी**' કીધી છે. પણ આયુષ્ય મોટું હોય છે દેવને, ભાઈ! અસંખ્ય અબજો વર્ષની તો એક પલ્યોપમની સ્થિતિ છે. એવી દેવી ત્યાં ઉતરેલી. ઇન્દ્રએ જાણીને ઉતારી. ભગવાનને નિમિત્ત થાય અને વૈરાગ્ય થઈને સાધુ થાય એ કારણે ઇન્દ્રે ત્યાં આવીને દેવીને ઉતારી. ઘણી દેવીઓ નાચતી હતી. એમાં વચમાં ઓલી નિલાંજના હતી. સ્થિતિ તે કાળે પૂરી થઈ. .. વિખાઈ ગયા.

જેમ કપુરની ગોટી એની રજકણ વિખાઈ ગયા, આપણે દેહ છૂટે એટલે દેહ પડ્યો રહે છે. સ્વર્ગના દેવને એમ હોતું નથી. એને તો આત્મા ગયો એટલે આ રજકણો કપુરની ગોટીની જેમ વિંખાઈ જાય છે. એમ નાચતા નાચતા એ આયુષ્ય પૂરું થઈ ગયું. રજકણો છૂટી ગયા. આમ ખ્યાલ હતો કે આ દેવીનું આયુષ્ય પૂરું થયું, કેમ એમ થયું? .. બીજી .. એના સ્થાનમાં બીજી ગોઠવી દીધી ઇન્દ્રએ. પણ ખ્યાલમાં આવ્યું કે આ દેહની સ્થિતિ પૂરી થઈ. ઓહો..!

કહે છે, આ '**નિલાંજના નામ કી દેવાંગના કો પહલે દેખા, પશ્ચાત નષ્ટ હોતે હુએ ભી દેખા તથા ઉસી સમય આપને રાજ્ય લક્ષ્મી કો ભી ઉસકે સમાન હી ચંચલ સમજ લિયા.**' ભાન તો હતું. એવો નિયમ છે. બધી કંઈ એકદમ વાત સિદ્ધ ન કરી શકાય. નહિતર લોજિક, ન્યાય, યુક્તિથી સિદ્ધ કરીને વાત સાબિત છે આ. સમજાણું કાંઈ? જ્યારે જ્યારે પરમાત્મા તીર્થંકરનો અવતાર હોય છે, એ ત્રણ જ્ઞાન લઈને તો આવે છે. પણ જ્યારે એને દીક્ષિત થવાનો સમય હોય ત્યારે એને જાતિસ્મરણ થાય છે. જાતિસ્મરણ એટલે? પૂર્વના ભવનું સ્મરણ આવી જાય છે. સમજાણું કાંઈ? અત્યારે હોય છે ને? ઘણાંને થયું નથી? .. બાય છોડીનું નથી એક આવ્યું? છોડીનો દાખલો કહ્યો હતો ને. ૨૦ વર્ષની છોડી. વજુભાઈના દીકરાની દીકરી. પૂર્વભવનું આવે કે આ ભવ પહેલા ક્યાં હતો... ક્યાં હતો... ક્યાં હતો... એ ખ્યાલ આવી જાય. જેમ કાલની વાત યાદ આવે એમ ૫૦, બે, ત્રણ ભવની પણ વાત યાદ આવે એવી આત્મામાં તાકાત છે. અંદરમાં ત્રણ જ્ઞાન હોવા છતાં અવધિજ્ઞાનનો એવો સ્વભાવ છે કે ઉપયોગ મૂકે તો જણાય. તો આ જ્યાં નિલાંજના દેવીને .. ... ઓહો..! આ રાજ અને લક્ષ્મી બધી આવી ચંચળ છે. એક ક્ષણમાં નાશ થાય એવી આ ચીજ છે.

અરે..! હું તો આ ભવમાં સર્વજ્ઞ થવાનો મારો અવતાર છે. (ક્યાં) સુધી આ રાજમાં રહીશ હું? સમજાય છે કાંઈ? એવી અંદર વૈરાગ્ય દશા (થતાં) ઉદાસ.. ઉદાસ થઈ ગયા. દેવીના પણ અવતાર પૂરા નાચતા કાળે થઈ ગયા, તો આ જગતની દેહની સ્થિતિ તો નાશવાન છે. રાજ અને લક્ષ્મી બધું નાશવાન છે. એમ ભગવાનને '**जइया तइया वि तए, रायसिरी**

**तारिसी दिट्ठा**' રાજલક્ષ્મી એવી દેખી. આહાહા..! આ ક્ષણમાં નાશવંત છે. સમજાય છે કાંઈ? એકદમ વૈરાગ્ય આવ્યો. વૈરાગ્યનો ઉભરો આવ્યો.

આત્મજ્ઞાન સહિત જ્યારે જાતિસ્મરણ એટલે પૂર્વના ભવનું જ્ઞાન હોય છે ત્યારે ધર્મીને વૈરાગ હોય છે. આત્મજ્ઞાન વિના જાતિસ્મરણ થાય છે, જાતિ એટલે પૂર્વના ભવનું જ્ઞાન, એ અત્યારે ઘણાને હોય છે ને. સમજાણું કાંઈ? છે ને અત્યારે? કેવા? નામ આપણે ભૂલી ગયા. ... .. જાતિસ્મરણ. પૂર્વ ભવના ભાનવાળાના સહાયક કોઈક છે. એ અમારી પાસે આવ્યો હતો. લાખ રૂપિયાની મોટર લઈને ... એને બધી શું કહેવાય? રીપોર્ટ. રીપોર્ટ લેવા આવી. બે હજારનો પગાર છે એનો. ... થાય છે. એટલે .. મરી નથી. એટલે સંસારે એને

... એને એવો કોઈ મળી ગયો



**મહા વદ-૧૪, તા. ૧૭-૨-૧૯૬૯,**
**શ્રી ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૮ થી ૨૨, પ્રવચન-૮૦૧**

આ પદ્મનંદિ પંચવિંશતિ નામનું શાસ્ત્ર છે. એમાં પહેલાં તીર્થંકર ઋષભદેવ ભગવાન જે આ ચોવીસીમાં થયા એનું લક્ષ કરીને અહીંયાં સ્તુતિ અને ભક્તિ વર્ણવે છે. એમાં અહીંયાં સુધી આપણે આવ્યું છે ૧૮મી ગાથામાં. આ આત્મા-એ ઋષભદેવ ભગવાનનો આત્મા પહેલાં તો સંસારીની પેઠે અનાદિ કાળથી સ્વરૂપના ભાન વિના રખડતો હતો. પછી આત્મા આનંદ ને જ્ઞાનઘન સ્વરૂપ છે એવી અંતર શોધ કરીને અંતરના ધ્યાનમાં આવીને જેણે કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી જેની શક્તિ હતી તેની દશામાં વ્યક્ત પ્રગટ દશા થઈ. તેને પરમાત્મા પરમેશ્વર પ્રભુ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આત્મા અનંત આત્માઓ છે. અનંત કાળથી નિજ સ્વરૂપને ભૂલી ચોર્યાસીના અવતારમાં રખડે છે. એ રખડતાં-રખડતાં એ ઋષભદેવનો પણ જીવ પ્રથમ જ્યારે શરૂઆતમાં ધર્મ પામે છે, ધર્મ એટલે કે આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે આત્મા, એની અંદર શોધ કરીને, એકાગ્ર થઈને સમ્યગ્દર્શન પામે છે. પછી ધ્યાન કરીને કેવળજ્ઞાન પામે છે. એ ગુણને લક્ષમાં લઈને ભક્તો સ્તુતિ કરે છે. સમજાય છે કાંઈ? દરેક આત્મા એ શક્તિવાળા સત્ત્વવાળા એવા જ છે. પણ જેને હજી પૂર્ણ દશા પ્રગટ થઈ નથી એ પોતે સાધક (એને) આત્માનું ભાન હોય છે, એ જીવો પૂર્ણ દશા પ્રાપ્ત થવાના કાળક્રમે જે પરમાત્મ દશા થયા એના ગુણગ્રામ અને એની સ્તુતિ, સ્તવન, બહુમાન કરે છે. એનું નામ આ સ્તવન અને સ્તુતિ કહેવામાં આવે છે. આપણે આ ૧૮મો શ્લોક આવ્યો છે.

જ્યારે ઋષભદેવનો આત્મા આમ અંતરશોધમાં હતા. હજી કેવળ થયું નહોતું. એની ગાથા છે. '**हिययत्थझाणसिहि**' હે નાથ! આપ જ્યારે આત્માના અંતર આનંદ સ્વરૂપમાં હૃદયમાં શોધમાં હતા ત્યારે મને તો એમ લાગે છે કે ત્યારે આત્માની ધ્યાનાગ્નિ જાગી એથી કર્મના રજકણો અને અશુદ્ધતા બળી. આપ જ્યાં આમ ધ્યાનમાં સ્થિર છો, મને તો એમ લાગે છે, અલંકાર કરે છે, શરીર ઉપરના વાળ આમ જે કાળા છે, ભગવાન! મને તો એમ લાગે છે કે આપ જ્યારે ધ્યાનાગ્નિમાં હતા, શુદ્ધ ચૈતન્યની અગ્નિ અંદર જગાડતા હતા ત્યારે કર્મ બળ્યા એનો ધુમાડો થઈને આ કાળા વાળ થયા છે. અલંકાર છે.

અંતરની દશાનું ભાન કરીને જ્યારે અંતર શોધતા હતા... એ, શ્લોક છે આનંદઘનજીનો જરી. કે

ખગ પદ ગગન મીન પદ જલમેં, જો ખોજે સૌ બૌરા,
ખગ પદ ગગન મીન પદ જલમેં, જો ખોજે સૌ બૌરા,

ચિત્ત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનન્દ ભૌરા.

અવધૂ નટનાગરકી બાજી, જાણે ન બામણ કાજી. નટનાગરકી બાજી.

શું કહે છે? ૧૮મી ગાથા છે. મોડા આવ્યા. રાતે ... બેસો ત્યાં. એ પહેલું અહીંયાં કહ્યું હતું હોં બે દિ' પહેલા હોં તમારી વાત. કીધું કે એક શેઠ ચાંદીના વેપારી આવશે. આ ચાંદીના વેપારી છે. એ હાર-બાર રાત્રે પહેરશે, એ ઘુઘરા બાંધશે અને નાટકની જેમ નટ નાટકમાં નાચશે. એ નાચ નથી, ગરીબ નથી એમ પહેલું કહ્યું હતું. એ આજ રાતે ભક્તિ કરશે. કેટલા વાગે છે આપણે? પોણા આઠ. પોણા આઠથી પોણા નવ. એ પાઘડીવાળા છે ને એ ચાંદીનો વેપારી છે. ઘુઘરા બાંધશે અને .. કપડા-બપડા એના ઘરના પહેરશે. પછી ભગવાન પાસે નાચશે, ભક્તિ કરશે રાતે. પોણા આઠથી પોણા નવ. એટલે પહેલેથી કહી દીધું કે ભિખારી નથી, કોઈ ગરીબ નથી. .. ભક્તિનો રસ છે માટે આવ્યા છે. હવે એટલી વાત.

કહો, અહીં શું કહે છે કે, હે નાથ! જો એક આત્માની ભક્તિ પૂર્ણાનંદ પરમાત્માની કઈ રીતે કરે છે. ધર્મી જીવને આત્માનું ભાન હોય છે કે હું તો આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય છું. શરીર, વાણી, મન તો જડ છે, માટી છે, અજીવ છે. અજીવ છે એટલે ધૂળ કહીએ છીએ. કેટલાક કાલે કહેતા હતા ઓલા છાપાવાળા. ધૂળ-ધૂળ શું કરે છે પૈસાને આ? ધૂળ છે, ભગવાન! લક્ષ્મી તો ધૂળ છે અને જડ છે. આત્મામાં ચૈતન્યલક્ષ્મી સહજાનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એની સ્વલક્ષ્મીની આગળ લક્ષ્મી તો ધૂળ છે પણ આ શરીર ધૂળ છે. આ તો માટી છે. સમજાય છે કાંઈ? એ આત્માની શોધમાં હતા જ્યારે ૠષભદેવ, અહીંયાં આચાર્ય એનું લક્ષ કરીને સ્તુતિ કરે છે કે, હે નાથ!

ખગ પદ ગગન મીન પદ જલમેં, જો ખોજે સૌ બૌરા,

હે નાથ! આકાશમાં પંખી હાલે એના પગલા ગોતે કે આ ઠેકાણે પગ પડ્યો છે, એ મૂર્ખ છે. ત્યાં પંખી ચાલતા આકાશમાં પગલા પડતા નથી. 'ખગ પદ ગગન મીન પદ જલમેં,' અને પાણીનું ઓલું માછલું આવે ને એટલે જાણે એના પગ કોતરાણા હશે ચાલતા-ચાલતા. એમ હશે? 'ખગ પદ ગગન મીન પદ જલમેં, જો ખોજે સૌ બૌરા,' મૂરખ છે એ ખોજે ત્યાં. ત્યાં ક્યાં પગલા હતા?

ચિત્ત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનન્દ ભૌરા.

અવધૂ અનુભવ કલિકા જાગી, મતિ મેરા આતમ સમરન લાગી.

મતિ મેરા આતમ સમરન લાગી, અવધૂ અનુભવ કલિકા જાગી,

ભગવાન આત્મા પુણ્ય અને પાપના પરિણામમાં ક્રિયામાં આત્મા ગોતે તો ત્યાં નથી. જેમ આકાશમાં પંખીના પગલા નથી, એમ પાણીમાં અંદરમાં મચ્છના પગલા નથી. એમ આત્મા અને આનંદ એ શરીર જડમાં ગોતે ત્યાં નથી. એ બાયડી, છોકરા, કુટુંબ, ધન,

ધૂળ, બંગલા અને પૈસામાં આનંદ ગોતે ત્યાં નથી. સમજાણું કાંઈ? અરે..! શુભ અને અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપના ભાવમાં આનંદ, આત્મા અને આનંદ નથી. અરે..! પુણ્ય-પરિણામ દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પ આવે શુભભાવ, એમાં આત્મા અને આત્માનો આનંદ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. અહીં ઋષભદેવને બહાને સ્તુતિ કરે છે પણ પોતાના આત્માની જ સ્તુતિ છે ત્યાં. સમજાય છે કાંઈ આમાં? '**हिययत्थझाण**'. હે પરમાત્મા! '**આપકે મસ્તકપર ભૌંરોં કે સમૂહ સમાન કાલા, જો કેશસમૂહ હૈ, વહ હૃદય મેં સ્થિત ધ્યાનરૂપી અગ્નિ સે શીઘ્ર જલાયે હુએ શરીર કે ધુંએ સમાન શોભિત હૈ.**' બળીને માથે ઘણું આવ્યું છે. એમ પોતાને પણ ભાન છે સ્તુતિ કરનાર અને જેને ઉગ્ર ગુણ ઉઘડ્યા છે, એનું લક્ષ કરે છે.

હે નાથ! આપે આત્માની અંદરમાં હૃદય, જ્ઞાનાનંદ હૃદયમાં પંકજ એટલે કમળમાં ખોજ્યો, જોયો, શોધ્યો. 'રમતા આનંદ ભૌરા...' આનંદરૂપી ભમરો ત્યાં આત્મામાં રમે છે એ ત્યાં અંતરમાં ખોજ્યો આપે. સમજાય છે કાંઈ? એ પુણ્ય અને પાપના વિકલ્પ ને ક્રિયામાં આત્મા નથી, એમાં ધર્મ નથી, એમાં આનંદ નથી. આહાહા..! જેઠાભાઈ! બહુ દુનિયાથી ઊંધુ ભારે, ભાઈ! પણ દુનિયા ઊંધી એટલે ઊંધું જ હોય ને ઊંધેથી. ઊંધેથી ઊંધું અને આ ઊંધાથી ઓલું ઊંધું.

ભાઈ! આત્મા એટલે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, ભાઈ! એને ઋષભદેવ ભગવાને અંતરમાંથી પ્રાપ્ત કર્યો. પ્રાપ્ત કરેલાની પ્રશંસા કરીને તેની સ્તુતિ (કરે છે). ગુણ જેને વ્હાલા છે, લક્ષ્મી જેને વ્હાલી છે એ લક્ષ્મીવાળાના વખાણ કરે છે, લક્ષ્મીવાળાના વખાણ નથી ખરેખર, એને લક્ષ્મી ગલગલીયા બોલાવે છે એના વખાણ કરે છે ઓલાના. લક્ષ્મીના વખાણ કરે એ લક્ષ્મીની પ્રીતિ છે માટે. પુરુષના નહિ. લક્ષ્મી એની પાસે ચાલી જાય તો કોઈ પણ વખાણ કરે. ઓહો..! આવે છો અને તેવા છો. મોટા મોટા બિરુદ લગાવી દે ને માખણ ચોપડીને. તમે મોટા છે ને તમે આવા છો ને ધનાઢ્ય છો અને ધૂળ છો. માખણ-માખણ બધા.

અહીં કહે છે કે જેમ પૈસાવાળાને પૈસાવાળા લક્ષ્મીનો જેને પ્રેમ છે તે પૈસાવાળાના વખાણ કરે છે. પૈસાનો પ્રેમ નથી એટલે એ પૈસાવાળાના વખાણ ન કરે કે તમે મોટા છો. શેના ધૂળમાં મોટા? સાંભળને. અંતર ચૈતન્ય લક્ષ્મીની જેને પ્રીતિ અને પ્રેમ છે એ પૈસાવાળાના વખાણ નહિ કરે. એ તો જેને આત્માના આનંદ ખીલી ગયા છે પરમાત્માને, આત્માની લક્ષ્મી જેને પ્રગટ થઈ ગઈ છે અંદરથી, એના એ વખાણ કરે છે. આ એનું નામ સ્તુતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે હે નાથ! આપ હૈયામાં, હૃદયમાં જ્ઞાનાનંદ તરીકે.. જુઓ! એમ કરીને ખ્યાલ છે ભક્તિવંતને કે એને આ કેવળજ્ઞાન અને પૂર્ણાનંદ પરમાત્મદશા ક્યે સાધને પ્રગટ કરી.

એ સ્તુતિના લક્ષમાં લઈને એમ કહે છે કે આત્મા આનંદકંદ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબ છે આત્મા. એમાં આપે એકાકાર થઈ શોધીને આત્માની દશા કેવલજ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ આપે કરી છે. એ મને ખ્યાલ છે કે આપે ધ્યાનમાં આનંદને શોધતા એકાકાર થયા. ત્યારે રાગ અને પુણ્ય-પાપના કર્મ જે હતા એ બળ્યા અને ધુમાડો નીકળ્યો બહાર શરીર ઉપર કાળા વાળ છે એ. અલંકાર કર્યો છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવ ધર્માત્માના ઉત્કૃષ્ટ ઘણાં ગુણો હોય છે એને જ્યાં હોય ત્યાં ગુણો જ એને ભાળે છે. ઓલી દશા બીજી જોતો નથી. અહીં સ્તુતિમાં આચાર્ય છે એ ગાણા ગાય છે. સમજાણું કાંઈ? પ્રભુ! આપે આકાશમાં જેમ પંખીના પગલા પડ્યા નથી ત્યાં મૂરખ હોય એ ગોતે, એમ પાણીમાં મચ્છના પગલા નથી, મૂરખ હોય એ ગોતે. એમ આત્માનો આનંદ અને આત્મા પુણ્ય-પાપમાં નથી ત્યાં ગોતે તે મૂરખ છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! એ આ ગાથાના સ્તવનનો ભાવાર્થ છે.

એકવાર સમયસારમાં આવે છે. કુંદકુંદાચાર્ય મુનિ હતા. મહા નગ્ન દિંગબર આત્મજ્ઞાની-ધ્યાની. એને એકવાર શિષ્યે પ્રશ્ન કર્યો છે, ૩૧મી ગાથામાં. મહારાજ! સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ આત્મા જેને પ્રગટ દશા થઈ ગઈ, સોળ કળાએ આત્મા જ્ઞાનાનંદ જેવો સ્વભાવ છે એવી પ્રગટ દશા થઈ, એની સ્તુતિ કોને કહેવી? આવે છે? જેઠાલાલભાઈ! કેટલામાં આવે છે? ૩૧મી ગાથામાં આવે છે. તમે તો બધા અભ્યાસી ઘણાં વર્ષના છો. ૩૧મી ગાથામાં આવો શિષ્યે પ્રશ્ન કર્યો છે.

હે નાથ! સર્વજ્ઞ પરમેશ્વર જેણે આત્મામાં જ્ઞાનસ્વભાવ શુદ્ધ તરીકે વિજ્ઞાનઘન છે એમાં એકાકાર થઈને, ધ્યાન કરીને જેણે જ્ઞાનની અગ્નિ દ્વારા રાગને બાળી, કર્મને બાળી કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. એવા કેવળી પરમાત્માની સ્તુતિ હે નાથ! કેમ કરાય? એમ શિષ્યે પ્રશ્ન કર્યો હતો. એના ઉત્તરમાં એમ જવાબ આપ્યો છે ત્યાં... સમજાણું કાંઈ? આવે છે કે નહિ?

આ આત્મા... ઈન્દ્રિયો છે જડ, માટી અને આ ઈન્દ્રિયના જે વિષય છે શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ અને અંદર જ્ઞાનનો અંશ જે ખંડ ખંડ જ્ઞાન એક એક શબ્દ, રૂપને જાણે એવું અખંડ જ્ઞાન એવી ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને એના વિષયો ત્રણને જીતી એટલે તેનું લક્ષ છોડી અને જ્ઞાનાનંદ ભગવાન પોતે શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે, એમાં એકાગ્ર થઈને ધ્યાન કરે છે તે કેવળીની સ્તુતિ કરે છે. સમજાય છે કાંઈ? બાપુ! વાત કાંઈ બીજી છે. અહીંયાં લૌકિક વાત નથી. આ તો અંતર લોકોત્તરની ચૈતન્યની ચીજ છે.

પૂછ્યું હતું શિષ્યે આવું. પરમાત્માની સ્તુતિ મહારાજ કોને કહેવાય? કેવળજ્ઞાનીની સાચી સ્તુતિ કોને કહેવાય? કેવળજ્ઞાની એટલે? આત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી શક્તિ હતી તેને પ્રગટ દશા થઈ છે, એવા આત્માને કેવળી અને પરમાત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ હમણાં આવશે પછીની ગાથામાં. એની સ્તુતિ કોને કહી?

ત્યારે આ આત્માની સ્તુતિ તેને એની સ્તુતિ કહી. સમજાણું કાંઈ? ...

... ..વિષયને ન લેવો એમ નહિ. આ જડ માટી છે એનું લક્ષ છોડી દઈ અને એના વિષયો જે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે તેનું લક્ષ છોડી દઈ અને જ્ઞાનનો અંશ જે ખંડ ખંડ એક એકને જાણે તેનું લક્ષ છોડી દઈ, જ્ઞાનાનંદ ચિદાનંદ ઘન આત્મા છે તેની દૃષ્ટિ કરી એનો અનુભવ કરે તે કેવળીના સ્તવન અને સ્તુતિ કરે છે. ભારે વાત, ભાઈ! પૂછ્યું ભગવાનનું અને જવાબ આવો આપ્યો. સમજાણું કાંઈ?

એ અહીં સ્તુતિ કરે છે. પોતાની અંદર પણ સ્તુતિ કરે છે અને પૂર્ણ દશા ઋષભદેવ પરમાત્મા હજી કેવળજ્ઞાન પામ્યા નહોતા અને ધ્યાનમાં હતા તેનું લક્ષ લઈને ધ્યાનનું સ્વરૂપ શું? એનું ફળ શું? કોનું ધ્યાન? એમ બધું લક્ષમાં લઈને તેની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ?

એ ધ્યાન એટલે આત્મા જ્ઞાનાનંદની અગ્નિ છે. .. સંસારના પ્રેમમાં વિચારમાં મંથનમાં કોઈ બે-પાંચ લાખ પેદા થઈ ગયા હોય અને .. છોકરાના લગ્ન હોય, એક જ હોય અને એના લગન વખતે રાતે બે કલાક વિચારમાં-મંથનમાં જાય. ખબર ન પડે કે બે કલાક ક્યાં ગયા. આવડે છે તો ખરું ધ્યાન એને. સમજાણું કાંઈ? ઓલા વિકલ્પ ને દયા ને રાગ ને પુણ્ય આમ કરવું... આમ કરશું... આમ કરશું... એની એકાગ્રતામાં બીજો વિકલ્પ ન આવે એવું એને વિકલ્પનું ધ્યાન કરતા (આવડે છે). આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એને કરતા આવડે છે. તો જેને રાગમાં એકાગ્રતા કરતા આવડે છે એને રાગ વિના સ્વરૂપમાં એકાગ્રતા કરતા ન આવડે એમ કોણ કહે છે?

ધર્મી જીવ, ભગવાન ચિદાનંદ પ્રભુ, આમ '**हिययत्थझाण**' એમ શબ્દ પડ્યો છે. હે નાથ! આપ રાગમાં પહેલા .. છે. એક અલંકાર કર્યો છે. સમજાણું કાંઈ? ધ્યાન શું? કોનું? ફળ શું? એ બધું વર્ણવ્યું એમાં. એ ગાથા ૧૮ થઈ. હવે ૧૯. કાલે ૧૮ તો થઈ હતી.

હવે, આત્મા પોતાનું નિજ સ્વરૂપ જ્યારે ઋષભદેવ ભગવાન અંદર જ્ઞાનમાં એકાગ્ર થઈને, જ્ઞાનમૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છે. (એમાં) એકાગ્ર થઈને જ્યારે ચાર કર્મનો નાશ થયો... આઠ કર્મની જાત છે. આત્માની અશુદ્ધતા આત્મા પોતે કરે. પણ એ અશુદ્ધતામાં નિમિત્તરૂપે કર્મ જડ છે. એવા જડ કર્મની આઠ જાત છે. એ બધી તમને અત્યારે ન સિદ્ધ કરી શકાય. એક એક સિદ્ધ થઈ શકે છે લોજિક, ન્યાય, યુક્તિથી. એક આઠ કર્મની જાત છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, વેદની, આયુષ્ય, નામ અને ગોત્ર આઠ છે. આત્માના અંતર પડદા આઠ કર્મના જડના. અશુદ્ધતા તો આત્મા પોતે કરે. એમાં નિમિત્ત છે એ. તો કહે છે કે હે પ્રભુ! આપ જ્યારે ધ્યાનમાં, જ્ઞાનમાં એકાકાર હતા ત્યારે એટલું ધ્યાન જામ્યું,... એમ થઈ શકે, એમ અસ્તિ કરે છે અને આપને થયું તે પ્રશંસા કરે છે. સમજાણું કાંઈ? કહે છે :

**कम्मंकलंकचउक्के, णट्ठे णिम्मलसमाहिभूईए।**
**तुण णाणदप्पणेच्चिय, लोयालोयं पडिप्फलियं।।१९।।**

'**હે જિનેશ!**' હે પ્રભુ! '**નિર્મલ સમાધિકે પ્રભાવસે...**' '**समाहि**' સમાધિ એટલે? આ ઓલા શ્વાસને રોકે છે, કુંભક ને રેચક ને કહે છે ને? એ નહિ. એ તો ધૂળધાણી, એમાં કાંઈ ન મળે. આત્માના અંતર આનંદના ધ્યેયમાં-લક્ષમાં લઈને શાંતિનું વેદન થવું એને સમાધિ કહેવામાં આવે છે. આવે છે ને? લોગસ્સમાં આવે છે. '**समाहिवर मुत्तं दिंतु**' મોઢે કર્યું છે ને? ...ભાઈ! લોગસ્સ-લોગસ્સમાં આવે છે. અર્થની કોને ખબર છે. શું હશે એમાં. એમાં આવે છે એ સમાહિવર. સમાધિ.

આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પો તે ઉપાધિ-વ્યાધિ છે. એનાથી રહિત આત્મા આનંદકંદમાં જ્યાં દૃષ્ટિ આપે છે ત્યારે એને શાંતિ, અનાકુળતા, શાંતિનું વેદન થાય છે. તેને ભગવાન સમાધિ કહે છે. સમજાણું કાંઈ? આવે છે ને લોગસ્સમાં? સમાહિવર ઉત્તમ દિંતુ. હે નાથ! મારી શાંતિ મને જોઈએ છે. એ તો પરમાત્માને નિમિત્ત તરીકે કહે છે. કાંઈ પરમાત્માએ દોષ નથી કર્યો કે પરમાત્મા તારો દોષ ટાળે અને તને આપે. સમજાણું કાંઈ? દોષ તો તેં કર્યો છે અને દોષ તારે ટાળવાનો છે. કોઈ ટાળી દે એમ છે? એથી આત્મા અંદર આનંદ અને સ્વરૂપ શાંતિ છે એને સમાહિ. અંતરમાં હે નાથ! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અનાકુળ આનંદની શાંતિના વેદનથી આપે ચાર કર્મનો નાશ કર્યો. આઠ કર્મમાં ચાર કર્મનો નાશ થઈ શકે છે, આ રીત છે, થયેલી છે એને લક્ષમાં લઈને તેની સ્તુતિ કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ચાર ઘાતિયો કર્મોં કે નષ્ટ હોને પર, આપકે સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણ મેં યહ લોકાલોક પ્રતિબિંબિત હો રહા હૈ.**' ઓહો..! ભગવાન આત્મા આપે આત્મામાં એકાકાર થઈને ચાર કર્મનો નાશ કર્યો. શ્રીમદ્‌માં આવે છે અપૂર્વ અવસરમાં. છે ને? અપૂર્વ અવસરમાં એ આવે છે. શ્રીમદ્ રાજચંદ્રમાં. 'ચાર કર્મ ઘન ઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં,' ભોગીભાઈ! શેમાં આવે છે? અપૂર્વ અવસરમાં. જુઓ! એ વ્યાખ્યા કરીને ભગવાનની સ્તુતિ આચાર્ય કરે છે. 'ચાર કર્મ ઘન ઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં'. જુઓ! કેવળજ્ઞાનની દશા!

ચાર કર્મ ઘન ઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો.

આ ચાર કર્મ છે એ ભવનું બીજ અને ભવનું કારણ છે. હે પરમાત્મા! આપે ચાર કર્મને જે ભવના બીજ હતા એને આત્માના ધ્યાનાગ્નિથી તમે બાળી મૂક્યા. જેમ બીજ વાવ્યું બળ્યું પછી ઊગે નહિ. એમ કર્મ ને રાગના પરિણામ, હે નાથ! આત્માના ધ્યાન દ્વારા આપે બાળ્યા હવે આપને ભવ છે નહિ.

'ભવના બીજ તણો આત્યંતિક નાશ જો.' જ્ઞાતા-દૃષ્ટા, આવે છે ને પછી 'સર્વ ભાવ

જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા.' એ ચાર બોલ લેશે.

કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવવછેદ જો.

જુઓ! અંદર લક્ષમાં છે અને હું આત્મા છું. અને એ આત્માએ ચાર કર્મ ઘનઘાતિ આત્માના જ્ઞાન દ્વારા ક્ષય કર્યો એની વિધિની રીતની મને પ્રતીત છે. સમજાય છે કાંઈ? 'સર્વ ભાવ જ્ઞાતાદૃષ્ટા સહ શુદ્ધતા'. હે નાથ! આપને ત્રણ કાળ ત્રણ લોકના ભાવ એક સમયની જ્ઞાનની પર્યાયમાં જ્ઞાતા તરીકે જાણવામાં બધું આવ્યું અને જ્ઞાતા અનંત કેવળજ્ઞાન, દૃષ્ટા અનંત દર્શન સહ શુદ્ધતા. ... નાશ થઈને હે નાથ! આપને અનંતદર્શન અને આનંદની શુદ્ધતા પ્રગટ થઈ. અને 'કૃતકૃત્યુ પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.' અને આપે ચાર કર્મના નાશને ટાળવા આત્માના શક્તિરૂપે જે અનંત ચતુષ્ટય હતા, જ્ઞાન, દર્શન અને આનંદ ને બળ હતું. અનંત અંદર હતું, હોં! હોય એ પ્રગટ થાય. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ન હોય એમાંથી આવે? આત્મામાં જે અંતર જ્ઞાનમાં, અનંત જ્ઞાન દર્શન, આનંદ અને બળ હતું એની આપે પ્રાપ્તની પ્રાપ્તિ કરી. શુદ્ધતા પ્રગટ કરી, પ્રભુ! પૂર્ણ શુદ્ધ આનંદનો કંદ આત્મા થઈ ગયા. આ એનું લક્ષ કરીને સ્તુતિ કરે છે. સમજાય છે કાંઈ?

કહે છે, હે નાથ! જ્ઞાનરૂપી દર્પણ આપને પ્રગટ થયું. જેમ દર્પણ હોય છે. સામી ચીજ હોય છે એ પ્રતિબિંબ થાય છે. થાય છે કે નહિ? એ અરિસાની સ્વચ્છતા છે. એ અરિસામાં કોઈ ચીજ ગરી ગઈ નથી. શું કીધું? અરિસો છે. એની સામે કેરી અને કોલસા પડ્યા હોય. દેખાય કેરી ને કોલસા અંદર. કેરી ને કોલસા છે અંદર? એ તો અરિસાની સ્વચ્છતા છે. સામે અગ્નિ અને પાણીનો ધોધ પડતો દેખાય. અહીં પડતો હોય ત્યાં દેખાય. એટલે પાણી છે? અગ્નિ છે? હાથ અડાડે દેખાય છે આમ અગ્નિ? હાથ અડાડે તો એમાં અગ્નિ છે? ઉષ્ણતા છે? પાણીનો પ્રવાહ અહીં છે, ત્યાં દેખાય તો ઠંડુ થાય? ધ્યાન રાખો, શું કહેવાય છે? એ અરિસાની સ્વચ્છતાની ઝળક છે. એ અરિસાની દશા છે. એ અગ્નિ અને પાણીની દશા નથી. એ કેરી અને કોલસાની ત્યાં દશા ગરી ગઈ નથી. સમજાય છે કાંઈ? એમ આત્મા જ્ઞાનદર્પણમાં જ્યારે નિર્મળ થાય છે. આહાહા..! ધન્ય ઘડી, ધન્ય પળ, ધન્ય ક્ષણ! જે કાળે આત્મા ચાર કર્મનો નાશ કરીને આત્મામાં શક્તિનો વિકાસ કરે છે, ત્યારે કહે છે કે લોક અને અલોક આત્મા જ્ઞાનમાં ઝળકે છે. જેમ ઓલું પાણી અને અગ્નિ ઝળકતું નથી, હોં! એ સંબંધીનું, પોતા સંબંધીની જ્ઞાનની સ્વચ્છતા ઝળકે છે. આ જગત અને લોક કાંઈ અંદર જ્ઞાનમાં આવી જતા નથી. સમજાય છે કાંઈ?

આત્માની આવી સ્તુતિ છે, તેની અસ્તિ-શ્રદ્ધા કરીને તેની પ્રશંસા કરવી એનું નામ

પરમાત્માની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું હશે આ બધું? મોટી વાતું હશે એમ છે? ભગવાન! મોટી નથી, નાથ! આ તો તારા ઘરની એવડી વાત છે, ભાઈ! તારા સ્વરૂપની એવી વાર્તા તને માનવામાં આવતી નથી. કોઈ દિ' એને ગજ કરતા, માપ કરતા આવડતું નથી કે આ તે આ શું છે અંદર આ?

કહે છે કે જેના એક જ આત્મામાં, આત્માનું ધ્યાન કરતાં ચાર કર્મનો નાશ થયો, આપના જ્ઞાનરૂપી દર્પણમાં લોકાલોક જડાઈ ગયા. જણાઈ ગયા. એ આપની દશા. મારી પણ એવી દશા મારે થવાની છે. અત્યારે નથી તેથી તમારા વખાણ કરું છું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ૧૯ ગાથામાં કીધું, લ્યો. સમજાણું?

પછી ૨૦માં કહે છે. સર્વજ્ઞપદ પ્રગટ્યું. જ્ઞાન હતું તે સોળ કળાએ પર્યાય-દશા-અવસ્થામાં ખીલ્યું. પણ હજી એને ચાર કર્મ બાકી છે. શરીરના ... અને વાણીના ... ચાર કર્મો બાકી છે. એને ઉદ્દેશીને જરી વાત કરે છે. વસ્તુની સ્થિતિ છે, એમ થયેલું છે, એમ થઈ શકે છે. એમ પ્રતીત અને જ્ઞાનમાં શ્રદ્ધા દ્વારા ભગવાનની આ રીતે સ્તુતિ કરવામાં આવે છે. એ છે વિકલ્પ, છે પુણ્યબંધનું કારણ પણ અંદરમાં ઘોળાય છે કે રાગરહિત મારી ચીજ આ છે, એનું નામ વાસ્તવિક સ્તુતિ અને શુદ્ધતા કહેવામાં આવે છે.

आवरणाईणि तए, समूलमुम्मूलियाइ दट्ठूण।
कम्मचउक्केण मुअं, व णाह भीएण सेसेण।।२०।।

'**હે જિનેન્દ્ર!**' હે પ્રભુ! '**જિસ સમય આપને જ્ઞાનાવરણાદિ ઘાતિયા કર્મોં કા જડ સહિત સર્વથા નાશ કર દિયા થા;...**' હિન્દી અર્થ છે. આપે આત્માના જ્ઞાનના આનંદમાં એકાકાર થઈ અને ચાર કર્મના રજકણની ... ઉડાડી દઈને નાશ કર્યા. ત્યારે પ્રભુ! ઓલા ચાર કર્મ બાકી રહ્યા ને '**ચાર અઘાતિયા કર્મ ભી ભય કે કારણ આપકી આત્મા મેં મૃતદેહ કે સમાન સ્થિત રહે.**' એને ત્રાસ થઈ ગયો કે હવે આપણે.. અલંકાર કર્યો છે. સમજાણું? ચારને નાશ કર્યા તો ચાર હવે મને બાળીને રાખ કરશે આત્મા. એને ચાર કર્મ બાકી રહ્યા એ મડદા જેવા રહ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્માનો ઈતિહાસ પણ કહે છે, એની દશાનું વર્ણન કરે છે, એને શું ટળ્યું અને શું રહ્યું એમ કહે છે, એવી સ્થિતિ આત્માની થઈ શકે છે. એમ બીજી વાત બધી ભેગી કરે છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને? છેલ્લા એ શબ્દ પછી. 'વેદનીય આદિ જે ચાર કર્મ વર્તે જહાં.' એ શબ્દ છે અહીંથી. 'બળી સિંદરી વત્ આકૃતિમાત્ર જો.' હે પરમાત્મા! હે સર્વજ્ઞદેવ! નાથ! પૂર્ણાનંદની પ્રાપ્તિ આપને થઈ, ચાર કર્મ નાશ થયા ત્યારે ચાર બાકી રહ્યા.

શબ્દ અહીં શું છે? '**मुअं**' '**मुअं**'. મરેલા કર્મ પડ્યા છે હવે. સમજાયું? ભય લાગ્યો કે આને ટાળ્યા, હવે મને ક્ષણમાં (ટાળી નાખશે). એવી આત્માની શક્તિ છે, તાકાત છે આત્મામાં. સમજાય છે કાંઈ? પાણી, અગ્નિના નિમિત્તે ગમે તેટલું ઉષ્ણ થયું હોય, પાણી

અગ્નિના નિમિત્તે ઉષ્ણ વર્તમાન થયું હોય, છતાં એમાં શીતળ સ્વભાવ ભર્યો છે એ વખતે. જો શીતળ સ્વભાવ ભર્યો ન હોય તો એક ક્ષણમાં ઉનાપણું ટળીને શીતળ થાય તો બીજે ક્ષણે ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? અને એ ઉષ્ણતાને કાળે પણ શીતળતા છે. એ બેઘડો જે પાણીનો હોય. બેઘડો સમજ્યા ને? શું કહે છે? બેડું કે ઘડો. એમાં ઊનું-ઊનું હોય. જેનાથી ઊનું થયું. આમ ઊંધુ વળે એનો ગારો કરે. એનામાં ઠંડો સ્વભાવ પડ્યો છે, ઓલાને ગારો કરે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મામાં શીતળતા અવિકારી સ્વભાવથી ભગવાન ભરેલો છે. હવે એ ક્યાં પણ માપવું એને? ખબર ન મળે હું ક્યાં કેવડો કેમ છું. સમજાય છે કાંઈ? ભલે એની દશામાં વિકારની લાગણીઓથી ઝળતો, બળતો દેખાય પણ એના અંતર સ્વભાવમાં શીતળતા પૂર્ણ અકષાય વીતરાગ ભર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

યશોવિજયજીમાં આવે છે ને? એમાં એક કડી એવી આવે છે. મેં કહ્યું હતું એકવાર.

જેમ નિર્મળતા રે સ્ફટિકતણી, જેમ નિર્મળતા રે સ્ફટીકતણી,
તેમ જ જીવ સ્વભાવ રે
શ્રી જિનવીરે જે ધર્મ પ્રકાશિયો. પ્રબળ કષાય અભાવ રે,
જેમ નિર્મળતા રે સ્ફટિકતણી.

સ્ફટિક રત્ન નિર્મળ હોય છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન જીવસ્વભાવ,.. હવે એને પોતાની વાત બેસતી નથી. આ ઉજળું અને આ સારું અને આ મોટું. સમજાય છે? બીજાને સારાની મોટપ આપનારો સારો પોતે કેટલો એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

એક ફેરી આ લાલન હતા ને? લાલન નહિ? પંડિત લાલન. મોટી ઉંમરે ગુજરી ગયા ૯૫માં. બહુ પંડિત હતા. આખી જિંદગી ૧૬ વર્ષથી તે ૯૫ વર્ષ સુધી અભ્યાસ જ કરેલો. દસ-દસ હજાર પુસ્તકો વાંચેલા. પાકું કરેલું, પણ દૃષ્ટિમાં ઠેકાણું નહોતું. પણ અમારે ત્યાં રહેતા બાર-બાર મહિના ત્યાં. લાલન નહિ જામનગરના? શું નામ હતું? વૃદ્ધ હતા. પછી એક ફેરી વિલાયતમાં ગયેલા. વિલાયતમાં. ત્યાં ઓલો નથી કરતો આવડો? ઓલો પાંચ કરોડનો કહેવાય છે ને શું કહેવાય હીરો? કોહીનુર. કોહી એટલે પ્રકાશનું નુર, પ્રકાશનું નુર. પ્રકાશનો પથરો. ડુંગરો એટલે કોહીનુર. છે ને પાંચ કરોડનો ત્યાં. એ જોવા ગયેલા બધા. તો આમ જોયું. એટલે બીજાએ કહ્યું, કેમ પંડિતજી? કેવો હીરો આ? પાંચ કરોડનો. જરી મશ્કરા હતા અને જરી ભણેલા. વાંચેલું બહુ ને. પછી ત્યાં રહેતા હતા બાર-બાર મહિના. તત્ત્વની ખબર ન મળે. જ્યારે તત્ત્વની વાત આવે ત્યારે રોવે. અરે..! ભણ્યા પણ ગણ્યા નહિ. હાથ આવી નહિ વાત.

કહ્યું કે, આ શું ચીજ છે? પંડિતજી! આની કેટલી કિંમત? ત્યારે એણે જરી કહ્યું કે એની કિંમત કહું કે આંખની કહું? તો આંખ વિના એની કિંમત આકે કોણ? આ આંખનો

આ જે કોડો છે, છે ને આ? માટી છે ને આ ટકટકાટ. એ ધૂળ છે ને આ. આ કાંઈ આત્મા નથી. આત્મા તો અંદર છે. આના ચકચકાટથી તો હીરાની કિંમત થાય છે. તો હીરાની કિંમત કહું કે આંખની કહું? અને આંખની કહું કે આત્માની કહું? કારણ કે આંખને જાણનારો ચૈતન્ય છે. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્ય-હીરો ચમકતો અંદર અનંતજ્ઞાનથી ભરેલો હીરો છે. એની કિંમત કહું કે આંખની અને તારા કુકાની કહું? કુકા સમજ્યાને? કુકો જ છે ને આ પૈસા-કાંકરા. ધૂળ છે ત્યાં શું છે? પણ કેટલાક એમ કહે, ધૂળ વિના ચાલે? લ્યો! એ ભોશગીભાઈ! એવા ઘણા આવે છે કહેવા, હોં! પણ ધૂળ વિના મહારાજ સવારના રૂપિયા હોય તો શાક મળે. રૂપિયા વિના શાક મળે? છોકરો નાનો બે વર્ષનો ત્રણ વર્ષનો હોય એની પાસે રૂપિયો છે? શાક આવશે કે નહિ એની પાસે? એ તો ચીજ જ્યાં આવવાની હોય એ આવે અને ન હોય એ આવવાની ન આવે. તને ખબર નથી. ભાઈ! તું જાણે કે રૂપિયેથી આવે છે. અને આપણે અમથી કહેવત નથી કે ખાનારનું નામ દાણે દાણે છે. સાંભળ્યું છે? કાઠિયાવાડમાં આપણે કહેવત છે. હિન્દુસ્તાનમાં કાંઈક હશે ભાષા. ખાને કા નામ ક્યા હૈ? એય..! આ હિન્દુસ્તાની છે ને. ખબર નથી. દાણે દાણે ખાનારનું નામ છે. નામ ક્યાં લખ્યું હતું? એનો અર્થ ઈ કે જે દાણા જેની પાસે આવવાના તે આવવાના, નહિ આવવાના તે નહિ આવવાના. આહાહા..! પણ બેસે નહિ, ઘડ બેસે નહિ. એવો ભ્રમણાએ ચડી ગયો છે ને. ભ્રમણામાં પડી ગયો છે જાણે આમ કરી દઉં, આમ કરી દઉં. ધૂળેય કરે નહિ, સાંભળને! તું તો આત્મા. તારી મર્યાદામાં રાગ-દ્વેષ કર કાં આત્માનું ધ્યાન કર, જ્ઞાન કર. પરમાં કાંઈ કરે શકે અને પરનું કામ તારાથી થાય, ત્રણ કાળમાં બનતું નથી.

કહે છે, હે નાથ! આપના જ્ઞાનદર્પણમાં લોકાલોક જણાય. આહાહા..! ત્યારે ચાર કર્મ નાશ થયા અને ચાર કર્મ બાકી રહ્યા. મડદાની પેઠે રહી ગયા હવે. બળી સિંદરી, આવી ને એમાં? શ્રીમદ્‌માં આવ્યું ને? 'વેદનીય આદિ ચાર કર્મ વર્તે જહાં. બળી સિંદરી વત્ આકૃતિમાત્ર' સિંદરી હોય, બળેલી હોય, આકાર લાગે. બાંધવામાં કામ આવે? દોરડી-દોરડી. બળેલી હોય. કાથીની દોરડી બળેલી હોય, પડી હોય. એ ઉપાડીને કાંઈ બાંધવામાં કામ આવે? એમ હે નાથ! આપે આત્માના અંતર જ્ઞાનના ધ્યાન કરીને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, ત્યારે ચાર કર્મ બળી દોરડી જેવા પડ્યા છે. એ કાંઈ આત્માના આનંદને નુકસાન કરે, એ કામ કરે આત્માના નુકસાનને એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ કરીને વસ્તુ શું છે, આત્મા શું છે, પરમાણુની દશા કેવી હોય છે? આવું તત્ત્વ છે એમ બધી આસ્થા કરીને એની શ્રદ્ધા કરાવે છે. સમજાણું કાંઈ? મરેલા જેવા પડ્યા છે, કહે છે. આવ્યું?

હવે અહીંયાં જરી એવું આવે છે, ભાઈ! પૂર્ણ દશા પ્રાપ્ત હોય છે ને જેને સર્વજ્ઞ દશા
